સાપ્તાહિક સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
# મુંબઈ સમાચાર
R.N.I. No. GUJ GUJ /2013/58486 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 1
■ વિક્રમ સંવત ૨૦૮૨ ■ પૌષ વદ - ૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/058/2018-20
રવિવાર, ૪ જાન્યુઆરી ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ ઉત્સવ પૂર્તિ LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# વેનેઝુએલામાં ટ્રમ્પે ખેલ કર્યો: ભયંકર હુમલા પછી પ્રમુખને પકડ્યા

કારાકાસ (વેનેઝુએલા)ઃ અમેરિકાએ શુક્રવાર અને શનિવાર વચ્ચેની રાતે વેનેઝુએલા પર મોટો હુમલો કર્યો હતો અને તેના પ્રમુખ નિકોલસ મદુરોને પકડીને વેનેઝુએલાની બહાર લઇ જવાયા હતા.

દરમિયાન, વેનેઝુએલાના ઉપપ્રમુખ ડેલ્સી રોડ્રિગ્સે રાષ્ટ્રીય ટીવી ચેનલ પર જણાવ્યું હતું કે અમેરિકાએ પ્રમુખ નિકોલસ મદુરો અને તેમના પત્ની સિલિઆ ફ્લોરેસને પકડ્યા બાદ 'લાપતા' છે. તેઓ ક્યાં છે, તે અમે તાત્કાલિક જાણી નથી શક્યા. અમને તેઓ જીવતા હોવાનો પુરાવો જોઇએ છે. જોકે પછીથી એવું જણાવાયું હતું કે, અમેરિકી યુદ્ધજહાજ પર મદુરો અને તેમના પત્નીને કેદ કરીને રખાયા છે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે વેનેઝુએલા પરના હુમલાના થોડા કલાક બાદ સંબંધિત જાહેરાત સોશ્યલ મીડિયા પર કરી હતી.

વેનેઝુએલાની સરકારે પોતાનાં (જુઓ પાનું ૨) ▸▸

**નિકોલસ મદુરો અને તેમનાં પત્નીને અમેરિકી યુદ્ધજહાજ પર કેદ કરાયાં**





**હુમલોઃ** અમેરિકાએ વેનેઝુએલાના કારાકાસ શહેર પર શુક્રવાર અને શનિવાર વચ્ચેની રાતે કરેલા હુમલા વખતે થયેલા ધડાકાથી બચવા નાસી રહેલા રાહદારીઓ. (એપી-પીટીઆઇ)



**ધડાકાઃ** અમેરિકાએ વેનેઝુએલાના કારાકાસ શહેર પર શુક્રવાર અને શનિવાર વચ્ચેની રાતે કરેલા હુમલા વખતે થયેલા ધડાકા બાદ લા કાર્લોટા વિમાનમથકેથી નીકળતા ધુમાડા. (એપી-પીટીઆઇ)

## ટાર્ગેટ કરવાનાં ત્રણ કારણઃ ઑઇલ, ડ્રગ્સ ને ઘૂસણખોરી

વૉશિંગ્ટનઃ અમેરિકા દ્વારા વેનેઝુએલા પર કરાયેલા હુમલાના અનેક કારણ છે, જેમાં કેફી પદાર્થો (ડ્રગ્સ)ની દાણચોરી, અમેરિકામાં મોટા પાયે ઘૂસણખોરી અને સામ્યવાદી સરકારની નીતિ મુખ્ય હોવાનું મનાય છે. આમ છતાં, વેનેઝુએલા આક્ષેપ કરે છે કે અમેરિકા અમારા ખનિજ તેલના વિશાળ ભંડાર આંચકી લેવા માગે છે. અમેરિકાના હુમલા બાદ (જુઓ પાનું ૨) ▸▸

## ન્યૂ યોર્કમાં મદુરો સામે ચાલશે ખટલો

ન્યૂ યોર્કઃ અમેરિકાનાં એટર્ની જનરલ પૅમ બોન્ડીએ જણાવ્યું હતું કે વેનેઝુએલાના પદભ્રષ્ટ નેતા નિકોલસ મદુરો અને તેમની પત્ની સિલિયા ફ્લોરેસને ન્યૂ યોર્કમાં આરોપ મુકાયા બાદ ફોજદારી આરોપોનો સામનો કરવો પડશે. બોન્ડીએ સોશ્યલ મીડિયા પોસ્ટમાં વચન આપ્યું હતું કે આ દંપતીએ ટૂંક સમયમાં અમેરિકન અદાલતોમાં અમેરિકન ભૂમિ પર અમેરિકન ન્યાયના સંપૂર્ણ ક્રોધનો સામનો કરશે. મદુરો પર ૨૦૨૦માં ન્યૂ યોર્કમાં આરોપ મૂકવામાં આવ્યો હતો. ■

## 'હિન્દુઓનો વિજય', મુસ્તફિઝુરની હકાલપટ્ટી

**બીસીસીઆઈએ બાંગ્લાદેશી ક્રિકેટરને છૂટો કરવાનો કેકેઆરને આદેશ આપ્યો અને તેનું તરત પાલન પણ થયું: ભાજપી નેતાઓ અને આધ્યાત્મિક ગુરુઓએ આને હિન્દુઓની જીત ગણાવી**



મુંબઈઃ શાહરુખ ખાનની આઈપીએલ ફ્રેન્ચાઇઝી કોલકાતા નાઈટ રાઈડર્સ (કેકેઆર)એ બાંગ્લાદેશના પેસ બોલર મુસ્તફિઝુર રહમાનને હરાજીમાં ખરીદ્યો એને લઈને જે વિવાદ જાગ્યો એ હવે શાંત પડી જશે કારણ કે બોર્ડ ઑફ કંટ્રોલ ફોર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઈ)એ કેકેઆરને કહી દીધું છે કે તમે મુસ્તફિઝુરને તમારી સ્કવોડમાંથી છૂટો કરી દો અને ગણતરીના કલાકોમાં જ કેકેઆરે મુસ્તફિઝુર છૂટો કરી દીધો હતો. આ સાથે જ મુસ્તફિઝુરને આઈપીએલમાં નહીં રમાડવાની મૂળમાં માગણી કરનાર ભાજપના નેતા સંગીત સોમે (જુઓ પાનું ૨) ▸▸

## છત્તીસગઢમાં ૧૪ માઓવાદી ઠાર

સુકમા / બીજાપુરઃ છત્તીસગઢના બસ્તર વિસ્તારના સુકમા અને બીજાપુર જિલ્લામાં સલામતી દળો સાથેની અલગ-અલગ અથડામણમાં વૉન્ટેડ ઉગ્રતાવાદી માંગટુ (ડીવીસીએમ) અને હંગા મદકામ સહિત ૧૪ નક્સલવાદી માર્યાં ગયાં હતાં.

ગૃહ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીએ સંબંધિત માહિતી આપતા જણાવ્યું હતું કે સુકમામાં સલામતી દળો સાથેની અથડામણમાં વૉન્ટેડ ઉગ્રતાવાદી માંગટુ (ડીવીસીએમ) સહિત ૧૨ નક્સલવાદી ઠાર મરાયા હતા, જ્યારે બીજાપુરના બાસાગુડામાં ગગનપલ્લી ગામના જંગલમાંથી હંગા મદકામ સહિત બે માઓવાદીની લાશ મળી હતી.

બીજાપુરમાં સલામતી દળોને બે નક્સલવાદીના મૃતદેહની પાસેથી એક એસએલઆર રાઇફલ અને બાર બૉરની એક (જુઓ પાનું ૨) ▸▸

## વન-ડે ટીમમાં સિરાજ ઇન, શામી હજી આઉટ

નવી દિલ્હીઃ ઘરઆંગણે ૧૧મી જાન્યુઆરીથી ન્યૂ ઝીલૅન્ડ સામે શરૂ થનારી ત્રણ મૅચની વન-ડે સિરીઝ માટેની ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે જેમાં મોહમ્મદ સિરાજને સ્થાન મળ્યું છે, પણ મોહમ્મદ શામીને જગ્યા નથી મળી. મિડલ-ઑર્ડરના બૅટ્સમૅન શ્રેયસ ઐયરને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે અને તેને ફિટનેસને લગતું સર્ટિફિકેટ મળશે તો જ શ્રેણીમાં રમવા મળશે. જોકે કે. એલ. રાહુલ ઉપરાંતના બીજા વિકેટકીપર તરીકે રિષભ પંતને આ ટીમમાં સમાવવામાં આવ્યો છે.

ક્રિકેટપ્રેમીઓને ફરી એક વાર બે દિગ્ગજ બૅટ્સમેન (જુઓ પાનું ૨) ▸▸

## ઇન્દોરમાં દૂષિત પાણી માટે 'અમલદારશાહી' જવાબદાર

**નવી પાઈપલાઈન નાખવાની ફાઈલ મહિનાઓ સુધી વિલંબમાં રખાઈ**

ઇન્દોરઃ દેશના સૌથી વધુ સ્વચ્છ શહેર ગણાતા ઇન્દોરમાં દૂષિત પાણીને લીધે તાજેતરમાં અતિસાર અને ઊલટીનો રોગચાળો ફાટી નીકળતા અનેક લોકો મૃત્યુ પામ્યા હતા અને સેંકડો લોકો બીમાર પડ્યા છે. તેને માટે માત્ર 'અમલદારશાહી' એટલે કે નગરપાલિકાની કામ કરવામાંની ઢીલાશ જવાબદાર ગણી શકાય.

ઇન્દોર નગરપાલિકાને અમુક વિસ્તારમાં દૂષિત પાણી આવતું હોવાની જાણકારી ૨૦૨૨ના જુલાઇમાં જ મળી ગઇ હતી અને નવી પાઇપલાઇન નાખવાનું ટેન્ડર પણ બહાર પડાયું હતું, પરંતુ પાણીની આ પાઇપલાઇન નાખવાનું કામ હજી સુધી પૂરું નથી થયું.

નગરપાલિકાના રેકોર્ડ મુજબ ભાગીરથપુરામાં ૨૦૨૨ના જુલાઇમાં રૂપિયા ૨,૩૧,૦૧,૩૫૧ના ખર્ચે પાણીની નવી પાઇપલાઇન નાખવાનું ટેન્ડર બહાર પડાયું હતું. બાદમાં, ટેન્ડરની સ્વીકૃતિ માટે નિગમના આયુક્તે સંબંધિત ફાઇલ ૨૦૨૨ની ૨૩ સપ્ટેમ્બરે જળકાર્ય સમિતિને મોકલી હતી.

પાણીની નવી પાઇપલાઇન નાખવા અંગે ૨૦૨૨ની ૨૯ સપ્ટેમ્બરે વિચારણા કરાઇ હતી અને ૨૦૨૨ની પચીસ નવેમ્બરે સંબંધિત દરખાસ્તને મંજૂરી અપાઇ હતી. આમ છતાં, આ ફાઇલ આગળ વધારવામાં નહોતી આવી. નિગમ આયુક્તે ૨૦૨૩ની ૩૦ જાન્યુઆરીએ ફાઇલ પર સહી કરી હતી. તેના લગભગ અઢી મહિને ૨૦૨૩ની ત્રીજી ફેબ્રુઆરીએ ઉચ્ચ આયુક્તે અને ૨૦૨૩ની છ ફેબ્રુઆરીએ મેયર પુષ્યમિત્ર ભાર્ગવે ફાઇલ પર સહી કરી હતી.

ઇન્દોરની નગરપાલિકાને દૂષિત પાણીની જાણકારી ૨૦૨૨ના જુલાઇમાં જ હતી, પરંતુ નવી પાઇપલાઇન નાખવાની ફાઇલ ૨૦૨૩ના ફેબ્રુઆરી સુધી અધિકારીઓ અને મેયરની કેબિન સુધી ફરતી જ રહી હતી. તે પછી વર્ક ઑર્ડર બહાર પડાયો, પરંતુ હજી સુધી પાણીની આ પાઇપલાઇન પૂરી નથી નખાઇ.

વડી અદાલતના આદેશ બાદ ઇન્દોરના ભાગીરથપુરાના રહેવાસીઓને પાણીના જે ટેન્કરથી પાણી પૂરું પાડવામાં આવે છે તેની હાલત પણ ચિંતાજનક છે. ટેન્કરોનું પાણી મેળવવા ઝઘડા થાય છે અને ગંદકી ફેલાય છે.

## ગંગા નદીના બર્ફીલા પાણીમાં લાખોએ લગાવી પવિત્ર ડૂબકી



**ઠંડીમાં પવિત્ર સ્નાનઃ**
**પ્રયાગરાજમાં 'માઘ મેળા'ના પ્રારંભે 'પૌષ પૂર્ણિમા' નિમિત્તે ઠંડીમાં પવિત્ર સ્નાન કરી રહેલો શ્રદ્ધાળુ. (પીટીઆઇ)**

પ્રયાગરાજઃ ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં શનિવારે માઘ મેળાના આરંભ સાથે દેશના વિવિધ ભાગોમાંથી આવેલા આબાલ - વૃદ્ધ સહિતના લાખો શ્રદ્ધાળુઓએ પોષી પૂનમ નિમિત્તે સંગમના બર્ફીલા પાણીમાં ડૂબકી લગાવી ધન્યતા અનુભવી હતી.

પોષી પૂનમથી શરૂ થતો અને એક મહિના સુધી ચાલતો 'કલ્પવાસ' લોકોને તેના પાપોમાંથી મુક્તિ અપાવતો હોવાનું માનવામાં આવે છે. કલ્પવાસ દરમિયાન ભક્તો દરરોજ બે વાર ગંગામાં પવિત્ર સ્નાન કરે છે અને દિવસમાં એક વાર ભોજન કરે છે. તેમ જ બાકીનો સમય તેમના પસંદ કરેલા દેવતાની પૂજા અને ધ્યાનમાં વિતાવે છે.

સંગમ નગરી પ્રયાગરાજમાં માઘ મેળો ૨૦૨૬ શરૂઆત થતાં જ સંગમ તટ પર આસ્થાનો મહાકુંભ જોવા મળ્યો હતો. પોષી પૂનમના અવસર પર મુખ્ય સ્નાનની સાથે જ મેળાની શરૂઆત થઈ હતી. કડકડતી ઠંડી હોવા છતાં સંગમ ઘાટ પર શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઊમટી પડ્યા છે. ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે સૌને માઘ મેળાની શુભેચ્છાઓ પાઠવી હતી.

પૂર્ણિમા તિથિની શરૂઆત સવારે ૪ વાગ્યાથી થઈ ગઈ છે. માઘ મેળામાં ૭૫ વર્ષ પછી દુર્લભ શુભ સંયોગ બની રહ્યો છે. આજથી શ્રદ્ધાળુઓ કલ્પવાસનો સંકલ્પ લઈને તેની શરૂઆત કરશે. માઘ મેળામાં અંદાજે ૨૦ થી ૨૫ લાખ કલ્પવાસીઓ એક મહિના સુધી નિવાસ કરે છે. કલ્પવાસીઓની આ આખું મહિનો કઠિન તપસ્યા અને સાધના ચાલતી હોય છે. માઘ મેળાના અધિકારીઓના જણાવ્યા અનુસાર સવારે ૧૦ વાગ્યા સુધીમાં લગભગ નવ લાખ શ્રદ્ધાળુઓએ પવિત્ર સ્નાન કર્યું હતું. ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે એક્સ પર જણાવ્યું કે દેવી ગંગાને પ્રણામ! માઘ મેળાના આરંભ અને પોષી પૂનમના શુભ અવસર પર તમામ ભક્તો અને રાજ્યના રહેવાસીઓને શુભેચ્છા અને શુભકામનાઓ.

## તોફાનોને લોખંડી હાથે કચડી નાખશે ઈરાન, મરણાંક દસ

દુબઈઃ ઈરાનના સર્વોચ્ચ નેતાએ શનિવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે ઈસ્લામિક રિપબ્લિકને હચમચાવી નાખનારા એક સપ્તાહના વિરોધ પ્રદર્શન પછી હુલ્લડખોરોને તેમની જગા દેખાડી દેવી જ પડશે અને તેમને તોફાનોને લોખંડી હાથ દબાવી દેવા પડશે.

આ નિવેદન સંભવતઃ સુરક્ષા દળોને પ્રદર્શનોને આક્રમક રીતે દબાવવા માટે 'ગ્રીન સિગ્નલ' અથવા લીલી ઝંડી આપે છે. ૮૬ વર્ષીય આયાતોલ્લા અલી ખામેનીની આ પ્રથમ ટિપ્પણી ત્યારે આવી છે જ્યારે ઈરાનની નબળી પડી રહેલી અર્થવ્યવસ્થાને કારણે ફાટી નીકળેલા દેખાવોમાં હિંસાને કારણે ઓછામાં ઓછા ૧૦ લોકોનાં મોત થયા છે. આ વિરોધ પ્રદર્શન બંધ થવાના કોઈ સંકેત દેખાતા નથી. આ ઘટનાક્રમ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પની શુક્રવારની ચેતવણી પછી આવ્યો છે, જેમાં તેમણે કહ્યું હતું કે જો તેહરાન ''શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓની હિંસક રીતે હત્યા કરશે, તો અમેરિકા તેમની મદદે આવશે.''

ટ્રમ્પ કેવી રીતે અને ક્યારે હસ્તક્ષેપ કરશે તે હજુ અસ્પષ્ટ છે, પરંતુ તેમની ટિપ્પણીઓએ તાત્કાલિક અને ગુસ્સાભર્યો પ્રતિસાદ આપ્યો છે.

૨૦૨૨ પછી ઈરાનમાં આ સૌથી મોટું વિરોધ પ્રદર્શન બની ગયું છે. ■

## સઉદી-યુએઈ વચ્ચેની લડાઈ તેલના ભાવને ભડકાવી શકે છે

રિયાધઃ ખાડી દેશોના બે સૌથી શક્તિશાળી સ્તંભ ગણાતા સઉદી અરેબિયા અને સંયુક્ત આરબ અમીરાત (યુએઈ)વચ્ચેના સંબંધોમાં અત્યાર સુધીનો સૌથી મોટો વળાંક આવ્યો છે. જે દેશો અત્યાર સુધી યમનમાં ખભેખભા મિલાવીને લડતા હતા, તેઓ હવે એકબીજાના લોહીના તરસ્યા બન્યા હોય તેવું જણાય છે. યમનની ધરતી પર વર્ચસ્વ જમાવવાની આ લડાઈ હવે ખુલ્લા યુદ્ધમાં ફેરવાઈ ગઈ છે, જેના કારણે સમગ્ર અખાતના દેશોમાં અસ્થિરતાનો માહોલ પેદા થયો છે. શુક્રવારે સઉદી અરેબિયાના નેતૃત્વ હેઠળના ગઠબંધને યમનના હદરામૌત પ્રાંતમાં જોરદાર હવાઈ હુમલા કર્યા હતા. આ હુમલા યુએઈ સમર્થિત સધર્ન ટ્રાન્ઝિશનલ કાઉન્સિલના કેમ્પ પર કરવામાં આવ્યા હતા. આ એરસ્ટ્રાઈકમાં એસટીસીના ૨૦ થી વધુ લડાયકો માર્યા ગયા હોવાના અહેવાલ છે. સાઉદીએ દાવો કર્યો છે કે આ સંગઠન ગઠબંધનના નિયમોનું ઉલ્લંઘન કરીને હથિયારો એકઠા કરી રહ્યું હતું, જેના જવાબમાં આ કાર્યવાહી જરૂરી હતી. સઉદી અરેબિયા અને યુએઈ વચ્ચેના વિવાદના મૂળમાં યમનનું ભવિષ્ય છે. વર્ષ ૨૦૧૫ થી યમનમાં ઈરાન સમર્થિત હુતી વિદ્રોહીઓ સામે લડવા માટે બંને દેશો સાથે હતા. પરંતુ, ઉદી અરેબિયા આખા યમનને એક રાખવા માંગે છે, જ્યારે યુએઈ દક્ષિણ યમનને અલગ દેશ બનાવવા માંગતા 'એસટીસી' ગ્રુપને સમર્થન આપી રહ્યું છે.

હદરામૌત જેવા તેલ સમૃદ્ધ વિસ્તારો પર કબજો મેળવવાની હોડને કારણે બંને દેશો વચ્ચે મડાગાંઠ સર્જાઈ છે, જે હવે હિંસક અથડામણમાં પરિણમી છે. સઉદી અરેબિયાએ અગાઉ યુએઈને તેના સૈનિકો હટાવવા અને અલગતાવાદીઓને સમર્થન આપવાનું બંધ કરવા ૨૪ કલાકનું અલ્ટિમેટમ આપ્યું હતું. ■

## સંઘને ભાજપને પરિપ્રેક્ષ્યમાં સમજવાની ભૂલ ન કરો : ભાગવત

ભોપાલઃ આરએસએસના વડા મોહન ભાગવતે કહ્યું છે કે ગણવેશ અને શારીરિક કસરતો હોવા છતાં, સંઘ અર્ધલશ્કરી સંગઠન નથી, અને ભાજપના પરિપ્રેક્ષ્યમાં તેને સમજવાનો પ્રયાસ કરવો પણ એક મોટી ભૂલ હશે.

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સમાજને એક કરવા અને ભારત ફરીથી વિદેશી શક્તિની ચુંગાલમાં ન ફસાઈ જાય તે સુનિશ્ચિત કરવા માટે જરૂરી ગુણો અને સદ્ગુણોથી ભરપૂર કરવાનું કામ કરે છે, એમ તેમણે શુક્રવારે અહીં અગ્રણી વ્યક્તિઓના મેળાવડાને સંબોધતા કહ્યું હતું.

અમે ગણવેશ પહેરીએ છીએ, કૂચ કાઢીએ છીએ અને લાકડીનો ઉપયોગ કરીએ છીએ. (પરંતુ) જો કોઈ એવું વિચારે છે કે તે અર્ધલશ્કરી સંગઠન છે, તો તે ભૂલ હશે, તેમણે ઉમેર્યું કે સંઘને સમજવું મુશ્કેલ હતું, જે એક અનોખું સંગઠન છે.

જો તમે ભાજપને જોઈને સંઘને સમજવા માગતા હો, તો તે એક મોટી ભૂલ હશે. જો તમે વિદ્યા ભારતી (આરએસએસ-સંલગ્ન સંગઠન) ને જોઈને તેને સમજવાનો પ્રયાસ કરશો તો પણ એ જ (ભૂલ) થશે, એમ ભાગવતે કહ્યું.

## પાકિસ્તાને તૈમૂર મિસાઈલનું પરીક્ષણ કર્યું

ઇસ્લામાબાદઃ પાકિસ્તાન વાયુ સેનાએ સ્વદેશી તૈમૂર મિસાઇલનું સફળ પરીક્ષણ કર્યું છે. આ મિસાઇલ ૬૦૦ કિ.મી. સુધીનાં લક્ષ્યોને ભેદવામાં સક્ષમ છે. આ જાહેરાત પાકિસ્તાની સેનાએ શનિવારે કરી હતી.

પાકિસ્તાન સેના દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં જણાવ્યા અનુસાર આ પ્રક્ષેપણ રાષ્ટ્રીય એરોસ્પેસ અને સંરક્ષણ ક્ષમતાઓના વિકાસમાં વધુ એક મહત્ત્વપૂર્ણ સિદ્ધિ પુરવાર થઇ છે. તૈમૂર એર-લોન્ચ્ડ ક્રુઝ મિસાઇલ ૬૦૦ કિમીની રેન્જમાં પરંપરાગત વોરહેડનું વહન કરીને દુશ્મનના જમીન અને દરિયાઇ લક્ષ્યોને ઉચ્ચ ચોકસાઇ સાથે નિશાન બનાવવામાં સક્ષમ છે.

અત્યાધુનિક નેવિગેશન અને માર્ગદર્શન પ્રણાલીઓથી સજ્જ તૈમૂર ખૂબ જ ઓછી ઊંચાઇએ ઊડવા માટે ડિઝાઇન કરવામાં આવી છે એમ સેનાએ જણાવ્યું હતું. ■

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૪-૧-૨૦૨૬ થી તા. ૧૦-૧-૨૦૨૬

ગ્રહગોચરઃ આ સપ્તાહમાં સૂર્યનારાયણ ધનુ રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી મંગળ સમગતિએ ધનુ રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી બુધ ધનુ રાશિમાં શીઘ્ર ગતિએ ભ્રમણ કરે છે. વક્રી ગુરુ મિથુન રાશિમાં ભ્રમણ કરે છે. માર્ગી શુક્ર ધનુ રાશિમાં ભ્રમણ કરે છે. શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર તા. ૪થીએ મિથુનમાંથી કર્કમાં તા. ૬ઠ્ઠીએ સિંહમાં, તા. ૮મીએ કન્યામાં આવે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના કામકાજમાં સફળતા જણાશે. નોકરી માટે તા. ૪, ૯, ૧૦ શુભ જણાય છે. નોકરીના નિર્ણયોમાં સ્વતંત્રપણે સફળ રહેશો. કાર્યક્ષેત્રે યશ અનુભવશો. કારોબારની નાણાંની આવક જળવાઈ રહેશે. નવા કારોબારનો પ્રારંભ થાય. નવી નોકરીના પ્રારંભ કરવા માટે મહિલાઓને અનુકૂળતાઓ જણાશે. વિદ્યાર્થીઓનો આ સપ્તાહના નિર્ણયો સફળ પુરવાર થશે.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં લે-વેંચના વેપારની આવકની વૃદ્ધિ થશે. તા. ૨૮, ૨૯, ૨ નોકરી માટે શુભ જણાય છે. નોકરીના અધિકારીનો સહયોગ મેળવશો. મિલકતના નિર્ણયો લઈ શકશો. વાહન, કિંમતી ચીજોની ખરીદી માટે આ સપ્તાહ શુભ જણાય છે. પ્રવાસ દ્વારા નાણાંની ઉઘરાણીની વસૂલી સફળ નીવડશે. મહિલાઓને આ સપ્તાહમાં પરિવારના યશસ્વી અનુભવ થશે. વિદ્યાર્થીઓને નવા અધ્યયન માટે સવલત પ્રાપ્ત થતી જણાશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં અપેક્ષિત માહિતી, જ્ઞાન મેળવશો. નોકરી માટે તા. ૨૮, ૨૯, ૩૦ શુભ જણાય છે. વેપારના કામકાજ નિયમિતપણે સફળતાથી જળવાઈ રહેશે. નવી ભાગીદારી નિર્માણ થશે. જીવનસાથીનો સહયોગ કાર્યક્ષેત્રે મેળવશો. નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓને કાર્યક્ષેત્રે સફળતાનો અનુભવ થશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસના નિર્ણયો સંપન્ન થતાં જણાશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં પ્રગતિ જળવાઈ રહેશે. નોકરી માટે તા. ૨૮, ૨૯, ૩૦ શુભ જણાય છે. સપ્તાહના પ્રવાસ સફળ નીવડશે, ઉપયોગી બની રહેશે. કઠીન પ્રકારના કામકાજમાં સફળતા જળવાશે. નોકરીમાં તા. ૯, ૧૦ શુભ જણાય છે. મિલકત, વાહનના નિર્ણયો સફળ નીવડશે. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં પરીક્ષાના પરિણામો સફળતાસૂચક જણાશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારનું કામકાજ નિયમિતપણે સફળતાસૂચક બની રહેશે. પ્રવાસ દ્વારા નોકરીના કામકાજ તા. ૪, ૮, ૯ના રોજ સંપન્ન થશે. સંતાન પરિવારના કારોબારમાં સામેલ થશે. ઉપયોગી થશે. મુસાફરી એકંદરે આ સપ્તાહમાં સફળ નીવડશે. નવા વ્યવસાયના સંબંધો નિર્માણ થશે. ગૃહિણીઓને સંતાનની જવાબદારીમાં રાહત જણાશે. વિદ્યાર્થીઓનો શૈક્ષણિક પ્રવાસ સફળ નીવડશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા પ્રકારના કામકાજને અનુસરશો. નોકરી માટે તા. ૪, ૫ શુભ જણાય છે. તા. ૭, ૮મીએ વેપારના ઉઘરાણીના નાણાંની વસૂલીમાં સફળ રહેશો. મિલકતના નિર્ણયો આ સપ્તાહમાં સફળતાથી સંપન્ન થશે. મહિલાઓને આ સપ્તાહમાં હુન્નરલક્ષી પ્રવૃત્તિઓમાં યશસ્વી અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસના પ્રારંભ માટે અનુકૂળતા જણાશે. અભ્યાસના પરિણામો સફળ નીવડશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં કામકાજ સફળતાસૂચક છે. નોકરી માટે તા. ૫, ૭, ૮ શુભ જણાય છે. મિલકતના નિર્ણયો સરળતાથી લઈ શકશો. ઉઘરાણીના નાણાંની વસૂલી સફળતાથી થઈ શકશે. પ્રવાસ આ સપ્તાહમાં સફળ પુરવાર થશે. કોર્પોરેટ કંપનીના કામકાજ સફળ નીવડશે. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અધ્યયન માટે અનુકૂળતા જણાશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારના કામકાજમાં સતર્કતા જરૂરી છે. વાયદાના વેપાર માટે ગોચરફળ શુભ જણાતું નથી. નોકરી માટે તા. ૫, ૬, ૮ શુભ જણાય છે. નોકરીના નિર્ણયોમાં અનુકૂળતા અનુભવશો. વાહન, સ્થાવર મિલકત માટે સાવધાની દાખવવી જરૂરી છે. મહિલાઓને સામાજિક, રાજકીય પ્રવૃત્તિઓમાં યશસ્વી અનુભવ થશે. પ્રવાસ દ્વારા કુટુંબના કામકાજ પણ સંપન્ન થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસના પ્રારંભની તક મેળવશો.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું નાણારોકાણ શક્ય છે. નોકરી અર્થેનો પ્રવાસ ઉપયોગી થશે. તા. ૪, ૮, ૯, ૧૦ શુભ જણાય છે. રાજકીય પ્રવૃત્તિઓમાં સફળતા મેળવશો. ભાઈ-બહેનો સાથેના નાણાવ્યવહાર સંપન્ન થશે. ભાગીદાર સાથેના વ્યવસાયના કામકાજ સફળતાથી સંપન્ન થશે. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબના સદસ્યોનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં કઠીન અભ્યાસમાં સરળતા જણાશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા રોકાણ માટે અનુકૂળ તકો મેળવશો. નવી નોકરીનો પ્રારંભ થશે. તા. ૪, ૮, ૯ સરકારી અધિકારી દ્વારા વ્યવસાયના મૂંઝવતા પ્રશ્નોનો ઉકેલ લાવી શકશે. વેપારમાં નાણાવ્યવહાર સરળ પુરવાર થશે. પ્રવાસ દ્વારા ઉઘરાણીના નાણાંની વસૂલી થઈ શકશે. ગૃહિણીઓને સંતાનની અધ્યયનની જવાબદારીમાં અનુકૂળા જણાશે. વિદ્યાર્થીઓના અભ્યાસના નિર્ણયો સફળ બની રહેશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં દૈનિક સાપ્તાહિક વેપાર અને નવા નાણારોકાણ માટે અનુકૂળતા જણાશે. તા. ૬, ૭, ૮ નોકરી માટે શુભ ફળદાયી જણાય છે. સંતાન પરિવારના કારોબારમાં સામેલ થશે. નવા કારોબારનો પ્રારંભ શક્ય જણાય છે. ભાગીદાર મિત્રો કાર્યક્ષેત્રે માર્ગદર્શક ઉપયોગી બની રહેશે. નાણાંની આવકની અનુકૂળતા અનુભવશો. મહિલાઓને કુટુંબીજનોનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં કુટુંબીજનોનો અધ્યયનમાં સહયોગ, પ્રોત્સાહન પ્રાપ્ત કરશે.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવું નાણારોકાણ શક્ય છે. દૈનિક વેપાર લાભદાયી પુરવાર થશે. નોકરીમાં વિશિષ્ટ પરિવર્તનો લાભદાયી પુરવાર થશે. નોકરી વિશેના નિર્ણયો સ્વતંત્રપણે મક્કમતાથી લઈ શકશો. કોર્પોરેટ કંપની સાથેના કામકાજમાં સફળતા જણાશે. વેપારમાં પ્રગતિ થશે. મહિલાઓને આ સપ્તાહમાં હુન્નરલક્ષી પ્રવૃત્તિઓમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અભ્યાસ નિયમિતપણે જળવાઈ રહેશે.

## આજનું પંચાંગ

### ઉત્તરાયણ - સૌર શિશિરઋતુ, રવિવાર, તા. ૪-૧-૨૦૨૬, ઈષ્ટિ

ભારતીય દિનાંક ૧૪, માહે પૌષ, શકે ૧૯૪૭
વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, પૌષ વદ-૧
જૈન વીર સંવત ૨૫૫૨, માહે પૌષ, તિથિ વદ-૧
પારસી શહેનશાહી રોજ ૨૩મો દએપદીન, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
પારસી કદમી રોજ ૨૩મો દએપદીન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૫
પારસી ફસલી રોજ ૨૦મો બહેરામ, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
મુસ્લિમ રોજ ૧૪મો, માહે ૭મો રજજબ, સને ૧૪૪૭
મીસરી રોજ ૧૬મો, માહે ૭મો રજજબ, સને ૧૪૪૭
નક્ષત્ર પુનર્વસુ બપોરે ક. ૧૫-૧૦ સુધી, પછી પુષ્ય
ચંદ્ર મિથુનમાં સવારે ક. ૦૯-૪૨ સુધી, પછી કર્કમાં
ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ), કર્ક (ડ, હ)
સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૪, અમદાવાદ ક. ૦૭ મિ. ૨૩, સ્ટા.ટા.
સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૨, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૬, સ્ટા. ટા.
-: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
ભરતીઃ બપોરે ક. ૧૨-૧૪, મધ્યરાત્રિ પછી ક. ૦૧-૧૨ (તા. ૫)
ઓટઃ સાંજે ક. ૧૮-૨૭
વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, પૌષ કૃષ્ણ - પ્રતિપદા. ઈષ્ટિ, વૈધ્રુતિ જન્મયોગ શાંતિ પૂજા.
શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણનું વિશેષ પૂજન, ગાયત્રી જાપ પૂજા, હવન, વૈધ્રુત જન્મનક્ષત્ર શાંતિ પૂજા, ગુરુગ્રહ દેવતાનું પૂજન, અદિતિ પૂજન, વાંસ વાવવા, નિત્ય થતાં પશુ લે-વેંચ, વ્યાપાર, સ્થાવર લેવડદેવડના કામકાજ, ચંદ્રબળ જોઈ સીમંત સંસ્કાર, સર્વશાંતિ શાંતિ પૌષ્ટિક પૂજા, વૃક્ષ વાવવા, ઉપવાટિકા બનાવવી, નિત્ય થતાં પશુ લે-વેંચ, ઘર-ખેતર જમીન, મકાન લેવડદેવડના કામકાજ, શ્રીવિષ્ણુ-લક્ષ્મી પૂજા.
આચમનઃ ચંદ્ર-શનિ ત્રિકોણ કરકસરિયા, ચંદ્ર-નેપ્ચ્યૂન ત્રિકોણ સ્વપનદષ્ટા
ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શનિ ત્રિકોણ, ચંદ્ર-નેપ્ચ્યૂન ત્રિકોણ
ગ્રહગોચરઃ સૂર્ય ધનુ, મંગળ-ધનુ, માર્ગી બુધ-ધનુ (બુધ અસ્ત) વક્રી ગુરુ-મિથુન, શુક્ર-ધનુ (શુક્ર અસ્ત) માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચ્યૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૪-૧-૨૦૨૬ થી તા. ૧૦-૧-૨૦૨૬

રવિવાર, પૌષ વદ-૧, વિ. સં. ૨૦૮૨, તા. ૪થી જાન્યુઆરી, ઈ. સ. ૨૦૨૬. નક્ષત્ર પુનર્વસુ બપોરે ક. ૧૫-૧૦ સુધી, પછી પુષ્ય. ચંદ્ર મિથુનમાં સવારે ક. ૦૯-૪૨ સુધી, પછી કર્ક રાશિ પર જન્માક્ષર. ઈષ્ટિ, વૈધ્રુતિ જન્મયોગ શાંતિ પૂજા. શુભ કાર્ય વર્જ્ય છે.

સોમવાર, પૌષ વદ-૨, તા. ૫મી. નક્ષત્ર પુષ્ય બપોરે ક. ૧૩-૨૪ સુધી, પછી આશ્લેષા. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૦-૫૩. શુભ દિવસ.

મંગળવાર, પૌષ વદ-૩, તા. ૬ઠ્ઠી, નક્ષત્ર આશ્લેષા બપોરે ક. ૧૨-૧૭ સુધી, પછી મઘા. ચંદ્ર કર્કમાં બપોરે ક. ૧૨-૧૭ સુધી, પછી સિંહ રાશિ પર જન્માક્ષર. શ્રી દયાનંદગિરી, ગુરુ બ્રહ્મગિરિ યાને શ્રી મુંડિયા સ્વામી પુણ્યતિથિ, ચતુર્થી ક્ષય તિથિ છે. સંકષ્ટ ચતુર્થી- અંગારકી ચંદ્રોદય ૨૧-૨૧, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૮-૦૧, શુભ કાર્ય વર્જ્ય છે.

બુધવાર, પૌષ વદ-૫, તા. ૭મી, નક્ષત્ર મઘા સવારે ક. ૧૧-૫૫ સુધી, પછી પૂર્વાફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. ◆ સામાન્ય દિવસ.

ગુરુવાર, પૌષ વદ-૬, તા. ૮મી, ૨૦૨૬, નક્ષત્ર પૂર્વાફાલ્ગુની બપોરે ક. ૧૨-૨૩ સુધી પછી, ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર સિંહમાં સાંજે ક. ૧૮-૩૮ સુધી, પછી કન્યા રાશિ પર જન્માક્ષર. ભદ્રા પ્રારંભ મધ્યરાત્રિ પછી ક. ૩૧-૦૫ (તા. ૯), સામાન્ય દિવસ

શુક્રવાર, પૌષ વદ-૭, તા. ૯મી, નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની બપોરે ક. ૧૩-૪૦ સુધી, પછી હસ્ત. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. સપ્તમી વૃદ્ધિતિથિ છે. ભદ્રા સમાપ્તિ રાત્રે ક. ૧૯-૩૭. શુભ કાર્ય વર્જ્ય છે.

શનિવાર, પૌષ વદ-૭, તા. ૧૦મી, નક્ષત્ર હસ્ત બપોરે ક. ૧૫-૩૯ સુધી, પછી ચિત્રા. ચંદ્ર કન્યામાં મધ્યરાત્રિ પછી ક. ૨૮-૫૨ સુધી (તા. ૧૧), પછી તુલા રાશિ પર જન્માક્ષર. શ્રી રામાનંદાચાર્ય જયંતી, કાલાષ્ટમી. શુભ કાર્ય વર્જ્ય છે.



રિહર્સલઃ નવી દિલ્હીમાં કરિઅપ્પા પરેડ ગ્રાઉન્ડ ખાતે પ્રજાસત્તાક દિનની પરેડનું રિહર્સલ કરી રહેલા એનસીસી કેડેટ્સ. (પીટીઆઇ)

# બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુનું મોત

ઢાકાઃ બાંગ્લાદેશમાં આગના દાઝેલી વધુ એક હિન્દુ વ્યકિતનું મોત થયું છે. ખોકન ચંદ્ર દાસ નામના વ્યક્તિનું શનિવારે નેશનલ બર્ન ઇન્સ્ટિટયુટમાં મૃત્યુ થયું છે. નેશનલ બર્ન ઇન્સ્ટિટ્યુટના પ્રોફેસર ડો. શાઓન બિન રહમાને જણાવ્યું કે શરિયતપુરા દામુડયા ઉપજિલાના આગની ઘટનામાં ઘાયલ થયા હતા. તેમની સારવાર ચાલી રહી હતી. જેમનું સારવાર દરમિયાન મૃત્યુ થયું છે.

આ અંગે હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યું હતું કે લગભગ ત્રણ દિવસની સારવાર બાદ શનિવારે સવારે ૭.૨૦ વાગ્યે દાસનું મૃત્યુ થયું હતું. ડોક્ટરોએ જણાવ્યું હતું કે તેમના શરીરનો આશરે ૩૦ ટકા ભાગ બળી ગયો હતો. જેમાં તેમના ચહેરા અને શ્વસન માર્ગ પર ગંભીર ઇજાઓ પણ સામેલ હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે મૃતદેહને તેમના નિવાસે લઈ જવામાં આવી રહ્યો છે.

ખોકન દાસના ભત્રીજા પ્રાંતો દાસે જણાવ્યું હતું કે પરિવાર હત્યા માટે યોગ્ય તપાસ અને ન્યાય ઇચ્છે છે. પ્રાંતોએ માંગણી કરી હતી કે આ ઘટનામાં સંડોવાયેલા લોકોની તાત્કાલિક ધરપકડ કરવામાં આવે. આ દરમિયાન તેમની પત્નીએ હુમલો કેવી રીતે થયો તે પણ જણાવ્યું હતું. સ્થાનિક મીડિયાના જણાવ્યા અનુસાર આ ઘટના દામુધાના કોનેશ્વર યુનિયનમાં કેયુરભંગા માર્કેટ નજીક બની હતી. દાસ પોતાની દુકાન બંધ કરીને ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે ઉપદ્રવીઓના એક જૂથે તેમને રોક્યા હતા. તેમજ હુમલાખોરોએ તેમના પર તીક્ષ્ણ હથિયારોથી હુમલો કર્યો હતો.

હુમલાખોરોએ તેમના શરીર પર પેટ્રોલ છાંટીને આગ ચાંપી દીધી હતી. પોતાને બચાવવાના પ્રયાસમાં ચંદ્ર દાસ રસ્તાની બાજુમાં આવેલા તળાવમાં કૂદી પડ્યા હતા.

# સંદેશખલીમાં ફરી છમકલુંઃ પોલીસ પર ટોળાનો હુમલો

કોલકાતાઃ સંદેશખલીમાં ટીએમસી કાર્યકરની ધરપકડ કરવાના પ્રયાસ દરમિયાન ટોળાના હુમલામાં છ પોલીસકર્મી ઘાયલ થયા હતા અને પોલીસ વાહનમાં તોડફોડ કરવામાં આવી હતી, જેનાથી ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણી પહેલા દરિયાકાંઠાનો વિસ્તાર ફરી એકવાર રાજકીય કેન્દ્રમાં આવી ગયો છે.

પોલીસે જણાવ્યું હતું કે શુક્રવારે રાત્રે નઝત પોલીસ સ્ટેશનની એક ટીમ સંદેશખલીના બોયરમારી ગામમાં સ્થાનિક ટીએમસી કાર્યકર મુસા મોલ્લાની ધરપકડ કરવા ગઈ હતી.

જ્યારે અધિકારીઓએ મુલ્લાને તેના નિવાસસ્થાનથી ઉપાડીને પોલીસ વાહનમાં બેસાડવાનો પ્રયાસ કર્યો, ત્યારે ગ્રામજનોના એક જૂથે, જેને પોલીસે તેના સમર્થકો ગણાવ્યા હતા, તેમણે કથિત રીતે કારને રોકી, પથ્થરમારો કર્યો હતો અને તોડફોડ કરી હતી. એક અધિકારી સહિત છ પોલીસકર્મી ઘાયલ થયા હતા.

પોલીસે જણાવ્યું હતું કે અંધાધૂંધીનો લાભ લઈને, મુલ્લા ભાગી જવામાં સફળ રહ્યો હતો. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે અમે અત્યાર સુધીમાં નવ જણની ધરપકડ કરી છે, પરંતુ મુસા મોલ્લા હજુ પણ ફરાર છે. તેને પકડવાના પ્રયાસો ચાલુ છે. જમીન વિવાદ કેસમાં મોલ્લાને વારંવાર નોટિસ ફટકારવામાં આવી હતી, જેને તેણે અવગણી હતી.

# બે બાળકથી વધુ ધરાવનાર પણ હવે તેલંગણામાં ચૂંટણી લડી શકશે

હૈદરાબાદઃ તેલંગણા વિધાનસભાએ શનિવારે એક બિલ પસાર કર્યું હતું. જેમાં બે બાળકોના નિયમને સમાપ્ત કરી દેવામાં આવ્યો છે. આ નિયમ અંતર્ગત બેથી વધુ બાળકો ધરાવતા લોકોને સ્થાનિક ચૂંટણી લડવા માટે અયોગ્ય ઠેરવવામાં આવતા હતા. તેલંગણા પંચાયત રાજ(સુધારા) બિલ, ૨૦૨૬ રજૂ કરનાર પંચાયત રાજ પ્રધાન દાનસારી અનસૂયા સીતક્કાએ જણાવ્યું કે બે બાળકોનો નિયમ ૧૯૯૪માં વસ્તી નિયંત્રણના ઉપાય તરીકે લાવવામાં આવ્યો હતો. જેથી ૧૯૮૦ અને ૯૦ના દાયકામાં વસ્તી વિસ્ફોટ સાથે સંકળાયેલા ખાદ્ય સુરક્ષા, બેરોજગારી અને ગરીબીના પડકારોનો સામનો કરી શકાય. જો કે સરકારે બે બાળકોના નિયમની ૩૦ વર્ષ બાદ વસ્તી નીતિની સમીક્ષા કરી હતી. તેલંગણાના ગ્રામીણ વિસ્તારોમાં પ્રજનન દર ૧.૭ છે, જે રિપ્લેસમેન્ટ દર કરતાં ઓછો છે. તેમણે કહ્યું કે જો પ્રજનન દર ૧.૭ પર રહેશે તો તે તેલંગાણાની વસ્તીના હિતોને પ્રતિકૂળ અસર કરશે.

# ચીનની પણ ઑપરેશન સિંદૂરમાં મધ્યસ્થીઃ પાકિસ્તાને ડબકું મૂકયું

ઈસ્લામાબાદઃ પાકિસ્તાને ઓપરેશન સિંદૂર દરમિયાન ભારત સાથે તણાવ ઓછો કરવામાં ચીને ભૂમિકા ભજવી હોવાના ચીનના દાવાને સમર્થન આપ્યું છે, અને તેને શાંતિ માટે રાજદ્વારી પગલું ગણાવ્યું છે જે આંતરરાષ્ટ્રીય પ્રયાસોનો એક ભાગ હતો.

વિદેશ કાર્યાલયના પ્રવક્તા તાહિર અંદ્રાબીએ જણાવ્યું હતું કે ચીનનું નેતૃત્વ પાકિસ્તાનના નેતૃત્વ સાથે સતત સંપર્કમાં હતું, અને છઠ્ઠી મે થી દસમી મે સુધીના ત્રણ-ચાર દિવસમાં અને કદાચ તે પહેલાં અને તે પછી ભારતીય નેતૃત્વ સાથે ચોક્કસ સંપર્કો કર્યા હતા. મને લાગે છે કે ખૂબ જ સકારાત્મક રાજદ્વારી આદાનપ્રદાન દ્વારા દર્શાવવામાં આવેલા તે સંપર્કોએ પ્રદેશમાં તાપમાન ઘટાડવા અને શાંતિ અને સુરક્ષા લાવવામાં ફાળો આપ્યો. તેથી, મને ખાતરી છે કે મધ્યસ્થીનું ચીનનું વર્ણન સાચું છે, એમ તેણે ગુરુવારે ચીનના વિદેશ પ્રધાન વાંગ યીના દાવા અંગેના પ્રશ્નના જવાબમાં કહ્યું.

# તમિળનાડુમાં સરકારી કર્મચારીઓ માટે નવી પેન્શન યોજનાની જાહેરાત

ચેન્નઇઃ તમિળનાડુની એમ. કે. સ્ટાલિન સરકારે ચૂંટણી પહેલા સરકારી કર્મચારીઓ માટે એક મોટો નિર્ણય લીધો છે. સરકારે ગેરંટીવાળી પેન્શન યોજના શરૂ કરી છે જે જૂની પેન્શન યોજના જેવા જ લાભો આપશે. મુખ્ય પ્રધાન એમકે સ્ટાલિને શનિવારે એક નવી યોજના અંતર્ગત સરકારી કર્મચારીઓ માટે નિવૃત્તિ બાદ ગેરંટીવાળા પેન્શનની જાહેરાત કરી છે. આ યોજનાથી જૂની પેન્શન યોજના જેવા લાભો મળશે. સરકારે જણાવ્યું કે સરકારી કર્મચારીઓને છેલ્લા પગારના ૫૦ ટકા સુનિશ્ચિત પેન્શન તરીકે આપવામાં આવશે. આ માટે રાજ્ય સરકાર કર્મચારીઓના ૧૦ ટકા યોગદાન સાથે જ પેન્શન ફંડમાં જરૂરી વધારાનું ભંડોળ આપશે. આ યોજના હેઠળ પેન્શનરો માટે સરકારી કર્મચારીઓની જેમ જ દર છ મહિને મોંઘવારી ભથ્થુ વધારવામાં આવશે. પેન્શનરનું મૃત્યુ થવા પર પેન્શનની રકમનો ૬૦ ટકા હિસ્સો મૃતકના નોમિનીને ફેમિલી પેન્શન તરીકે આપવામાં આવશે.

## પહેલા પાનાનું ચાલુ

### વેનેઝુએલામાં

મુલકી અને લશ્કરી મથકો પર અમેરિકા દ્વારા હુમલા કરાયા હોવાનો આક્ષેપ કર્યો હતો. અમેરિકાનાં યુદ્ધ વિમાનોએ વેનેઝુએલાની રાજધાની કારાકાસમાં ઘણું નીચે ઉડ્ડયન કરીને હુમલા કર્યા હતા.

વેનેઝુએલાની સરકારે અમેરિકાની લશ્કરી કાર્યવાહીને 'સામ્રાજ્યવાદી દેશ દ્વારા કરાયેલો હુમલો' ગણાવ્યો હતો. ટ્રમ્પે ઇસ્ટર્ન ટાઇમ રાતના ૪.૩૦ વાગ્યે ટ્રૂથ સોશ્યલ મીડિયા પર સંબંધિત જાહેરાત કરી હતી. ટ્રમ્પે જણાવ્યું હતું કે પ્રમુખ નિકોલસ મદુરો અને તેમના પત્નીને પકડીને વેનેઝુએલાની બહાર લઇ જવાયાં હતાં.

વેનેઝુએલાની રાજધાની કારાકાસમાં નવા વર્ષના ત્રીજા દિવસે જ ઓછામાં ઓછા સાત ધડાકા સંભળાયા હતા. લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. વેનેઝુએલા પર ૩૦ મિનિટ કરતાં ઓછા સમય માટે હુમલા થયા હતા. તેમાંની જાનહાનિના આંકડા તાત્કાલિક જાહેર નહોતા કરાયા.

ટ્રમ્પે જણાવ્યું હતું કે વેનેઝુએલા પરના હુમલા 'સફળ' રહ્યા હતા. અગાઉ, ટ્રમ્પે વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ મદુરો પર અમેરિકામાં કેફી પદાર્થો અને ત્રાસવાદ ફેલાવાનો આરોપ મૂક્યો હતો. સીઆઇએ દ્વારા ગયા અઠવાડિયે વેનેઝુએલાના કેફી પદાર્થોનાં મથકો પર ડ્રોનથી હુમલા કર્યા હતા.

રાજધાની કારાકાસમાં અમેરિકાના હુમલાથી ઘણી જગ્યાએ વીજળીનો પુરવઠો ખંડિત થયો હતો.

ટ્રમ્પ નવા વર્ષની ઉજવણી કરવા અને રજા માણવા ફ્લોરિડાના પામ બીચ પરની પોતાની ખાનગી ક્લબમાં હતા ત્યારે આ હુમલા કરાયા હતા. વેનેઝુએલાની સરકારે અમેરિકાના હુમલાનો બદલો લેવાની જાહેરાત પણ કરી હતી.

વેનેઝુએલામાંની અમેરિકાની એલચી કચેરી ૨૦૧૯થી બંધ છે, પરંતુ તેની વૅબસાઇટ પર લખાયું હતું કે અમે વેનેઝુએલામાં રહેતા અમેરિકાના નાગરિકોને હુમલાથી બચવા સલામત સ્થળે આશ્રય લેવા સૂચના આપીએ છીએ. ક્યુબા અને ઇરાને અમેરિકા દ્વારા વેનેઝુએલા પર કરાયેલા હુમલાની ટીકા કરી હતી. અગાઉ, વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ મદુરોએ આક્ષેપ કર્યો હતો કે અમેરિકા વેનેઝુએલામાંના ખનિજ તેલના વિશાળ ભંડારને પચાવી લેવા માગે છે. (એજન્સી)

### ટાર્ગેટ કરવાનાં

વેનેઝુએલાની સરકારે દેશમાં કટોકટી જાહેર કરી હતી. અમેરિકા આક્ષેપ કરે છે કે અમારે ત્યાં (અમેરિકામાં) વેનેઝુએલાના લાખો લોકો ગેરકાયદે ઘૂસે છે અને તેના માટે તેના (વેનેઝુએલાના) પ્રમુખ નિકોલસ મદુરો જવાબદાર છે. દક્ષિણ અમેરિકાના દેશ વેનેઝુએલામાં ૨૦૧૩માં નિકોલસ મદુરોની સરકાર સત્તા પર આવી તે પછી ત્યાં ઊભી થયેલી આર્થિક કટોકટી અને કરવામાં આવતા અત્યાચારથી ત્રાસીને અત્યાર સુધીમાં વેનેઝુએલાના અંદાજે ૮૦ લાખ લોકો પોતાનો દેશ છોડી ગયા હતા.

ટ્રમ્પે વેનેઝુએલાના પ્રમુખ અમેરિકામાં ફેન્ટનીલ અને કોકેન સહિતના કેફી પદાર્થો ઘુસાડતા હોવાનો આક્ષેપ પણ કર્યો હતો. અમેરિકાએ વેનેઝુએલાના ગુનેગારોના બે ગ્રૂપ - ટ્રેન ડી આરાગ્વા અને કાર્ટેલ ડી લોસ સોલેસને વિદેશી ત્રાસવાદી સંગઠન જાહેર કર્યા હતા.

આમ છતાં, વેનેઝુએલાના પ્રમુખ નિકોલસ મદુરોએ અગાઉ સામો આક્ષેપ કર્યો હતો કે વેનેઝુએલાની પાસે ખનિજ તેલના વિશાળ ભંડાર છે અને અમેરિકા તેને આંચકી લેવા ખોટાં બહાનાં બતાવે છે. (એજન્સી)

### વન-ડે ટીમમાં

વિરાટ કોહલી અને રોહિત શર્મા આંતરરાષ્ટ્રીય મૅચમાં રમતા જોવા મળશે. ભારતની બૅટિંગ લાઇન-અપના આ બે આધારસ્તંભ છે. રોહિત હાલમાં વન-ડે ઇન્ટરનૅશનલમાં વર્લ્ડ નંબર-વન અને વિરાટ નંબર-ટૂ છે. શુભમન ગિલ ભારતની વન-ડે ટીમનો કૅપ્ટન છે. તેણે ટીમમાં કમબૅક કર્યું છે. ગરદનના દુખાવાને કારણે તે સાઉથ આફ્રિકા સામેની સિરીઝમાં નહોતો રમી શક્યો. આ પહેલાં તે ઑસ્ટ્રેલિયાની ટૂરની વન-ડે શ્રેણીમાં રમ્યો હતો.

ગિલ, શ્રેયસ અને સિરાજને વન-ડે ટીમમાં અનુક્રમે તિલક વર્મા, ધ્રુવ જુરેલ, ઋતુરાજ ગાયકવાડના સ્થાને સમાવવામાં આવ્યા છે. ભારતે સાઉથ આફ્રિકાને ૨-૧થી પરાજિત કર્યું હતું એ સિરીઝની ટીમમાં થયેલા આ ત્રણ ફેરફાર છે. હાર્દિક પંડયાને ફેબ્રુઆરીના ટી-૨૦ વર્લ્ડ કપ માટે પૂર્ણપણે ફિટ રાખવાના હેતુથી તેને આ વન-ડે સિરીઝની ટીમમાં નથી સમાવવામાં આવ્યો.

**વન-ડે સિરીઝ શેડ્યૂલ**

(૧) પ્રથમ વન-ડે, ૧૧મી જાન્યુઆરી, વડોદરા, બપોરે ૧.૩૦ વાગ્યાથી
(૨) બીજી વન-ડે, ૧૪મી જાન્યુઆરી, રાજકોટ, બપોરે ૧.૩૦ વાગ્યાથી
(૩) ત્રીજી વન-ડે, ૧૮મી જાન્યુઆરી, ઇન્દોર, બપોરે ૧.૩૦ વાગ્યાથી

**ભારતની વન-ડે ટીમઃ**

શુભમન ગિલ (કૅપ્ટન), શ્રેયસ ઐયર (વાઇસ-કૅપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, યશસ્વી જયસ્વાલ, કે. એલ. રાહુલ (વિકેટકીપર), રિષભ પંત (વિકેટકીપર), વૉશિંગ્ટન સુંદર, રવીન્દ્ર જાડેજા, મોહમ્મદ સિરાજ, હર્ષિત રાણા, પ્રસિદ્ધ ક્રિષ્ના, કુલદીપ યાદવ, નીતીશ કુમાર રેડ્ડી અને અર્શદીપ સિંહ.

### હિન્દુઓનો વિજય

બીસીસીઆઈના નિર્ણયને આવકાર્યો હતો. ભાજપના બીજા નેતાઓ અને આધ્યાત્મિક ગુરુઓએ આને હિન્દુઓનો વિજય ગણાવ્યો હતો. કેકેઆરના ફ્રેન્ચાઇઝીએ ગયા મહિને અબુ ધાબીમાં ઑક્શનના સમારોહમાં મુસ્તફિઝુરને ભારે રસાકસી વચ્ચે ૨.૦૦ કરોડ રૂપિયાની મૂળ કિંમત સામે ૯.૨૦ કરોડ રૂપિયાના ભાવે ખરીદી લીધો હતો. જોકે બાંગ્લાદેશમાં હિન્દુઓ પર અત્યાચાર થવાના બનાવો ફરી વધવા લાગ્યા એટલે મુસ્તફિઝુર વિરુદ્ધ ભારતભરમાં પ્રચંડ વિરોધ શરૂ થઈ ગયો હતો. ગયા વર્ષે આઈપીએલની હરાજીમાં બાંગ્લાદેશી ખેલાડીઓ પર પ્રતિબંધ હતો, પણ આ વખતે એવા પ્રતિબંધની કોઈ સત્તાવાર જાહેરાત ન થઈ હોવાથી કેકેઆરે મુસ્તફિઝુરને ખરીદી લેવાનો મોકો ઝડપી લીધો હતો જેને પગલે વિવાદ શરૂ થયો હતો અને કેકેઆરના સહ-માલિક શાહરુખ ખાનને દેશદ્રોહી તરીકે ઓળખાવામાં આવ્યો હતો.

જોકે મુસ્તફિઝુરને સ્કવોડમાંથી રિલીઝ કરી દેવાનું કેકેઆરને ન કહેવામાં આવ્યું હોત તો પણ ખુદ મુસ્તફિઝુર અસલામતીના ડરથી ભારતમાં આઇપીએલની મેચો રમવા આવ્યો ન હોત. ઉલ્લેખનીય છે કે બીસીસીઆઇએ કેકેઆરને મુસ્તફિઝુરના સ્થાને બીજા કોઈ ખેલાડીને પોતાની સ્કવોડમાં સમાવવાની છૂટ પણ આપી છે.

જાણીતી સમાચાર સંસ્થા એએનઆઈના અહેવાલ અનુસાર બીસીસીઆઈના સેક્રેટરી દેવજિત સૈકિયાએ કેકેઆરને જણાવી દીધું છે કે તમારે તમારી ટીમમાંથી મુસ્તફિઝુરને છૂટો કરી દેવો જોઈશે.

### છત્તીસગઢમાં

રાઇફલ મળી હતી. સલામતી દળો દ્વારા સુકમા જિલ્લામાંના દક્ષિણ વિસ્તારમાં નક્સલવાદ-વિરોધી કાર્યવાહી કરાતી હતી ત્યારે અથડામણ થઇ હતી.

બીજાપુરમાં રાજ્ય પોલીસના યુનિટ - ડિસ્ટ્રિક્ટ રિઝર્વ ગાર્ડ દ્વારા રાતે નક્સલવાદ-વિરોધી કાર્યવાહી કરાતી હતી ત્યારે પરોઢના પાંચ વાગ્યાની આસપાસ અથડામણ થઇ હતી. છત્તીસગઢમાં સલામતી દળે ૨૦૨૫ના વર્ષમાં વિવિધ અથડામણમાં કુલ ૨૮૫ નક્સલવાદી ઠાર માર્યા હતાં. (એજન્સી)

# સુરતમાં ચાઈનીઝ દોરી, તુક્કલ અને ડીજે વગાડવા પર પ્રતિબંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં આગામી ઉત્તરાયણના તહેવાર અનુસંધાને જાહેર માર્ગો ઉપર ટ્રાફિક વ્યવસ્થા જળવાઇ રહે અને માર્ગ અકસ્માતો થતા નિવારવા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું હતું. ઉત્તરાયણ પર્વના દિવસે લોકોની સલામતીને ધ્યાનમાં રાખીને સુરત શહેર પોલીસ કમિશનર અનુપમસિંહ ગહલૌતે જાહેરનામું બહાર પાડ્યું હતું. જે મુજબ સુરત શહેર પોલીસ કમિશનરની હકૂમત હેઠળના સમગ્ર વિસ્તારમાં ઉત્તરાયણના તહેવારને અનુસંધાને કોઇપણ વ્યક્તિ જાહેરમાર્ગ પર કોઈપણ વ્યક્તિને ઇજા અથવા ભય પમાડે તેવી રીતે પતંગ ઉડાવી શકશે નહીં કે જાહેર માર્ગ ઉપર દોડી પતંગ પકડી શકશે નહીં. જાહેર માર્ગો પર બેફામ રીતે પતંગ ઉડાવવા અંગે પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આ જાહેરનામામાં જણાવ્યા પ્રમાણે, જીવલેણ દોરી પર પ્રતિબંધઃ નાયલોન, સિન્થેટિક મટીરિયલ, કાચનો ભૂકો કે લોખંડના પાઉડરથી કોટેડ કરેલી ચાઈનીઝ દોરી અને માંઝાના વેચાણ, સંગ્રહ અને ઉપયોગ પર સંપૂર્ણ પ્રતિબંધ છે.

ઓનલાઈન વેચાણ પર રોકઃ ઓનલાઈન પ્લેટફોર્મ પર વેચાતા ચાઈનીઝ માંઝા, પ્લાસ્ટિક દોરી અને ગ્લાસ કોટેડ નાયલોન થ્રેડની આયાત કે વેચાણ કરી શકાશે નહીં.

ચાઈનીઝ તુક્કલઃ આકાશમાં ઉડાડવામાં આવતા ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન (તુક્કલ) ખરીદવા, વેચવા કે ઉડાડવા પર સખત મનાઈ છે.

સમય મર્યાદાઃ નાગરિકો અને પક્ષીઓના રક્ષણ માટે સવારના છ થી આઠ વાગ્યા દરમિયાન પતંગ ઉડાડવા પર પ્રતિબંધ રહેશે.

જાહેરસ્થળો પર મનાઈઃ જાહેર માર્ગો, ફૂટપાથ કે ભયજનક ધાબા પરથી પતંગ ઉડાડવા તેમજ રસ્તા પર કપાયેલી પતંગ કે દોરી પકડવા દોડવા પર રોક લગાવાઈ છે. અવાજનું પ્રદૂષણ અને લખાણઃ લોકોને ત્રાસ થાય તે રીતે મોટા અવાજે લાઉડ સ્પીકર વગાડવા નહીં. પતંગ પર કોઈની લાગણી દુભાય તેવાં ઉશ્કેરણીજનક લખાણો લખી શકાશે નહીં. સુરત શહેર પોલીસ કમિશનરનું જાહેરનામું આગામી પાંચ જાન્યુઆરી સોમવારથી લઈને ૧૬ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી અમલમાં રહેશે. આ દરમિયાન જો કોઈ જાહેરનામાના નિયમોનો ભંગ કરતાં પકડાશે, તો તેના પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

## નડિયાદના સંતરામ મંદિરે પોષી પૂનમે શ્રદ્ધાળુઓનું ઘોડાપૂર, હજારો મણ બોર ઊછળ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નડિયાદના સંતરામ મંદિરે પોષી પૂનમના પાવન અવસરે શ્રદ્ધાળુઓનું ઘોડાપૂર ઊમટ્યું હતું. અહીં વર્ષો જૂની પરંપરા મુજબ હજારો ભાવિક ભક્તોએ મંદિર પરિસરમાં બોર ઉછાળીને આસ્થાપૂર્વક મહારાજનાં ચરણોમાં શીશ ઝુકાવ્યું હતું. સમગ્ર નડિયાદ શહેર 'જય મહારાજ'ના નાદ સાથે ગુંજી ઉઠ્યું હતું.

પોષી પૂનમના દિવસે નડિયાદમાં આશરે ૫૦ હજાર કિલોથી પણ વધુ બોરનું વેચાણ થાય છે. ભક્તો શ્રદ્ધાપૂર્વક બોર ખરીદે છે અને મંદિરના પરિસરમાં એ બોર ઉછાળે છે. આ ઊછળેલા બોરને અન્ય ભક્તો મહારાજના પ્રસાદ તરીકે હોંશે હોંશે ઘરે લઈ જાય છે, જે આ પર્વની મુખ્ય વિશેષતા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સંતરામ મંદિરમાં બોર ઉછાળવાની આ પરંપરા પાછળની લોકવાયકા છે કે જે બાળકો બોલી શકતાં ન હોય અથવા જેમને બોલવામાં તકલીફ પડતી હોય તેમના માટે સંતરામ મહારાજની બાધા રાખવાથી ચમત્કારિક પરિણામો મળે છે. બાળક બોલતું થઈ જાય ત્યારે વાલીઓ અહીં આવીને બોર ઉછાળી પોતાની માનતા પૂર્ણ કરે છે. આ વિશ્વાસ જ હજારો પરિવારોને અહીં ખેંચી લાવે છે.

છેલ્લાં ૨૦૦થી વધુ વર્ષોથી ચાલી આવતી આ પરંપરા એક મહોત્સવમાં પરિવર્તિત થઈ ગઈ છે. આ શ્રદ્ધા હવે માત્ર નડિયાદ પૂરતી મર્યાદિત રહી નથી, પરંતુ સમગ્ર ગુજરાત, અન્ય રાજ્યો અને વિદેશથી પણ ભક્તો અહીં ઊમટી પડે છે.

કેટલાક માનતા પૂરી કરવા આવે છે, તો કેટલાક માત્ર મહારાજના આશીર્વાદ લેવા અને ભક્તિભાવથી દર્શન કરવા આવે છે.

## ગુજરાતમાં પાંચ સેટેલાઈટ ટાઉન બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વર્ષ ૨૦૨૫માં પાંચ સેટેલાઈટ ટાઉન વિકસાવવા માટે શહેરોના માસ્ટર પ્લાન તૈયાર કરવા માટે અર્બન પ્લાનર્સને ગુજરાત સરકારે આમંત્રિત કર્યા છે. તેના માટે ટેન્ડર દ્વારા અર્બન પ્લાનર્સની નિમણૂક કરવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. વર્ષ ૨૦૩૦ સુધીમાં આ શહેરોમાં મહાનગરો જેવી સુવિધાઓ વિકસિત કરીને તેમને આર્થિક રીતે સશક્ત બનાવવાનું આયોજન છે, જેથી મોટા શહેરો પરથી ભારણ ઘટાડી શકાય, તેવી માહિતી સરકારે આપી હતી. રાજ્ય સરકારે અમદાવાદ પાસે સાણંદ, વડોદરા પાસે સાવલી, ગાંધીનગર પાસે કલોલ, સુરત પાસે બારડોલી અને રાજકોટ પાસે હીરાસરને સેટેલાઇટ ટાઉન તરીકે વિકસિત કરવાનો નિર્ણય કર્યો છે. રાજ્ય સરકારે દરખાસ્ત રજૂ કરીને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરના અનુભવ ધરાવતા અર્બન પ્લાનર્સને માસ્ટર પ્લાન તૈયાર કરવા માટે આમંત્રિત કર્યા છે. આગામી બે મહિનામાં કન્સલટન્ટની નિમણૂક કરવામાં આવશે, જેઓ એક વર્ષની અંદર શહેરો માટે માસ્ટર પ્લાન તૈયાર કરીને રજૂ કરશે.

## ગાંધીનગરમાં ટાઈફોઈડના કેસ વધતા સરકાર એક્શનમાં, બાવીસ ડોકટરોની ટીમ તહેનાત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના પાટનગર ગાંધીનગરના ટાઈફોઈડના કેસ વધતા સરકાર હરકતમાં આવી હતી. ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર સાથે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવીએ બેઠક યોજી સમગ્ર સ્થિતિની સમીક્ષા કરી હતી. આ સાથે તેમણે સિવિલ હોસ્પિટલની મુલાકાત લઈ દર્દીઓને મળી ખબર-અંતર પૂછ્યા હતા. તેમજ દર્દીઓને શ્રેષ્ઠ સારવાર માટે ૨૨ નિષ્ણાત ડોકટરોની ટીમ તહેનાત કરવામાં આવી છે અને તમામ દરદીને યોગ્ય સારવાર આપવા અંગે સૂચનો આપ્યાં હતાં. બેઠક બાદ હર્ષ સંઘવી સીધા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. ત્યાં તેમણે ટાઈફોઈડની સારવાર લઈ રહેલા દર્દીઓની રૂબરૂ મુલાકાત લીધી હતી અને તેમના સ્વાસ્થ્ય અંગે પૂછપરછ કરી હતી. તેમણે હોસ્પિટલના સત્તાધીશોને આદેશ આપ્યા હતા કે, દરેક દર્દીને ઉત્તમ અને સમયસર સારવાર મળી રહે. દર્દીના પરિવારજનોને ભોજન સહિતની કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે તેની તકેદારી રાખવા અને તે મુજબની વ્યવસ્થા ગોઠવવા આદેશ કર્યો હતો.

તેમણે એમ પણ જણાવ્યું હતું કે કેન્દ્રીય ગૃહ મંત્રી અને ગાંધીનગર લોકસભા વિસ્તારના સાંસદ અમિતભાઈ શાહ સતત સમગ્ર સ્થિતિનો રિવ્યૂ લઈ રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં ટાઈફોઈડના કેસ વધી ગયા હોવાની જાણકારી મળી હતી. જેમાં લગભગ ૧૦૦ જેટલા બાળકને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે રાખવામાં આવ્યા હોવાનું પણ સૂત્રોએ જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર છેલ્લા ત્રણ દિવસમાં પોઝિટિવ કેસમાં ૫૦ ટકાનો વધારો નોંધાયો હતો. દૂષિત પાણીને લીધે આ સ્થિતિનું નિર્માણ થયાનું સૂત્રો જણાવી રહ્યા હતા. નવી પાણીની લાઈનમાં ગટરની લાઈન જોડાતા ખાસ કરીને સેક્ટર ૨૪ અને ૨૮માં રોગચાળો ફેલાયો હોવાનું જાણવા મળ્યું હતું. આ અંગેની જાણકારી બહાર આવતા નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી સિવિલ હોસ્પિટલની મુલાકાતે ગયા હતા. આ સાથે અહીંના સાંસદ અને કેન્દ્રીય પ્રધાન અમિત શાહે પણ સ્થિતિનો તાગ મેળવ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## અમદાવાદમાં વૃદ્ધની 'ડિજિટલ અરેસ્ટ', ૭.૧૨ કરોડની છેતરપિંડી, ૧૨ પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં સાયબર ક્રાઈમ ચિંતાજનક રીતે વધી રહ્યો છે. સાયબર માફિયાઓ 'ડિજિટલ અરેસ્ટ' કરી લોકો પાસેથી નાણાં ખંખેરી રહ્યા હોવાના અનેક કિસ્સા બહાર આવી ચુક્યા છે. જો કે અમદાવાદ શહેર સાયબર ક્રાઈમના ઇતિહાસમાં અત્યાર સુધીની સૌથી ચોંકાવનારી છેતરપિંડીની ઘટના બહાર આવી હતી. જેમાં એક ૮૨ વર્ષીય વૃદ્ધને ત્રણ અઠવાડિયા સુધી 'ડિજિટલ અરેસ્ટ'માં રાખીને ગઠીયાઓએ રૂ. ૭.૧૨ કરોડ પડાવી લીધા હતા. આ કેસમાં અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચે આંતરરાષ્ટ્રીય ગેંગ સાથે સંકળાયેલા ૧૨ આરોપીઓની ધરપકડ કરી હતી.

છેતરપિંડીની આ ચોંકાવનારી ઘટના અંગે મળતી માહિતી મુજબ ૪ ડિસેમ્બરે થઈ હતી. વૃદ્ધને એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો હતો, જેમાં સામેની વ્યક્તિએ પોતે ટ્રાઈ (ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી ઓફ ઈન્ડિયા) નો અધિકારી હોવાનું જણાવી ધમકી આપી હતી. ઠગોએ કહ્યું હતું કે, વૃદ્ધના આધાર કાર્ડનો ઉપયોગ કરીને સેલિબ્રિટીઓને અશ્લીલ વીડિયો મોકલવામાં આવ્યા છે અને મુંબઈ ક્રાઈમ બ્રાન્ચમાં તેમની સામે ફરિયાદ નોંધાઈ છે.

ત્યારબાદ મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના અધિકારી બનીને અન્ય ઠગોએ વીડિયો કોલ કર્યો. તેમણે નરેશ ગોયલ સાથે જોડાયેલા મની લોન્ડરિંગ કેસમાં વૃદ્ધનું નામ હોવાનું કહી ૨ કરોડના ગેરકાયદે વ્યવહારના નકલી પુરાવા બતાવ્યા હતા.

ભોગ બનનાર વૃદ્ધને વિશ્વાસમાં લેવા માટે ઠગોએ હદ વટાવી દીધી હતી. વૃદ્ધને વોટ્સએપ પર એક નકલી ઓનલાઈન કોર્ટની સુનાવણીમાં હાજર રખાયા, જ્યાં એક વ્યક્તિ સુપ્રીમ કોર્ટના જજ બનીને બેઠો હતો. તેમને ૨૪ કલાક વોટ્સએપ વીડિયો કોલ ચાલુ રાખવા મજબૂર કરી ઘરમાં જ કેદ (ડિજિટલ અરેસ્ટ) કરી દેવાયા. સીબીઆઈ, આરબીઆઈ, ઈડી અને ઇન્ટરપોલના લોગોવાળા નકલી પત્રો અને ધરપકડ વોરંટ મોકલીને તેમને જેલ અને બદનામીનો ડર બતાવવામાં આવ્યો હતો.

પોલીસે ધરપકડ કરેલા આરોપીઓમાં ધરપકડ કરાયેલા આરોપીઓમાં ૧. દશરથભાઈ જીવાભાઈ નાયક (૪૪) ૨. બ્રિજેશ ઉર્ફે અક્ષય ભરતભાઈ શાહ (૩૮), ૩. હિતેન્દ્ર વિનોદભાઈ સોલંકી (૩૯), ૪. વિજયકુમાર ગૃહપ્રસાદ કોરી (૪૪),૫. નયન ઉર્ફે ગોવિંદભાઈ હિંસુ (પટેલ) (૪૨), ૬. જલદીપભાઈ રમેશભાઈ ડાખરા (૩૨), ૭. રોહન કિશોરભાઈ પટેલ (૨૪),૮. સુનીલભાઈ બાબુભાઈ ધામેચા (૨૮), ૯. જનકકુમાર ઉર્ફે જય ભીખાભાઈ ગધાદરા (૩૦), ૧૦. રાહુલ કાનજીભાઈ મોરડીયા (પટેલ) (૩૩), , ૧૧. અનિલભાઈ શામજીભાઈ મોરડીયા (પટેલ) (૪૧), ૧૨. અનિકેત મહેશભાઈ ધોળા (પટેલ)નો સમાવેશ થાય છે.

## ગુજરાત એટીએસએ પકડેલા આતંકી મોડ્યુલની તપાસ હવે એનઆઈએને સોંપાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટ ઑફ ખોરાસાન પ્રોવિન્સ સાથે જોડાયેલા એક મોટા આતંકી ષડ્યંત્રની તપાસ નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)ના અમદાવાદ યુનિટને સોંપી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આ કેસમાં ગુજરાત, હરિયાણા, જમ્મુ-કાશ્મીર અને તાજેતરમાં દિલ્હીના લાલ કિલ્લા પર થયેલા બ્લાસ્ટ વચ્ચે કનેક્શન હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી હતી. ગુજરાત એટીએસ દ્વારા હૈદરાબાદના ડૉક્ટર અહેમદ મોહિઉદ્દીન સૈયદ સહિત બનાસકાંઠાના મોહમ્મદ સુહેલ અને આઝાદ સુલેમાન શેખની ધરપકડ કરવામાં આવી હતી. આ ત્રિપુટીએ દિલ્હીની આઝાદ મંડી અને અમદાવાદની નરોડા ફ્રૂટ માર્કેટની રેકી કરી હોવાનો પર્દાફાશ થયો હતો.

તપાસમાં સૌથી ચોંકાવનારો ખુલાસો એ થયો હતો કે આ આતંકી મોડ્યુલ અતિ ઘાતક રાઈઝિન ઝેર દ્વારા હુમલો કરવાનું ષડ્યંત્ર ઘડી રહ્યું હતું. આ સાથે જ તેઓ હથિયારો વડે પણ હુમલા કરવાની ફિરાકમાં હતા. ઉલ્લેખનીય છે કે, દિલ્હીમાં લાલ કિલ્લા પર થયેલા બ્લાસ્ટમાં ૧૦થી વધુ લોકોનાં મોત થયાં હતાં, જેના થોડા દિવસો પહેલા જ આ ધરપકડ કરવામાં આવી હતી. એનઆઈએ દ્વારા આ કેસમાં એનલોફુલ એક્ટિવિટી પ્રિવેન્શન એક્ટ (યુએપીએ) અને ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ફરીથી ગુનો નોંધીને તપાસ તેજ કરવામાં આવી હતી.

## સુરતના માંડવીમાં ધર્માંતરણ મુદ્દે મહિલા શિક્ષિકા સહિત છની ધરપકડ

અમદાવાદઃ સુરતના માંડવીમાં ચાલી રહેલા ધર્માંતરણ પ્રવૃત્તિનો પોલીસે આ રેકેટનો પર્દાફાશ કરી અત્યાર સુધીમાં કુલ ૬ આરોપીઓની ધરપકડ કરી છે. આશ્ચર્યજનક વાત એ છે કે ધરપકડ કરાયેલા ૬ આરોપીઓમાંથી ૪ તો વ્યવસાયે શિક્ષક છે, જેઓ સમાજને સાચો રાહ ચીંધવાને બદલે ધર્માંતરણના કાળા કારોબારમાં સામેલ હતા.

પોલીસ તપાસમાં મહિલા શિક્ષિકા મીનાબેન ચૌધરીનું નામ ખુલતા તેમની ધરપકડ કરવામાં આવી હતી. તપાસમાં બહાર આવ્યું હતું કે, મીનાબેન આદિવાસી યુવતીઓને આર્થિક લાલચ આપી ધર્મ અંગીકાર કરવા માટે મજબૂર કરતા હતા. પોતાની ધરપકડ થશે તેવી શંકા જતાં જ શિક્ષિકાએ ચાલાકી વાપરી પોતાનો મોબાઈલ ફોન ફોર્મેટ કરી દીધો હતો, જેથી પોલીસને કોઈ મહત્ત્વના પુરાવા ન મળી શકે. પોલીસ તપાસમાં બહાર આવ્યું હતું કે માંડવીના ભાટખાઈ ગામની રહેવાસી મીના ચૌધરી આ રેકેટના મુખ્ય સૂત્રધાર ગણાતા 'રામજી' સાથે સીધા સંપર્કમાં હતા.

એક યુવતી દ્વારા પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવતાં સમગ્ર રેકેટનો પર્દાફાશ થયો હતો. યુવતીએ આક્ષેપ કર્યો હતો કે આ ટોળકી દ્વારા તેને પ્રલોભન આપી ધર્મ પરિવર્તન માટે દબાણ કરવામાં આવ્યું હતું. આ ફરિયાદના આધારે પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ મામલે પોલીસે અત્યાર સુધીમાં ૬ આરોપીઓ રામજી ચૌધરી (માસ્ટરમાઈન્ડ પાસ્ટર અને શિક્ષક), ગુરજી ચૌધરી (શિક્ષક), રાકેશ વસાવા (શિક્ષક), મીના ચૌધરી (શિક્ષિકા), ડો. અંકિત ચૌધરી (મુખ્ય આરોપી) અને નવીન ચૌધરીની ધરપકડ કરી છે.

## 'નમો શ્રી યોજના' હેઠળ ₹ ૪૩૭ કરોડ ચૂકવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં માતા અને બાળમૃત્યુ દરમાં ઘટાડો કરવાના હેતુથી રાજ્ય સરકાર દ્વારા 'નમો શ્રી યોજના' વર્ષ-૨૦૨૪થી અત્યાર સુધી ૭ લાખથી વધુ લાભાર્થીઓને રૂ.૪૩૭.૩૨ કરોડ ચૂકવવામાં આવ્યા છે. રાજ્યની સગર્ભા મહિલાઓ 'નમો શ્રી યોજના'નો બે પ્રસુતિ સુધી લાભ લઇ શકે છે. જે અંતર્ગત લાભાર્થીએ સગર્ભાવસ્થાની નોંધણી ફીમેલ હેલ્થ વર્કર પાસે કરાવવાની રહે છે. આ નોંધણીની મેડિકલ ઓફિસર ત્યારબાદ તાલુકા હેલ્થ ઓફિસર-અર્બન તાલુકા હેલ્થ ઓફિસર ખરાઈ કરે છે. જે અંતર્ગત પ્રથમ પ્રસુતિ દરમિયાન પ્રથમ હપ્તા સ્વરૂપે રાજ્ય સરકાર દ્વારા રૂ.૨,૦૦૦ અને કેન્દ્ર સરકાર રૂ.૩,૦૦૦ની સહાય કરવામાં આવે છે. આ ઉપરાંત રાજ્ય સરકાર દ્વારા રૂ.૨,૦૦૦નો બીજો હપ્તો સગર્ભાવસ્થાનાં છ માસ પૂર્ણ થયા બાદ, ત્રીજો હપ્તો સંસ્થાકીય પ્રસુતિમાં રૂ.૩,૦૦૦ જ્યારે કેન્દ્ર સરકાર દ્વારા રૂ.૨,૦૦૦નો ચોથો હપ્તો રસીકરણ સમયે ૧૪માં અઠવાડિયે એમ કેન્દ્ર અને રાજ્ય સરકાર મળીને કુલ રૂ.૧૨,૦૦૦ની સહાય લાભાર્થીઓને ચૂકવવામાં આવે છે.

રાજ્યમાં ૧૧ કેટેગરીની બહેનોને 'નમો શ્રી યોજના' અંતર્ગત લાભ આપવામાં આવે છે.

## નવા વર્ષે ગુજરાતમાં ઠંડીનો ચમકારો વર્તાયો, નલિયા, રાજકોટ ઠંડાગાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં નવેમ્બર-ડિસેમ્બરમાં અપેક્ષિત ઠંડી પડી નથી, પંરતુ વર્ષ ૨૦૨૬ની શરૂઆતમાં જ ઠંડીએ ચમકારો બતાવ્યો હોવાથી શિયાળાનો માહોલ જામ્યો છે. શુક્રવારથી રાજ્યના ઘણા શહેરોમાં તાપમાનનો પારો ગગડ્યો હતો. શનિવારે પણ વહેલી સવાર અને મોડી રાત સાથે દિવસ દરમિયાન પણ ઠંડીનો અનુભવ થયો હતો. સાત ડિગ્રી લઘુતમ તાપામાન સાથે નલિયા રાજ્યનું સૌથી ઠંડુ મથક બન્યું હતું.

સૌરાષ્ટ્રના રાજકોટમાં પણ તાપમાન ત્રણ ડિગ્રી ગગડ્યું હતું. શહેરમાં ૯.૪ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ સાથે સૌરાષ્ટ્રના અન્ય શહેર પોરબંદરમાં લઘુત્તમ તાપમાન ૧૧.૪ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે ભુજમાં ૧૧.૪ ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતાં થોડું ઓછું હતું.

ઉત્તર ગુજરાતની વાત કરીએ તો ડીસામાં લઘુતમ તાપમાન ૧૧.૮ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે ગાંધીનગરમાં પારો ૧૨.૮ ડિગ્રી પહોંચ્યો હતો. અમદાવાદ અને વડોદરા બંનેમાં લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી નોંધાયું હતું.

બીજી બાજુ દરિયાકાંઠાના વિસ્તારોમાં સામાન્ય ફેરફાર નોંધાયો હતો દીવ, વેરાવળ, ઓખામાં અનુક્રમે ૧૭, ૧૫.૮ અને ૧૮.૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી અમુક દિવસો વાતાવરણમાં ઠંડીનું પ્રમાણ થોડું વધુ જણાશે.

## અમદાવાદ મનપાની સંકલન બેઠકમાં નવ ધારાસભ્ય અને ત્રણ સાંસદ ગેરહાજર, પ્રજાનાં કામો પ્રત્યે નિરસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પ્રજાના ચૂંટાયેલા પ્રતિનિધિઓ લોકોના પ્રશ્નો પ્રત્યે કેટલા લાપરવાહ છે, તેનું એક દ્રષ્ટાંત અમદાવાદ મનપાની બેઠકમાં જોવા મળ્યું હતું. બે મહિના બાદ મનપાની સંકલન બેઠકમાં મોટાભાગના ધારાસભ્યો ગેરહાજર જોવા મળ્યાં હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રજાના રોડ પાણી ગટર અને નવાં વિકાસ કાર્યો અંગે દર મહિને મ્યુનિસિપલ કમિશનર અને અધિકારીઓ સાથે સંકલન બેઠક મળે છે. વેજલપુરના અમિત ઠાકર, નારણપુરાના જીતુ ભગત, ગાંધીનગર દક્ષિણના અલ્પેશ ઠાકોર, બાપુનગરના દિનેશસિંહ કુશવાહ, નરોડાના ડો. પાયલ કુકરાણી અને ઠક્કરબાપાનગરના કંચનબેન રાદડિયા બેઠકમાં હાજર છે. વિપક્ષના જમાલપુરના ધારાસભ્ય ઇમરાન ખેડાવાલા અને દાણીલીમડાના શૈલેષ પરમાર ગેરહાજર રહ્યા હતા. શહેરના ધારાસભ્યો અને સંસદસભ્યો તેમના વિસ્તારનાં કામોને અંગે નિરસ તેની ચર્ચા રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ હતી. કમિશનરની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં સાંસદ દિનેશ મકવાણા એચએસ પટેલ અને નરહરી અમીનમાંથી એક પણ સાંસદ પણ હાજર રહ્યા ન હતા. ગત સંકલન બેઠક રદ્દ થતા ધારાસભ્ય ઇમરાન ખેડાવાલાએ સવાલ ઉઠાવ્યા હતા.

ભાજપના ગેરહાજર રહેલા ધારાસભ્યોમાં ડો. હર્ષદ પટેલ - સાબરમતી, કૌશિક જૈન- દરિયાપુર, બાબુસિંહ જાદવ - વટવા, અમિત શાહ - એલિસ બ્રિજ, ડો. હસમુખ પટેલ - અમરાઈવાડી, દર્શના વાઘેલા - અસારવા, અમુલ ભટ્ટ - મણિનગર જ્યારે કોંગ્રેસના ગેરહાજર રહેલા ધારાસભ્યોમાં ઇમરાન ખેડાવાલા-જમાલપુર અને શૈલેષ પરમાર-દાણીલીમડાનો સમાવેશ થતો હતો.

## અમદાવાદમાં લાઈસન્સ વગર સંગ્રહ કરેલી ૪૦ લાખની દવાનો જથ્થો જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા અમદાવાદ ખાતે લાયસન્સ વગર દવાના વેચાણ અર્થે સંગ્રહ કરવામાં આવેલી આશરે રૂ. ૪૦ લાખથી વધુની કિંમતની દવાનો જથ્થો જપ્ત કરવામાં આવી હતી.

આ અંગે વધુ વિગતો આપતા ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડો. રતનકંવર ગઢવી ચારણે જણાવ્યું હતું કે તાજેતરમાં નાયબ કમિશનર વાય. જી. દરજીની આગેવાની હેઠળ ઔષધ નિરીક્ષક ડો. પૂર્વા પટેલ સહિતના અધિકારીઓએ અમદાવાદ ખાતે આવેલા મનહર નગર શોપિંગ સેન્ટરના ઈ-૨૪ના પ્રથમ માળે આવેલી દુકાનમાં તપાસ કરતા ધર્મેશભાઈ જયંતીલાલ સથવારા દ્વારા વગર પરવાને દવાનો વેચાણ અર્થે સંગ્રહ કરાયેલો જથ્થો મળી આવ્યો હતો. વધુમાં ધર્મેશભાઈની સઘન તપાસ કરતા તેઓ મેડિકેસસેલિસ હેલ્થ કેરના નામે હિલટાઉન લેન્ડમાર્ક, નિકોલ ખાતે દવાના પરવાના ધરાવતા હતા, પરંતુ ખોરાક અને ઔષધ નિયમન તંત્રની કચેરીને જગ્યા ફેરફારની જાણ કર્યા વિના અને કોઈ માન્ય પરવાના વગર આ જગ્યા ઉપર પોતાનો એલોપેથીક દવાનો સંપૂર્ણ જથ્થો સંગ્રહ કર્યો હતો.

## શમશેર સિંહ ગુજરાતના આગામી ડીજીપી બનવાની શક્યતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત સરકારના જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટ દ્વારા ૨ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ આઈએએસ અધિકારીઓ અંગે મહત્ત્વપૂર્ણ વહીવટી આદેશ જાહેર કરવામાં આવ્યો હતો. આ ફેરફારો સાથે જ રાજ્યના પોલીસ અને વહીવટી વર્તુળોમાં મોટા ફેરફારની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. આ વહીવટી ફેરફારો વચ્ચે જ કેન્દ્ર સરકારના ગૃહ મંત્રાલય દ્વારા ગુજરાત કેડર (૧૯૯૧ બેચ)ના સિનિયર આઈપીએસ અધિકારી શમશેર સિંહને બીએસએફમાંથી મુદત પૂર્ણ થવાને પહેલાં પરત બોલાવવાનો આદેશ આપતા પોલીસ વર્તુળોમાં ભારે ચર્ચા શરૂ થઈ છે.

હાલ શમશેર સિંહ બીએસએફમાં એડિશનલ ડાયરેક્ટર જનરલ (એડીજી) તરીકે ફરજ બજાવી રહ્યા હતા. ગૃહ મંત્રાલયના આદેશ અનુસાર બીએસએફ તેમને કયા દિવસે રિલીવ કરશે તેની જાણ કેન્દ્ર સરકારને કરાશે. ત્યારબાદ તેઓ ગુજરાત કેડરમાં પરત ફરશે અને તેમની આગામી પોસ્ટિંગ રાજ્ય સરકાર નક્કી કરશે.

સામાન્ય રીતે કેન્દ્ર ડેપ્યુટેશન પૂર્ણ થયા બાદ અધિકારીઓને પરત મોકલવામાં આવે છે, પરંતુ મુદત પહેલાં પરત બોલાવવાનો નિર્ણય અસાધારણ માનવામાં આવે છે. તેથી જ આવું શું થયું કે દિલ્હીથી અચાનક પરત બોલાવવાનો નિર્ણય લેવાયો? એવો પ્રશ્ન પોલીસ બેડામાં ઊઠી રહ્યો છે. આ નિર્ણયને રાજ્યના પોલીસ વડાની નિમણૂક સાથે જોડીને જોવામાં આવી રહ્યો છે. વર્તમાન ડીજીપી વિકાસ સહાયની નિવૃત્તિ બાદ ૧૯૯૨ બેચના આઈપીએસ અધિકારી ડો. કે. એલ. એન. રાવને કાર્યકારી ડીજીપી તરીકે જવાબદારી સોંપવામાં આવી છે. જોકે આ વ્યવસ્થા સ્થાયી નથી.

જનરલ એડમિનિસ્ટ્રેશન ડિપાર્ટમેન્ટના આ આદેશ મુજબ, ડો. રાજેન્દ્ર કુમાર, આઈએએસ (૨૦૦૪ બેચ), હાલ ટ્રાન્સપોર્ટ કમિશનર તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેમને હવે ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ (જીએસએફસી), વડોદરાના મેનેજિંગ ડિરેક્ટર તરીકે વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. આ સાથે સંજીવ કુમાર, આઈએએસને આ વધારાના ચાર્જમાંથી મુક્ત કરવામાં આવ્યા છે.

તે જ રીતે, રાજકુમાર બેનીવાલ, આઈએએસ (૨૦૦૪ બેચ), હાલ જીએનએફસી, ભરુચના મેનેજિંગ ડિરેક્ટર તરીકે કાર્યરત છે. તેમને અર્બન ડેવલપમેન્ટ અને અર્બન હાઉસિંગ ડિપાર્ટમેન્ટ હેઠળ સેક્રેટરી (હાઉસિંગ અને નિર્મલ ગુજરાત) તરીકે વધારાની જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત, કે. એલ. બાચાણી, આઈએએસ (જીજ , ૨૦૧૦), જે હાલમાં માહિતી કમિશનર, ગાંધીનગર તરીકે ફરજ બજાવી રહ્યા છે, તેમને અમદાવાદના સિવિલ એવિએશન કમિશનર તરીકે વધારાનો ચાર્જ આપવામાં આવ્યો છે. ડો. ધવલકુમાર કિરીટકુમાર પટેલ, આઈએએસને આ જવાબદારીમાંથી મુક્ત કરવામાં આવ્યા છે. આ તમામ વ્યવસ્થાઓ આગામી આદેશ સુધી અમલમાં રહેશે.

હાલ રાજ્ય સરકાર અથવા ગૃહ વિભાગ તરફથી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં નથી, પરંતુ ઈઅજ ફેરફારો અને ઈજ્જ સ્તરે લેવાયેલા આ નિર્ણયોને જોતા આગામી દિવસોમાં ગુજરાતના વહીવટી અને પોલીસ માળખામાં વધુ મોટા બદલાવ થવાની શક્યતા નકારી શકાતી નથી.

# નવા વર્ષના આગમન નિમિત્તે શિર્ડી સાઈબાબાને કરોડોનું દાન

શિરડીઃ નાતાલની રજાઓ અને નવા વર્ષનું સ્વાગત કરવા માટે ઘણા લોકો ફરવા ગયા હતા. દરેક જગ્યાએ ભીડ જોવા મળી હતી. કેટલાક લોકો શિરડીમાં સાઈબાબાના દર્શન કરવા ગયા હતા. છેલ્લા આઠ દિવસમાં આઠ લાખથી વધુ ભક્તો સાઈબાબાના ચરણોમાં શ્રદ્ધાંજલિ અર્પણ કરવા આવ્યા હતા. આ આઠ દિવસોમાં ભક્તોએ કરેલા દાનની સંખ્યા જાણવા મળી છે.

ડોનેશન કાઉન્ટર પર ત્રણ કરોડ ૨૨ લાખ ૪૩ હજાર ૩૮૮ રૂપિયાનું દાન પ્રાપ્ત થયું છે. જ્યારે પીઆરઓ પેઇડ ડોનેશન પાસ દ્વારા બે કરોડ ૪૨ લાખ ૬૦ હજાર રૂપિયા પ્રાપ્ત થયા છે. દક્ષિણા પેટીમાં ૬ કરોડ ૨ લાખ ૬૧ હજાર ૦૦૬ રૂપિયા અને ડેબિટ ક્રેડિટ કાર્ડ, ઓનલાઈન ડોનેશન, ચેક તેમજ ડીડી ડોનેશન અને મની ઓર્ડર દ્વારા ૧૦ કરોડ ૧૮ લાખ ૮૬ હજાર ૯૫૫ રૂપિયા પ્રાપ્ત થયા છે.

ભક્તો દ્વારા આપવામાં આવેલા દાનમાં સોના અને ચાંદીની ઘણી વસ્તુઓનો પણ સમાવેશ થાય છે. એમાં ૨૯૩.૯૧૦ ગ્રામ સોનું મળ્યું છે જેની કિંમત ૩૬ લાખ ૩૮ હજાર ૬૧૦ રૂપિયા છે. એ જ પ્રમાણે મળેલી ચાંદી ૫૯૮૩.૯૭૦ ગ્રામ છે, જેની કિંમત ૯ લાખ ૪૯ હજાર ૭૪૧ રૂપિયા છે.

૨૬ દેશોમાંથી વિદેશી ચલણ દ્વારા ૧૬ લાખ ૮૩ હજાર ૬૭૩ રૂપિયાનું દાન પ્રાપ્ત થયું છે. સોનાથી જડિત હીરાના મુગટની કિંમત ૮૦ લાખ રૂપિયા છે. આ બધા દાનની ગણતરીના ફોટા સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. દાનની ગણતરી માટે ટોપલીઓ, ડોલ અને ટોપલીઓનો ઉપયોગ કરવામાં આવે છે. એમાં ચલણી નોટ રાખવામાં આવે છે.

નાતાલની રજાઓ અને નવા વર્ષ દરમિયાન, ભક્તોએ સાંઈના ચરણોમાં વિક્રમી દાન આપ્યું છે. રજાઓ દરમિયાન ભક્તોએ ૮ દિવસના સમયગાળામાં સાંઈના ચરણોમાં ૨૩ કરોડ ૨૯ લાખ ૨૩ હજાર ૩૭૩ રૂપિયાનું જંગી દાન આપ્યું છે. સાંઈ સંસ્થાનના સીઈઓ ગોરક્ષ ગાડિલકરે મીડિયાને આ અંગે માહિતી આપી છે.

# રખડતા શ્વાનની જવાબદારી અપાતા શિક્ષકોમાં તીવ્ર સંતાપ

મુંબઈઃ શિક્ષણ ઉપરાંત અન્ય વિવિધ કાર્યોના બોજ હેઠળ દબાયેલા શિક્ષકો પર વધુ એક નવી જવાબદારી મૂકવામાં આવતા તેઓ તીવ્ર નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. નવા આદેશ અનુસાર દરેક શાળામાં એક શિક્ષકને નોડલ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવશે. શાળા પરિસરને સ્વચ્છ રાખવા અને રખડતા શ્વાનોને રોકવાની જવાબદારી પણ એ શિક્ષકને સોંપવામાં આવશે. આ સંદર્ભે શિક્ષણ કમિશનર દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્રનો રાજ્યના વિવિધ શિક્ષક સંગઠનોએ વિરોધ કર્યો છે.

દેશભરમાં રખડતા શ્વાનોની સંખ્યા વધી રહી છે અને તેમના ત્રાટકવાની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. આ સંદર્ભમાં વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખી સુપ્રીમ કોર્ટે શૈક્ષણિક સંસ્થાઓના પરિસરને સ્વચ્છ અને સલામત રાખવાનો નિર્દેશ આપ્યો હતો. આ આદેશને પગલે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને પરિસરની સ્વચ્છતા અને સુરક્ષા માટે અલગ નોડલ અધિકારીઓની નિમણૂક કરવા માટે પરિપત્ર જારી કર્યો હતો.

શાળા શિક્ષણ વિભાગે હવે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ માટે એક નવો પરિપત્ર બહાર પાડ્યો છે. આ પરિપત્ર અનુસાર દરેક શાળામાં એક શિક્ષકને નોડલ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવશે. શાળાના પ્રવેશદ્વાર પર આ શિક્ષકનું નામ, સંપર્ક નંબર અને જવાબદારીની માહિતી ધ્યાન ખેંચાય એવા અક્ષરોમાં દર્શાવવી ફરજિયાત બનાવવામાં આવી છે. આદેશમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે આ માહિતી સ્થાનિક પાલિકા, મ્યુનિસિપલ કાઉન્સિલ અથવા સંબંધિત સંસ્થાને પણ આપવી પડશે.

રખડતા શ્વાન શાળાના પરિસરમાં પ્રવેશ ન કરે અને ત્યાં તેમને આશ્રય ન મળે તેની જવાબદારી સંબંધિત નોડલ શિક્ષકની રહેશે. જોકે શિક્ષક સંગઠનોનું કહેવું છે કે વસ્તી ગણતરી, ચૂંટણી કાર્ય, સર્વેક્ષણ, વહીવટી અહેવાલો જેવા કામના બોજ હેઠળ દબાયેલા શિક્ષકો પર આવી જવાબદારી નાખવી અન્યાયી છે.

શિક્ષક સંગઠનો માગ કરી રહ્યા છે કે વિદ્યાર્થીઓની સલામતી માટે જરૂરી પગલાં લેવામાં આવે, પરંતુ આ માટે એક અલગ પદ્ધતિ નિયુક્ત કરવામાં આવે.

# ઉમેદવારી માટે પૈસા લીધાઃ અશોક ચવ્હાણ પર આરોપ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ૧૫ જાન્યુઆરીએ યોજાનારી પાલિકા ચૂંટણી માટે ઉમેદવારોની પસંદગી અંગે વિવિધ પક્ષોમાં વ્યાપક અસંતોષ જોવા મળી રહ્યો છે એ પરિસ્થિતિ આ એક ભૂતપૂર્વ નગરસેવકે રાજ્યના માજી મુખ્ય પ્રધાન અને ભાજપના નેતા અશોક ચવ્હાણ પર પૈસાના બદલામાં ઉમેદવારી આપવાનો આરોપ મૂક્યો છે. મરાઠવાડા ક્ષેત્રના નાંદેડ શહેરમાં ચવ્હાણના લાંબા સમયના સહયોગી ગણાતા ભાનુ સિંહ રાવતે આરોપ કર્યો હતો કે માજી મુખ્ય પ્રધાને ધનવાન ઉમેદવારોને ટિકિટ આપવા માટે ૫૦ લાખ રૂપિયા સ્વીકાર્યા હતા.

રાવતે આરોપ મૂક્યો હતો કે પૈસાના બદલામાં ટિકિટ આપીને પક્ષએ વફાદાર કાર્યકરોનું બલિદાન આપ્યું છે.' આ આરોપને ફગાવતા ચવ્હાણે ગુરુવારે પત્રકારોને જણાવ્યું હતું કે મેં કોઈની પાસેથી પૈસા માંગ્યા નથી. ૫૦ વર્ષના સામાજિક જીવનમાં મેં આવું ક્યારેય કર્યું નથી.

રાવત ૧૯૮૦થી ચવ્હાણ સાથે રાજકીય રીતે સક્રિય છે અને તેમના કટ્ટર સમર્થક તરીકે જાણીતા છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તેમણે વોર્ડ નંબર ૧૬ માંથી તેમના પુત્ર માટે ભાજપની ઉમેદવારી માંગી હતી, પરંતુ પક્ષએ છેલ્લી ઘડીએ ઉમેદવારી નકારી કાઢી હતી. (પીટીઆઈ)

તેરમાં પાનાનું ચાલુ

## રખડતા શ્વાનની

ધ્યાનમાં રાખી સુપ્રીમ કોર્ટે શૈક્ષણિક સંસ્થાઓના પરિસરને સ્વચ્છ અને સલામત રાખવાનો નિર્દેશ આપ્યો હતો. આ આદેશને પગલે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશને તમામ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓને પરિસરની સ્વચ્છતા અને સુરક્ષા માટે અલગ નોડલ અધિકારીઓની નિમણૂક કરવા માટે પરિપત્ર જારી કર્યો હતો.

શાળા શિક્ષણ વિભાગે હવે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ માટે એક નવો પરિપત્ર બહાર પાડ્યો છે. આ પરિપત્ર અનુસાર દરેક શાળામાં એક શિક્ષકને નોડલ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવશે. શાળાના પ્રવેશદ્વાર પર આ શિક્ષકનું નામ, સંપર્ક નંબર અને જવાબદારીની માહિતી ધ્યાન ખેંચાય એવા અક્ષરોમાં દર્શાવવી ફરજિયાત બનાવવામાં આવી છે. આદેશમાં એવો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે આ માહિતી સ્થાનિક પાલિકા, મ્યુનિસિપલ કાઉન્સિલ અથવા સંબંધિત સંસ્થાને પણ આપવી પડશે. રખડતા શ્વાન શાળાના પરિસરમાં પ્રવેશ ન કરે અને ત્યાં તેમને આશ્રય ન મળે તેની જવાબદારી સંબંધિત નોડલ શિક્ષકની રહેશે. જોકે શિક્ષક સંગઠનોનું કહેવું છે કે વસ્તી ગણતરી, ચૂંટણી કાર્ય, સર્વેક્ષણ, વહીવટી અહેવાલો જેવા કામના બોજ હેઠળ દબાયેલા શિક્ષકો પર આવી જવાબદારી નાખવી અન્યાયી છે. શિક્ષક સંગઠનો માગ કરી રહ્યા છે કે વિદ્યાર્થીઓની સલામતી માટે જરૂરી પગલાં લેવામાં આવે, પરંતુ આ માટે એક અલગ પદ્ધતિ નિયુક્ત કરવામાં આવે.

## રાજ્યનાં પ્રથમ મહિલા ડીજીપી

દાતેએ શનિવારે રાજ્ય પોલીસ મુખ્યાલય ખાતે રશ્મી શુકલા પાસેથી ચાર્જ સ્વીકાર્યો હતો.ભોઇવાડા ખાતે નાયગાંવ પોલીસ ગ્રાઉન્ડમાં આયોજિત વિદાય સમારંભમાં વરિષ્ઠ અધિકારીઓની હાજરીમાં રશ્મી શુકલાને ગાર્ડ ઓફ ઑનર આપવામાં આવ્યું હતું. વિદાય સમારંભ બાદ રશ્મી શુકલાએ જણાવ્યું હતું કે ૩૭ વર્ષથી વધુ સમય પોલીસ દળમાં સેવા આપ્યા બાદ હું ઇન્ડિયન પોલીસ સર્વિસમાંથી નિવૃત્ત થઇ રહી છું તેથી દેખીતી રીતે જ ભાવનાત્મક બની ગઇ છું. મહારાષ્ટ્ર પોલીસે મને ઘણું બધું આપ્યું છે અને મેં ઘણું બધું શીખ્યું છે. મહારાષ્ટ્ર પોલીસને નવી ઊંચાઇએ લઇ જવા માટે ટીમના બધાએ સખત મહેનત કરી છે.

મને બહું જ સંતોષ છે અને હું મહારાષ્ટ્ર પોલીસના તમામ અધિકારીઓ તથા કર્મચારીઓ માટે ઉત્તમ જીવન અને આરોગ્યની પ્રાર્થના કરું છું, એમ ૧૯૮૮ બેચના આઇપીએસ અધિકારી શુકલાએ કહ્યું હતું. (પીટીઆઇ)

## અંધેરીની હાઈરાઈઝ બિલ્ડિંગમાં આગઃ

આવી ગયું હતું. આગ પહેલાથી ચોથા માળ સુધીના ઈલેક્ટ્રિક વાયરિંગસ ઈલેક્ટ્રિક ઈન્સ્ટોલેશન, ફોલ્સ સિલિંગમાં ફેલાઈ ગઈ હતી. આગને કારણે મોટા પ્રમાણમાં ધુમાડો નીકળતા બિલ્ડિંગના ઉપરના માળા પર અનેક લોકો ફસાઈ ગયા હતા. ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ કુલ ૨૭ લોકોને આબાદ રીતે બચાવી લેવામાં આવ્યા હતા, જેમાં ત્રીજા અને ચોથા માળા પરથી કુલ પાંચ પુરુષ અને ચાર મહિલા સહિત કુલ નવ લોકોને બચાવ્યા હતા. તો બાકીના ૧૮ લોકોને બિલ્ડિંગના દાદરા પરથી બચાવી લેવામાં આવ્યા હતા. બચાવ કામગીરી દરમ્યાન ફાયરબ્રિગેડના ત્રણ જવાનો જખમી થયા હતા, જેમાં ૪૫ વર્ષના ઉદય ગિઝે, ૩૧ વર્ષના આકાશ કસાલે, ૪૧ વર્ષના અમોલા કાનોલકરનો સમાવેશ થાય છે. તો બિલ્ડિંગમાં ઉપરના માળા પર રહેતી ૨૭ વર્ષની સિમરન શેખ આગને કારણે નીકળેલા ધુમાડાને કારણે ગૂંગળામણની તકલીફ થઈ હતી. હાલ ચારેય પર સારવાર માટે કૂપર હૉસ્પિટલમાં સારવાર ચાલી રહી છે. ફાયરબ્રિગેડના અધિકારીના જણાવ્યા મુજબ બિલ્ડિંગમાં ફાયર સેફ્ટી સિસ્ટમ કરતી હોવાથી રેસ્ક્યુ ઓપરેશનમાં મદદ મળી રહી હતી. લગભગ અઢીથી ત્રણ કલાકની ભારે જહેમત બાદ આગ પર નિયંત્રણ મેળવવામાં સાંજે સફળતા મળી હતી પણ કુલિંગ ઓપરેશન મોડે સુધી ચાલ્યું હતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. જોકે પ્રાથમિક તપાસ મુજબ શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે.

## કલ્યાણ-ડોંબિવલી પાલિકા ચૂંટણી

પોલીસે ગુનો નોંધ્યો હતો, જે કર્મચારીઓ પર ગુનો દાખલ કરવામાં આવ્યો છે, તે સ્થિર સર્વેક્ષણ ટીમ, ફરતી સર્વેક્ષણ ટીમ, વિડિયો સર્વેક્ષણ ટીમ સહિત અન્ય ચૂંટણીને લગતા કામ માટે નીમવામાં આવ્યા હતા. આ કર્મચારીઓને પાલિકાએ અનેક વખત સંપર્ક કર્યો હતો, છતાં કર્મચારીઓ ચૂંટણીના કામ માટે હાજર થયા નહોતા.

તેથી પાલિકાએ આ ૨૭ કર્મચારીઓ સામે ગુનો નોંધ્યો હતો. રાજ્યના ચૂંટણી પંચના આદેશ મુજબ જાહેર થયેલી પાલિકાઓની ચૂંટણીઓ માટે કલ્યાણ-ડોંબિવલી શહેર વિભાગના કર્મચારી, અધિકારીઓની નિમણૂક કરવામાં આવી છે. ગુનો દાખલ કરવામાં આવેલા કર્મચારીઓને વારંવાર સંપર્ક કરીને પણ તેઓ કલ્યાણ-ડોંબિવલી પાલિકા કમિશનરના આદેશને ગણકારતા નહોતા.

## ધનવર્ષાથી ઉમેદવારોને

આવ્યો. ઉમેદવારી પાછી ખેંચવા પાંચ કરોડ, ૧૦ કરોડ રકમ આપવામાં આવી. મનસેના મનોજ ઘરાતને આપવામાં આવેલો આંકડો આંખ ફાડી નાખે એવો છે. જળગાંવમાં ઉમેદવારોને પાંચ કરોડ બેગમાં ભરી આપવામાં આવ્યા હતા. ચૂંટણી પંચ પાસે સ્પષ્ટ સૂચનાઓ હતી. ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની અંતિમ સમય ત્રણ વાગ્યાનો હતો, પરંતુ જો કોઈ ત્રણ વાગ્યા પછી આવે તો અરજી પાછી ખેંચી ત્રણ વાગ્યાના સમયની નોંધ કરો એવી સ્પષ્ટ સૂચના મુખ્ય પ્રધાન અને નાયબ મુખ્ય પ્રધાન કાર્યાલય તરફથી ચૂંટણી પંચને આપવામાં આવી હતી એવો આરોપ સંજય રાઉતે કર્યો છે. સંજય રાઉતે વધુમાં જણાવ્યું હતું કે રિટર્નિંગ ઓફિસર એટલે કે ચૂંટણી અધિકારીઓના ફોન કોલ્સ ચેક કરો. કોના ફોન આવ્યા. ૨૪ કલાકમાં તપાસ કરો કે કયા વાલી પ્રધાનના ફોન આવ્યા. પછી બિનહરીફ વિજયનું રહસ્ય ઉઘાડું થશે. જો કોઈ વેચાઈ ગયું હોય અથવા દબાણને કારણે પાછું ખેંચી લીધું હોય, તો તે વિસ્તારના મતદારોએ શું કરવું જોઈએ? શું ચૂંટણી પંચે ક્યારેય આ વિશે વિચાર્યું છે? ચૂંટણી પંચ આ ભ્રષ્ટ લોકોની પાળેલી બિલાડી બની ગયું છે. રાજ્યના બંને ચૂંટણી પંચ સરકારની હા જી હા કરે છે.

## મહારાષ્ટ્રની ૨૯

ચૂંટણી લડવા માટે પાત્ર ઠર્યા હતા. શુક્રવાર, બે ડિસેમ્બરના ઉમેદવારી પાછા ખેંચવાના દિવસે બપોરના ત્રણ વાગ્યા સુધીમાં ૪૫૩ ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રક પાછા ખેંચ્યા હતા. તેથી હવે ૧૫ જાન્યુઆરીના ૧,૭૦૦ ઉમેદવારો વચ્ચે ચૂંટણી લડાશે. ચૂંટણી પંચે આપેલી માહિતી મુજબ રાજ્યની ૨૯ મહાનગરપાલિકામાં સૌથી વધુ ઉમેદવારી પાછી ખેંચવાનું પ્રમાણ પુણે મહાગરપાલિકામાં જોવા મળ્યું હતું. અહીં કુલ ૩,૦૬૧ ઉમેદવારી પત્રક દાખલ થયા હતા, તેમાંથી સ્ક્રુટીની બાદ ૨,૧૩૪ ઉમેદવારો ચૂંટણી માટે પાત્ર ઠર્યા હતા. શુક્રવારે ઉમેદવારી પાછી ખેંચવાના દિવસે ૯૬૮ ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પાછી ખેંચી હતી. તેથી હવે ૪૧ વોર્ડમાં ૧૬૫ બેઠક માટે ૧,૧૬૬ ઉમેદવારો વચ્ચે ચૂંટણી લડાશે. વિદર્ભની સૌથી મોટી મહાનગરપાલિકા ગણાતી નાગપુર મહાનગરપાલિકામાં ૩૮ વોર્ડમાં ૧૫૧ સીટ માટે ૧,૪૪૨ નોમિનેશન ફોર્મ આવ્યા હતા, જેમાં ૧,૨૯૩ ચૂંટણી લડવા પાત્ર ઠર્યા હતા. તો ૩૦૦ ઉમેદવારોએ પોતાના ફોર્મ પાછા ખેંચી લીધા હતા. તેથી મેદાનમાં હવે ૯૯૩ ઉમેદવારો ચૂંટણી લડવા બાકી રહ્યા છે. નાશિકમાં ૬૬૧, સોલાપુરમાં ૫૩૨, છત્રપતિ સંભાજી નગરમાં ૫૫૨ અને પિંપરી-ચિંચવડમાં ૪૪૩ ઉમેદવારોએ પોતાના ફોર્મ પાછા ખેંચી લીધા હતા. થાણેમાં ૨૬૩ ઉમેદવારોએ ફોર્મ પાછા ખેંચી લેતા મેદાનમાં હવે ૬૫૬ ઉમેદવાર બાકી રહ્યા છે. તો નવી મુંબઈમાં ૨૬૨ ઉમેદવારોએ પોતાના ફોર્મ પાછા ખેંચી લેતા ચૂંટણી હવે ૪૯૯ ઉનમેદવારો વચ્ચે થવાની છે. વસઈ-વિરારમાં ૨૮૬ ઉમેદવારોએ ફોર્મ પાછા ખેંચી લેતા મેદાનમાં હવે ૫૪૭ ઉમેદવાર બાકી રહ્યા છે.

## ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ સાથે

ગયા હતા અને તેમણે બાદમાં ફ્લેટ ખરીદવાનું નક્કી કર્યું હતું. આદિત્યએ હિતેશની ઓળખાણ દીપક કિરિય શાહ તથા રાજેશ જૈન સાથે કરાવી હતી અને દાવો કર્યો હતો કે રાજેશ જૈન ફ્લેટનો માલિક છે અને દીપક શાહ વ્યવહારો સંભાળતો બ્રોકર છે. દરમિયાન હિતેશે ૨૯.૫૫ લાખ રૂપિયા ચૂકવ્યા હતા અને વેચાણ કરારની નોંધણી બાદ બાકીની રકમ તેણે બેંક લોન લઇને ચૂકવવાનું નક્કી કર્યું હતું. જોકે આરોપીઓએ વિવિધ બહાના બતાવીને નોંધણી મુલતવી રાખી હતી અને બાદમાં હિતેશને તેઓ ટાળવા લાગ્યા હતા. જ્યારે હિતેશે તહેસીલદાર ઓફિસમાં ફ્લેટની માલિકીની વિગતો તપાસી ત્યારે તે અન્ય વ્યક્તિનો હોવાનું જાણવા મળ્યું હતું. આરોપીઓએ મૂળ માલિકના ફોટાની જગ્યાએ જૈનનો ફોટો લગાવ્યો હતો અને બોગસ દસ્તાવેજો હિતેશને આપ્યા હતા. (પીટીઆઇ)

## અજિત પવારે ભાજપ સામે

મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. પિંપરી ચિંચવડ મહાનગરપાલિકાના મુદ્દે અજીત પવારની ટીકા પછી ભાજપના પ્રદેશ પ્રમુખ રવિન્દ્ર ચવ્હાણે વળતો પ્રહાર કર્યો છે. અજિત પવારે આત્મનિરીક્ષણ કરવું જોઈએ એમ જણાવી જો અમે પણ આરોપો મૂકવાનું શરૂ કરીશું તો અજિત પવાર મુસીબતમાં મુકાઈ જશે એવી ચેતવણી પણ તેમણે આપી છે. આક્રમક વલણ અપનાવી પવારે જણાવ્યું હતું કે પિંપરી ચિંચવડ પાલિકાના વહીવટમાં પારદર્શિતાનો સંપૂર્ણ અભાવ છે. રાજ્યમાં કોઈનું નિયંત્રણ ન હોવાથી શહેરમાં એક લૂંટારુ ગેંગ બની ગઈ છે. અમે આ ભ્રષ્ટ રાક્ષસને બાળી નાખવા માટે ચૂંટણી મેદાનમાં ઉતર્યા છીએ. અજિત પવારના આ નિવેદન પછી બંને પક્ષો વચ્ચે વિવાદ ઉભો થયો છે. અજિત પવારે આવું કેમ કહ્યું તે હું નથી જાણતો પણ તેમણે આવું નહોતું કહેવું જોઈતું હતું, એવી પ્રતિક્રિયા ભાજપ નેતા ચંદ્રશેખર બાવનકુળેએ આપી હતી.

## રાજ્યમાં ૬૭ નગરસેવકો

વ્યક્ત કર્યો હતો. મનસેના નેતા અવિનાશ જાધવે તેમની પાસે તમામ પુરાવા હોઈ તેઓએ રાજ ઠાકરેને સોંપ્યા છે અને તેઓ કોર્ટમાં જશે એનું શનિવારે કહ્યું હતું.

આ દરમ્યાન રાજ્યમાં આટલી મોટી સંખ્યામાં નગરસેવકો બિનહરીફ ચૂંટાવા સામે શંકા વ્યક્ત થઈ રહી છે ત્યારે રાજ્યના ચૂંટણી પંચે જિલ્લા અધિકારીઓ પાસેથી અહેવાલ મગાવ્યો છે આ જગ્યા બિનહરીફ કઈ રીતે થઈ ગઈ? એ સાથે જ જોકે રાજ્યના ચૂંટણી પંચના વરિષ્ઠ અધિકારીએ એવું પણ જણાવ્યું હતું કે નિયમ મુજબ બિનહરીફ ચૂંટાવાના કિસ્સામાં અમે રિટર્નિંગ ઓફિસર અથવા જિલ્લા કલેકટર પાસેથી રિપોર્ટ માંગીએ છીએ, જેથી ખાતરી કરી શકાય કે અન્ય ઉમેદવારોને ચૂંટણી લડતા અટકાવવા માટે કોઈ બળ અથવા અન્ય કોઈ માધ્યમનો ઉપયોગ કરવાં આવ્યો નથી.

રાજ્યમાં ભાજપના ૪૫, શિવસેના (શિંદે)ના ૧૯, રાષ્ટ્રવાદી કોંગ્રેસ (અજિત પવાર)ના બે અને અન્ય એક એમ કુલ ૬૭ નગરસેવક બિનહરીફ ચૂંટાયા છે, જેમાં કલ્યાણ-ડોંબિવલીમાં સૌથી વધુ ત્યારબાદ છત્રપતિ સંભાજી નગર, પુણે-પિંપરી ચિંચવડ અને જળગાંવ પાલિકાનો સમાવેશ થાય છે.

કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોને ધમકાવવું, પૈસાની લાલચ આપવી જેવા આક્ષેપ કરવામાં આવ્યા છે અને એ ફરિયાદ સાથે તેઓએ ચૂંટણી પંચને દખલ લઈને તેની તપાસ કરવાની વિનંતી પણ કરી હતી.

મનસે દ્વારા શનિવારે એવા આક્ષેપ થયા હતા કે શુક્રવારે જે લોકોએ અરજી પાછી ખેંચી છે તેઓ વેચાઈ ગયા છે, તેમના મોબાઈલના ડેટા ચેક થવા જોઈએ. તેમને કોણે ફોન કર્યા હતા? કેટલી વખત ફોન કરવામાં આયા હતા. મતદાન કેન્દ્રના સીસીટીવી ફુટેજ પણ ચેક થવા જોઈએ. તેમને મતદાન તકેન્દ્ર પર કોણ લઈને ગયું હતું. બધી ચૂંટણી પૈસાથી ખરીદી કરી લેવામાં આવી છે. પેસાનો મોટો વ્યવહાર થયો છે. સોમવારે તેના વિરુદ્ધમાં કોર્ટમાં જવાની તૈયારી પણ કરી હોવાનો દાવો મનસેના નેતાએ કર્યો હતો.

## પાલિકાની ચૂંટણીઃ થાણેમાં

હતું. તેમણે જણાવ્યું હતું કે અત્યાર સુધીમાં ૯.૫૪ કરોડની બેહિસાબી રોકડ સહિત ૨.૭૫ કરોડ રૂપિયાથી વધુની મતા જપ્ત કરવામાં આવી છે.

નાર્કોટિક્સ વિંગે ૨.૨૮ કરોડ રૂપિયાનું ડ્રગ્સ પકડી પાડ્યું છે, જ્યારે સુરક્ષા દળોએ ૫૯ ગેરકાયદે શસ્ત્રો જપ્ત કર્યાં છે અને કાયદો-વ્યવસ્થા જળવાઇ રહે એ માટે ૬૧૯ પ્રતિબંધાત્મક કાર્યવાહી કરી છે, એમ યાદીમાં જણાવાયું હતું.

સ્ટેટ એક્સાઇઝ વિભાગે ૧૭ દિવસ દરમિયાન ૨૬.૮ લાખ રૂપિયાનો દારૂ જપ્ત કર્યો છે અને સંબંધિત કેસમાં ૫૩ લોકોની ધરપકડ કરી છે. (પીટીઆઇ)

## હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ ખરસાડના હાલ વાપી રાજેશભાઇ (કનૈયા) તે મોહનભાઇ અને ચંપાબહેનના પુત્ર. પૂનમબહેનના પતિ. કોમલ, ઓમના પિતા. ભૂપેન્દ્રભાઇ, પ્રિયાબહેનના નાના ભાઇ. તા. ૧-૧-૨૬ ગુરુવારના દેવલોક પામ્યા છે. બેસણું-સૂતક તા. ૭-૧-૨૬ બુધવારના અને બારમું-તેરમું તા. ૧૨-૧-૨૬ સોમવારના બપોરે ૧૨ વાગે બધી ક્રિયા વાપી રાખેલ છે. ઠે. સોમનાથ રોડ, દિવ્ય જયોતિ સ્કૂલની બાજુમાં, દાભેલ, વાપી.

**માંગરોળ દશા શ્રીમાળી વણિક**

ગં.સ્વ. અનસૂયાબેન (ઉં.વ.૮૯) તે સ્વ. કાંતિલાલ ચુનીલાલ શાહના ધર્મપત્ની. દામોદર હરિદાસ ભગતના દીકરી. સુનિલ, અંજના, જસ્મીના, બીના તથા વીણા, સ્વ. મંજરીના માતુશ્રી. ઈલા બિપીનભાઈ જુઠાણી, અતુલભાઈ દાણી તથા કમલેશભાઈ દોશીના સાસુ તા. ૨/૧/૨૬ના બેંગ્લોર શ્રીજીશરણ પામેલ છે.

**ઝાલાવાડી સત્તર તાલુકા બ્રાહ્મણ**

હાલ બોરીવલી, ભવાનીશંકર મહેતા (બાબુભાઈ- બી. એન. મહેતા) (ઉં.વ.૮૯) સ્વ. નાગજીભાઈ ગૌરીશંકર મહેતા અને સ્વ. સરસ્વતીબેનના પુત્ર. કિરણ, રાજુ અને પ્રશાંતના પિતાશ્રી. બિના, ચંદ્રિકા અને મમતાના સસરા. અરુણભાઈ, સુરેશભાઈ અને ગિરીશભાઈના ભાઈ. સિદ્ધાર્થ, આદિત્ય, મહર્ષી, મૃગીષા અને મૃદવના દાદા તા. ૦૧.૦૧.૨૬ના કૈલાસવાસી. થયેલ છે. લૌકીક વ્યવહાર બંધ છે.

**હાલાઇ ભાટિયા**

મુંબઇ નિવાસી હાલ ઘાટકોપર. સ્વ. ઇન્દુબેન વિઠ્ઠલદાસ ઠક્કરના સુપુત્ર જયરાજ વિઠ્ઠલદાસ (ઉં.વ.૮૧) તા. ૨/૧/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. ગીતાબેનના પતિ, નમિત ઠક્કર, જાગૃતિ રાકેશ ગોકલગાંધી, આરતી મયુર સંપતના પિતાશ્રી. અ.સૌ. ચાંદની નમિત ઠક્કરના સસરા. મણીબેન દેવજી જયરામ સંપતના જમાઈ. ચી. વરુણ અને જિલના નાના, દિવ્યા, ધ્યાંશના દાદા. પ્રાર્થનાસભા ૦૪/૦૧/૨૬ રવિવારના ૫ થી ૭. લાયન્સ કમ્યુનિટી હોલ, ગારોડીયા નગર ઘાટકોપર ઈસ્ટ. પ્રાર્થનાસભા પછી લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

અમરેલીવાળા, હાલ વિલે પાર્લા સ્વ. શાંતાબેન શાંતિલાલ કેશવજી ચિતલિયાના સુપુત્ર સ્વ. ભુપતરાય શાંતિલાલ ચિતલીયાના ધર્મપત્ની ભાનુમતી (ઉં.વ.૮૧) ૨-૧-૨૬ના શુક્રવાર શ્રીજીચરણ પામ્યા છે. તે રાજેશ (મેહુલ), આશિષ, દીપ્તી ચેતનાના માતુશ્રી. ભાવના, ઉષા, હિતેષ સંઘવી, ધવલ વોરાના સાસુ. મહુવાવાળા સ્વ. દેવકુરબેન કરશનદાસ ત્રીભોવનદાસ ગાંધીના દીકરી. સ્વ. હસમુખભાઈ, સ્વ. પ્રવીણભાઈ, સ્વ. ભરતભાઈ, નરેશભાઈ, ચંદ્રકાંતભાઈ, અનુબેન વિનોદરાય શેઠના ભાભી. પ્રાર્થનાસભા ૪-૦૧-૨૬ને રવિવાર ૫ થી ૭. અમૃતબાગ, વિલેપાર્લા વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**હલાઈ લોહાણા**

મુંબઈ નિવાસી, પ્રવીણચંદ્ર ભગદે (ઉં.વ.૯૫) તે સ્વ.રમણબેન અમૃતલાલ ભગદેના દીકરા. સ્વ. હીરાલક્ષ્મીબેનના પતિ. સ્વ. રેખાબેન પ્રવીણકુમાર ઉનડકટ, જસ્મિતાબેન ભાવનાબેન તથા બકુલેશભાઈના પિતાશ્રી. સંધ્યાના સસરા. સ્વ. અમૃતબેન સુંદરજી સાતાના જમાઈ. સ્વ. નરોત્તમભાઈ, સ્વ. ભુપતભાઈ, સ્વ.અજીતભાઈ, સ્વ. કિશોરભાઈ, સુભાષભાઈ, રાજુભાઈ, ગં.સ્વ. મંજુબેન તથા અ.સૌ. નૈનાબેન નિખિલભાઈના મોટાભાઈ તા.૩૦/૧૨/૨૫ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી રાજગોર**

મૂળ કોટડા (રોહા) હાલે ભુજ, સ્વ. ગૌરીશંકર લક્ષ્મીદાસ નાકરના ધર્મપત્ની શાંતાબેન નાકર (ઉં.વ.૯૬) તા. ૩૧.૧૨.૨૫ના સ્વર્ગવાસ પામેલ છે. તે સ્વ. પોપટભાઈ તથા સ્વ. લીલાવંતીબેન મુળશંકર રાજગોર (મુલુંડ)ના ભાભી. વિનોદભાઈ, પ્રવીણાબેન, અનિલાબેન, પ્રકાશભાઈ, ભાવનાબેનના માતા. ઉર્મિલાબેન, જયશ્રીબેન, નવીનભાઇ, કિશોરભાઇના સાસુ. શીતલબેન, સેજલબેન, સાગર મહારાજ (શાસ્ત્રી), પૂજા, મેઘાના દાદી. સ્વ. મીઠાબાઈ દયારામ કારા માકાણી (મોથાળા)ના પુત્રી. તેમની પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઘોઘારી લોહાણા**

ગામ દેવળા નિવાસી હાલ બોરીવલી, અ.સૌ. રસીલાબેન (ઉં.વ.૭૪) તે સ્વ. લક્ષ્મીદાસ નારાયણદાસ રૂપારેલીયાના પુત્રવધુ. ચીમનલાલના ધર્મપત્ની, અમીષ, શિલ્પા આશિષ કુમાર વણઝારાના માતુશ્રી. અનિલાબેન (અમી)ના સાસુ. મીતના દાદી. સ્વ. પુષ્પાબેન તથા સ્વ. બાલુભાઇ રાયચાના દિકરી શનિવાર તા. ૩/૧/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર ૫/૧/૨૬ના ૪ થી ૬. સ્થળઃ શ્રી હાલાઈ લોહાણા મહાજન વાડી, એસ.વી.રોડ, બીજે માળે, કાંદિવલી પશ્ચિમ.

**કચ્છી લોહાણા**

ગં.સ્વ. મંજુલાબેન વાલજી જયરામ ઠક્કર (સેજપાલ) (ઉં.વ.૭૭) ગામ ભુજ, હાલે ભાયંદર, મમીબેન જયરામ ઠક્કરના પુત્રવધૂ. લક્ષ્મીબેન હંસરાજ કતીરાના દીકરી. રાજેશના માતુશ્રી. નિશાના સાસુ. શ્લોકના દાદીમા. સ્વ. દયારામ, સ્વ. હીરાલાલ અને છગનલાલના ભાભી. તા.૨/૧/૨૬ના અવસાન પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**બીરપુર દશાનિમા વણિક**

વીરપુર નિવાસી હાલ મુંબઇ સ્વ. દલાલ બચુભાઇ સાંકળચંદના ધર્મપત્ની ગં. સ્વ. કોકીલાબેન (ઉં. વ. ૯૨) તા. ૨-૧-૨૬ના શુક્રવારના મુંબઇ ખાતે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. શૈલેષ, નીતીના, રીટાના માતુશ્રી. ગં. સ્વ. કલ્પનાબેન, મુકેશકુમાર, પરેશકુમારના સાસુ. નિખીલ, વીક્કી, ફાલ્ગુનીના દાદી. ધીયાન, જીઆન, હીર, રોનીલના પરદાદી. પ્રાર્થનાસભા તા. ૪-૧-૨૬ રવિવારના ૫થી ૭, ક્રિયા પાણી મુંબઇ તેમના નિવાસ સ્થાને રાખેલ છે. ઠે. હાલાઇ લોહાણા મહાજન વાડી, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**કચ્છી લોહાણા**

સ્વ. શાંતાબેન મીઠુભાઇ આડઠક્કર મુળગામ મસ્કા હાલ મુલુંડના સુપુત્રી ભારતી મીઠુભાઇ આડઠક્કર (ઉં. વ. ૬૩) તે સ્વ. મંગળા કાંતિલાલ રાયમંગ્યા, ઉમિયા ચંદ્રકાંત પોપટ, સ્વ. વિમળા વિનોદ ચંદે, કુસુમ ભરત મહિધર, સ્વ. ભૂપેન્દ્ર મીઠુભાઇ આડઠક્કર, સ્વ. મમતાના બહેન. સ્વ. અરજણ ઓધવજી ગણાત્રાના દોહિત્રી. સમીર, સચિન, તપેશ અને કોમલના માસી. તા. ૧-૧-૨૬ ગુરુવારના શ્રીરામ શરણ થયેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. રૂમ. નં. ૩, શિવઆશિષ એપાર્ટમેન્ટ, એમ. જી. રોડ, પાંચ રસ્તા, મુલુંડ (વેસ્ટ).

**લુહાર સુથાર**

ગુંજાર નિવાસી હાલ ભાયંદર સ્વ. મધુસુદનભાઇ છોટાલાલભાઇ મકવાણા (ઉં. વ. ૮૪) તા. ૩-૧-૨૬ શનિવારના અક્ષર નિવાસી થયા છે. તે રમિલાબેનના પતિ. વિજયભાઇના પિતા. તે છાયાબેનના સસરા. તે સ્વ. પ્રવીણભાઇ, સ્વ. ભરતભાઇ, સ્વ. લીલાબેનના ભાઇ. સ્વ. નટવરલાલ રણછોડભાઇ ખરાદી (અમદાવાદ)ના જમાઇ. તે આયુષી, વૈષ્ણવી, નિશિતકુમારના દાદા. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૫-૧-૨૬ સાંજે ૪થી ૬. ઠે. બીએપીએસ સ્વામિનારાયણ સંસ્કાર કેન્દ્ર, બી. પી. રોડ, સાઇબાબા હોસ્પિટલની પાછળ, ભાયંદર (પૂર્વ).

## પારસી મરણ

ઝરીન હોશેદર બસલા તે મરહુમ હોશેદારના ધનીયાની. તે મરહુમો ફેની કેકી આરસીવાલાના દીકરી. તે ખુશનમ ને બીનાઇફરના માતાજી. તે પરસીના સાસુજી. તે દીનશાના સાસુજી. તે યોહાન, આના, પ્રીયાનના મમઇજી. (ઉં. વ. ૭૯) રે. ઠે. ૨૧૨, બી. જે. રોડ, બાંદ્રા (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૦. બેન્ડ સ્ટેન્ડ એપાર્ટમેન્ટ, ફ્લેટ નં.૩, ઉઠમણાંની ક્રિયા : તા.૪-૧-૨૬ના દિને બપોરે ૩.૪૦ વાગે બાંદ્રા તાતા અગિયારીમાં છેજી.

પરવીન પરવેઝ લીમજરવાલા તે મરહુમ પરવેઝના ધનિયાની. તે મરહુમો દીનામાય નરીમાન ચોકસીના દીકરી. તે હોસીના માતાજી. તે અસપી ને જાલના બહેન. તે લીલીના નરણ. તે ફરોખ, વીલું અને મરહુમો બોમી ને ફેનીના ભાભી. (ઉં. વ. ૮૪) રે. ઠે. સી/૨/૨૩ શાંતિ નિકેતન, એલ. બી. શાસ્ત્રી માર્ગ, ઘાટકોપર (વે), મુંબઇ-૪૦૦૦૮૬. ઉઠમણાંની ક્રિયા : તા. ૫-૧-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે વાડીયાજી આતશબેહરામમાં છે.

## જૈન મરણ

બગસરા નિવાસી હાલ નાશિક ગં. સ્વ. ધનલતાબેન પ્રભુદાસભાઇ ઘેલાણી (શાહ) (ઉં. વ. ૯૭) તા. ૨-૧-૨૬નાં અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. દિનેશભાઇ, જગદીશભાઇ, જયશ્રીબેન કિશોરભાઇ સંઘવી, દક્ષાબેન જીતેન્દ્રકુમાર સંઘરાજકા, હીનાબેન લલિતકુમાર વોરાનાં માતુશ્રી. ભાવનાબેન અને પ્રફુલાબેનના સાસુ. અમૃતલાલ ટોકરશી દોશીના દીકરી. ભૂપતલાલ તથા શશીકાંતભાઇના બેન. જીજ્ઞેશ, કલ્પેશ, સૌરભ અને ભૂમિકાનાં દાદી. જગત, હાર્દિક, ધવલ, દીપ, હેતલ, પૂજા અને ઝરણાનાં નાની. ધર્મસભા તા. ૪-૧-૨૬ રવિવારના સ. ૯.૩૦થી ૧૧.૩૦. ઠે. ધી વન હોટેલ, પ્લોટ નં.૧૮, આર.ડી.ની નજીક, નાશિક-૪૨૨૦૦૮. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

બિલખા નિવાસી હાલ કાંદિવલી, સોનલબેન (ઉં.વ.૫૬) ૨/૧/૨૬નાં અરિહંતશરણ પામેલા છે. તે ગં.સ્વ. કુમુદબેન પ્રભુદાસ નરભેરામભાઈ લાઠીયાના દિકરી. સંજય, જાગૃતિબેન, પ્રિતીબેન ચેતન મડિયા, મિલીબેન કેયૂરભાઇ પટેલનાં બહેન. સ્વ. કાંતિભાઇ, સ્વ. મધુભાઈ, સ્વ. રમેશભાઈ, સુરેશભાઈ, સ્વ. મુકુંદભાઈ સુતરીયાની ભાણેજ. પ્રિયાન્શી, મિશીતાના માસી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

શેરડીના વેલજી ખીંયશી હરીયા (બબાશેઠ) (ઉં.વ.૮૫) તા. ૨૭-૧૨-૨૫ના અવસાન પામેલ છે. દેવાબાઈ ખીંયશીના પુત્ર. વેલબાઈના પતિ. મહેશ, જેઠાલાલ, જયેશ, પુષ્પા, લક્ષ્મીના પિતા. વીરજી, ભચાબાઈના ભાઈ. ગઢશીશા ધનબાઈ નાનજી કરમશી દેઢિયાના જમાઈ. પ્રા.શ્રી માટુંગા ક.મૂ.શ્વે.જૈન સંઘની નારાણજી શામજી વાડી. ટા. ૪ થી ૫.૩૦.

ગુંદાલાના ભરત ગાંગજીભાઇ સતરા (ઉં.વ.૬૦) ૨-૧-૨૬ના અવસાન પામેલ છે. ભાણબાઇ ગાંગજીના પુત્ર. પ્રભાબેનના પતિ. ચાર્મી, જીલના પિતા. મધુ પ્રફુલના ભાઇ. નાના ભાડીયાના નાનબાઇ રતનશી વરજાંગના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પ્રભા સતરા, રૂમ નં. ૦૪, કેરોલીન હાઉસ, ડીસોઝાવાડી, મુલુંડ (ચેકનાકા), થાણા-૪૦૦૬૦૪.

મોટા આસંબીયાના રમેશ કાનજી ગાલા (ઉં.વ.૭૯) તા. ૧-૧-૨૬નાં અરિહંતશરણ પામેલ છે. મણીબેન કાનજી પાસુના પુત્ર. વિમળાબેનના પતિ. સંસાર પક્ષે પ.પૂ. લક્ષતાબાઇ મહાસતીજી, ડીમ્પલ, દિવ્યાના પિતા. ભુજપુર સાકરબેન કરમશી વીરજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. રમેશ ગાલા, ૪, નીતા એપાર્ટમેન્ટ, ડી. કોલોની રોડ, વિદ્યાવિહાર (ઇ).

તલવાણાના અરૂણા જયંતીલાલ પોલડીયા (ઉં.વ.૭૯) તા. ૧-૧-૨૬ના અવસાન પામેલ છે. મેઘબાઈ મેઘજી પોલડીયાના પુત્રવધુ. જયંતીલાલના પત્ની. યોગીની, પૂનમ, પ્રતિભાના માતુશ્રી. રૂક્ષ્મણી રામજી ખેતશીના પુત્રી. નરેન્દ્ર, પ્રકાશ, ભારતી, ગીતાના બેન. પ્રા : પાવનધામ, કાંદિવલી (વે) ટા. ૩ થી ૪.૩૦.

દેશલપુર કંઠીના હંસા રતીલાલ ભારાણી (ઉં.વ.૮૦)૧-૧-૨૬ના અવસાન પામેલ છે. સ્વ. રતીલાલના ધર્મપત્ની. મણીબાઈ જાદવજીના પુત્રવધુ. ભારતી, ભાવેશના માતુશ્રી. મો.ખાખરના રતનબાઈ નેણશી ગંગરના દીકરી. મૂલચંદ, સુશીલા, ચુનીલાલ, નવીનારના ઝવેર વસંત, વનિતા ગાંગજી, સરોજ અરવિંદ, નિતા વિજય, પુષ્પાબેન બાબુભાઈ સોપારીવાલાના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. ઠે. ભાવેશ રતીલાલ, ૬૦૧ વાસુદેવ, એ વિંગ, મામલતદાર વાડી નંબર-૨, મલાડ (વે).

**ઝાલાવાડી દશા શ્રીમાળી સ્થા. જૈન**

બરવાળા ઘેલાશાહ નિવાસી હાલ વસઈ, સ્વ. મણિલાલ ધનજીભાઈ શાહના પુત્ર કાંતિલાલ (ઉં.વ.૮૮) ૧/૧/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. મંગળાબેન, સ્વ. ચંદ્રકાન્તભાઈ, સ્વ. રમીલાબેન, ભારતીબેન અરવિંદભાઈ જોબાળીયા તથા મમતા શૈલેષભાઇ વોરાના ભાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠ વિશા શ્રીમાળી જૈન**

ધોરાજી નિવાસી હાલ મુલુંડ, સ્વ. હેમેન્દ્ર અમૃતલાલ ખાખરાના ધર્મપત્ની માલતીબેન (ઉં.વ.૯૦) તા. ૨.૧.૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ખુશ્બૂના માતા. પ્રવીણભાઈ ખાખરા, બિપિનભાઈ ખાખરા તથા સ્વ. નિર્મલાબેન ભગવાનજી દોશી અને સ્વ. ભારતીબેન મધુસુદનભાઇ વોરાના ભાભી. પિયરપક્ષ મોટા લીલીયાવાળા સ્વ. ગુણવંતીબેન ચંદુલાલ હરજીવનદાસ દોશીની દીકરી. રેખાબેન કીર્તિભાઈ શાહ અને નીતિનભાઈ, દીપકભાઈના બેન. લૌકિક વ્યવહાર રાખેલ નથી. એ-૭૦૪, ભારદ્વાજ સોસાયટી, સપ્તઋષિ પાર્ક, વીણાનગર પાછળ, મુલુંડ વેસ્ટ.

**પાટણ વિશા શ્રીમાળી જૈન**

ખજુરીનો પાડો તથા પોળની શેરી, હાલ મુંબઈ મરીનડ્રાઇવ, સ્વ. શાંતિલાલ કેસરીચંદ શાહના સુપુત્ર જીતેન્દ્રભાઈ (નાનુભાઈ) શનિવારના ૩/૧/૨૬ના અરિહંતશરણ પામેલ છે, તે અનિલાબેનના પતિ. ભાવિનભાઈ તુષારભાઈના પિતાશ્રી. અમીશા, બિનિતાના સસરા. કૃણાલ હિતાંશી તથા જિનયના દાદા. સ્વ. ચંદ્રકાંતભાઈના નાનાભાઈ, કમળાબેન ચીમનલાલ શાહના જમાઈ પોલીશેરી. પ્રાર્થનાસભા રવિવાર તા. ૪/૧/૨૬ના ૧૦-૩૦ થી ૧૨. જયહિન્દ કોલેજ, એ રોડ, ચર્ચગેટ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જૂનાગઢ નિવાસી હાલ ઘાટકોપર જીતેન્દ્ર નરોતમદાસ કામદારના ધર્મપત્ની અ. સૌ. જયશ્રીબેન કામદાર (ઉં. વ. ૭૫) તા. ૩-૧-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે મિતુલ, આરતીના માતુશ્રી. રીના, મેહુલભાઇના સાસુ. વૃષ્ટિ અને અન્વીના દાદી. સ્વ. ભરત, સ્વ. જયવંત અજયના ભાભી. મોરબી નિવાસી શાંતિલાલ ઘેલાભાઇ ગાંધીના સુપુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ આધોઇના સ્વ. લખમાબેન હીરજી ઉકા ગીંદરાના પુત્રવધૂ. સ્વ. ભીમશી હીરજી ગીંદરાના ધર્મપત્ની ગં. સ્વ. નવલબેન (ઉં. વ. ૮૮) મુંબઇ મધે તા. ૧-૧-૨૬ના અવસાન પામેલ છે. ગામ હલરાના સ્વ. લાખઇબેન ભચુ હીરજી ગાલાના દીકરી. સતીષ, નવીન, કસ્તુર, નિર્મળા, પુષ્પા, કલ્પના, શાન્તુ, હેતલના માતુશ્રી. રાજ, જશ, કુશલ, શ્રુતીના દાદીમા. વિજય, ધર્મેશ, પ્રિતી, પારસ, નિખીલ, કલગીના નાની. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૫-૧-૨૬ના ૧૦થી ૧૧.૩૦.ઠે. સરદાર વલ્લભભાઇ પટેલ, જવાહરનગર હોલ, જવાહર નગર, એસ. વી. રોડ, ગોરેગામ (વેસ્ટ).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

મુંબઈ સમાચાર ઉત્સવ
સૌરાષ્ટ્ર આવૃત્તિ
રવિવાર
તા. ૪-૧-૨૦૨૬

# જે પ્રજા આત્મગૌરવ ખોઈ બેસે છે તે લુપ્ત થઈ જાય છે...

કવર સ્ટોરી

નીલેશ દવે
feedback@bombaysamachar.com





જયવંતીબહેન મહેતા

**મહારાષ્ટ્રમાંથી ગુજરાતી નેતાગીરીનો સફાયો... કારણ જાણવાં જેવાં છે- મનોમંથન પણ કરવા જેવું છે.**


પ્રકાશ મહેતા


કિરીટ સોમૈયા


પ્રફુલ પટેલ


યોગેશ સાગર


મનોજ કોટક


પરાગ શાહ


પ્રવીણ છેડા


મિહીર કોટેચા

હજુ થોડા સમય પહેલાં જ ગુજરાતના ભાજપના પ્રદેશપ્રમુખ તરીકે જગદીશ વિશ્વકર્માની વરણી થઈ, પરંતુ એ પહેલાં સાત કરોડ કરતાં વધુ ગુજરાતીઓની વસતિ ધરાવતા આ રાજ્યમાં વિશ્વની સૌથી મોટી પાર્ટી ગણાતી ભાજપના પ્રદેશપ્રમુખ કોણ હતા? સી. આર. પાટીલ... પાટીલ મૂળે મરાઠી અને પ્રદેશ અધ્યક્ષ બન્યા કરોડો ગુજરાતીઓના. ક્યાંય કોઈ ભાષાવાદ નહીં વિરોધ નહીં, પાટીલ અધ્યક્ષ બની શક્યા કેમ કે ગુજરાતીઓ સહિષ્ણુ છે, ગુજરાતીઓ જ્યાં જાય ત્યાં જે પ્રદેશમાં જાય ત્યાં દૂધમાં સાકરની જેમ ભળી જાય છે, પરંતુ વધુ પડતી સાકર ક્યારેક ડાયાબિટીઝનું જોખમ સાથે લાવતી હોય છે અને આવું જ મહારાષ્ટ્રના ગુજરાતીઓની બાબતમાં થયું છે.

મહામુંબઈના બે ભાગલા પડ્યા એમાં મરાઠી કે ગુજરાતી પ્રજાનો કોઈ વાંક ન હતો, બે નવાં રાજ્યો અસ્તિત્વમાં આવ્યાં, પરંતુ કોઈ પણ રાજ્યમાંથી રહેવાસીઓની હિજરત નહોતી થઈ, જે જ્યાં હતા ત્યાં જ રહ્યા-વસ્યા. મહારાષ્ટ્રના અનેક નગર - ગામોમાં ગુજરાતીઓની વસતિ છે, માત્ર મુંબઈ જ નહીં, પરંતુ પુણે, નાશિક, નંદુરબાર ગોંદિયા, કોલ્હાપુર, સોલાપુર જેવાં અનેક શહેરોમાં બહોળી ગુજરાતી વસતિ છે.

મહારાષ્ટ્રના વિકાસમાં ગુજરાતીઓનો પણ સિંહફાળો છે. ગુજરાતીઓએ અહીં પરસેવાની કમાણી કરી અને પોતાના વતનના વિકાસમાં તો સાથ આપ્યો જ છે, પરંતુ પોતાની કર્મભૂમિના વિકાસમાં પણ સક્રિય ફાળો આપ્યો છે. માત્ર સામાજિક જ નહીં, પણ રાજકીય ક્ષેત્રમાં પણ ગુજરાતીઓનું યોગદાન ખૂબ જ મહત્ત્વનું રહ્યું છે. ભાનુશંકર યાજ્ઞિક, રજની પટેલ, શાંતિ પટેલ, જીવરાજ ભાણજી, લીલાધર પાસુ, જયંતી પારેખ, અરુણ ગુજરાથી, પ્રફુલ પટેલ, જયવંતીબહેન મહેતા, કિરીટ સોમૈયા, પ્રકાશ મહેતા, યોગેશ સાગર જેવા અનેક નેતાઓ અહીં ગુજરાતીઓના પાયાના પ્રશ્નોના નિરાકરણ માટે તૈયાર હતા. આમાંના મોટા ભાગના કૉંગ્રેસી હતા, પરંતુ ગુજરાતમાં ભાજપના ઉદય સાથે જ મુંબઈ-મહારાષ્ટ્રમાંથી પણ કૉંગ્રેસને ગુજરાતીઓએ જાકારો આપ્યો. આજે મહારાષ્ટ્રમાં નેતાઓ આંખ બંધ કરીને કહી શકે છે કે ગુજરાતીઓ એટલે ભાજપ જ. આથી જ ગુજરાતીઓની, તેમના પ્રશ્નોની, તેમની સમસ્યા, ઉકેલ, સિદ્ધિ આ બધી જવાબદારી પણ એકલા ભાજપ અને તેના નેતાઓની છે.

જોકે છેલ્લા એક દાયકાથી સિનારિયો બદલાઈ રહ્યો છે, અચાનક જ પ્રેમથી રહેતી બે કોમ મરાઠી અને ગુજરાતી વચ્ચે એક પ્રકારનું વૈમનસ્ય ફેલાવવાનો કારસો રચાઈ રહ્યો છે, જોકે આની શરૂઆત તો જ્યારે રેલવે પ્લેટફોર્મ પરથી ગુજરાતી પાટિયા હટ્યાં ત્યારથી જ શરૂ થઈ ગયેલી, એ વખતે ચૂપ બેસેલી પ્રજા નમાલી છે એવું લોકોએ ધારી લીધેલું જે મહદ્અંશે સાચું પડ્યું છે કેમ કે રેલવેના પાટિયાથી થયેલી શરૂઆત દુકાનના પાટિયાં સુધી પહોંચી ગઈ, તોય આ સહિષ્ણુ પ્રજા ચૂપ રહી.

સામા પક્ષે છેલ્લા ત્રણ દાયકામાં ઉત્તર ભારતીય પ્રજા પોતાનું વજન વધારતી જ ગઈ. આની શરૂઆત આમ તો ત્રણ દાયકા પહેલાથી જ થઈ ગઈ હતી, ખાસ કરીને ગુજરાતી વિસ્તારોમાં નોન ગુજરાતી લોકોને ઉમેદવારી આપી જોઈ અને જોયું કે આ પ્રજા વિરોધ કરે છે? ગુજરાતીઓએ ત્યારે ય બધા યને સ્વીકાર્યા એથી હવે એ નિયમ બની ગયો છે. એવું ન હોત તો 'મકાંબો' તરીકે ઓળખાતા મલાડ, કાંદિવલી, બોરીવલી જેવા ગુજરાતી વિસ્તારમાંથી છેલ્લા ૩૦ વર્ષમાં એક પણ ગુજરાતી વિધાનસભ્ય કે સંસદ સભ્યને ઉમેદવારી અપાઈ નથી (ચારકોપના વિધાનસભ્ય યોગેશ સાગરને બાદ કરતાં), જ્યાં પણ ગુજરાતી પ્રજા બહુમતમાં હોય ત્યાંથી ગુજરાતી ઉમેદવારોને આશા હોય છે. વર્ષો અને દાયકાઓ સુધી પક્ષ માટે જાત ઘસાવી નાખતા આ કાર્યકર્તાઓ જ ખરેખર તો પક્ષની તાકાત હોય છે, પરંતુ નેતાઓ આવા કાર્યકર્તાઓને ભાજીમૂળા સમજતાં હોય છે અને સત્તા માટે આવા અનેક કાર્યકરોના સ્વપ્ન રોળી નાખતાં હોય છે.

૨૦૧૪માં મોદીકાળના ઉદય બાદ તો જાણે ગુજરાતીઓને રાજ્યમાંથી હટાવવાની દોડ જ ઊભી થઈ છે, આમાં એકેય પક્ષ બાકાત નથી, જે ગુજરાતી નેતાઓ વિધાનસભામાં, લોકસભામાં, પાલિકામાં કે રસ્તા પર ગુજરાતી પ્રજાનો પ્રશ્ન માંડી શકે તેમ છે, જેમની પકડ માત્ર મુંબઈ જ નહીં સમગ્ર મહારાષ્ટ્રમાં છે તેવા નેતાઓને વીણી વીણીને ઈલેક્ટ્રોલ પોલિટિક્સમાંથી દૂર કરવામાં આવી રહ્યા છે. જયવંતીબહેન મહેતાના નિધન, અરુણ ગુજરાથીની ઉંમરને કારણે પરાણે એક્ઝિટ બાદ સમગ્ર મહારાષ્ટ્ર પર જેની પકડ હોય તેવા બે ગુજરાતી નેતા છે, કિરીટ સોમૈયા અને પ્રકાશ મહેતા, પરંતુ આ બંનેને પણ ધીરે રહીને દૂર કરવામાં આવ્યા, એ પણ એવી સિફતથી કે તેમના સ્થાને ગુજરાતી ઉમેદવાર ઊભા રાખી તેમને દૂર કરી દેવાયા.

કેન્દ્રમાં મોદીજીના ઉદય પહેલા મહારાષ્ટ્રમાં ભાજપની હાલત કફોડી હતી એ સમયે કિરીટ સોમૈયા, પ્રકાશ મહેતા, જયંવતીબહેન મહેતા, યોગેશ સાગરે ભાજપને મજબૂત બનાવવામાં ખૂબ જ મહેનત કરી હતી. પ્રકાશ મહેતા અને કિરીટ સોમૈયા બંનેએ પોતાના સમયમાં અનેક યુવાનોને તૈયાર કર્યા જેમાં પ્રવીણ છેડા, મનોજ કોટક, મંગલ ભાનુશાલી જેવા ગુજરાતી નેતાઓ ફલક પર આવ્યા અને ગયા. મોદીકાળ પહેલા અને હાલમાં પણ આ બંને નેતા ( પ્રકાશ મહેતા - કિરીટ સોમૈયા)ની સંગઠન પર ખૂબ જ સારી પકડ હોવા છતાં તેમને અનેક નિર્ણયમાં વિશ્વાસમાં લેવામાં નથી આવતા. હા, પક્ષ પર કોઈ સંકટ હોય ત્યારે તેમની મદદ તરત જ લેવાય છે. હાલની પરિસ્થિતિમાં યોગેશ સાગર અને વત્તા-ઓછા અંશે મનોજ કોટક સંપૂર્ણ મહારાષ્ટ્ર પર તો નહીં, પરંતુ અનેક વિસ્તારો અને પ્રશ્નોમાં ગુજરાતીઓનું નેતૃત્વ કરી શકે તેમ છે, પરંતુ મનોજ કોટકને પણ એક ટર્મ બાદ હટાવી દેવાયા. જોકે, તેમનું ગ્રાઉન્ડ નેટવર્ક અને કાર્યકરોમાં પ્રભુત્વ સારું હોવાથી હજુ ટકી રહ્યા છે.

યોગેશ સાગરને પણ સતત ખડેપગે રહેવું પડે તેવી પરિસ્થિતિ છે, બાકી અત્યંત આધારભૂત સૂત્રો પ્રમાણે મુંબઈ અધ્યક્ષ માટે યોગેશ સાગરનું નામ નક્કી હતું, પરંતુ દિલ્હીથી મુંબઈ પહોંચતા સુધીમાં બાજી ફરી ગઈ, આ વાતની જાણ મુંબઈના કેટલાક ગુજરાતી નેતાઓને છે, પરંતુ એ બધા મૌન રહ્યા. પ્રવીણ છેડા પણ ખૂબ જ આશાસ્પદ નેતા છે, પક્ષના પ્રશ્નો રસ્તા પર અને ગૃહમાં ઉપાડવાની ક્ષમતા ધરાવે છે, પરંતુ પક્ષપલટો અને કાર્યકર્તાઓ સાથેનો ઓછો મનમેળ તેમના માટે ઘાતક પુરવાર થયો અને વધુ એક ગુજરાતી નેતા હાંસિયામાં ધકેલાઈ ગયો. દક્ષિણ મુંબઈના અતુલ શાહની પણ એવી જ પરિસ્થિતિ છે. આનું કારણ એ છે કે આ ગુજરાતી નેતાઓ કેન્દ્ર સુધી પોતાની વાતની અસરકારક રજૂઆત કરી શકયા નથી, જેનું નુકસાન સમગ્ર ગુજરાતી જનતાને થયું છે.

આની સામે હજુ બે વિધાનસભ્ય મિહીર કોટેચા અને પરાગ શાહ મુંબઈમાં ગુજરાતીઓનું નેતૃત્વ કરે છે, પરંતુ મુંબઈ બહાર તેમની ક્ષમતા સામે પ્રશ્ન છે. પરાગ શાહ રાજકારણમાં અકસ્માતે આવેલા છે, તે રાજકારણના માણસ જ નથી, તેમનો મોટા ભાગનો સમય અધ્યાત્મ અને પોતાના વ્યવસાયમાં વધુ હોય છે, રાજકીય કાવાદાવા વિના સૌનું સારું થાય તેવી તેમની માનસિકતા છે, જ્યારે મિહિર કોટેચા 'મહેતો મારે પણ નહીં ભણાવે પણ નહી' એ અંદાજના વ્યક્તિ છે, પોતાની વિધાનસભાને બાદ કરતાં બીજા પ્રશ્નોમાં તેમને રસ નથી.

આ વખતની સુધરાઈની ચૂંટણીમાં જે રીતે ગુજરાતીઓની છટણી થઈ છે તે જોતાં આગામી સમયમાં ગુજરાતીઓ માટે મહારાષ્ટ્રમાં કપરો કાળ આવશે એ નક્કી છે. આનું કારણ છે કે આ પ્રજા એક નથી થઈ શકી આત્મગૌરવ નથી જ જાળવી શકી, પોતાના જ માણસોને કે નેતાઓને કાપવામાં અગ્રેસર રહી છે, આની સામે ઉત્તર ભારતીયોએ ખૂબ જ શાંતિથી પગપેસારો કર્યો છે, પરંતુ જે હાલત ભાજપના મહારાષ્ટ્ર મોવડી મંડળના નેતાઓ ગુજરાતીની કરે છે તેવી ઉત્તર ભારતીયોની કરી શકે તેમ નથી, તેમની અવહેલના તેમને ભારી પડી શકે તેમ છે. એવું ન હોય તો ગુજરાતી ઉમેદવારો ઘટતા આવ્યા છે અને ઉત્તર ભારતીય ઉમેદવારો વધી રહ્યા છે. જો વિચારો તો મુંબઈના છ જિલ્લા અધ્યક્ષમાં એક પણ ગુજરાતી નથી, હા એક ઉત્તર ભારતીય છે, આનું કારણ ભાજપના ઉચ્ચ નેતાઓની મુત્સદ્દી નહીં, ગુજરાતી નેતાઓનું નમાલાપણું છે.

અમુક ભાજપના મરાઠી નેતાઓ જાણે છે કે આ ગુજરાતી પ્રજા કંઈ બોલી શકે એવી છે નહીં, એક થઈ શકે તેવી છે નહીં, તો એમનો ઉપયોગ વોટબેન્ક તરીકે જ કરાય, સત્તામાં ભાગીદારી આપી શકાય નહીં અને તે આ લોકો બખૂબી કરી રહ્યા છે, રાજ અને ઉદ્ધવ એક સાથે આવે છે એટલે મરાઠીઓ એક બાજુ થઈ જશે એવો ભય દિલ્હીના લોકોને બતાડીને વધુને વધુ ગુજરાતીઓની ટિકિટ કાપવામાં આવી, આટલું ઓછું હોય તેમ ગુજરાતી વિસ્તારોમાં વિધાનસભા અને લોકસભાની જેમ જ બિનગુજરાતીઓને માથે મારવામાં આવ્યા તેમ છતાં આ જે મૌન છવાયું છે તે ગુજરાતીઓ માટે ઘાતક સાબિત થશે.

હજુ પણ સમય છે હજુ જે નવા લોકો આવી રહ્યા છે તેમને મહારાષ્ટ્ર અને મુંબઈના વિકાસના કામ કરવાની સાથે સાથે ગુજરાતીઓના પ્રશ્નો ઉપાડવાની શીખ આ નેતાઓએ જ આપવી પડશે. નીલ સોમૈયા, ધર્મેશગીરી, સંદીપ પટેલ, હર્ષ પટેલ, ધવલ વોરા, હિમાંશુ પારેખ જેવા બિનઅનુભવીઓને ઘડવાની જવાબદારી હાલના નેતાઓની પેઢીની છે. માત્ર આટલું જ નહીં, એક અવાજ ઉપર આખું શિવાજી પાર્ક છલકાઈ એવા એક ગુજરાતી સંગઠનની પણ તાતી જરૂરત છે, જે કોઈ પ્રજાના વિરોધમાં ન હોય, પરંતુ પોતાની પ્રજાના સપોર્ટમાં હોય નહીં તો મોડું થઈ જશે અને પૃથ્વી પરથી અનેક ભાષા, સંસ્કૃતિ લુપ્ત થઈ એમ મહારાષ્ટ્રમાંથી ગુજરાતી પ્રજા લુપ્ત થઈ જશે....

આ સિનારિયો ડરામણો છે! ■


## સૉલ ઑફ ટૂર ઝાંગ જીયાજી - ચીનની યાત્રાનો સૌથી શાંત અધ્યાય જ્યાં કુદરત આશ્ચર્ય સર્જે છે


ઑરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા



ચીન હંમેશા દુનિયાભરના પ્રવાસીઓ માટે રહસ્યમય, રોમાંચક અને આકર્ષક દેશ રહ્યો છે. પ્રાચીન સંસ્કૃતિ, ભવ્ય ઇતિહાસ, અદ્યતન ટેક્નોલોજી અને અવિરત ગતિ ધરાવતું આ દેશ ગ્રેટ વોલ, ફોરબિડન સિટી, શાંઘાઈની ઝગમગતી સ્કાયલાઇન અને હાઈસ્પીડ ટ્રેનો જેવી અદ્ભુત અનુભૂતિઓ માટે જાણીતો છે. કોવિડ પછી ફરી એકવાર ચીન પ્રવાસીઓ માટે ખુલ્યું છે અને વૈશ્વિક યાત્રીઓમાં ફરીથી આ દેશ પ્રત્યે નવી ઉત્સુકતા જોવા મળી રહી છે. આ ઝડપ, આધુનિકતા અને ટેક્નોલોજીના માહોલની વચ્ચે ચીન એક એવી જગ્યા પણ છુપાવે છે જ્યાં સમય ધીમો પડી જાય છે, અવાજ ઓસરાઈ જાય છે અને કુદરત શાંતિથી પોતાની વાત કહે છે. એ જગ્યા છે ઝાંગ જીયાજી નેશનલ ફોરેસ્ટ પાર્ક.

ઔરોરા ટૂર્સ દ્વારા ૨૦૨૬ માટે ચીનના પ્રવાસક્રમમાં ઝાંગ જીયાજીને કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યું છે. લીલાછમ વનમાંથી આકાશ તરફ ઊભા થયેલા પથ્થરના સ્તંભો ધરાવતું આ સ્થળ ચીનની ટેક્નોલોજીકલ ગતિ વચ્ચે કુદરતનો શુદ્ધ શ્વાસ સમાન છે અને પ્રવાસીઓને એક સંપૂર્ણ અલગ દુનિયામાં લઈ જાય છે.

દુનિયાભરના અનેક દેશો ફરી ચૂકેલા અનુભવી પ્રવાસીઓ માટે પણ ઝાંગ જીયાજી નેશનલ ફોરેસ્ટ પાર્ક એક આશ્ચર્ય બનીને સામે આવે છે. ઘન જંગલમાંથી સીધા આકાશ તરફ ઊભા થયેલા હજારો Quarts ના બનેલા સ્તંભો આ સ્થળને સામાન્ય કુદરતી દૃશ્યનહીં પરંતુ જાણે કુદરતે ઘડેલું કોઈ આધ્યાત્મિક સર્જન બનાવી દે છે. લાખો વર્ષોની કુદરતી પ્રક્રિયાથી ઘડાયેલા આ પહાડો પ્રાચીન લાગે છે, શાંત લાગે છે અને એક અલગ જ લોકમાં લઈ જાય છે. ઔરોરા ટૂર્સ દ્વારા ૨૦૨૬ માટે ચીનની ટૂર્સમાં ઝાંગ જીયાજીને કેન્દ્રસ્થાને રાખવામાં આવ્યું છે. આ અંગે ઔરોરા ટૂર્સના ધવલ જાંગલા સાથે થયેલી વાતચીત અને સ્થળની વિશેષતાઓ ઝાંગ જીયાજીની સાચી અનુભૂતિ કરાવે છે.



★ **પ્રશ્નઃ ધવલભાઈ, ૨૦૨૬ના ચીન કાર્યક્રમમાં ઝાંગ જીયાજીને કેમ પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે?**

ધવલભાઈઃ કારણ કે ઝાંગ જીયાજી દુનિયાના સૌથી અનોખા અને સુંદર કુદરતી સ્થળોમાંનું એક છે. અહીંનું દૃશ્ય એવું છે જે મોટાભાગના પ્રવાસીઓએ ક્યારેય જોયું નહી હોય. લીલાછમ વનમાંથી ઊભા થતા ઊંચા પથ્થરના સ્તંભો એક અદ્ભુત શાંતિ અને વિશેષ લાગણી આપે છે. દિવસ દરમિયાન પ્રકાશ બદલાતો રહે છે અને દરેક ક્ષણે પહાડો નવા આકાર અને છાયાઓ બતાવે છે.

★ **પ્રશ્નઃ ઝાંગ જીયાજી નેશનલ ફોરેસ્ટ પાર્કને કઈ બાબત અનોખું બનાવે છે?**

ધવલભાઈઃ મોટા ભાગના પહાડી સ્થળોમાં શિખરો અને પર્વતમાળાઓ જોવા મળે છે, જ્યારે ઝાંગ જીયાજીમાં હજારો ઊભા પથ્થરના સ્તંભો છે. ધુમ્મસમાં લપેટાયેલા આ સ્તંભો કુદરતી મિનારા જેવા લાગે છે. ઘણા પ્રવાસીઓ કહે છે કે અહીં ઊભા રહીએ ત્યારે એવું લાગે છે જાણે આપણે કોઈ જીવંત પેઇન્ટિંગની અંદર હોઈએ.

★ **પ્રશ્નઃ ઔરોરા ટૂર્સના પ્રવાસીઓ માટે આ સ્થળ કેટલું યોગ્ય છે?**

ધવલભાઈઃ ઔરોરાના પ્રવાસીઓ આરામ, સુવ્યવસ્થિત આયોજન અને અર્થપૂર્ણ અનુભવ ઇચ્છે છે. ઝાંગ જીયાજી આ ત્રણેય બાબતમાં સંપૂર્ણ રીતે બંધબેસે છે. અહીં કુદરત છે, શાંતિ છે અને નયનરમ્ય કુદરતી દૃશ્યો છે, પરંતુ તે બધું આરામથી અને સહેલાઈથી માણી શકાય એ સુવિધા પણ છે.

★ **પ્રશ્નઃ વડીલો અને પરિવાર સાથે પ્રવાસ માટે આ સ્થળ કેટલું આરામદાયક છે?**

ધવલભાઈઃ ઝાંગ જીયાજી તમામ ઉંમરના લોકો માટે અનુકૂળ છે. ઝાંગ જીયાજીનું એક વિશેષ આકર્ષણ એ છે કે આટલું નાટકીય ભૂદૃશ્ય હોવા છતાં અહીં પાર્ક અત્યંત સુલભ છે.

બૈલોંગ એલિવેટર અને કેબલ કાર જેવી સુવિધાઓના કારણે ભારે ચઢાણ કરવાની જરૂર રહેતી નથી. તેથી વડીલો અને ફેમિલી સાથે મુસાફરી કરનારા પ્રવાસીઓ પણ સરળતાથી મુખ્ય વ્યૂ પોઇન્ટ્સ સુધી પહોંચી શકે છે.

★ **પ્રશ્નઃ અમે સાંભળ્યુ છે કે ઑરોરા ટૂર્સ હેલિકૉપ્ટર રાઇડની ખાસ ક્ભલામણ કરે છે, એ શા માટે?**

ધવલભાઈઃ જમીન પરથી ઝાંગ જીયાજી સુંદર લાગે છે, પરંતુ હવામાંથી આ સ્થળની સાચી હાઈપ સમજાય છે. હેલિકૉપ્ટર રાઇડ દરમિયાન માઈલો સુધી ફેલાયેલા પથ્થરના સ્તંભો એકસાથે નજરે પડે છે. ધુમ્મસમાંથી ઊભા થતા આ પહાડો પ્રાચીન સ્મારકો જેવા લાગે છે. ઘણા પ્રવાસીઓ માટે આ જ તેમની આખી યાત્રાનો સૌથી યાદગાર ક્ષણ બની રહે છે.

★ **પ્રશ્નઃ ઝાંગ જીયાજીમાંથી પ્રવાસીઓ કઈ લાગણી સાથે પાછા ફરે છે?**

ધવલભાઈઃ મોટા ભાગના પ્રવાસીઓ ઝાંગ જીયાજીને શાંત, તાજગીભર્યું અને લાંબા સમય સુધી યાદ રહે એવું વર્ણવે છે. આ જગ્યા લોકોને સારા અર્થમાં થંભી જવા મજબૂર કરે છે. પથ્થરો વચ્ચે વહેતો ધુમ્મસ, પહાડોના આકાર અને આસપાસની શાંતિ લાંબા સમય સુધી મનમાં ગુંજતી રહે છે.

★ **પ્રશ્નઃ ચીનના સમગ્ર પ્રવાસક્રમમાં ઝાંગ જીયાજીને કેવી રીતે સ્થાન આપવામાં આવે છે?**

ધવલભાઈઃ ઑરોરા ટૂર્સ એવી યાત્રાઓ રચે છે જેમાં ઊંડાણ, આરામ અને ઈમોશનલ કનેક્ટ મુખ્ય હોય છે. ઝાંગ જીયાજી આ વિચારધારાને સંપૂર્ણ રીતે અનુસરે છે. અહીં વૈભવ કુદરતને ઢાંકી દેતો નથી, પરંતુ તેની સુંદરતાને વધુ ઉજાગર કરે છે.

★ **પ્રશ્નઃ ૨૦૨૬માં ચીન સિવાય ઔરોરા કયા આંતરરાષ્ટ્રીય ટૂર્સ રજૂ કરવાનું છે?**

ધવલભાઈઃ આ વર્ષમાં અમે ઘણાં ફેમસ ડેસ્ટિનેશનની યાત્રાઓ અમારા ટ્રાવેલર્સ માટે લાવી રહ્યા છીએ જે ગયા વર્ષ કરતા વધુ એક્સાઈટિંગ હશે અને વધુ સુવિધાજનક હશે અને અમે પણ ટ્રાવેલર્સ સાથે આ યાત્રાઓમાં નવી લાઈફટાઈમ મેમરીઝ બનાવવા તત્પર છીએ. ચીનમાં ઝાંગ જીયાજી સાથે સાથે ૨૦૨૬માં ઔરોરા ટૂર્સ દક્ષિણ કોરિયા, સ્પેન અને પોર્ટુગલ, જ્યોર્જિયા, તુર્કી, ફૂ-કોક આઇલેન્ડ સાથે વિયેતનામ અને હો-ચિન મી તેમ જ જાપાનના ચેરી બ્લોસમ જર્ની અને આલ્પાઇન રૂટની ઇટિનરરી પણ રજૂ કરવાના છીએ.

Scan for video

Aurora Travel Tours Pvt Ltd : Office No. 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026.
Contact Nos.: +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com

**આજે આટલું જ**

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# દેવ આનંદ વધારે ગમી ગયા...

જોયું! આનું નામ ધારદાર, તેજતર્રાર, અણિયાળી યાદશક્તિ... અરે ભૈ મારી નહીં, તમારી... તરત તમને 'મરીઝ'નો એ આયાત-શ્લોકની કક્ષાનો શેર યાદ આવી જ ગયો!

*હા, સૌને પ્રેમ કરવાને લીધો'તો મેં જનમ*
*વચમાં તમે જરાક વધારે ગમી ગયા*

જેણે કાયા આપી એનો કેવડો રે ઉપકાર કે એમાં એણે બે આંખો ય આપી ને કેવા કેવા ભવ્ય Performances screen પર જોવાનું નયનસુખ પ્રાપ્ત થયું. વહિદા રહેમાનને 'પ્યાસા'માં કે 'ગાઇડ'માં કે ઓડ્રી હેપબર્નને 'રોમન હોલીડેઝ' કે 'વેઇટ અનટીલ ડાર્ક'માં કે શહેનશાહ દિલીપકુમારને 'શક્તિ' કે 'રામ ઔર શ્યામ'માં કે અમિતાભ બચ્ચનને 'પિંક' કે 'ઝંજીર'માં કે જવા દો... કોલમ આકાશ નથી કે બધા તારા સમાઇ જાય. પણ આ બધામાં સૌથી વધુ ગમી જાય દેખતાવેંત એ તો દેવ આનંદ જ. એ એની મર્યાદિત અભિનય ક્ષમતા સાથે જે કંઇ કરે એ અદ્ભુત જ હોય. આ વાતનો સમયગાળો ૧૯૭૫ સુધીનો જ સમજવો. આવ્યું ને! પછી ય એક સારું Movie આવ્યું



'દેસ પરદેસ' પણ 'છૂપે રુસ્તમ' સુધી તો દેવ અને વિજય આનંદ જયારે સાથે થયા, ધમાલ જ કરી છે. અમારા એક મિત્ર સ્વ. દુષ્યંત પોપટાણી તો દેવસા'બના એવા આશિક કે શુક્રવારે ૧૨-૩-, ૩-૬ અને ૯-૧૨ ત્રણેય શોની ત્રણ ત્રણ ટિકિટ બુક કરાવે અને આજુબાજુની બન્ને સીટ ખાલી, કોઇ ડિસ્ટર્બ ન કરે એટલે... એમની બાજુમાં બેસવાનો એકમાત્ર અધિકાર અને એ ય એક જ શો પૂરતો કોને ખબર છે? મને!!! હવે આ મારે માટે સાહિત્યના Noble Prize થી ઓછું કઇ રીતે હોઇ શકે?

*તને પીતાં નથી આવડતું મુર્ખ મન મારા !*
*પદાર્થ એવો કયો છે કે જે શરાબ નથી?!*

*- અમૃત ઘાયલ*

દેવ આનંદની એ મર્યાદિત અભિનય ક્ષમતાનો કેટલો સુંદર ઉપયોગ વિજય આનંદ જેવા કોહીનૂર પારખુએ 'જોની મેરા નામ'માં કર્યો હતો કે જયારે ખુરશી પર બેસીને પહેલવાન રંધાવા દ્વારા માર ખાઇ લીધા બાદનો જોની આટલી લાંબી એકોક્તિ કોઇ નોંધપાત્ર આરોહ અવરોહ વગર રજુ કરે અને એમાં તમે ક્ષતિનો ક્ષ કાઢી શકો...તો તમે કહો એટલા રૂપિયા હારી જવા તૈયાર છું...

**મૈને સોચા થા કીસી બદસુરત લફંગી શકલ સે મેરી મારામારી હોંગી લેકિન જબ કમરે કા દરવાઝા ખૂલા તો મૈ દંગ રહ ગયા. દો હસીન આંખે મેરી તરફ દેખ રહીં થીં ઔર દિલ ધડક ધડક કર કહ રહા થા કી જોની બેટેએ એએએ...તેરી મંઝિલ યહીં પર હૈ... લેકિન ઇતના યાદ રખ અગર ઇન્હે પતા ચલ જાય કે તુ ચોર હૈ, ઉચક્કા હૈ, છોટી મોટી ચોરીયોં કે ઇલ્ઝામ મેં કંઇ બાર જેલ ભી જા ચૂકા હૈ ઔર અભી એક જેલ તોડ કર ભાગા હૈ તો ઇન હસીન આંખોમેં તેંરે લીયે સિવા નફરત ઔર કુછ નહીં રહેગા. બસ ફિર કયા થા... મૈ ઝુઠ પર ઝુઠ ઝૂઠ પર ઝુઠ બોલતા જા રહા થા ઔર દિલ દુઆયેં માંગતા થા કી હૈ ઉપરવાલે એએએએ... ઇસ હુસ્ન કી પરી કે દિલ મેં ઇસ ગરીબ કે લીયે ભી થોડી સી જગહ રખના...**

આવતા રવિવારે 'ગાઇડ'ની વાત કરવી છે. પણ ગઇ કાલે મારી પત્ની 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે' જોતી'તી એટલે મારે ય જોવી પડી. તમે કોઇએ આ વાત નોંધી જ નહીં? કે switzerland ના આખા portion દરમ્યાન શાહરુખ ખાન એક જ actor ને imitate કરે છે-દેવ આનંદને.

*બનાવટ રૂપની પણ રૂપનો આધાર માંગે છે*
*સુઘડ ને સ્વચ્છ કાગળ જોઇએ નકલી ગુલાબોને*

*'મરીઝ'*

આજે આટલું જ ■

---

**વલો કચ્છ**

ગિરિરાજ
feedback@bombaysamachar.com

# સરસ્વતી કૃપાથી પુષ્કળ થયેલું કચ્છ!

આમ તો જ્ઞાન, બુદ્ધિ અને વિદ્યાની આરાધનાનો પર્વ તરીકે ઓળખાતી વસંત પંચમી માતા સરસ્વતીને સમર્પિત આ દિવસ વિશેષ મહત્ત્વ ધરાવે છે. માતા સરસ્વતીના ઉપાસક છીએ એટલે એક લેખક તરીકે મન થાય કે બદલાયેલા કેલેન્ડર વર્ષના પ્રથમ એપિસોડમાં વસંત પંચમીને વાર હોય તોય વીણાવાદિનીનું આહ્વાન કરીએ.

સરસ્વતીની ઉપાસના માત્ર વૈદિક પરંપરામાં જ સીમિત નથી. હિંદુ ધર્મ સાથે સાથે જૈન અને બૌદ્ધ પરંપરામાં પણ સરસ્વતી વિદ્યા, કલા અને ચેતનાની અધિષ્ઠાત્રી દેવી તરીકે પૂજાય છે. ચીનમાં તે નીલ-સરસ્વતી રૂપે અને તિબેટમાં વીણાધારિણી સ્વરૂપે આરાધિત છે. જો સરસ્વતી દેવીની ઝાંખી કચ્છી સર્જન-ધર્મિતાના ત્રિપાર્શ્વ દ્વારા કરીએ, તો રંગોનું અનંત અને અપાર વિશ્વ પોતાની અપૂર્વ મોહકતાથી ઝળહળી ઊઠે છે.

કચ્છી સર્જન-ધર્મિતાનાં ત્રણ મુખ્ય પાર્શ્વો છે (૧) વિવિધ ભાષાઓમાં રચિત સાહિત્ય (૨) સંગીત, નાટક, નૃત્ય, ચિત્રકળા જેવી લલિત કલાઓ (૩) વિવિધ વિષયોને આવરી લેતી બૌદ્ધિક અને વૈચારિક ચેતના. કચ્છી સાહિત્યસર્જકોએ કચ્છી, વ્રજ, ડિંગલ, ગુજરાતી, હિંદી, ઉર્દૂ, સિંધી, સંસ્કૃત, અપભ્રંશ અને અંગ્રેજી જેવી અનેક ભાષાઓમાં મહત્ત્વપૂર્ણ પ્રદાન કર્યું છે. દરેક ભાષાના સર્જનનું વિગતવાર મૂલ્યાંકન વિશાળ કાર્ય છે; અહીં માત્ર સંક્ષિપ્ત નિર્દેશ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.






કચ્છીમાં કુંવરજી કલ્યાણજી વકીલ (ચંદ્રબા, બેચરસિંગ, હડહડતી હાલાકી), ત્રિકમજી હરિરામ રાસ્તે (વિધવા શતક), પાત્રો ચારણ (ઢકોસલા), મૂળજી જેઠુ જોષી (છટ્ટી જો લેખ), લાલજી નાનજી જોષી (કચ્છ જો કુરુક્ષેત્ર) અને સાજન ખોજા (સાજન બાવની) જેવા સર્જકો નોંધપાત્ર છે. ગુજરાતીમાં દલપતરામ, જીવરામ અજરામર ગોર, નારાયણ વિસનજી ઠક્કુર, પ્રતાપ જુણાજી જાડેજા, બકુલેશ અને જયંત ખત્રી સ્મરણીય નામો છે.

વ્રજભાષાનો ઉલ્લેખ કરતાં ભુજમાં મહારાવ લખપતજી દ્વારા સ્થાપિત કાવ્યશાળાની મહાન પરંપરા સામે આવે છે. આ પાઠશાળામાં ૩૪૦થી વધુ કવિઓ વ્રજભાષામાં પ્રશિક્ષિત થયા હતા. એજ કાવ્યશાળાના પ્રણેતા મહારાવ લખપતજીએ વિ.સ. ૧૯૯૬માં પ્રાગ મહેલ સંકુલમાં સરસ્વતી માતાજીનું મંદિર બંધાવ્યું હતું. મહારાવ મહાવિદ્વાન, સંગીતસમ્રાટ અને મા સરસ્વતીના નિષ્ઠાવાન ઉપાસક હતા. પ્રાતઃદર્શનની પરંપરા માટે મંદિર ઉતરાદીમુખે બનાવવામાં આવ્યું હતું જેથી રાજમહેલના ઝરૂખામાંથી દર્શન શક્ય બને.

આ કાવ્યશાળાનું પ્રદાન અત્યંત વૈવિધ્યસભર રહ્યું છે. ખડીબોલી હિન્દીમાં વિદ્યાસાગરસૂરિ, કવિ નિરંજન અને દુલેરાય કારાણીનો ઉલ્લેખ થાય છે. અહીં પ્રશિક્ષિત અનેક કવિઓએ ડિંગલમાં પણ રચનાઓ કરી. હમ્મીરજી રત્નુ, પંચાણ-રાવળ, સુજા દેથા અને ઉદયરામ ડિંગલ સાહિત્યના ઇતિહાસમાં સશક્ત હસ્તાક્ષર ગણાય છે.

સંસ્કૃતમાં અમરસાગરસૂરિ, લાલ કવિ અને મહારાવ ભોજરાજે વિશિષ્ટ કૃતિઓ રચી. ઉર્દૂમાં ચમન શાયર, સિંધીમાં જેરામ ભાગલિયા, ફારસીમાં મુનશી સેવકરામના અનુવાદ અને અંગ્રેજીમાં ખુર્શીદ ખાતમની કવિતાઓ ઉલ્લેખનીય છે. આ રીતે વિવિધ ભાષાઓમાં થયેલા સર્જને સરસ્વતીની પ્રતિમાને નવરંગી દુપટ્ટાથી શણગારી છે.

બીજા પાર્શ્વમાં સાહિત્ય સાથે સંગીત, નૃત્ય, નાટક, ચિત્રકળા અને કાવ્યશાસ્ત્રનો સમાવેશ થાય છે. કચ્છમાં શાસ્ત્રીય તેમજ લોકબન્ને પરંપરાઓ સમૃદ્ધ રહી છે. પિંગળ શાસ્ત્ર સહિત અનેક કાવ્યશાસ્ત્રીય ગ્રંથોની રચના ભુજની કાવ્યશાળાથી જોડાયેલી છે. સંગીતમાં કચ્છની કાફી, બેથ, 'શાહ જો રાગ' અને લોકસંગીતની અનોખી પરંપરા જોવા મળે છે. એવા ઉલ્લેખ પણ પ્રાપ્ત છે કે ઠેઠ ઈરાનમાં કચ્છના સંગીતકારો પહોંચ્યા હતા. અને એમના સંગીતથી ઈરાની સંગીત પણ પ્રભાવિત થયું છે.

લોકસાહિત્યના ક્ષેત્રે ગૌરીશંકર જયશંકર વોરા, કરીમ અલી, રહીમ નાનજીઆણી તથા દુલેરાય કારાણીનાં નામ સુખ્યાત છે. અત્રે કચ્છી લોકસાહિત્યના વૈજ્ઞાનિક અધ્યયનના ક્ષેત્રે શાંતિભાઈ આચાર્યનું પ્રદાન પણ ઉલ્લેખ્ય છે. કચ્છની પોતાની લોક-નાટ્ય અને મનોરંજનની આગવી ઓળખ છે. રબારીઓના ધોર, મેઘવાળોનાં ભજન, ચારણી-કીર્તિન, આહીરોનાં ગીતો, જતોના અલગોજા, કણબીઓની ધૂન, સંઘારોના ગરબા, કોળીઓના રાસ, નવરાત્રીની ગરબી લંઘાઓનું વાદ્ય-કંઠય સંગીત અને મધ્ય યુગીન યોદ્ધાઓને જોમ આપતો સિન્ધુરાગ! આમ કંઠય, વાદ્ય-સંગીત, ભવાઈ, ગદકા અને રામરાંધ વિવિધ પ્રકારે અહીં દૃષ્ટિગોચર થાય છે. ચિત્રકળાના ક્ષેત્રે કચ્છની પોતાની 'કામાંગરી' આગવું સ્થાન ધરાવે છે. આમ આપણે જોયું કે આ બીજા પાર્શ્વમાં સરસ્વતીનું સર્વથા ભિન્ન, મનોહર રૂપ પ્રગટે છે.

ત્રીજા પાર્શ્વથી પ્રતિબિંબિત થતું દૃશ્ય પણ સુખદ છે. ચિંતન અને જ્ઞાન-વિજ્ઞાનના ક્ષેત્રમાં પણ કચ્છ અગ્રેસર રહ્યું છે. પરંપરાગત શાસ્ત્રોની ઉલ્લેખનીય રચનાઓમાં શુકન શાસ્ત્ર (દયાળજી-રત્નસિંહ), જ્યોતિષ જડાવ (હમીરદાન), સામુદ્રિક શાસ્ત્ર (કવિ વિસાજી), જ્યોતિષ રત્નમાળા (કુંભર્ષિ મુનિ) ઉલ્લેખનીય રચનાઓ છે. ઋતુ વિજ્ઞાનમાં ઉન્નડજી રચિત 'મેઘાડમ્બર' એક બાજુ ભડલી-વાક્યની પરંપરા સાથે તો બીજી બાજુ જ્યોતિષની સાથે જોડાયેલ છે. વનસ્પતિ-શાસ્ત્ર વિષયક જયકૃષ્ણ ઈન્દ્રજી અને ગોકુળદાસ બાંભડાઈની કૃતિઓની પ્રતિષ્ઠા છે. ચિંતનના ક્ષેત્રે અનેક સંતોની વાણી અને વિદ્વાનોનાં ચિંતનાત્મક સંભાષણોનું વિશિષ્ટ સ્થાન છે.

આ રીતે વિવિધ ક્ષેત્રોમાં કચ્છી પ્રતિભા ઝળહળતી રહી છે. જાણે મા સરસ્વતીએ કચ્છ પર કૃપા બંને હાથે વરસાવી હોય! ■

---

**સન્ડે ધારાવાહિક**

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




**થીજી ગયેલી પળમાં ફફડતા જીવની રોમાંચક કથા**

બાગ્વેને થયું કે સોલંકી શાણો તો છે જ. પહેલાં ઘરની ઘંટડી વગાડી, પછી ખતરાની ઘંટડી વગાડી. આ અલગ ટાઇપનો બ્લેકમેઇલિંગ છે. દુનિયાની સામે પોતાની ઇમાનદારીનો ઝંડો લહેરાતો રાખવા માગે છે પણ, મોં બંધ રાખવાની સામે અસલી ઇન્જેક્શનો આપવાનો સોદો ખોટો નથી. એ રિલેક્સ થયો. ઊભો થઇને કબાટમાંથી મોટું બોક્સ કાઢીને સોલંકીને આપતાં બોલ્યો:

'અસલીવાલે હૈ.' થોડી ક્ષણો ચૂપ રહ્યો. 'સોલંકી, યે ગંગા ઉપર સે બહ રહી હૈ.'

'સા'બ, ગંગા કિધર સે ભી બહેને દો....હમ અપના હાથ દો લે તે હૈના...'

'ઓર હાં, રસિકભાઈ સે હાય બોલના...યે પહેલા ઐસા ગુજરાતી હોગા જો ઐસી મહામારી મેં પૈસા બનાતા હો. બાકી હમ ગુજરાતી લોગ મોત પે માતમ મનાતે હૈ...પૈસે નહીં બનાતે.' સોલંકીના ફિલ્મી સ્ટાઇલના ડાયલોગથી બાગ્વેની રહીસહી ઊંઘ ઊડી ગઇ.

***************

સોલંકી હોસ્પિટલે જતી વખતે કૌભાંડની ઉપરથી વહેતી મેલી ગંગા વિશે વિચારતો હતો. એને ગળા સુધીની ખાતરી હતી કે રસિકભાઇ જ આ કૌભાંડ પાછળનું મુખ્ય ભેજું છે. એ દવાબજારનો કિંગ છે. સરકારનાં બધાં ટેન્ડરો એના ગજવે ભરાય છે... રાજ્યનું આરોગ્ય ખાતું.... બીએમસીનું આખેઆખું હેલ્થ ડિપાર્ટમેન્ટ એના ઉપલા ખિસ્સામાં છે. એણે પોતાની સાત પેઢીની આર્થિક તંદુરસ્તી અંકે કરી લીધી છે. બાગ્વે કાર્ટેલ શબ્દ બોલેલો. આ કાર્ટેલમાં બાગ્વે અને રસિકભાઈ ઉપરાંત બીજા કોણ હશે?. રાજ્યના હેલ્થ મિનિસ્ટરની રહેમ નજર વિના આ હદનું કૌભાંડ અશક્ય છે. કૌભાંડના સીમાડા નથી હોતા... કોરોનાની જેમ અન્ય રાજ્યોમાં પણ વિસ્તર્યું હશે....એમાં મોટા માથાં સંડોવાયેલા હશે. આ ઇન્જેક્શનો જી. જી. ભોય હોસ્પિટલમાં થોડા લોકોના જીવ બચાવી શકશે, પણ શહેરની અન્ય હોસ્પિટલો-નર્સિંગહોમના દરદીઓનું શું... લાશોના ખડકલાં કરીને રૂપિયાના ઢગલા પર બેસવા માગતા કૌભાંડીઓને જડમૂળથી ઊખેડી નાખવા પડે. નકલી ઇન્જેક્શનનું કૌભાંડ કોરોના કરતા ઓછું જીવલેણ નથી...આ એક એવો વિચિત્ર રોગ છે જેનો હાલમાં એકમાત્ર ઉપાય ઓપરેશન તોસિલિઝુમેબ છે. સોલંકીની કાર હોસ્પિટલને દરવાજે પહોંચી કે તરત જ વોચમેન મિશ્રાએ ગેટ ખોલી નાખ્યો. સોલંકી દોડતો અંદર ગયો....લિફ્ટની રાહ જોયા વિના ત્રીજા માળે આઇસીયુમાં પહોંચ્યો. વોર્ડમાં દાખલ થતાં જ જોયું તો આખાય વોર્ડમાં ઓક્સિજન મશીનોનો એકસામટો તીણો ખોફનાક અવાજ અંધારી ગુફામાં ઉડાઉડ કરતા ચામાચીડિયાઓની ભયાનક ચિચિયારીની જેમ ઘૂમી રહ્યો હતો. એકી સાથે આઠ ઓક્સિજન મશીનોની ભયંકર ચિચિયારી એક ખૂણેથી બીજે ખૂણે અફળાતી હતી. એવું નહોતું કે એણે ઇમર્જન્સી વોર્ડમાં અગાઉ સ્મશાનિયતભર્યો....ગમગીની ઉપજાવતો....થરથરાવતો અવાજ સાંભળ્યો નહતો, પણ આજનો કાળજું ધ્રૂજાવતો શોર કંઇક જુદો હતો. આઠેય બેડ પર એને લાશો નજર આવવા લાગી.....એણે ઝડપથી બોક્સ ખોલીને એક ઇન્જેક્શન ડો. સાળુંખેને આપ્યું. ડો. સાળુંખેએ સચ્ચાઇ પારખવા એની પરનું લખાણ વાંચ્યું. જયમાલાએ નિર્મલનો હાથ પકડ્યો. ડો. સાળુંખેએ ઇન્જેક્શન આપ્યું ત્યારે સોલંકીએ નજર ફેરવી લીધી. એને ઓક્સિજન મશીનોની ભયંકર તીણી ચીસો સંભળાઇ રહી હતી.

ડો. શાહ વોર્ડમાં દાખલ થયા. એમણે એક ઇન્જેક્શન લઇને જોયું. એમની આંખોમાં ખુશી છલકી. સોલંકી સાથે આંખ મળી. પોતે કોરોનાનો અકસીર ઇલાજ ગણાતી સંજીવની લઇને આવ્યો હોવા છતાં એની આંખમાં ઓપરેશન તોસિલિઝુમેબ રમતું હતું. એણે ઓક્સિજનને સહારે ટકી રહેવા મથી રહેતા જીવો પર નજર કરી.

> **ઓક્સિજન મશીનોનો તીણો ખોફનાક અવાજ અંધારી ગુફામાં ઉડાઉડ કરતા ચામાચીડિયાઓની ભયાનક ચિચિયારી સમો ઘૂમી રહ્યો હતો.**

ડો. શાહ બોલ્યા: 'મેડમ, હાઇપોક્સિયાના (ઓક્સિજન લેવલ સતત ચડ-ઉતર થયા કરતું હોય એવા કેસ) બીજા આઠેય દરદીઓને તાત્કાલિક ઇન્જેક્શન આપી દો. ત્રણ દિવસનો કોર્સ...રોજનું એક ઇન્જેક્શન. નિર્મલ પરીખની હાલત જોતાં કદાચ ચાર ઇન્જેક્શનનો કોર્સ કરવો પડશે.'

***************

ડો. સાળુંખે અને જયમાલાએ ડે શિફ્ટ પૂરી થઇ હોવા છતાં આખી રાત વોર્ડમાં રહીને ઇમર્જન્સી ડ્યૂટી કરી હતી. ડો. શાહની સલાહથી ડો. સાળુંખેએ હાઇપોક્સિયાના બીજા દરદીઓને ઇન્જેક્શન આપવાની શરૂઆત કરી. આખી રાત સતત મદદમાં રહેલી જયમાલાની આંખો ઘેરાવા લાગી હતી. ડો. સાળુંખેએ એની ઘેરાતી આંખો જોઇ.

'જયમાલા, તું ઘરે જઇને આરામ કર...હું જોઇ લઉં છું.'

'નહીં મેડમ, આટલું કામ પતાવીને જઇશ.'

'જયમાલા, હું તને કહેતી નથી આદેશ આપું છું... કાઢો પીને ચારેક કલાકની ઊંઘ લઇ લે....જા.' જયમાલા ગઈ. ડો. સાળુંખેએ બીજી નર્સ માટે આસપાસ નજર દોડાવી. એની નજર સંધ્યા પર પડી. બંનેની નજર મળી. એમણે હાથને ઇશારે એને બોલાવી. સંધ્યાએ આઠેય દરદીઓને ઇન્જેક્શન આપવામાં ડો. સાળુંખેની મદદ કરી. સંધ્યાના કાને ઓક્સિજન મશીનનો ખોફનાક શોર પડતો નહતો.

*************

ડો. શાહ અને સોલંકી ઇમર્જન્સી વોર્ડમાંથી બહાર નીકળ્યા. લોબીમાં ચાલતા ચાલતા સોલંકીએ એમને કિસન અને બાગ્વેની વાતથી વાકેફ કર્યા. બંને ચૂપ હતા. આમ તો માણસ ક્યારેય ચૂપ હોતો નથી. એની ચૂપકિદીમાં ય જાત સાથેનો વાર્તાલાપ ચાલતો જ રહે છે. અને એ સંવાદમાંથી જ અંતરાત્માનો અવાજ આવતો હોય છે.

ડો. શાહનું મનોમંથન કદાચ એ વાતનું હતું કે જેમને લોકોના આરોગ્યની વિશેષ ચિંતા હોવી જોઇએ એવા બાગ્વે જેવા....નિર્દોષોના જીવોને જોખમમાં મૂકનારાઓ સામે લડવું પડશે...મહામારી સામે ઝઝુમીને લોકોને બચાવવા પડશે....રાતોરાત અસલી ઇન્જેક્શનો લાવનારા સોલંકીને સલામ છે. કદાચ કૌભાંડનો પર્દાફાશ કરવાના ચક્કરમાં હોસ્પિટલે ઘણુંબધું ગૂમાવવું પડશે, પણ લોકોને બચાવીશું, એમને સાજાસમા ઘરે પાછા મોકલીશું. બંને કેબીનમાં જઇને બેઠા.

'સર, કોરોનાનો અંત ક્યારે આવશે...? તમને આ મહામુસીબતનો અંત દેખાય છે?.' સોલંકીએ અંતરાત્માના અવાજને વાચા આપી.

'સોલંકી, હું ડોક્ટર છું. માનવસેવા કરવાના મેં શપથ લીધા છે. મારી સામે કોઇપણ મહાભયંકર મુશ્કેલી આવે, હું પીછેહઠ નહીં કરું.....છેલ્લા શ્વાસ સુધી લડીશ ને તબીબીસેવા કરીશ, પણ તેં તો કોઇ શપથ લીધા નથી....તું શા માટે અહીંથી જતો નથી રહેતો?.'

'સર, સેવા માટે શપથ લેવાની જરૂર નથી. કોરોનાકાળમાં કેટલાંક લોકો માણસમાંથી ખરાબ માણસ બનવા જઇ રેયલા છે ત્યારે હું સામાન્ય માણસમાંથી સારો માનવી બનવાની ટ્રાય કરું છું.'

'હેલ્થકેરની જવાબદારી જેમના માથા પર છે એ લોકો જ નિર્દોષોના જીવ સાથે ખેલ ખેલે છે... સો સેડ...' ડો. શાહે કહ્યું.

'હું લડીશ મારી ન્યાતના એ કહેવાતા મારા ભાઇ-ભાંડરડા સામે...એ કૌભાંડીઓને પકડાવીને રહીશ. ભગવાન કૃષ્ણએ પણ અર્જુનને આ જ સલાહ આપેલી... સર, મેં વ્યૂહરચના કરી લીધી છે.'

*************

ઝુબૈદા નમાઝ અદા કરીને બારીની બહાર જોતી બેઠી હતી. જાફરભાઈ કુરાન વાંચી રહ્યા હતા, પણ એમનું ધ્યાન ઝુબૈદા પર હતું. ઝુબૈદાને કોનો ઇન્તેજાર હતો એ જાણતા હતા. રોજ ઝુબૈદાનું બારીની બહાર મીટ માંડીને બેસવું એમની જાણ બહાર નહતું. જાફરભાઈ ખુદ ઇન્તેજારમાં રહેતા પણ ઝુબૈદાની જાણ બહાર...એની નજરમાંથી બચતા રહીને. આંખ ભીની થઇ જાય તો એ બાથરૂમમાં જતા રહેતા. ઇન્તેજાર કી ઘડી સબ સે મુશ્કિલ હોતી હૈ.... એવું બબડીને રડી લેતા.

એમણે કુરાન બંધ કરીને આંખે અડાડ્યું. મોબાઇલ કાઢીને સોલંકીને ફોન જોડ્યો.

'હેલો મેં ઇલિયાસ કા અબુ......ઇલિયાસ કી તબિયત કેસી હૈ....' એમણે પૂછ્યું.

'બઢિયા હૈ.....રિકવરી હો રહી હૈ.....આપ બિલકુલ ચિંતા મત કરો....' સોલંકીના શબ્દોથી જાફરભાઈના મૃત શરીરમાં જાણે પ્રાણ ફુંકાયો. એને થયું ખુદાએ ખુદ આવીને ઇલિયાસના સારા સમાચાર આપ્યા.

'શુક્રિયા આપકા બહોત બહોત શુક્રિયા...' ખુશીથી ભરાઇ ગયેલા ગળામાંથી શબ્દો નીકળ્યા.

'સૂનો ઇલિયાસ કી તબિયત અબ ઠીક હો રહી હૈ.....' એમણે ચાલુ ફોને ઝુબૈદાને કહ્યું.

'અલ્લાહ કા શુકર હૈ....' ઝુબૈદાએ જાફરભાઈની સામે જોયું. આ વખતે એમની આંખમાં ઝૂઠ નહતું...નરી સચ્ચાઇ હતી. જાફરભાઈએ ઝુબૈદાની આંખોમાંથી સરી પડેલા અમી ઝરતા શબ્દો વાંચી લીધા.

*************

બીજે દિવસે સવારના પહોરમાં બાગ્વેએ રસિકભાઈને ફોન કરીને મીટિંગ માટે બોલાવ્યા. આમ તો બંને બપોરે બાગ્વેની ઓફિસમાં મળતા, પણ સવારમાં આવેલા ફોનથી રસિકભાઇને જરા ચિંતા થઇ હતી. એમણે સવાર સવારમાં કોલ કરવાનું કારણ પણ પૂછ્યું, પણ બાગ્વેએ વાત ટાળી હતી કેમ કે એ સામસામે બેસીને વાત કરવા માગતા હતા.

રસિકભાઈએ ઓફિસમાં પ્રવેશતા જોયું. બાગ્વે મૂડમાં નહતો.

'ક્યા હુઆ કૂછ પરેશાન લગ રહે હો....?' એમણે બેસતાં જ પૂછ્યું.

'મૈંને કલ રાત ખતરે કી ઘંટી સૂની હૈ.....મૈં આપકો સૂનાતા હું....' કહીને એણે માંડીને વાત કરી. રસિકભાઈના ચહેરા પર આછેરી ચિંતા ઊપસી આવી...નસો તણાઇ...

'વો અપની કાર્ટેલ મેં આ ગયા હૈ એસા લગ તો રહા હૈ. વો બોલા...ચૂપ રહેગા બદલે મેં ઉસકો અસલી ઇન્જેક્શન ચાહિયે.....બંદા ઇમાનદાર હૈના....' બાગ્વે બોલ્યો.

'હર ઇમાનદાર આદમી પહેલે અપની ઇમાનદારી સે સામનેવાલે કો ડરાતા હૈ. ઉસકો અસલી ઇન્જેક્શન દેતે રહો...ઇસ બીચ હમ કૂછ રાસ્તા નિકાલતે હૈ...' રસિકભાઈએ કહ્યું.

'કૌન સા રાસ્તા...?'

'પૈસા આદમી કી સબસે બડી વિકનેસ હૈ. બડા રૂપિયા દિખાયેંગેં...નહીં માના તો નકલી ઇન્જેક્શન કી માલા ઉસ કે હી ગલે મેં ટાંગ દેંગેં. ઉસકો ફસાને કા મેરે પાસ રાસ્તા હૈ.'

*************

કિસને ય સવાર સવારમાં રસિકભાઇને ફોન કર્યો હતો. રસિકભાઇએ ઉપાડ્યો નહીં. બાગ્વેની ઓફિસમાંથી બહાર નીકળીને જોયું તો કિસનના ચાર પાંચ ફોન આવી ગયેલા. એમણે કારમાં બેસીને તરત કોલબેક કર્યો.

'કિસન, સોરી ભઇલા તારા બહુબધા કોલ હતા. બોલ શું હતું?'

'રસિકભાઇ, ઇન્જેક્શનોની પૂછા કરતા બહુ લોકો આવે છે....માલ ચપોચપ ઊપડી જશે. મને પણ કમાવાની તક આપો.'

'આપી તક તને. જોઇએ એટલો માલ આપીશ પણ હમણાં નહીં.....'

'કમાવાની સીઝન છે અત્યારે જ છે...' કિસને કહ્યું.

'હા..હા.. ભઇલા નવો સ્ટોક આવવા દે....પણ બદલામાં તારે મારું એક કામ કરવું પડશે.'

'તમે કહો તે કામ કરીશ.' કિસને કહ્યું.

કિસનને રસિકભાઈનું કામ જાણવું હતું, પણ એણે કોલ કટ કર્યો.

કિસને મોબાઇલનું કોલ રેકોર્ડિંગ ચેક કરીને ફરી ફરી સાંભળ્યું. પછી રેકોર્ડિંગ સોલંકીને મોકલ્યું.

***********

ઇમર્જન્સી વોર્ડમાં ફરજ પરની જ્યોતિ ઇન્જેક્શન અપાયેલા ઓક્સિજન પરના દરદીઓનું ખાસ મોનિટરિંગ કરી રહી હતી. સંધ્યાની નજર પણ દરદીઓ પર સતત ફરી રહી હતી. સંધ્યાએ જ્યોતિને ગૂંગળામણ અનુભવી રહેલા ત્રણ દરદીઓની હાલત બતાવી. જ્યોતિએ જોયું કે ત્રણેય દરદીઓનું ઓક્સિજન લેવલ નીચું જઇ રહ્યું હતું. એણે તાબડતોબ ડો. ત્રિવેદીને બોલાવી લાવવાનો સંધ્યાને ઇશારો કર્યો. એ ડો. ત્રિવેદીને લઇને આવી. એમણે જોયું તો ત્રણેય દરદીઓના શ્વાસ બંધ થઇ ગયા હતા.

(ક્રમશઃ) ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# લગ્ન પર એક્સપાયરી ડેટ: ખતરનાક વિચાર કે ઈમાનદાર સત્ય?



અભિનેત્રી કાજોલે તાજેતરમાં ‘લગ્નમાં રીન્યૂઅલનો વિકલ્પ અને એક્સપાયરી ડેટ હોવી જોઈએ’ એવું કહીને સોશ્યલ મીડિયા અને પોપ-કલ્ચરમાં એક એવી ચર્ચાને જન્મ આપ્યો છે, જે ભારતનો સમાજ લાંબા સમયથી અનુભવી રહ્યો હતો, પણ બોલતાં અચકાતો હતો. ‘લગ્નની એક્સપાયરી ડેટ હોવી જોઈએ’ તેવું વિધાન જેટલું ઉશ્કેરણીજનક લાગે છે એટલું જ તે આપણા બદલાતા સંબંધો, બદલાતાં મૂલ્યો અને લગ્ન-સંસ્થાની બદલાતી વ્યાખ્યાને પણ સામે લાવે છે.

અહીં દિલચસ્પ બાબત એ છે કે કાજોલ લગભગ ત્રણ દાયકાથી એક સ્થિર અને સફળ લગ્નમાં છે એટલે તેનું આ નિવેદન કોઈ અંગત અસંતોષનો સંકેત નથી, પરંતુ આજના યુગમાં સંબંધોની મનોવૈજ્ઞાનિક સચ્ચાઈ પર આધારિત એક ટિપ્પણી છે. મુદ્દો એ નથી કે તેની વાત ‘સાચી’ છે કે ‘ખોટી,’ પ્રશ્ન એ છે કે શું સમાજનાં એ થર- જે સદીઓથી લગ્નને સ્થાયિત્વ અને પવિત્રતાના પ્રતીક તરીકે જુવે છે- તે હવે એ પરિવર્તનોને સ્વીકારવા સક્ષમ છે જેમાંથી નવી પેઢી પસાર થઇ રહી છે?

લગ્નની મૂળ કલ્પના સ્થાયિત્વ પર આધારિત હતી- એક એવું બંધન જે આજીવન નિભાવાનું હોય, પછી ભલે પરિસ્થિતિ ગમે તેવી હોય. આવાં લગ્નોનો આ વિચાર તે સમયનો હતો જ્યારે પરિવાર આર્થિક વ્યવસ્થાનો હતો, જ્યારે સ્ત્રી-પુરુષ બંનેની ભૂમિકા નક્કી હતી અને જ્યારે સામાજિક સ્વીકૃતિ વ્યક્તિના અસ્તિત્વનો મુખ્ય આધાર હતી, પરંતુ આધુનિક સમયમાં માત્ર સામાજિક માળખાં જ બદલાયા નથી, વ્યક્તિની આશાઓ, સ્વતંત્રતા, ભાવનાત્મક જરૂરિયાતો અને સંબંધોની વ્યાખ્યા પણ બદલાઈ છે. તેવા સમયે આ પ્રશ્ન ઊઠવો સ્વાભાવિક છે કે જીવનભરની ગેરંટી આપતું આ મોડેલ હવે એટલું અસરકારક છે જેટલું અગાઉ હતું?

આ સંદર્ભમાં કાજોલનું નિવેદન એક પ્રતીક તરીકે ઊભરે છે- એવું કહેવા માટે કે આજના સમયમાં સંબંધો આદતથી નહીં, ઈચ્છાથી ચાલે છે; બાંધછોડથી નહીં, પરસ્પર સન્માન અને ભાવનાત્મક સહયોગથી ચાલે છે; સમાજના હિત માટે નહીં, પ્રેમ માટે ચાલે છે.

એક્સપાયરી ડેટનો વિચાર પહેલી નજરમાં કદાચ લગ્નની અસ્થિરતા વધારતો લાગે, પરંતુ તેની પાછળનો વિચાર એ છે કે સંબંધોને ઓટોમેટિક અજરામર માનવામાં ન આવવા જોઈએ. સંબંધ ત્યારે જ ટકી રહે છે જ્યારે બંને વ્યક્તિ તેને રોજેરોજ, ઈમાનદારી અને બરાબરીથી નિભાવે. જો સંબંધમાં સંવાદ, સંગતિ અને સન્માન ખતમ થઈ જાય તો માત્ર સમાજની શરમે અથવા દબાણથી તેને વેંઢારી રાખવો તે વ્યક્તિ અને પરિવાર માટે હાનિકારક બની શકે છે.

અનેક દેશમાં ‘રીન્યૂએબલ મેરેજ કોન્ટ્રાક્ટ’ની ચર્ચા સમય-સમય પર થતી રહી છે. તેમાં નિશ્ચિત વર્ષો બાદ બંને સાથીદાર એ નક્કી કરી શકે કે એ બન્ને આગળ સાથે રહેવા માગે છે કે નહીં. આ વિચાર એટલા માટે પણ લોકપ્રિય થઈ રહ્યો છે, કારણ કે તે લોકોને સંબંધમાં રહેવા માટે નબળા બનાવતો નથી પરંતુ તેમને એ વિકલ્પ આપે છે કે એ પોતાની ખુશી અને માનસિક શાંતિ પ્રમાણે નિર્ણય કરી શકે.

એ વાત પણ મહત્ત્વપૂર્ણ છે કે આજે છૂટાછેડા લેવા તે એટલું મોટું કલંક નથી જેટલું અગાઉ હતું. આજે લોકો બહેતર જીવન અને બહેતર માનસિક સ્વાસ્થ્ય માટે સંબંધોમાં પરિવર્તનોને સ્વીકારતા થઈ રહ્યાં છે. તેમ છતાં, સામાજિક

શરમ કે દબાવના કારણે ઘણા લોકો એવા સંબંધોમાં પણ બંધાયેલા રહે છે, જ્યાં ન પ્રેમ છે, ન માન કે ન મનમેળ. તેવા સમયે ‘એક્સપાયરી’ અથવા ‘રીન્યૂઅલ’નો વિચાર તેમને માનસિક સ્વાતંત્ર્ય આપે છે- એવા ભાવ સાથે કે સંબંધનો અંત થવો કોઈની નિષ્ફળતા નથી, પણ બે વ્યક્તિઓના વિકાસની અલગ-અલગ મંજિલોનું પરિણામ છે.



સાથે એ પણ એટલું જ સાચું છે કે લગ્ન માત્ર બે લોકોનો ખાનગી કરાર નથી હોતા; તેમાં પરિવાર, સામાજિક જવાબદારીઓ, આર્થિક વ્યવસ્થાઓ અને બાળકોનું ભવિષ્ય પણ સામેલ હોય છે. એક્સપાયરીના મોડેલને મૂળમાં લાગુ કરવું ભારતીય સામાજિક પરિપ્રેક્ષ્યમાં હજી મુશ્કેલ છે કારણ કે અહીં સંબંધો માત્ર બે વ્યક્તિની ભાવનાઓ આધારિત નથી હોતા- તે સામાજિક મૂલ્યો પર પણ ટકેલાં હોય છે.

આ ચર્ચામાં એક બીજું પાસું પણ છે; પ્રતિબદ્ધતાનું મહત્ત્વ. લાંબી આવરદાવાળા સંબંધો સરળતાથી નથી બનતા. તે ઉતારચઢાવ, જતું કરવાની ભાવના અને જાતને સુધારવાની તકોમાંથી પસાર થાય છે. આવા સંબંધો ઊંડા એટલા માટે થાય છે, કારણ કે લોકો મુશ્કેલીઓથી ભાગતા નથી, પરંતુ સહકાર સાધીને તેનો સામનો કરે છે. એક્સપાયરી ડેટનો વિચાર ક્યારેક આ ઊંડાણને પણ તકલાદી બનાવી શકે છે, કારણ કે તે એક મનોવૈજ્ઞાનિક છીંડું બને છે- એક એવું છીંડું જેના કારણે વ્યક્તિ દરેક સમસ્યા પર એવું વિચારવા લાગે છે કે ‘જો ન ચાલ્યું તો છૂટા થઇ જઈશું.’ સંબંધો સરળતાથી સમાપ્ત થઈ શકે તો લોકો તેની પાછળ એટલી મહેનત ન કરે તેવું પણ બને. આ એક વાસ્તવિક ચિંતાનો મુદ્દો છે અને તેને અવગણી ન શકાય.

જોકે તેનાથી ઊલટું પાસું પણ એટલું જ સાચું છે. ઘણા સંબંધો તો એટલા માટે જ તૂટી જાય છે, કારણ કે લોકો શરૂઆતથી જ એવું મન બનાવી લે છે કે લગ્ન થઇ ગયાં છે એટલે હવે ગંગા નાહ્યા- હવે તો આ કાયમ ચાલશે. એવી માનસિકતાના કારણે તેઓ લગ્નને સ્વસ્થ રાખવા માટે મહેનત નથી કરતા, સંવાદ અને સહકાર ઘટી જાય છે અને સંબંધ ફક્ત ઔપચારિક બનીને રહી જાય છે.

એટલે કાજોલના બયાનને એક ચેતવણીની જેમ પણ જોઈ શકાય છે કે કોઈપણ સંબંધ સ્વયં ટકાઉ નથી હોતો. તેને જીવંત રાખવો તે એક સતત ચાલતી પ્રક્રિયા છે- આ એક એવો નિર્ણય છે જે ફેરા ફરવાની તારીખ પૂરતો મર્યાદિત નથી હોતો,પણ રોજ સવારે ઊઠતી વખતે અને રોજ રાતે સૂતી વખતે રીન્યૂ કરવો પડતો હોય છે.

લગ્નો સપ્તપદીનાં વચનોની નીપજ નથી, તે દૈનિક ક્રિયા છે.

એક્સપાયરી ડેટનો વિચાર સમાજનાં કઠોર બંધનોના વિરોધમાં નથી, પરંતુ સંબંધોની ગુણવત્તાના સમર્થનમાં છે. તે કહે છે કે વિવાહને પવિત્ર અથવા સ્થાયી માનવો ખોટો નથી, તેને અનિવાર્ય માનવો ખોટું છે. સંબંધો સફળ ત્યારે થાય છે જ્યારે તેમાં સ્વતંત્રતા, સન્માન અને વાસ્તવિક ભાવનાઓ હોય. અને જો આ ચીજો ખતમ થઇ જાય, તો સમાજે એવી વ્યવસ્થા કરવી જોઈએ જ્યાં લોકો અપરાધબોધ વગર પોતાના જીવન વિશે વિચાર અને નિર્ણય કરી શકે.

લગ્ન પર એક્સપાયરી ડેટનું સ્ટીકર એક પ્રતીક છે- તે આપણને યાદ અપાવે છે કે સંબંધોને નિભાવવાનો નિર્ણય કોઈ ફરજનું પરિણામ ન હોવું જોઈએ પરંતુ તે એક એવો સ્વૈચ્છિક વિકલ્પ હોવો જોઈએ જેને બે લોકો દરરોજ ફરી ફરી પસંદ કરવા ઇચ્છે.

આમ એક્સપાયરી ડેટને સનસનાટી તરીકે ન જોવું જોઈએ. આ વિચાર આપણી માનસિકતાને પડકારે છે અને એ સવાલ કરવા માટે મજબૂર કરે છે કે શું આપણે લગ્નને એક સંસ્થા તરીકે આધુનિક વાસ્તવિકતાઓ સાથે સુસંગત બનાવી શક્યા છીએ? તે આપણને એ વિચારવા માટે વિવશ કરે છે કે સંબંધોની સફળતાનો માપદંડ સમય નથી, પરંતુ ગુણવત્તા હોવી જોઈએ. અને આ જ વાત તે વિચારને પ્રાસંગિક બનાવે છે. એક્સપાયરી ડેટનો વિચાર સાચો કે ખોટો તે નક્કી કરવાનું તો બહુ આસાન છે, પણ તેની પાછળ જે મુદ્દાઓ છુપાયેલા છે તે નિશ્ચિતપણે આજના સમાજ માટે બહુ જરૂરી છે. ■




જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# ટેકનોલોજીની ક્ષમતા બની શકે છે ઈન્વેસ્ટરોની શક્તિ

## ટેકનોલોજીને આધારે રોકાણકારો સતત માહિતગાર રહેવા ઉપરાંત પોતાના રક્ષણકાર પણ બની શકે

શેરબજાર પર રોકાણકાર ખરીદી કે વેચાણનો સોદો કરે તેની માહિતી એસએમએસ મારફત તેને (રોકાણકારને) આપવાની ભૂમિકા સ્ટોક એકસચેંજ ભજવે છે, જેથી કોઈ શેરદલાલ કે મધ્યસ્થી રોકાણકારના શેર્સ સાથે કોઈપણ પ્રકારના ચેડાં કરી શકે નહીં, અમુક વરસ પૂર્વે ચોક્કસ ગરબડના કિસ્સાઓ બાદ ‘સેબી’ (સિકયોરિટીઝ એન્ડ એકસચેંજ બોર્ડ ઓફ ઈન્ડિયા) એ આ આદેશ આપીને સમગ્ર મૂડીબજારને એક સંદેશ આપી દીધો હતો કે ટેકનોલોજીના માધ્યમથી રોકાણકારોને માહિતગાર તો બનાવી શકાય જ છે, પરંતુ સાથે સાથે પોતાના હિતોના રક્ષણકાર પણ બનાવી શકાય છે.

ફાઈનાન્શિયલ (નાણાકીય)વ્યવહારોમાં ટેકનોલોજી ટકોરાબંધ કામ કરવા લાગી છે. રોકાણકાર વર્ગને સતત માહિતગાર રાખવા ઉપરાંત ટેકનોલોજી તેમના રોકાણની કાળજી કઈ રીતે લેવી તેની સલાહ સૂચન પણ રોકાણકારોને આપતી રહી છે. ટેકનોલોજીને મુશ્કેલ કે મોંઘી માનીને તેનાથી દૂર રહેવાને બદલે ટેકનોલોજીને અપનાવવાનો અને તેના લાભ ઊઠાવવાનો સમય છે, હવે પછી તેની ઉપેક્ષા કરનારાઓએ ભવિષ્યમાં પસ્તાવાનો વારો આવી શકે છે. ટેકનોલોજીના લાભોની ઝલક જોઈએ.

### ડિમેટ એકાઉન્ટ પર સતત નજર

શેરબજારમાં રોકાણ કરનાર દરેક રોકાણકારનું ડિમેટ એકાઉન્ટ હોય છે. આ ડિમેટ એકાઉન્ટમાં તેમના શેરો પડયા હોય છે, જેમ તમે શેર ખરીદો તે એકાઉન્ટમાં શેર જમા થાય, તમે વેચો કે એ એકાઉન્ટમાંથી શેરો બહાર જાય. આ લે-વેચ તમે રોજ કરો કે ક્યારેક કરો, શેરની આવન- જાવન ચાલુ રહે છે, જેથી તમારે આ એકાઉન્ટ પર સતત નજર રાખવી જરૂરી બને છે. મોટાભાગના એકાઉન્ટમાં રોકાણકારે આ ડિમેટ એકાઉન્ટ માટે પોતાના શેરદલાલને પાવર ઓફ એટર્ની પણ આપી હોય છે, જે હાલનાં સમયમાં જરૂરી પણ છે, પરંતુ દલાલ કે તેનો સ્ટાફ એ તમારા એકાઉન્ટનો પોતાના કામ માટે ઉપયોગ તો નથી કરી રહ્યો એની ખાતરી કઈ રીતે મળે? ધારો કે તમે લાંબા ગાળાના રોકાણકાર છો, તમારા એકાઉન્ટમાં ઘણાં શેરો પડયા છે, જેને તમે ઓછામાં ઓછાં ત્રણ- ચાર વરસ વેચવા માગતા નથી, તેથી તમે એને રહેવા દીધા છે, પણ જો દલાલ કે તેનો સ્ટાફ તમારું ધ્યાન નથી એમ માની એ શેરોનો પોતાના લાભમાં ઉપયોગ કરી લે તો? અથવા તેમાં પોતે જ લે-વેચ કરતો રહે તો તમને શું ખબર પડે? એ તમારા શેરો પડાવી જવાનો ઈરાદો ધરાવતો ન હોય એવું બની શકે, કિંતુ ક્યારેક તે પોતે જ ફસાઇ ગયો તો તમારા એકાઉન્ટનો દુરુપયોગ કરી શકે. જેમાં આખરે નુકસાન તો તમને જ થશે! યાદ રહે, તમારું ડિમેટ એકાઉન્ટ એ તમારી રોકડ છે, જેના પર તમારું ધ્યાન હોવું જ જોઈએ. ડિપોઝિટરી તમને તમારા ડિમેટ એકાઉન્ટ પર સતત નિરીક્ષણ રાખવામાં ટેકનોલોજીકલ સહાય કરે છે. તમે તમારું ડિમેટ એકાઉન્ટ તમારા યુઝર આઈડી અને પાસવર્ડ મારફત ચાહો ત્યારે જોઈ શકો છો. જેથી તેમાં કોઈપણ ફેરફાર દેખાય તો તમે તુરંત એકશન લઈ શકો છો. એટલું જ નહીં, તમે તેમાં પોતાની મેળે પણ શેરના વ્યવહાર કરી શકો છો.

### સોદાનું વેરિફિકેશન પણ સંભવ

આ ઉપરાંત શેરદલાલ કે ડિપી (ડિપોઝિટરી પાર્ટીસિપન્ટ) તમને એસએમએસ મારફત પણ તમારા એકાઉન્ટમાં શેરની થતી ડેબિટ કે ક્રેડિટની માહિતી આપતા રહે છે. વાત અહીં પણ પૂરી થઈ જતી નથી, ટેક્નોલોજીની કમાલ એ પણ છે કે રોકાણકાર સોદો કર્યા બાદ દિવસને અંતે એ સોદો શેરબજાર પર થયો છે કે નહીં તેની ખાતરી મેળવવા શેરબજારની વેબસાઈટની મુલાકાત લઈ ટ્રેડ વેરિફિકેશન વિભાગમાં પોતાના સોદાની વિગત ભરીને એ સોદાના અમલની ખાતરી પણ મેળવી શકે. અગાઉ અમુક લેભાગુ શેરદલાલએ રોકાણકારોના સોદાના ઓર્ડર લીધા હતા, પણ સોદા કર્યા નહોતા, આમ સોદા વિના જ તેની છેતરપિંડી કરી હોવાના કિસ્સા બન્યા હતા. એ પછી સેબીએ એકસચેંજને આવી સુવિધા ઊભી કરવાની ફરજ પાડી હતી. નાણાકીય વ્યવહારોમાં હવે રોકાણકારો પોતે જ સીધા સોદા કરી લે એવી સુવિધા પણ કોમન થઈ ગઈ છે, જેમાં તે અગાઉ મધ્યસ્થી-બ્રોકર પર નિર્ભર રહેતા હતા. દાખલા તરીકે રોકાણકાર હવે ઈન્ટરનેટ મારફત શેરબજાર પર સીધા સોદા પણ કરી શકે છે, હવે તો મોબાઈલ મારફત પણ શેર સોદા થઈ શકે છે, જે કામકાજના કલાકો દરમિયાન ગમે ત્યારે થઈ શકે છે.

### મ્યુચ્યુઅલ ફંડની યોજનાઓને પણ લાભ

ઈન્ટરનેટ કે મોબાઈલની ટેકનોલોજીના આ લાભ માત્ર શેરસોદા પૂરતા સિમિત નથી. એ મ્યુચ્અલ ફંડની યોજનાઓના યુનિટસની ખરીદી કે રિડમ્પશન (વેચાણ) માટે પણ ઉપયોગી બને છે. આ માર્ગે પણ રોકાણકાર મધ્યસ્થીની સેવા વિના પોતે જ પોતાનું કામ પાર પાડી શકે છે.

ટેક્નોલોજીના પરિણામે નાણાકીય વ્યવહારોમાં ઝડપ વધી છે એ તો ખરું, કિંતુ સાથે સાથે પારદર્શકતા પણ વધી છે. નિષ્ણાતોના શબ્દોમાં કહીએ તો ટેકનોલોજીને લીધે રોકાણકારો વધુ (એમ્પાવર્ડ )સક્ષમ અને સ્વનિર્ભર બની શકે છે. અહીં એ નોંધવું મહત્ત્વનું છે કે રોકાણકાર માટે અહીં વર્ણવેલી ટેકનોલોજીનો ઉપયોગ અઘરો પણ નથી અને મોંઘેરો પણ નથી. સ્ટોક એકસચેંજ આ મામલે રોકાણકારોને પોષણક્ષમ બને એવી સવલત પણ ધરાવે છે અને આગામી દિવસોમાં શેરબજારો વચ્ચેની હરીફાઈમાં ટેક્નોલોજીનો ઉપયોગ -સુવિધા વધવાના છે, જેનો મહતમ લાભ રોકાણકાર વર્ગ અને માર્કેટને થશે એવી આશા ચોકકસ રાખી શકાય. ટેકનોલોજીના વિશ્વમાં હજી તો ઘણાં પરિવર્તન આવતા રહેશે, જેના લાભની સાથે સંભવિત જોખમોને પણ ઓળખવા-સમજવા જોઈશે. તેની ચર્ચા ફરી કયારેક કરીશું... ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# હાં, સચમુચ યહાં મરના મના હૈ!







જન્મ અને મરણ કુદરતનું ચક છે. મોત નિશ્ચિત છે. એની સામે કોઈનું રતિભર ઊપજતું નથી. મોટાભાગના ઉંમર વધવાની પ્રક્રિયામાં મરણને શરણ થાય તો અમુક ગંભીર માંદગી કે અકસ્માતના શિકાર થઈ જાય. એટલે ક્યાંય મરવાની મનાઇ હોય એવું સાચું લાગે? ના.

સોરી, તમે ખોટા છો કારણકે અજાણ છો. માત્ર એક જ નહિ, કેટલાંક સ્થળે મરવાની મનાઇ છે! આ તે વળી કેવો પ્રતિબંધ ને શા માટે આવો વિચિત્ર કાયદો?

ભલે માનવામાં ન આવે પણ નોર્વેના સ્પિટ્સબર્ગેન દ્વીપસમૂહ સ્થિત શહેર લોન્ગઈયરબ્યેન (Longyearbyen)માં આવો નિયમ લાંબા સયયથી અમલમાં છે. આની પાછળ કોઈ ભૂત-કથા કે અંધશ્રદ્ધા જવાબદાર નથી. તો કેવાં છે કારણ? સંપૂર્ણપણે વૈજ્ઞાનિક અને પર્યાવરણીય કારણો છે. લગભગ ૭૦ વર્ષથી આ નિયમ અસ્તિત્વમાં છે. એટલું જ નહિ, અને તેનું ચુસ્તપણે પાલન થાય છે. આ કાયદાએ નાનકડા શહેરને દુનિયાભરમાં કૌતુકનું કેન્દ્ર બનાવ્યું છે.

સ્વાભાવિક છે કે અહીં મરવા પર પ્રતિબંધ છે પણ કોઈ અમરપટ્ટો લખાવીને તો આવતા નથી. આ શહેરમાં માનવીના મરવા પર પ્રતિબંધ હોવાથી મરણોન્મુખ ગંભીર દર્દીઓને શહેર બહાર મોકલવામાં આવે છે. આટલું જ નહિ પાળેલા જાનવરને પણ મરવાની મંજૂરી નથી.

લોન્ગઈયરબ્યેન શહેરની વસતી માંડ ૨,૪૦૦ જેટલી છે. પરંતુ આ સૌ માટે આબોહવા- પરિસ્થિતિ ભારે પડકારૂપ છે. આ શહેર ઉત્તર ધ્રુવથી એકદમ પાસે હોવાથી આખું વર્ષભર આકરી-અસહ્ય ઠંડી રહે છે. ક્યારેક તો તાપમાન -૨૦ ડિગ્રી સેલ્સિયસથી નીચે પહોંચ્યું હોય. આ ઠંડી જ અહિંના વિચિત્ર નિયમનું પાયાનું મૂળ છે. આથી જો કોઈ વ્યક્તિ ઉંમરને લીધે કે ગંભીર બીમારીથી આખરી શ્વાસ લેવાનું શરૂ કરે એ સાથે તેને તરત નોર્વેના મુખ્ય ભૂભાગ પર મોકલી દેવામાં આવે છે. આ રીતે એ ત્યાં મરણ પામે અને દફન થઈ શકે.

મોટેભાગે માણસોને અંતિમ શ્વાસ કુટુંબીજનો સમક્ષ અને પોતીકી ધરતી પર લેવાનું ગમે. તો લોન્ગઈયરબ્યેન શહેરમાં કેમ મરવાની છૂટ નથી. અત્યંત ઠંડા હવામાનને લીધે અહીં પર્માફ્રોસ્ટની સમસ્યા છે.

આ વિસ્તાર પર્માફ્રોસ્ટ ક્ષેત્રમાં આવે છે. આ પર્માફ્રોસ્ટ વળી કઈ બલા છે? પર્માફ્રોસ્ટ એટલે એવી કોઈપણ માટી અથવા ખડક જે સમગ્ર વર્ષ દરમિયાન સ્થિર (૩૨ F થી નીચે) રહે છે. માટીને પરમાફ્રોસ્ટ ગણવામાં આવે તે માટે, તેને ઓછામાં ઓછા સતત બે વર્ષ કે તેથી વધુ સમય માટે સ્થિર કરવું આવશ્યક છે. પર્માફ્રોસ્ટ ઠંડા વાતાવરણમાં જોવા મળે છે જ્યાં સરેરાશ વાર્ષિક તાપમાન પાણીના ઠંડાં બિંદુ કરતાં ઓછું હોય છે. પર્માફ્રોસ્ટ એટલે એવી જમીન, જે આખું વર્ષ જામેલી રહે છે અને ક્યારેય પીગળતી નથી.

આવા સંજોગોમાં ભારે ઠંડીના કારણે જમીનમાં દફનાયેલા મૃતદેહો સડતા નથી કારણકે તાપમાન એટલું ઓછું રહે છે કે બેક્ટેરિયા અને અન્ય સૂક્ષ્મજીવો સક્રિય થઈ શકતા નથી.

વૈજ્ઞાનિક રીતે સાબિત થયેલું છે કે જો મૃતદેહો સડતા ન હોય, તો તેમાં દાયકાઓ કે સદીઓ જૂના વાઈરસ અને બેક્ટેરિયા સુરક્ષિત રહી શકે છે. ભવિષ્યમાં આ જમીન પીગળે, તો આ પ્રાચીન રોગણું( પેથોજેન્સ- Pathogens) બહાર આવીને વર્તમાન વસતીને સંક્રમિત કરી શકે છે. આના પ્રતાપે રોગચાળા જેવાં આરોગ્ય સંકટ ઊભું થઈ શકે.

અહીંના કબ્રસ્તાન બંધ કરવાનો ઐતિહાસિક નિર્ણય ૧૯૫૦માં લેવાયો હતો.

સત્તાવાળાઓના ધ્યાનમાં આવ્યું કે શહેરના નાના કબ્રસ્તાનમાં દફનાયેલા મૃતદેહો કુદરતી રીતે સડી રહ્યા નથી. અગાઉ વૈજ્ઞાનિકોએ ૧૯૧૮માં મૃત્યુ પામેલા એક વ્યક્તિના મૃતદેહમાંથી ઇન્ફલુએન્ઝા વાયરસના નમૂનાઓ મેળવ્યા હતા. આ શોધથી સાબિત થયું કે મૃતદેહોમાં ઘાતક વાયરસ લાંબા સમય સુધી સુરક્ષિત રહી શકે છે. આથી સ્થાનિક કબ્રસ્તાનને સત્તાવાર રીતે કાયમી રીતે બંધ કરી દેવામાં આવ્યું અને શહેરમાં કોઈને પણ ન દફનાવવાનો ઐતિહાસિક એવો નિયમ અમલમાં મુકાયો હતો. પછી ગંભીર રીતે બીમાર કે ઘાયલને તરત જ એર એમ્બ્યુલન્સ દ્વારા નોર્વેના મુખ્ય ભૂભાગ પર આવેલી હોસ્પિટલમાં ખસેડવામાં આવે છે.

આ નિયમના કારણે શહેરમાં જન્મ અને મૃત્યુ બંનેની સંખ્યા લગભગ શૂન્ય છે. ગર્ભવતી મહિલાઓને પણ પ્રસૂતિ માટે મુખ્ય ભૂભાગ પર મોકલવામાં આવે છે.

નોર્વેના લોન્ગઈયરબ્યેન ઉપરાંત અમુક શહેરોમાં પણ મૃતકોને દફનાવવા પર પ્રતિબંધ છે. અહીં કારણ હવામાન નથી. જાપાનના ઇત્સુકુશિમા અને ઇટાલીના વલ્સેસિયા, ફાલ્સિયાનો ડેલ માસિકો જેવાં કેટલાંક શહેરોમાં કબ્રસ્તાન ભરાઈ જવાથી અથવા પવિત્રતાના કારણોસર આવા અસ્થાયી પ્રતિબંધો મૂકવામાં આવ્યા હતા.

જાપાનમાં ઇત્સુકુશિમા એક પવિત્ર દ્વીપ છે, જ્યાં ૧૮૬૮ સુધી જન્મ અને મૃત્યુ બંને પર પ્રતિબંધ હતો. આજેય અહીં કોઈ હોસ્પિટલ કે કબ્રસ્તાન નથી, જેથી આ સ્થળ ‘અશુદ્ધ’ ન થાય. ઇટાલીનાં કેટલાંક શહેરોમાં કબ્રસ્તાન ભરાઈ જવાથી મેયરોએ નવા કબ્રસ્તાન બન્યા ત્યાં સુધી અસ્થાયી રીતે મૃત્યુ પર પ્રતિબંધ જાહેર કર્યો હતો.

આવો જ કંઈક સીનારિયો ફ્રાન્સના કૂગ્નૂ (Cougnoux) અને લે લાવાન્ડૂ (Le Lavandou)માં છે. અહીં કબ્રસ્તાનની અછતને કારણે આવા પ્રતિબંધો લાગુ કરવામાં આવ્યા હતા.

આમ તો કલ્પના ન કરી શકાય કે દુનિયામાં ક્યાંય મરવાની મનાઈ હોય? પણ એ હકીકત હોવાનું આપણે જાણ્યું. ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# હૃદયમાં એવી રમે છે આશા, ફરીથી એવી બહાર આવે તમારી આંખે શરાબ છલકે, અમારી આંખે ખુમાર આવે

આપણે ગઝલકાર કવિઓના જીવન કવનની વિગતે ગોઠડી માંડીએ છીએ. ગઝલના અવતરણથી શરૂ થયેલી પરંપરાગત ગઝલોના સર્જકોની વાત લગભગ પૂરી થઇ રહી છે. હવે આધુનિક ગઝલકારો અને તેના નિતનવીન સર્જનોની વાત શરૂ થશે. ઉર્દૂમાં ગઝલ છેલ્લાં નવસો વર્ષથી લખાય છે. હિન્દીમાં ગઝલ પ્રકાર ઘણા વખતથી ખેડાય છે જેને દુષ્યન્તકુમારે નવી ઓળખ આપી. ગુજરાતી ગઝલ લગભગ ૧૫૦ વર્ષથી સાચા સ્વરૂપમાં લખાઇ રહી છે, ત્યારે બીજા ગઝલ સર્જકોની વાત કરતાં પહેલા કાવ્ય પ્રકાર તરીકે ગઝલના મૂળ અને કુળની વાત કરીએ કરીને આ પ્રકારની સાથે ઓળખાણ કરીએ.




આપણે ગઝલનો ઇતિહાસ સમજવો છે, પણ તારીખોના ભાર વગરનો કે કોઇ નિશ્ચિતક્રમ વિનાનો. જે રીતે સ્મૃતિમાંથી આકારાય છે એ જ રીતે ફક્ત ગુજરાતી સાહિત્યની અને ગઝલ સાહિત્યની વાત કરીએ. ગુજરાતી કવિતા સાહિત્યમાં કેટલાંક નવાં નવાં કાવ્ય સ્વરૂપો આવ્યાં, તેમાંથી કેટલાંક સ્થિર થયાં, કેટલાંક પૂરતા પ્રમાણમાં સ્થિર ન થઇ શક્યાં તો કેટલાંક સમયના પ્રવાહમાં વહી ગયાં.

ગુજરાતીમાં અન્ય ભારતીય ભાષાઓના કાવ્ય પ્રકારો તો આવ્યા પણ અન્ય દેશોના કાવ્ય પ્રકારોનો ઉદ્ભવ થયો. જેમ કે સૉનેટ, હાઇકુ, સરરિયલ, ત્રિક, તાન્કા અને ટ્રાયો જેવા કાવ્ય પ્રકારોને આપણે અપનાવ્યા. અરબી-ફારસી કાવ્ય પ્રકાર ઉર્દૂ મારફતે ગુજરાતીમાં ગઝલસ્વરૂપે આવ્યો. અને એવી માવજત મળી કે ગઝલ ગુજરાતણ બની ગઇ. ઉર્દૂ ગઝલ કરતાં પણ ઝડપથી વિકસેલી ગુજરાતી ગઝલે પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે. આવી જ રીતે સૉનેટ અને હાઇકુ પણ વિકાસ પામ્યા છે.

સૉનેટ મૂળ તો ઇટલીનું કાવ્યસ્વરૂપ. એ અંગ્રેજી મારફત આપણે ત્યાં સવિશેષ પ્રચલિત થયું. સૉનેટને આપણે ત્યાં લાવવાનો યશ બળવંતરાય ઠાકોરને જાય છે. એ જ સમયગાળામાં મરાઠીમાં કેશવ સુત અને બંગાળીમાં માઇકલ મધુસુદન દત્ત સૉનેટ લઇ આવ્યા. હાઇકુ જપાનીઝ કાવ્યપ્રકાર છે. જેને કવિ સ્નેહરશ્મિએ પ્રચલિત કર્યો.

ગઝલ આપણે ત્યાં આવી. આજે પણ ગઝલનું બાહ્ય માળખું અને છંદ ફારસી-અરબીમાંથી આવેલા છે તે જ છે. શરૂઆતની ગઝલની વાત કરીએ. બહુ ઓછાને ખબર હશે કે રસિક ગરબીઓના ગાયક દયારામે રેખતા-ગઝલો આપી છે. દયારામ વ્રજભાષાના અભ્યાસી હતા. એમણે આ ભાષામાં ઉત્તમ સર્જનો આપ્યાં છે. એટલે રેખતા- ગઝલની અસર એમની કવિતા ઉપર થાય તેમાં કશું અજુગતું નથી. દા.ત.

**લગી હય યાદ પ્રીતમ કી**
**તલફ કે જીયા જાયેગા**
**મુજ હી સે કહો સેયાં મોરી**
**મેરા જાની કબ આયેગા ?**

કવિશ્રી દયારામે પ્રાસની સભાનતા સાથે રેખતા આ રીતે આપ્યા છે.

એક ખૂબસૂરત, ગભરુ, ગુલઝાર સાંવલા
તઅરીફ ક્યા કરું? હય સબ બસ્તમેં ભલા

ગઝલનો જન્મ કસીદામાંથી થયો. કસીદા એટલે પ્રશસ્તિ કાવ્ય. રાજા-મહારાજાના યુગમાં આ કાવ્ય-પ્રકારનો વિશેષ પ્રમાણમાં ઉપયોગ થતો હતો.

કસીદાની રચના ત્રણ ભાગે થાય છે. પ્રથમ ભાગને તશ્બીબ કહેવામાં આવે છે. બીજા ભાગમાં પ્રશંસા (મદહ) અને છેલ્લે 'દુઆ' આવે છે. ઇશિક્યા કસીદામાં પ્રેમ, વિરહ, મિલન વગેરેનું વર્ણન હોય છે. આ પ્રકારના કસીદામાંથી ગઝલ જન્મી. ધીમે-ધીમે કસીદા-ગોઇ ઓછી થતી ગઇ. એટલે કવિઓએ માત્ર તશ્બીબ લખીને સંતોષ લેવાનું શરૂ કર્યું. આ તશ્બીબ એ ગઝલનું મૂળ સ્વરૂપ.

આમ કસીદામાંથી જન્મેલી ગઝલે જે બાહ્ય સ્વરૂપ અપનાવ્યું તે પણ કસીદાનું જ છે. સૌ પ્રથમ 'મત્લા' આવે. મત્લામાં અને બંને પંક્તિઓમાં કાફિયા-રદીફ આવે. પછી શે'રો આવે એમાં પ્રથમ પંક્તિ ખાલી અને પંક્તિમાં મત્લા જેવા જ કાફિયા-રદીફ હોય છે. છેલ્લે મકતા જેમાં શાયરનું ઉપનામ કે નામ આવવાથી વાંચનાર કે શ્રોતાને ખ્યાલ આવે કે હવે કૃતિ પૂરી થાય છે. આમ મત્લાથી મકતા સુધી કાફિયા-રદીફના બંધનવાળું આ સ્વરૂપ ગઝલે અપનાવ્યું અને એટલું બધું ફાવી ગયું કે ૯૦૦ વરસથી કોઇ પણ જાતના ફેરફાર વિના આજ પણ ગઝલ એ સ્વરૂપને વળગી રહી છે.

દયારામ વ્રજભાષામાં ગઝલ જેવું કંઇક લખતા હતા. ત્યારબાદ ફારસી, ગુજરાતી અને સંસ્કૃત શબ્દોનો વિનિયોગ કરતી કવિ છોટમની નઝમનુમા ગઝલ રચના મળે છે:

**ગઝલ એક સૂનલો મેરી**
**કુશલતા અપાર સર્જન કેરી**
**કારીગર કૌન હય ઐસા**
**સહિત જીવ કિયા કૈસા.**

આમ રેખતાથી બીજ વવાયું અને પછી કૂંપળો ફૂટી ત્યારે આપણને મળે છે. બાલાશંકર કંથારિયા, ઠક્કર નારાયણ વિસનજી, અમૃત કેશવ નાયક, જગન્નાથ દામોદર ત્રિપાઠી 'સાગર', કવિ કલાપી, મણિલાલ દ્વિવેદી કાન્ત, 'મસ્તાન', 'દિવાના' નઝીર ભાતરી, પત્તલ સાબિર વટવા, નસીમ, શાહબાઝ. બાલાશંકર અને ઠક્કર નારાયણ વિસનજીને ફારસીનો સારો અભ્યાસ હતો.અમૃત નાયકને ઉર્દૂનું જ્ઞાન હતું. મુસ્લિમ શાયરોને સહજપણે ઉર્દૂની સમજ હતી. થોડીક ખામી-યુક્ત, થોડીક આંતરતત્ત્વની સુઝવાથી ગઝલ યાત્રા આગળ વધી અથવા કહો કે કાફલો મંઝિલ ભણી લઇ જવામાં તેઓનો ફાળો બહુ જ મોટો છે. કલાપી, કાન્ત, સાગરની શરૂઆત સારી હતી એટલે પાયો મજબૂત બનાવવામાં બહુ મુશ્કેલી નડી નહીં. ચાલો એ વખતની ગઝલયાત્રાની ઝાંખી કરીએ :

મિઝાઝે ઇશ્કના રસ્તા બડા બારીક છે અહીંયાં
કદરદાની ચઢી તે પર કદાપિ જોઇ છે અહીંયાં.
– મણિલાલ દ્વિવેદી

તમારા રાજ્યદ્વારોના ખૂની ભપકા નથી ગમતા
મતલબની મુરવ્વત ત્યાં, ખુશામદના ખઝાના જ્યાં
– કલાપી

તને હું જોઉં છું ચન્દા! કહે ! તે એ જુએ છે કે ?
અને આ આંખની માફક-કહે તેની રુએ છે કે?
– કાન્ત

ન કર અમૃત ! શિકાયત કે, એ બુત છે પથ્થરો છે બસ
હૃદય તુજ મીણનું રાખ્યાથી તારો હાલ અબતર છે.
– અમૃત નાયક

ગઝલની દેવી ઓ દિલજાન તને સર્વસ્વ અર્પણ છે
બધી દુનિયાનું ગઝલિસ્તાન અનાદિથી સમર્પણ છે.
– સાગર

જમાવું છું હવે હું સૂર-દિલના તાર તોડીને
કલેજું હાથમાં છે, આજ સાંભળનાર જુદો છે
-ફકીર

તને નિહાળી ગઝલના સ્વરૂપમાં
'ફકીર' જાન મારી ફિદા થઇ ગઇ છે
– ફકીર

ઊભી આયના પાસ દિલબર મહારી
તને જોઉં કે છબી જોઉં તારી?
ન ચહેરો જરા ચહેરાથી જુદો છે
ખુદાનો ન બંદો ખુદાથી જુદો છે
– પત્તીલ

હરદમ ગુલાબો છાબભરી વહેંચતો રહ્યો
માળીથી તાજાં પુષ્પોનું અત્તર ન થઇ શક્યું
– સાગર

જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી છે આપની
આંસુ મહીં એ આંખથી યાદી ઝરે છે આપની
– કલાપી

ઠેસ પહોંચાડવી છે હૈયાને ?
કોઇ તાજું ગુલાબ લઇ આવો
'કાબિલ' ડેડાણવી.

હૃદયમાં કોની એ ઝંખના છે, નયન પ્રતીક્ષા કરે છે કોની ?
ઊભો છે શયદા ઉંબરમાં આવી, ન જાય ઘરમાં, ન બ્હાર આવે

***

જનારી રાત્રી જતાં કહેજે : સલૂણી એવી સવાર આવે
કળી કળીમાં સુવાસ મહેંકે, ફૂલો ફૂલોમાં બહાર આવે
હૃદયમાં એવી રમે છે આશા, ફરીથી એવી બહાર આવે
તમારી આંખે શરાબ છલકે, અમારી આંખે ખુમાર આવે
-શયદા ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# કોઈ પણ કામ પ્રામાણિકતા સાથે ઉષ્માભેર થવું જોઈએ

થોડા સમય અગાઉ એક કેબમાં પ્રવાસ કરવાનું બન્યું હતું. હું કેબમાં બેઠો એ સાથે યુવાન કેબચાલકે 'ગુડ આફ્ટરનૂન' કહ્યું. તે હસમુખા સ્વભાવનો હતો. તે એફએમ પર ગીતો સાંભળી રહ્યો હતો. મેં તેને એ.સી. વધારવા કહ્યું તો તેણે તરત જ વધારી દીધું. મેં કોઈને કોલ લગાવ્યો એ સાથે તેણે વાગી રહેલા સોંગનું વોલ્યુમ નહિવત કરી નાખ્યું જેથી મને ફોન પર વાત કરવામાં ખલેલ ન પહોંચે. મેં નોંધ્યું કે તેની કારમાં પાછળના દરવાજામાં મિનરલ વોટરની નાનીનાની બોટલ્સ ભરી રાખી હતી.

કોલ પત્યો એટલે મેં તેને 'થેન્ક યુ' કહ્યું. તેણે હસતાંહસતાં કહ્યું, 'અરે સાહેબ, 'થેન્ક યુ' શા માટે કહો છો. આ તો મારી ડ્યુટી છે. તમે મારી કેબ બુક કરી તો મારે તમને સંતોષજનક સર્વિસ આપવી જોઈએ.' મેં તેને પૂછ્યું : 'આ પાણીની બોટલ્સ...'

'હું એક સાથે પાણીની નાનીનાની બોટલ્સનું આખું બોક્સ ખરીદી લઉં છું અને કારમાં ઉતારુઓ માટે રાખી મૂકું છું. કોઈને પણ પીવું હોય તો એ આ પાણી પી શકે છે.' એણે કહ્યું

મને સુખદ આંચકો લાગ્યો. આવો અનુભવ બહુ ઓછી વાર થતો હોય છે. મેં તે કેબ ડ્રાઈવર સાથે વાત શરૂ કરી. તેને આર્થિક સ્થિતિને કારણે ભણવાની બહુ તક મળી નહોતી. તે માત્ર એસ.એસ.સી. સુધી જ ભણી શક્યો હતો. એ પછી તેણે કેબ ડ્રાઈવર તરીકે કામ સ્વીકારી લીધું હતું. તે કાંદિવલીથી જુહુ સુધી હસતા ચહેરે વાતો કરતો રહ્યો.

જૂહુ ઊતર્યો ત્યારે મેં તેને વધારાના પચાસ રૂપિયા આપ્યા. તેણે આનાકાની પછી એ પૈસા લીધા. તેણે કહ્યું, 'આજે મને બીજા એક ઊતારુએ પણ સો રૂપિયા વધારે આપ્યા.'

તે કેબ ડ્રાઈવરના જીવનમાં પણ ઘણી તકલીફ હતી, પણ તેનો ચહેરો હસતો હતો અને તેની નાનીનાની વાતોને લીધે તે મને યાદ રહી ગયો.

તે ડ્રાઈવરને મળીને મને પ્રખ્યાત લેખક શિવ ખેરાના જીવનનો એક કિસ્સો યાદ આવી ગયો. ખેરા એક વાર સિંગાપોર ગયા હતા. તેમણે ઍરપોર્ટ બહાર નીકળીને એક ટેક્સી પકડીને ટેક્સી ડ્રાઈવરને એડ્રેસ આપતા કહ્યું કે 'મારે આ જગ્યાએ જવું છે.'




ટેક્સી ડ્રાઈવરે તેમને એ જગ્યાએ પહોંચાડી દીધા, પણ એ અગાઉ તેણે એક વિશાળ ઈમારતને ચકરાવો માર્યો અને તેમને જ્યાં જવું હતું ત્યાં ટેક્સી ઊભી કરી દીધી. તેની ટેક્સીનું મીટર અગિયાર ડૉલર ભાડું દર્શાવતું હતું એટલે ખેરાએ તેને અગિયાર ડૉલર આપ્યા, પરંતુ એ ટેક્સી ડ્રાઈવરે તેમની પાસેથી ફક્ત દસ જ ડૉલર લીધા!

શિવ ખેરાએ તેને પૂછ્યું કે 'મીટર અગિયાર ડૉલર બતાવે છે, તો પછી તમે મારી પાસેથી માત્ર દસ ડ ડૉલર જ કેમ લઈ રહ્યા છો?'

ટેક્સી ડ્રાઇવરે જવાબ મળ્યો: 'સર, હું ટેક્સી ડ્રાઇવર છું. તમે જે સ્થળનું એડ્રેસ આપો ત્યાં મારે તમને સીધા જ પહોંચાડવા જોઈએ, પરંતુ તમે આપેલા એડ્રેસ વિશે મને ચોક્કસ ખબર નહોતી એટલે મારે ટેક્સીને પેલી મોટી ઈમારત ફરતે ફેરવીને તમારું એડ્રેસ શોધવું પડ્યું. જો હું સીધો તમને અહીં પહોંચાડત તો ભાડું ફક્ત દસ ડૉલર જ થયું હોત. મીટર પ્રમાણે હું તમારી પાસેથી અગિયાર ડૉલર લઈ શકું, પણ એવું કરવું એ અનૈતિક ગણાય. તમને ખબર નથી કે મારા કારણે એક ડૉલર ભાડું વધી ગયું છે, પણ મને ખબર છે કે મારા કારણે એક ડૉલર જેટલું ભાડું વધી ગયું છે એટલે હું દસ ડૉલર જ લઈ રહ્યો છું. હું પ્રામાણિકતા અને નૈતિકતા ન ચૂકી શકું.'

શિવ ખેરાએ તેની પ્રામાણિકતા અને નૈતિકતાની પ્રશંસા કરી એટલે તે ટેક્સી ડ્રાઈવરે નમ્ર સ્વરે કહ્યું, 'સર,મેં એવું કોઈ મોટું કામ નથી કર્યું! સિંગાપોર ટૂરિસ્ટ સ્પોટ છે અને દર વર્ષે ઘણા બધા લોકો અહીં ફરવા આવે છે. ઈમિગ્રેશન અને કસ્ટમ્સની વિધિ પતાવીને બહાર આવે ત્યારે સૌ પ્રથમ એ ટેક્સી ડ્રાઈવરના સંપર્કમાં આવે છે. અને જો ટૂરિસ્ટ્સનો ટેક્સી ડ્રાઈવરની સાથેનો અનુભવ સારો સાબિત ન થાય તો તેમના મનમાં કડવાશની લાગણી જન્મે અને તેઓ તેમનો પ્રવાસ માણતી વખતે સતત એવું જ વિચારે કે આ સ્થળના લોકોમાં પ્રામાણિકતા નથી, એટલે હું માત્ર ટેક્સી ડ્રાઈવર નથી, પરંતુ હું ડિપ્લોમેટિક પાસપોર્ટ વગરનો સિંગાપોરનો એમ્બેસેડર છું!'

શિવ ખેરાએ આ કિસ્સો ટાંક્યા પછી લખ્યું હતું કે 'એ ટેક્સી ડ્રાઇવર આઠ ધોરણ સુધી જ ભણ્યો હતો,પણ તેની સમજણમાં ગૌરવશાળી કાર્યકુશળતા અને ઉમદા વ્યક્તિત્વની ઝાંખી થતી હતી. તે દિવસે હું તેની પાસેથી શીખ્યો કે સારા વ્યવસાયી બનવા માટે નિયમો પ્રમાણેની વ્યવસાયિક-ક્ષમતા ઉપરાંત ઘણું બધું જીવનમાં વણી લેવું પડે છે. સફળ વ્યવસાયિક બનવા માટે માણસના વ્યવહારમાં માનવતા અને ઉચ્ચ જીવનમૂલ્યો હોય એ ખૂબ જ જરૂરી છે. કોઈ પણ કામમાં આવડત અને કૌશલ્યની સાથે વિશ્વસનીયતા પણ જરૂરી છે. આપણું પ્રોફેશનલિઝમ આપણે જે કામ કરીએ છીએ એના પર નહીં, પરંતુ જે-તે કામ કેવી રીતે કરીએ છીએ એના પર - આપણી કાર્યપદ્ધતિ પર નિર્ભર કરે છે.'

શિવ ખેરાના જીવનનો આ કિસ્સો એટલા માટે વધુ સ્પર્શી ગયો કે આપણે ત્યાં ઘણા ટેક્સી ડ્રાઈવર્સ અને રિક્ષા ડ્રાઈવર્સ એવી રીતે વર્તતા હોય છે કે જાણે ઉતારુઓ તેમના ગયા ભવના વેરી હોય! એટલે આવા ટેક્સી ડ્રાઈવર કે રિક્ષા ડ્રાઈવર સાથે મુલાકાત થાય ત્યારે આનંદ થાય છે. આવા ટેક્સીચાલકો કે રિક્ષાચાલકો લોકો માટે સુખના પાસવર્ડ સમા સાબિત થતા હોય છે.

આપણા દેશમાં માત્ર ટેક્સી ડ્રાઈવર્સ કે રિક્ષા ડ્રાઈવર્સ જ નહીં, મોટા ભાગના ક્ષેત્રોના મોટા ભાગના લોકો માત્ર કરવા ખાતર,પૈસા કમાવાના જ આશય સાથે અથવા તો ઘર ચલાવવા માટે યંત્રવત કામ કરતા હોય છે. કોઈ પણ કામ માત્ર પૈસા ખાતર ન કરવું જોઈએ. જે કામ કરીએ એ પ્રામાણિકતા સાથે કરવું જોઈએ. દિલ દઈને કરવું જોઈએ. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# વેલકમ 'ન્યુ યર'..... આ વરસે તો પાક્કું જ!

*ટાઇટલ્સ:*
*સમયસર રિક્શા નથી મળતી તો ભગવાન ક્યાંથી મળે? (છેલવાણી)*

નવું વરસ આવ્યું તો પછી રાબેતા મુજબ હવે નવા વરસનાં નવા સંકલ્પો પણ લેવા જ પડશેને? છૂટકો છે? વળી રાબેતા મુજબ, અમારાં નવા વરસનાં અળવીતરાં સંકલ્પો, જે આ વરસે તો શું આ જન્મે કે આવતા જન્મે પણ ક્યારેય પૂરા થવાના જ નથી!

એમાં ખોટું શું છે? ઇલેક્શન પહેલાં બધી પાર્ટીઓ વાયદાઓ કરે જ છેને પણ એને પૂરા ક્યાં કરે છે? નહીં ને? તો નેતાઓ જ એકલા એકલા જૂઠાણાં બોલવાની મજા શું કામ માણે? આપણે પણ કેમ નહીં? તો ચલો, લઇએ નવા નોનસેંસ સંકલ્પ:

૧.) આ વરસે બરફીને ચામાં બોળીને નહીં જ ખાઉં. ઉર્ફી જાવેદ કે ડોનલ્ડ ટ્રંપ સાથે વૈરાગ્ય બ્રહ્મચર્યની કે દાઉદ સાથે અહિંસાની ચર્ચા નહીં કરું. વળી સરકારી ભક્તો સાથે પણ કોઇ કરતાં મગજમારીમાં નહિં ઉતરું. આ બે કામમાંથી પહેલું કામ તો ચોકકસ કરી જ શકાય એમ છે!

૨.) આ વરસે પથારીમાં સૂતા સૂતા, ફોન પર ડાયેટિંગ વિશેની રીલ્સ જોતાં જોતાં, વજન ઉતારવાનો પ્રયત્ન નહીં કરું. એને બદલે પથારીમાં બેસીને એ રીલ્સ જોઇશ, બસ?

૩.) આ વરસે હું ગમે તેટલું મન થાય પણ એક સ્વમાની પુરુષ તરીકે સાડી પહેરીને મેરેથોન રેસમાં નહીં જ દોડું, કારણકે એના માટે મારે સાડી ખરીદવી પડશે. અહીં રૂમાલ ખરીદવાનાં વાંધા છે.

૪.) આ વરસે વોટ્સએપ, ફેસબૂક કે ટ્વિટર (X) જેવા સોશ્યલ મીડિયામાં કોઇ રાજકીય, સામાજીક વિવાદો કે ચર્ચાઓમાં નહીં પડું. આ સંકલ્પ કમસેકમ ૧ દિવસ તો પાળીશ જ!

૫.) આ વરસે કોઇ સાથે ઝગડા નહીં કરું. સૌ સાથે સારી રીતે હળીમળીને રહીશ. સૌનું ભલું કરીશ ને આવું બધું જૂઠ્ઠું પણ નહીં બોલું!

૬.) આ વરસે ચીઝ-બટર-આઇસક્રીમ-બર્ગર વગેરે આઇટમો ખાઇને તબિયત નહીં બગાડું. કમસેકમ આવું રોજ એક વાર વિચારીશ તો ખરા જ અને પછી જ એ બધું ખાઇશ. પ્રોમિસ!

૭.) આ વરસે ન્યૂઝ ચેનલ પર આવતી રાજકીય ચર્ચાઓની બૂમાબૂમ સાંભળી સાંભળીને મારું બ્લડપ્રેશર નહીં વધારું. તો એના કરતાં, સાવધાની ખાતર બી.પી.ની દવાનો ડબલ ડોઝ લઇને ન્યૂઝડીબેટ સાંભળીશ!




૮.) આ વરસે કોઇપણ સરકાર પાસે કોઇપણ સારા કામની અપેક્ષા નહીં રાખું. મેં કોને વોટ આપ્યો છે એ ભૂલી જવાનો પ્રયત્ન કરીશ અને સરકાર પર ગુસ્સો આવશે તો અરીસામાં ખુદને જોઇને ગાળો દઇશ કે તમાચા મારીશ.

૯.) આ વરસે કાંદા, ટામેટાનાં ભાવ વધશે તો ચિંતા કે ફરિયાદ નહીં કરું. એની પાછળ આપણી સરકારનો વાંક જરા યે નથી જ નથી પણ પાકિસ્તાન ને ચીનની સરકારનો જ વાંક છે એમ કહીને સાચા દિલથી ખુશ થવાનો પ્રયત્ન કરીશ.

૧૦.) આ વરસે રસ્તા પર પડેલી કોઇ અવાવરુ બેગ કે પર્સને હાથ નહીં લગાડું, કદાચ એમાં બૉંબ પણ હોઇ શકે તો? અને એવી જ રીતે કોઇ કવિને સામે ચાલીને બોલાવીશ નહીં, એ તરત જ કદાચ કવિતા સંભળાવવા લાગે તો? જોકે અહીં પહેલી શક્યતામાં જાન બચવાના ચાન્સ વધારે છે.

*ઇન્ટરવલ:*
*એક રીતુ આયે, એક રીતુ જાયે,*
*મૌસમ બદલે ના, બદલે નસીબ (આનંદ બક્ષી)*

૧૧.) આ વરસે સરકાર ગમે તેટલા ગામ-શહેર કે રાસ્તાઓના નામ બદલી નાખે, હું કોઇ રીએક્શન નહીં આપું. ઊલટાનું રોજ સવારે ઉઠીને મારા ઘરની બહાર દરવાજા પર નેમપ્લેટને ચેક કરી લઇશ કે મારું નામ બદલાયું છે કે નહીં અને જો બદલાયું પણ હશે તો એનો ય વિરોધ નહીં કરું.

૧૨.) આ વરસે ગયા વરસના અધૂરા સંકલ્પો વિશે ચિંતા નહીં કરું અને ઉદ્યોગપતિઓની અબજોની સરકારી બેંક લોનની જેમ એને ઓટોમેટિકલી માફ કરી દઇશ.

૧૩.) આ વરસે કોઇ બૂરી આદતનો શિકાર નહીં બનું, એટલે કે કમસેકમ કોઇ નાગનાગીન કે 'સાસબહુ'વાળી ટી.વી. સિરિયલો નહીં જોઉં.

૧૪.) આ વરસે શહેરના ખાડાવાળા રસ્તાનો હસી- ખુશી ઉપયોગ કરીશ અને એમ કરતી વેળાએ, જે ઉતારચઢાવનો આનંદ મળશે એમાંથી ડિઝનીલેંડમાં જઇ આવ્યાનો આનંદ મેળવીશ. વળી આ રીતે અમેરિકા જવાના પૈસા પણ બચાવીશ!

૧૫.) આ વરસે શહેરમાં વરસાદમાં પાણી ભરાય જાય તો એ માટે મહાનગરપાલિકાને જવાબદાર નહીં ગણું પણ એ ભરાયેલાં પાણીમાં મને હોડી ચલાવતા કેમ નથી આવડતી? એ માટે ખુદને દોષી ગણીશ. ઘરમાં મગર ઘુસી આવશે તો તેની સામે 'મગર તુમ ના હોતે' જેવું ઇમોશનલ ગીત ગાઇશ.

૧૬.) ગયા વરસના બધા જ ખરાબ સમાચારોને યાદ કરી રાખીશ જેથી આ વરસે પણ એવું જ કંઇ ફરીથી થાય તો નાજુક દિલને ઝટકો ના લાગે. ઊલટાનું સરકાર ભલે એક જ ફિલ્મમાં ખવાતા પોપકોર્ન પર ૩ અલગ અલગ જાતના ટેક્સ લગાડે પણ ધાણીને માણી માણીને ૩ વાર ચાવી ચાવીને ખાઇશ અને હરખાઇશ.

૧૭.) આ વરસે સિગ્નલ નહીં તોડું, ઇનકમ ટેક્સ પૂરેપૂરો ભરીશ, પોલીસને સલામ કરીશ, નેતાઓની ટીકા નહીં કરું. (આ સંકલ્પ કોઇપણ માટે બિલ્કુલ ફરજિયાત નથી, હોં)

૧૮.) આ વરસે ટી.વી.માં કે સોશ્યલ મીડિયામાં કે છાપાઓમાં આવતી બધી વાતો પર ભરોસો નહીં કરું, જેમાં આ લેખનો પણ સમાવેશ થઇ જાય છે.

માટે હે વ્હાલા વાચકો, વરસ બદલાશે પણ દેશ, દુનિયા કે જીવનમાં બહુ બદલાશે નહીં.

સો એન્જોય, જેવું જે મળે એને જીવો. બાકી છૂટકો છે?

*એંડટાઇટલ્સ:*
*આદમ: નવા વરસની ગિફ્ટ શું આપીશ?*
*ઇવ: જીવવા દઇશ?* ■

દર સપ્તાહે વાંચો
વિશેષ વાંચન
ધર્મતેજ
તન-મન-ધનથી રહો તરોતાજા
ઈન્ટરવલ
પુરુષ
લાડકી
મેટિની
વીક એન્ડ
ઉત્સવ
દરરોજ કંઈક નવું- દરરોજ

# વિલનને ઠાર કરતી વખતે પિસ્તોલ ને ખંજર બંને રાખવા પડતા...

સ્પોટ લાઈટ
મહેશ્વરી
feedback@bombaysamachar.com

જૂની રંગભૂમિ સાથે અને એમાંય ખાસ કરીને ખાડાની કંપની સાથે મારા અનેક સંસ્મરણો જોડાયેલા છે. ખાડાની કંપની પછી મેં નાટક કંપનીઓમાં કામ કર્યું અને વિવિધ નાટકોમાં જુદી જુદી ભૂમિકાઓ ભજવી હતી. જોકે, અમુક વાર એવુંય બનતું હતું કે ખાડાની કંપનીમાં હું ભજવી ગઈ હોઉં એમાંનાં કેટલાંક નાટકો થોડાઘણા ફેરફાર સાથે નાટક કંપની વતી ભજવવાના પ્રસંગ આવતા હતા. જોકે, મને એક લાભ એ થતો હતો કે પાત્રના સંવાદ ખબર હોવાથી તૈયારી કરવામાં મને મુશ્કેલી નહોતી પડતી, બલ્કે આસાની રહેતી હતી. ખાડાનાં નાટકોમાં સેટ ઉભારણી પણ ઊંચી ગુણવત્તાવાળી રહેતી, દેશી નાટક કંપની જેવી જ. ચીમન પેઈન્ટર જેવા કસબીઓને એ આભારી હતું.

નાટકો દરમિયાન રમૂજી પ્રસંગો પણ બનતા હતા. એક વાત મને અત્યારે યાદ આવે છે ને હું હસવું નથી રોકી શકતી. વાંચ્યા પછી તમે પણ ખડખડાટ હસી પડશો એવું હું દાવા સાથે કહી શકું એમ છું. વાત એમ હતી કે કોઈ નાટકમાં બંદૂકની ગોળી મારી ખલનાયકને - વિલનને ઠાર કરવાનો સીન હોય. એ સમયે ટેકનોલોજી બહુ વિકસી નહોતી અને જે પણ આધુનિક સરંજામ ઉપલબ્ધ હતો એ નાટક કંપનીને પરવડે એવો નહોતો. એટલે બેકસ્ટેજમાં કામ કરતી કોઈ વ્યક્તિ ધડાકો કરવાનું સાધન લઈને ઊભો હોય. ગોળી મારનાર કલાકાર બંદૂકની ટ્રીગર દબાવે ત્યારે પેલા બેકસ્ટેજના કલાકારે ધડાકો કરવાનો હોય.

અભિનેતા વિલન સામે પિસ્તોલ તાકીને બોલે કે 'હવે હું તને ખતમ કરી દઈશ' અને એ સાથે ટ્રીગર દબાવે અને એ જ વખતે બેકસ્ટેજમાં ધડાકો કરવાનો હોય અને વિલન ઢળી પડે. જોકે, કેટલીક વાર એવું બન્યું છે કે એક્ટરે બંદૂક ચલાવી હોય, પણ કોઈ ખામી કે સમસ્યાને કારણે ધડાકો જ ન થાય, અને ધડાકો થાય નહીં ત્યાં સુધી ખલનાયક ઢળી પડી 'મૃત્યુ' ન પામી શકે. આવે સમયે અભિનેતાની સૂઝબૂઝ કામ કરી જાય. લોચો થઈ ગયો છે એની જાણ થતા પરિસ્થિતિ સંભાળી નાટક આગળ વધારવાની જવાબદારી કલાકારની હોય છે. અભિનેતા બે - ચાર વાર ટ્રીગર દબાવે પણ પેલો ધડાકો ન થાય એટલે મૂંઝાયા વિના 'કેવો જમાનો આવ્યો છે! અનાજમાં તો ભેળસેળ થાય છે પણ હવે તો પિસ્તોલમાં પણ બનાવટ થવા લાગી છે' એ પ્રકારનો કોઈ સંવાદ બોલી નાટકમાં વિક્ષેપ ન પડવા દે. અગાઉથી ગોઠવણ થઈ હોય એ અનુસાર ડ્રેસમાં સંતાડેલું ખંજર કાઢે અને 'તારું મોત તને બોલાવે છે' એવો ડાયલોગ બોલી વિલનનો ખાત્મો બોલાવી દે. ખલનાયકને ઠાર કરનારા અભિનેતાએ (મોટેભાગે એ નાયક એટલે કે હીરો જ હોય) પિસ્તોલ અને ખંજર બંને રાખવા પડતા. બંદૂકનો ભડાકો ન થાય ત્યારે ખંજર મદદમાં આવીને ઊભું રહે. એ સમયે સ્ટેજ પર લોહી વહે એવી કોઈ વ્યવસ્થા નહોતી. એટલે ખંજર વાગતા વિલન કોઈ યુક્તિ - પ્રયુક્તિથી બેકસ્ટેજનાં હિસ્સામાં પહોંચી જાય. ત્યાં એક વ્યક્તિ ઊભી હોય જે એના કપડાં પર લોહીના રંગ તેવો લાલ રંગ લગાડી દે અને વિલન ફરી સ્ટેજ પર આવી ગડથોલિયું ખાઈને પડી જાય અને સીન પૂરો થાય.



ખાડાની કંપનીમાંથી હું દેશી નાટક સમાજમાં જોડાઈ ત્યારે એક મહત્ત્વનો ફેરફાર મેં અનુભવ્યો. ખાડાની કંપનીનાં નાટકોમાં મેં કાયમ હીરોઈનના જ રોલ કર્યા હતા. દેશી નાટક સમાજની વાત જુદી હતી. એનું ફલક વિશાળ હતું અને મારા કરતાં વધુ અનુભવી અને સક્ષમ અભિનેત્રીઓ કેટલાક સમયથી કંપની માટે કામ કરતી હતી. એટલે મારા ફાળે વિવિધ પ્રકારની ભૂમિકાઓ આવતી હતી. મોટાભાગનાં નાટકો પારિવારિક કથાવસ્તુ ધરાવતા હતા અને આ પ્રકારનાં નાટકોમાં સાસુ હોય, વહુ હોય, કે નણંદ અથવા ભોજાઈ હોય કે દેરાણી અથવા જેઠાણીનો રોલ પણ હોય. ક્યારેક રોલ નેગેટિવ પણ હોય. દરેક પ્રકારનું કામ કરવાની તૈયારી રાખવી પડતી હતી. એનો એક ફાયદો એ થયો કે અભિનેત્રી તરીકે મારું ઘડતર થયું અને એક સક્ષમ કલાકાર બની. એટલે જ પછી કાંતિ મડિયા, શૈલેષ દવે જેવા દિગ્ગજો સાથે કામ કરવાનો મોકો મળ્યો અને એમાં હું સાંગોપાંગ પાર ઉતરી.

ઘણી વાર એવું પણ બન્યું છે કે નાટકમાં કોઈ રમૂજ ન હોય પણ અનાયાસે રમૂજ ઊભી થાય અને દર્શકો ખડખડાટ હસી પડે. કચ્છની ધરતીની કથાની પાર્શ્વભૂમિ ધરાવતા 'હોથલ પદમણી' નાટકમાં પણ અણધાર્યો રમૂજી પ્રસંગ બન્યો હતો. નાટકના એક દ્રશ્યમાં ઝાડ પર મારેલું તીર ખેંચી લીધા પછી પદમણી મળશે એવું નાયકને કહેવામાં આવે છે. અત્યંત સંવેદનશીલ દ્રશ્ય હતું. હવે શું થશે એની ઉત્સુકતા પણ પ્રેક્ષકોમાં હતી. તીર તો ઝાડમાં ખૂંપી ગયું, પણ નાયકએ તીર ખેંચવાની કોશિશ કરી ત્યાં આખું ઝાડ જ સ્ટેજ પર પડી ગયું. ઓડનું ચોડ થઈ ગયું અને પ્રેક્ષકોમાં હાસ્યનું મોજું રેલાઈ ગયું.

એક વખત તો હું જે નાટકમાં કામ કરતી હતી એમાં જ એક વિનોદી પ્રસંગ બની ગયો. નાટકના એક દ્રશ્યમાં હું અને રક્ષા દેસાઈ હતા. કોઈ કારણસર રક્ષાના માથા પરથી વિગ સરીને નીચે પડી ગઈ. હવે હું જો ખસી જાઉં તો પ્રેક્ષકોને ખ્યાલ આવી જાય કે લોચો થયો છે. એટલે મેં રક્ષાને ઈશારો કર્યો કે તારી વિગ પડી ગઈ છે એટલે તું જગ્યા પરથી હલતી નહીં. પછી મેં થોડું ઈમ્પ્રોવાઈઝ કરી એને ઢાંકીને ઊભી રહી નાટક ગતિમાં રાખ્યું. સદનસીબે તરત બ્લેકઆઉટ આવ્યો અને રક્ષાએ ફરી વિગ ધારણ કરી લીધી અને નાટક આગળ ચાલ્યું. આવી રમૂજ થતી હોય છે, પણ એમાં સમય સાચવી લેવાની કલાકારની આવડતની કસોટી પણ થતી હોય છે.

શ્રી દેશી નાટક સમાજના 'સંપત્તિ માટે' નાટક માટે પ્રભુલાલ દ્વિવેદીએ લખેલા નાટકે અનેક દિવસો સુધી હાઉસફૂલ કરી એક ઇતિહાસ રચ્યો હતો નાટકની સફળતામાં 'ધનવાન જીવન માણે છે' ગીતનો મોટો ફાળો હતો. તમે પણ માણો જૂની રંગભૂમિનું એ યાદગાર ગીત. ધનવાન જીવન માણે છે નિર્ધન એ બોજો તાણે છે, કોઈ અનુભવીને પૂછી જો કે કોણ જીવી જાણે છે. બેહાલ ગરીબનાં બાલુડાં પૈસે પૈસે હોય ટળવળતા, ખાવાનું ત્યાં ખાનાર કેરી ખોટ આંસુ સારે છે. નારી ગરીબ દળણાં દળતી ધનવાળી હીરે ઝળહળતી, હીરા-મોતીવાળી રોતી એનો કંથ વિલાસો માણે છે. ગુણ દોષ ભલે હો ધનમદમાં પણ નમતાં પલ્લાં સંપદના, સુખ સંપદના સુખના વલખાં જન સંતોષી સુખ માણે છે. ધનવાન જીવન માણે છે નિર્ધન એ બોજો તાણે છે, કોઈ અનુભવીને પૂછી જો કે કોણ જીવી જાણે છે. ■

### રંગમંચ પર ગરબો મૂકી ગરબાના સ્વરૂપને ઘેરઘેર ગુંજતું કર્યું

ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં જેમ એક સમયે કંપની (બોમ્બે ટોકીઝ, સાગર મૂવિટોન, કોહિનૂર ફિલ્મ કંપની, ન્યુ થિયેટર્સ ઈત્યાદિ)નો દબદબો અને મહત્ત્વ હતા એ જ રીતે જૂની રંગભૂમિના સમયમાં પણ નાટક કંપનીઓનું ખાસ્સું ચલણ હતું. દરેક કંપનીની ખાસિયત રહેતી. ઓગણીસમી સદીના અંતિમ દાયકામાં અસ્તિત્વમાં આવેલી 'શ્રી મુંબઈ ગુજરાતી નાટક મંડળી' ખંભાતના છોટાલાલ મૂળચંદ પટેલ અને દયાશંકર વસનજી ગિરનારાનું સહિયારું સાહસ હતું. નોંધવાની વાત એ છે કે નરોત્તમ મહેતાની 'શ્રી ગુજરાતી નાટક મંડળી' ખરીદી લઈને તેની આગળ 'મુંબઈ' શબ્દ જોડીને નવા નામ સાથે 'શ્રી મુંબઈ ગુજરાતી નાટક મંડળી' શરૂ કરવામાં આવી હતી. નટનું મહત્ત્વ વધારનારા પ્રારંભના કલાકાર પૈકી બાપુલાલ બી. નાયક આ કંપનીમાં જ હતા. 'સૌભાગ્ય સુંદરી' નાટકના મુખ્ય પુરુષપાત્ર 'સૌભાગ્ય સિંહ'નો તેમનો અભિનય દર્શકોએ વધાવી લીધો હતો. બાપુલાલ નાયક નિષ્ઠાવાન અભિનેતા અને દિગ્દર્શક તો ખરા જ, પણ સાથે સાથે કંપની સાથે લેણું હોય એમ આજીવન 'શ્રી મુંબઈ ગુજરાતી નાટક મંડળી' સાથે જ જોડાયેલા રહ્યા. અન્ય કંપનીઓ તરફથી આવેલી લોભામણી ઓફરો સામે તેમણે આંખ આડા કાન કર્યા. સમયે એવું પડખું બદલ્યું કે કેટલાય વખત પછી આ કંપનીના તેઓ માલિક પણ બન્યા હતા. રમણભાઈ નીલકંઠનું પ્રખ્યાત નાટક 'રાઈ નો પર્વત' તેમણે ભજવ્યું હતું. કંપનીના 'માલવપતિ', 'વડીલોના વાંકે', 'સંપત્તિ માટે', 'ગાડાનો બેલ', 'સામે પાર', વગેરે નાટકોને અસાધારણ લોકપ્રિયતા મળી હતી. નાટક લોકરુચિ કેળવવાનું માધ્યમ છે અને કુટુંબીજનો એકસાથે બેસીને જોઈ શકે એવાં સ્વચ્છ અને ધ્યેયલક્ષી નાટકો ભજવવાનો શિરસ્તો કંપનીએ જાળવ્યો. 'અશ્રુમતી', અને 'વીણાવેલી' નાટકોમાં રંગમંચ પર ગરબો મૂકી ગરબાના સ્વરૂપને ઘેરઘેર ગુંજતું કર્યું હતું. નવતર પ્રયોગનો શિરસ્તો જાળવી 'ઉમા દેવડી' નાટકમાં સાચા વરસાદનું દ્રશ્ય રજૂ કર્યું હતું. *(સંકલિત)*

# ન્યૂ યૉર્કઃ અબજોપતિની ફેન્સી જેલ

સ્થાપત્યનું વાઈ-ફાઈ
હેમંત વાળા
feedback@bombaysamachar.com

દરેક રચનામાં થોડાંક પ્રશ્નો હોય અને થોડી સંભાવનાઓ હોય. કોઈપણ રચના સંપૂર્ણતાને પામી નથી શકતી. આ વાત સ્થાપત્યમાં સૌથી વધુ લાગુ પડે છે. સ્થાન માટેના લગાવને કારણે જે બહુમાળી ઇમારત બનાવાય છે તેનાથી અમુક પ્રકારની સિદ્ધિ અને ગૌરવની અનુભૂતિ તો થાય, પરંતુ સાથે સાથે લાંબા ગાળે તે ઈમારતનો ઉપયોગકર્તા માનવીની માનસિકતા પર નકારાત્મક અસર થતી હોય છે તેમ તબીબી વિજ્ઞાનમાં સ્થાપિત થઈ ચૂક્યું છે. છતાં પણ ચોક્કસ પ્રકારના પડકારને ઝીલવાની મહેચ્છાને સ્થપતિ અને ડેવલોપર બહુમાળી ઇમારત બનાવવા તત્પર રહે છે, અને ગ્રાહક વર્ગ પણ એક પ્રકારની ઇમેજ - છબી સ્થાપિત કરવાના શોખને કારણે આ પ્રકારના ઈમારતમાં રહેવા તત્પર થાય છે. આ બંને માટે ક્યાંક પોતાની સ્થિતિ અને ક્ષમતા સમાજ સમક્ષ મૂકવાની પણ વાત હોય છે. સમયાંતરે જરૂરિયાત મુજબ આ ઈમારતમાં નાના-મોટા ફેરફારમાં કરાતા રહ્યા છે.

૪૨૫ મીટર જેટલી ઊંચી ૪૩૨ પાર્ક એવન્યુ બહુમાળી ઈમારત ન્યૂયોર્ક શહેરના સૌથી મહત્ત્વના ગણાતા અને સૌથી ધનાઢ્ય વિસ્તારમાં બનાવાઈ છે. સ્થપતિ રાફેલ વિનોલી દ્વારા નિર્ધારિત આ ગગનચુંબી ઈમારત સન ૨૦૧૫માં તેની પૂર્ણતાના સમયે વિશ્વની સૌથી ઊંચી રહેણાંકીય ઈમારત હતી. રાત્રીની રોશનીમાં આ ઇમારત હારબંધ ઊભાં ગોઠવાયેલ પ્રકાશિત ચોરસના સમૂહ જેવી જણાય છે.

ઊભા લંબચોરસ લાંબા ચોસલા જેવો આકાર, તેમાં લગભગ દર ત્રણ મીટરના અંતરે આવતી ફ્રેમની અંદર ગોઠવાયેલ આશરે નવ ચોરસ મીટર જેટલી ચોરસ બારી, ચારે દિશામાં ફરતી આ ફ્રેમ તથા બારીની ગ્રીડ પ્રકારની ગોઠવણીને પરિણામે ટાવરની બહારની પોર્ટલેન્ડ સિમેન્ટમાંથી બનાવાયેલ સપાટી પર લાલ કોંક્રીટની જાળીની ગોઠવણ, જેવી આ ઈમારતની બાબતો ચર્ચામાં રહી છે.

બહુમાળી મકાનમાં સંરચનાનીનું આયોજન જટિલ રહે છે. તેના નિર્માણ તથા વારતહેવારે જરૂરી રખરખાવ માટે જરૂરી યાંત્રિક ઉપકરણોની અસરકારક ગોઠણ માટે ટાવરને ૧૨ માળની ઊંચાઈમાં વિભાજિત કરવામાં આવ્યો છે. બે માળના આ વિભાજનમાં લગભગ દરેક પ્રકારની સંરચનાકીય વ્યવસ્થાના રખરખાવની વ્યવસ્થા છે. બહુમાળી ઇમારતમાં આ પ્રકારની સગવડતા ખૂબ જરૂરી છે. આ બે માળના ખુલ્લાપણાથી હવાની અવરજવર શક્ય બને છે અને ટાવર ઉપર આવનારું સંભવિત હવાનું દબાણ ઓછું થાય છે. એ પણ સમજવું જરૂરી છે કે સ્થાપત્યમાં કોઈપણ રચનામાં સમય જતાં ફેરફારની જરૂરિયાત તો ઊભી થતી જ હોય છે. આ મકાનની અપવાદ નથી. ફેર







એટલો કે અહીંના ફેરફાર સ્થાપત્યની ભાષામાં નજીવા હોય.

મુખ્યત્વે આ રહેણાંક માટેની ઇમારત છે. અહીં ૧૪૦ કરતાં વધારે એપાર્ટમેન્ટ છે જેમાં નાનામાં નાનો આશરે ૩૨ ચોરસમીટર ક્ષેત્રફળનો જ્યારે મોટો આશરે ૭૬૦ ચોરસમીટર વિસ્તારનો બનાવાયો છે. તે ઉપરાંત અહીં સામાન્ય સવલત માટે રેસ્ટોરન્ટ, વર્ક કલ્ચરને પ્રમોટ કરતા સ્ટુડિયો છે તથા બોર્ડ રૂમ, ફિટનેસ ક્લબ, લાઇબ્રેરી, નાનું ઓડિટોરિયમ, સ્વિમિંગ પૂલ સાથેનુ ક્લબ હાઉસ જેવી વ્યવસ્થા પણ છે. સામાન્ય રીતે એમ જણાય છે કે બહુમાળી ઇમારતમાં દરેક માળની આંતરિક ઊંચાઈ ઓછી રાખવામાં આવે જેથી નિર્ધારિત ઊંચાઈની અંદર વધુ માળનો સમાવેશ થઈ શકે. તેનાથી વિપરીત અહીં લગભગ દરેક માળને ૪.૫૦ મીટર જેટલી આંતરિક ઊંચાઈ આપવામાં આવી છે. અહીં ઈમારતનું તળ-ક્ષેત્રફળ નાનું છે અને તેમાં હાર બંધ ચારે બાજુ ૬-૬ મોટી બારીઓ એકધારી ગોઠવાઈ છે જેને કારણે સર્જાતી દશ્ય-અનુભૂતિમાં એક પ્રકારની કંટાળાજનક સ્થિતિ ઉભી થાય છે.

આ ઈમારતનો ઊંચાઈથી પહોળાઈ ૧૫:૧ નો ગુણોત્તર વિશ્વમાં કદાચ સૌથી ઓછો અર્થાત પાતળો હોય તેમ લાગે છે. આ પ્રમાણમાપને કારણે આ ઈમારતની માળખાકીય રચનામાં ચોક્કસ પ્રકારની નિપુણતા જરૂરી હતી. માળખાકીય રચનામાં અહીં ઇમારતની વચ્ચેના એક કોંક્રીટના કોર સાથે, કેટલા સ્તંભ તથા બહારની આશરે ૭૫૦ મિલીમીટર જાડાઈની દીવાલો પ્રયોજાઇ છે. આ માળખાકીય રચનાને ઈમારતમાં આવેલ એલિવેટર અર્થાત લિફ્ટ અને નિસરણી સાથે વ્યવસ્થિત રીતે સાંકળી લેવામાં આવ્યાં છે. એ તો સ્વાભાવિક વાત છે કે આ પ્રકારના બહુમાળી ઈમારતમાં ધરતીકંપ સામે ઈમારતને રક્ષણ મળી શકે તે માટે સુનિયોજિત ફુલપ્રુફ વ્યવસ્થા હોવી જોઈએ. સાથે સાથે આગ જેવી ઘટના વખતે તમામ વ્યક્તિઓને ઈમારતની બહાર નીકાળવા માટે અલાયદી વ્યવસ્થા જરૂરી ગણાય.બહુમાળી ઈમારતમાં હવાનો માર પણ વધુ રહે, માળખાકીય ગણતરીમાં તેનો સમાવેશ પણ થતો હોય. એમ કહેવાય છે કે પ્રતિ કલાકના ૫૦ માઈલની ઝડપવાળો પવન આ ઈમારતને ૧૫૦ મિલીમીટર જેટલો હલાવી શકે છે.

ટાવરના કોર અને બાહ્ય ભાગ વચ્ચેનું અંતર દરેક દિશામાં ૮.૦૦ મીટર જેટલું સમાન છે, જે ઈમારતની અનુભૂતિને મોનોટોનસ બનાવે છે. બહુમાળી ઈમારતમાં માળખાકીય સુગમતાના કારણે મોનોટોનસ પ્રકારનું માળખું જરૂરી છે, પણ સાથે સાથે આ શહેરની વચ્ચે એક વિશાળ ઊભી સપાટીની ગોઠવણ સમાજ હોવાથી તેના ફસાડની રચનામાં કોઈ પ્રકારની સંવેદનશીલ સર્જનાત્મકતા તો દેખાવી જોઈએ, જેનો અહીં અભાવ છે.

આમ પણ આ ઈમારતના બાહ્ય દેખાવ માટે લોકોએ ઘણાં પ્રશ્નો ઉઠાવ્યા છે. એક દ્રષ્ટિકોણથી તો આ ઈમારત એવી છે કે જેના તરફ બીજી વાર નજર નાખવાની ઈચ્છા પણ ન થાય. ૮૨ માળની કહેવાથી આ ઈમારત સમાજમાં આ અતિ શ્રીમંત લોકોના સ્ટેટસનું પ્રતીક ગણાય છે. સંપત્તિના દેખાડા માટે તે એક પ્રતિનિધિ ગણાય છે. પરંતુ અહીં ી જે એકલતા અને અલગાવનો અનુભવ થાય તે ચોક્કસપણે નકારાત્મક પરિણામ છોડે. એક અભિપ્રાય પ્રમાણે આ એક અબજોપતિ માટેની જાતે સ્વીકારેલી ફેન્સી જેલ છે. એક અભિપ્રાય પ્રમાણે સમાજમાં વધતી જતી આર્થિક અસમાનતાનું પણ એ પ્રતીક છે.

સમાજે અને સ્થાપત્યએ હવે એ સમજવું પડે કે ક્યાં અટકવું છે. શું કાલે ઊઠીને ટેકનોલોજીના વિકાસથી ૧૦૦૦ માળની ઇમારતનું બાંધકામ અશક્ય બને તો શું તે બનાવવી જોઈએ. માનવીનો જમીન સાથેનો સંબંધ બહુ અગત્યનો છે. જમીન દ્વારા તેની બધી જ જરૂરિયાતો પૂરી થાય છે. જમીન સાથેનો સંપર્ક તૂટી જવાથી માનવી કેટલીક સંવેદનાત્મક બાબતોથી વિમુખ થતો જશે. ક્યાં અટકવું તે સમજવું જરૂરી છે. ■

# ફિજિટલ -આજના વેપારની આવશ્યકતા

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com

'ક્વિક કોમર્સ'...

આ શબ્દ આજે આપણા માટે નવો નથી. ડિજિટલ અથવા ઓનલાઇન ખરીદીનો આ નવો તબક્કો છે. જો શબ્દ ન ખબર હોય તો ઇન્સ્ટામાર્ટ, ઝેપ્ટો, બ્લિન્કીટ વગેરે બ્રાન્ડ ક્વિક કોમર્સની બ્રાન્ડ છે, જે બધા અમુક મિનિટોમાં તમારા ઘરે જોઈતો સામાન પહોંચાડે છે. આપણને સમજાયું કે આ પ્લેટફોર્મ પરથી માલ ઓર્ડર થાય છે. મજાની વાત તે છે કે હમણાં થોડા દિવસો પહેલા સ્વિગીની ક્વિક કોમર્સ બ્રાન્ડ ઇન્સ્ટમાર્ટ જે છે તેણે દિલ્હીમાં એક ફિઝિકલ રિટેલ સ્ટોર ખોલ્યો. આ સાંભળી આપણને નવાઈ લાગશે કે દુનિયા ઓનલાઇન તરફ જઈ રહી છે અને આ બ્રાન્ડ તો મૂળે ઓનલાઇન છે તો ફિઝિકલ સ્ટોર કેમ?

આ એક એક્સપેરિમેન્ટ છે જેના દ્વારા ગ્રાહકોને ઓનલાઇન, ઓફલાઈન અને ક્વિક કોમર્સનો ફિજિટલ અનુભવ આપવા માગે છે. એમની પાસે ઘણા બધા પ્રોડક્ટ અને બ્રાન્ડ્સ છે પણ તેમાંથી એણે અંદાજે ૨૦૦૦ પ્રોડક્ટ પસંદ કરી છે આ મોડેલ માટે. આનો અર્થ તે કે વ્યક્તિ સ્ટોરમાં જઈ પ્રોડક્ટ જોશે, ગમશે તો ત્યાંથી ઓનલાઇન ક્વિક કોમર્સ દ્વારા ઓર્ડર આપશે અને ગણતરીની મિનિટોમાં તે માલ તેમના ઘરે પહોંચી જશે.

ફિજિટલ વ્યૂહરચનાનો હેતુ ભૌતિક અને ડિજિટલ બંનેનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાનો છે. તે જરૂરી નથી કે તે સંપૂર્ણપણે ફિઝિકલ સ્ટોરનો હોય અથવા ફક્ત ડિજિટલ અનુભવ પસંદ કરવાનો હોય. ફિજિટલનો ઉદ્દેશ્ય ગ્રાહકના ફિઝિકલ સ્ટોરના અનુભવના શ્રેષ્ઠ ભાગોને ડિજિટલ વાસ્તવિકતામાં લાવવાનો છે અને આજ વાત જયારે તેઓ ઓનલાઇન સ્ટોર પર હોય ત્યારે ફિઝિકલ સ્ટોરની વાસ્તવિકતા બતાવવી... આ વાંચ્યા પછી લાગશે કે ફિજીટલનો વિચાર ભવિષ્યવાદી છે અથવા ફક્ત તે લોકો માટે છે જેમની પાસે વિશિષ્ટ ટેકનોલોજી છે, પરંતુ એવું નથી. જો તમે આજે દુનિયાભરમાં નજર નાખો, તો તમને રોજિંદા જીવનમાં ફિજિટલ વ્યૂહરચના જોવા મળશે. આને ઉદાહરણો દ્વારા સમજવાની કોશિશ કરીયે, જેમકે...

મેકડોનાલ્ડ્સની કલ્પના કરો. તમે ત્યાં જાઓ છો, અને ચેકઆઉટ કાઉન્ટર તરફ




જવાના તમારા માર્ગમાં તમે ડિજિટલ કિઓસ્ક જોશો અને તેના દ્વારા તમે તમારો ઓર્ડર આપશો. ગ્રાહક ભૌતિક સ્ટોરમાં છે અને ઓર્ડર ડિજિટલી આપે છે. બીજું એક ઉદાહરણ જે તમે જોયું હશે તે છે QR કોડનો ઉપયોગ. આ ફક્ત પૈસા ચૂકવવા માટે નથી પણ તમે રેસ્ટોરન્ટમાં મેનુ ચેક કરવા કે પછી કોઈ દુકાનોમાં વધુ માહિતી માટે ત્યાં લગાડેલા QR કોડને સ્કેન કરશો. બેંકોમાં જઈ તમે તમારી પાસબુક કિઓસ્કના સહારે અપડેટ કરો છો, પૈસા ATM માં ભરો પણ છો અને કાઢો પણ છો. આ છે ફિજિટલ અનુભવો.

આજ વાત ડિજિટલી કેવી રીતે થાય છે? અમુક દુકાનો પોતાના પ્રોડક્ટ લાઈવ સ્ટ્રીમ કરતા હોય છે. તમે તે ઘેર બેઠા જોવો છો જાણે સ્ટોરમાં બેઠા છો અને ખરીદી કરો છો.

આજે વાસ્તવિકતા તે છે કે ભારતીય ગ્રાહકો હવે ઓનલાઈન કે ઓફલાઈનની મૂંઝવણમાં રહેતા નથી. એ ઓનલાઈન ખરીદી કરે છે, સ્ટોરમાં ઉત્પાદનો તપાસે છે, QR કોડ સ્કેન કરે છે અને દરેક ટચપોઈન્ટ પર સીમલેસ અનુભવોની અપેક્ષા રાખે છે. આ અંતરને દૂર કરતી બ્રાન્ડ્સ, જેને આપણે હવે 'ફિજિટલ' બ્રાન્ડ્સ કહીએ છીએ, તે જ બ્રાન્ડ્સ બીજી બ્રાન્ડ્સની સરખામણીએ ઊભરી આવશે.

વિચાર કરી જુઓ.... કોઈ ગ્રાહક કોઈ એપ પર કોઈ પ્રોડક્ટ શોધી શકે છે, ફ્લેગશિપ સ્ટોરમાં તેને સ્પર્શ કરી શકે છે અને તે જ દિવસે તાત્કાલિક ડિલિવરીની અપેક્ષા રાખી શકે છે. અથવા તેઓ સ્ટોરમાં જ કોઈ ઘર્ષણ વિના ઓનલાઈન ખરીદી પરત કરવા માગી શકે છે. આજની તારીખે આ અપેક્ષાઓ પૂરી કરવી વૈકલ્પિક નથી, તે વેપારની જરૂરિયાત છે.

આમ એક રીતે ફિજિટલ ફક્ત ટેકનોલોજી નથી તે એક વ્યૂહરચના છે. તે લોજિસ્ટિક્સ, ડિજિટલ યુએક્સ, સ્ટોર ડિઝાઇન અને ગ્રાહક સેવા જેવી વાતોને સાથે લાવવાની માગ કરે છે. ટાઇટન, નાયકા જેવી વિવિધ બ્રાન્ડ્સ પહેલાથી જ ઇન-સ્ટોર કિઓસ્ક, એઆર ટ્રાય-ઓન્સ અને એપ્લિકેશન-આધારિત લોયલ્ટી પ્રોગ્રામ્સ સાથે ફિજિટલ સિદ્ધાંતોને એકીકૃત કરી રહી છે અને આ જે ઇકોસિસ્ટમ બની રહી છે જેને અવગણવી મુશ્કેલ છે. ઓનલાઈન શોપિંગના ઉદય છતાં, ફિઝિકલ સ્ટોરો ટૂંક સમયમાં બંધ થવાના નથી. ઘણી બ્રાન્ડ્સ હવે 'ફિજીટલ રિટેલ' તરીકે ઓળખાતા વલણમાં ભૌતિક અને ડિજિટલ ખરીદીના અનુભવોને મિશ્રિત કરવા માગે છે. આનું કારણ આજે ગ્રાહકો ઓનલાઈન ખરીદી કરતા હોય કે સ્ટોરમાં, એક સરળ અને અનુકૂળ ખરીદી અનુભવની અપેક્ષા રાખે છે.

જો તમે હજુ સુધી તમારા વ્યવસાયને ફિજિટલ બનાવવાનું નક્કી કર્યું નથી, તો તમે તમારી સ્પર્ધાથી પાછળ રહી શકો છો. ફિઝિકલ અને ડિજિટલ બંને આજની તારીખે શ્રેષ્ઠ અનુભવો આપી શકે છે, તેથી જો તમે ફક્ત એક પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છો, તો બંનેને એકબીજા સાથે જોડવાનો સમય આવી ગયો છે. માર્કેટર્સ માટેનો માર્ગ સ્પષ્ટ છે, ભવિષ્ય ડિજિટલ કે ફિઝિકલ નહિ પણ તે બંને હશે. જે બ્રાન્ડ્સ સફળ થાય છે તે એવા અનુભવો આપવા માગે છે જે દરેક પ્લેટફોર્મ પર સીમલેસ, વ્યક્તિગત અને સુસંગત લાગે.

ભારતના ઝડપથી વિકસતા બજારમાં, ફિજિટલ એક ટ્રેન્ડ નથી- તે એક આવશ્યકતા છે અથવા એમ કહી શકાય કે વેપારીઓ માટે આ આદેશ સમાન છે. ■




# ઊંડા અંધારેથી... પરમ તેજ સુધીનું તત્ત્વજ્ઞાન-અજ્ઞાન

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

એ રાતે નાતાલની ઉજવણી પૂરી થઈ પછી વેદાંત પત્ની રાધી સાથે બેઠો હતો. બંને ખૂબ થાક્યા હતાં. જો કે કેટલાય દિવસોની તૈયારી પછી પાર્ટીમાં મિત્રોએ ભેગા થઈને જે રીતે મજા કરી અને નવું વર્ષ વધાવ્યું એની ખુશાલી સમાતી નહોતી. પાર્ટીની ચમકદમકમાં અચાનક જ લાઈટસ ગઈ હતી. મિત્રોનો મૂડ ખરાબ થઈ ગયો હતો. જોકે રાધીએ આત્મસૂઝથી ઘરમાં હતી એ બધી ટોર્ચ લાઈટ અને મીણબત્તીઓ ચાલુ કરી દીધી અને ઘર ફરી પાછું ઝળહળી ઊઠ્યું. આ લાઈટોથી આખું ઘર એટલું સુંદર લાગતું હતું કે જાણે પહેલેથી આ રીતની ગોઠવણ જ કરી રાખી હોય. અધૂરામાં પૂરું, ફોન બ્લુટૂથ સાથે જોડી મનગમતાં ગીતો પણ વગાડ્યા અને ડાન્સ પણ કર્યો.

આમ આફતને અવસરમાં ફેરવી વેદાંત અને રાધીએ એક સફળ પાર્ટી કરી. બધા ગયા પછી બંને રાતની એ વાત વાગોળતા બેસી રહ્યાં. વેદાંતને નવાઈ લાગી કે રાધીને અંધારાથી ડર લાગતો હોવા છતાં એણે કેટલું સુંદર આયોજન કર્યું. ત્યારે રાધીએ કહ્યું કે ‘એક સેકન્ડ તો મને એટલો ડર લાગી ગયો કે ઘરમાં જેટલી હોય બધી ટોર્ચ ઓન કરી અને મીણબત્તીઓ પણ પ્રગટાવી દીધી. પછી ખ્યાલ આવ્યો કે આવું કરવાથી તો ઘર વધારે સુંદર લાગે છે.’ રાધીનો જવાબ સાંભળી એ અને વેદાંત બંને હસી પડ્યાં. આમ તો અંધારાથી ગાંધીજીને પણ ડર લાગતો હતો અને આપણામાંથી પણ કેટલા બધાં ડરતાં હશે! અંધારામાં ડરવા જેવું એવું તો શું છે?

અંધારુ, અંધકાર, કાળું, પ્રકાશ વિહીન અંધારુ એટલે પ્રકાશની ગેરહાજરી. સૂર્યાસ્ત પછી અંધારુ થાય એટલે દીવા બત્તી થાય. આ ઘરેડથી આપણે સૌ ટેવાઈ ગયા છીએ. એ વિચારવું પણ અશક્ય છે કે જો દીવા, લાઈટ, પ્રકાશની શોધ ના થઈ હોત તો આપણું જીવન કેવું હોત! પાંચ મિનિટ બંધ આંખે બેસીએ તો કદાચ એ અનુભવ લઈ શકાય.

અંધકાર થાય ત્યારે દીવા બત્તી કરવા એ એક પ્રાકૃતિક ઘટના સમાન લાગે. મનુષ્યનો સ્વભાવ છે અંધકારથી પ્રકાશ તરફ જવું. અંધારુ એટલે ના ગમે તે, અંધારુ એટલે ભય, અંધારુ એટલે નકારાત્મકતા, અંધારુ એટલે દિશાવિહીનતા, અંધારુ એટલે અજ્ઞાન...

બીજી તરફ, ભટકી ગયેલ રસ્તો પ્રકાશ પથરાવવાથી મળે છે. પ્રકાશનાં બળે જ સાચી દિશા જડે છે, અજ્ઞાનતા પણ જ્ઞાનના પ્રકાશ વડે દૂર થાય છે, સત્યની શોધ અસત્ય પર પ્રકાશ પાડવાથી થાય છે. આમ આપણાં જીવનમાં અજવાળાનું મહત્ત્વ નકારી ન જ શકાય.

દીવો એક માધ્યમ છે જેના થકી અંધારાથી મુક્તિ મળે છે. આમ જોઈએ તો ભારતીય સંસ્કૃતિનાં મૂળમાં દીપ પ્રાગટ્યનું ખૂબ મહત્ત્વ છે. કોઈ પણ પૂજાપાઠ કે શુભકાર્યની શરૂઆત દીપ પ્રગટાવીને કરવામાં આવે છે કારણકે દીવો પ્રગટાવવાને શુભ માનવામાં આવે છે.

દીવો પ્રકાશ પાથરવાનું કામ કરે છે. જીવનનાં અંધકારમય પથ પર દીવો દિશા સૂચનનું કામ કરે છે. દીવાનાં માધ્યમથી આસપાસ બધું જેવું છે તેવું, ભ્રમણા વગરનું, ચોખ્ખું દેખાય છે. દીવાને મોટેભાગે પ્રતીકાત્મક રીતે જોવામાં આવે છે.

જોકે બાહ્ય પ્રકાશની સાથે જ્યાં સુધી મનમાં દીવો નહીં પ્રગટે ત્યાં સુધી મનનો અંધકાર દૂર નહીં થાય. જીવનમાં સુખ સમૃદ્ધિ સામર્થ્ય પામવા માટે જ્ઞાનરૂપી દીવો પ્રગટાવો જ રહ્યો. બરકત વિરાણી ‘બેફામ’ની પંક્તિઓ યાદ આવે છે :

**કદાચ એ રીતે મંઝિલ મળે પ્રયાસ વિના,**
**બધા જ રસ્તે રખડીએ અને પ્રવાસ વિના.**
**રહી ગયો છું હું અંધકારમાં ફક્ત એથી,**
**કે મારે જીવવું હતું પારકા ઉજાસ વિના...**

આમ અંધકાર અને અજવાળાને વિવિધ સંદર્ભમાં જોઈ શકાય. તમે પણ આવું ક્યારેક તો વિચાર્યું હશે ને?

**બોલો, તમે શું કહો છો?** ■

---

## આ નવા વર્ષે

# બ્રહ્માંડના કેવાં કેવાં અટપટા ભેદ-ભરમ ખૂલશે?

ક્લોઝ-અપ ભરત ઘેલાણી feedback@bombaysamachar.com

**હમણાં ડિસેમ્બર મહિનામાં ‘જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપ’એ ચાર વર્ષ પૂર્ણ કર્યાં છે ત્યારે ૨૦૨૫માં અખિલ બ્રહ્માંડના એણે અનેક રોચક રહસ્યો ઉકેલીને અપૂર્વ સિદ્ધિઓ મેળવી છે. હવે આ વેબ ટેલિસ્કોપ નવા વર્ષમાં શું શું વિસ્મય સર્જે છે એની આતુરતથી રાહ જોઈ રહ્યા છે જગતભરના ખગોળશાસ્ત્રીઓ...**

**નાના** હતા ત્યારે આપણે બધા કાળા ડિબાંગ આકાશમાં જોજનો દૂર એવા ચમકતા ઝબકતા તારલાઓને વિસ્માયથી

બધા તાકી રહેતાં ત્યારે આપણી બા કે દાદીમા અંતરિક્ષના એ તારા-નક્ષત્રને આગંળી ચીંધીને એમની ઓળખ આપતાં : ‘આ છે ધ્રૂવનો અચળ તારો ને ત્યાં છે રોહિણી નક્ષત્ર.’

સમય વીતતો ગયો અને એ બાળસહજ વિસ્મયમાં જ્ઞાન- વિજ્ઞાન ઉમેરાતું ગયું અને ધરતી પરથી તારા-નક્ષત્રને સમીપથી જોવાં -ઓળખવા માટે દૂરબીન - ટેલિસ્કોપથી લઈને પ્લેનેટેરિયમ દ્વારા આકાશદર્શન ધીરે ધીરે સ્પષ્ટ થતું ગયુ. એ પછી તો કરોડો માઈલ દૂરના તારાદર્શન માટે માનવીએ અંતરિક્ષમાં ગોઠવી દીધેલા જંગી ટેલિસ્કોપની અદ્ભુત કામગીરી પણ માનવમાત્રને દિન-પ્રતિદિન અવાક કરતી ગઈ.

આજથી ચાર વર્ષ પહેલાં અમેરિકાની અંતરિક્ષમાં શોધખોળ કરતી સંસ્થા ‘નાસા’ એ ૧૦ અબજ ડૉલરના જંગી ખર્ચે તૈયાર થયેલું એક જંગી ‘જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપ’ને વહેતું મૂક્યું હતું, જેણે કલ્પના પણ નહોતી એવાં અફાટ બ્રહ્માંડનાં અકળ એવાં અનેક રોચક રહસ્યો ઉકેલીને ખગોળવિજ્ઞાનીઓ સમક્ષ છતાં કર્યાં છે, જે માનવીના ભાવિ માટે ઉપકારક નીવડી રહ્યાં છે... આવા વિરાટ સ્પેસ ટેલિસ્કોપ જેમ્સ વેબની એ અવકાશી સિદ્ધિઓ વિશે વાત કરીએ એ પહેલાં થોડા ફ્લેશ બેકમાં.....

‘જેમ્સ વેબ ટેલિસ્કોપ’ ચિત્રમાં પ્રવેશ્યું એ પહેલાં સતત ૩૧ વર્ષ સુધી ખગોળ જ્ઞાન - વિજ્ઞાન ક્ષેત્રે અંતરિક્ષમાં અદ્ભુત કામગીરી બજાવનાર ૧૨ હજાર કિલોગ્રામ વજન ધરાવતું હબલ ‘રિટાયર’ થયું એની જગ્યા ૭ ટનના અતિ આધુનિક વિરાટ જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપે લીધી છે ત્યારે એના વિશે પણ જાણવાની જિજ્ઞાસા જાગે એ સહજ છે, પણ એ પહેલાં ‘હબલ’ અને ‘જેમ્સ વેબ’ સ્પેસ ટેલિસ્કોપ બન્ને વચ્ચે શું સમાનતા છે અને નવું સ્પેસ ટેલિસ્કોપ અગાઉના કરતાંય કેટલું વધું આધુનિક અને કેવી કેવી વિશેષ કામગીરી બજાવી રહ્યું છે એ ઉપરાંત આ જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપના આકાશ-અંતરિક્ષમાં આગમનથી માનવીની ખગોળ શોધ- સંશોધનમાં એ કેટલું ફાયદાકારક નીવડશે,ઈત્યાદિ જેવી બધી જ જિજ્ઞાસાના જવાબ અહીં ખાસ પ્રશ્નોતરી રૂપે આપણને જાણવા મળશે ‘મુંબઈ નહેરુ પ્લેનેટેરિયમ’ના પૂર્વ વડા ડો. જે.જે.રાવલ પાસેથી. ખગોળશાસ્ત્રમાં અનન્ય પ્રદાન માટે માત્ર ભારત જ નહીં, વિશ્વભરમાં પંકાયેલા ૮૨ વર્ષી આ ખગોળવિજ્ઞાની રાવલસાહેબ અહીં ઉપગ્રહ -અવકાશયાન અને અંતરિક્ષમાં રહેલાં વેધશાળા જેવાં ‘હબલ’ તથા લેટેસ્ટ જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપ વિશે સરળ સમજણ સાથે ઘણી રોચક માહિતી પણ આપે છે, જેમકે...

પ્રશ્ન : ખગોળવિજ્ઞાનમાં ઉપગ્રહ - અવકાશયાન અને આવાં અવકાશી ટેલિસ્કોપ કેટલી હદે ઉપયોગી નીવડે?

ઉત્તર : ખગોળ કે કોઈ પણ વિજ્ઞાનમાં થિયરી ભવિષ્યનો માર્ગ દર્શાવે, પણ હકીકત તો નિરીક્ષણ થાય તો જ એ થિયરી ન રહેતાં ચોક્કસ સિદ્ધાંત બને. હવે વાત રહી ખગોળવિજ્ઞાનમાં ઉપગ્રહ- યાન અને ટેલિસ્કોપની. અંતરીક્ષના પદાર્થો આપણી ધરતી-પૃથ્વીથી લાખો માઈલના અંતરે છે એટલે એનું ઘેરબેઠાં નજીક દર્શન -નિરીક્ષણ ટેલિસ્કોપ દ્વારા જ થઈ શકે. જો કે ચંદ્ર કે મંગળ કે બીજા ગ્રહોની આસપાસના ઉપગ્રહોને બહુ જ મર્યાદિત રીતે દૂરબીન દેખાડી શકે. એ બધાના નિરીક્ષણ માટે માનવીએ રોકેટ-યાન દ્વારા ઉપગ્રહો જ ત્યાં મોકલવા પડે.

પ્રશ્ન : ‘હબલ’ કેવું હતું અને એ પછી અંતરિક્ષના દ્રશ્યમાં પ્રવેશ્યું છે એ ‘જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપ’ કેવું છે?

ઉત્તર : આજથી ૩૫ વર્ષ પહેલાં ૨અબજ ડૉલરના ખર્ચે તૈયાર થયેલું ‘હબલ’ આજે પણ એને સોંપેલી કામગીરી બજાવી રહ્યું છે, પરંતુ આટલાં વર્ષોમાં અંતરિક્ષ સંશોધનમાં લેટેસ્ટ ટેકનોલોજી આવી ગઈ છે. સમગ્ર બ્રહ્માંડનો સિનારિયો બદલાય રહ્યો છે એટલે ‘હબલ’ને ધીરે ધીરે નિવૃત કરીને અતિ આધુનિક ‘જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપ’ને અનેકવિધ કામગીરી માટે ચાર વર્ષ પહેલાં તરતું મૂકવામાં આવ્યું છે, જે હજુ આગામી ૧૫ વર્ષ સુધી પૂર્ણ રીતે કાર્યરત રહેશે. હા, એ ખરું કે આપણા ૩૧ વર્ષ સુધી કામગીરી બજાવનાર ‘હબલ’ની કેટલીક મર્યાદા હોવા છતાં એણે ખગોળીય નિરીક્ષણોમાં ઈતિહાસ રચ્યો છે. અત્યાર સુધીમાં એણે અનેક

ગેલેક્સી ( આકાશગંગા ઉર્ફે મંદાકિની)- અનેક તારાના જન્મસ્થાન-નિહારિકા-તારાના વિસ્ફોટ-ગુરુના ગ્રહ પર ધૂમકેતુનું ખાબકવું, વગેરે ઐતિહાસિક અવકાશી ઘટનાઓના દસ્તાવેજી પુરાવા સાથે ‘હબલ’ એનો સાક્ષી રહ્યો છે.

જોકે બીજી તરફ, બ્રહ્માંડમાં નવું નવું શું ચાલી રહ્યું છે એને જબરી જિજ્ઞાસા સાથે કે કયા નવા ગ્રહોમાં માનવી જેવાં જીવ વસે છે- પૃથ્વી પછી બીજે કયાં વસી શકાય એવાં સંશોધન માટે ખગોળશાસ્ત્રી-વિજ્ઞાનીઓને ‘હબલ’ કરતાં પણ અતિ શક્તિશાળી ટેલિસ્કોપની જરૂર હતી અને આમ અંતરિક્ષના તખ્તા પર કેનેડા તેમજ યુરોપની અન્ય સ્પેસ એજન્સીઓના સહિયારા પ્રયાસથી લોન્ચ થયેલું આજની તારીખે વિશ્વનું સૌથી પાવરફૂલ ‘જેમ્સ વેબ ટેલિસ્કોપ’ અમેરિકાની સ્પેસ સંસ્થા ‘નાસા’નું આ અતિ મહત્ત્વાકાંક્ષી મિશન છે. અત્યારની ટીમમાં ‘નાસા’ના પ્રોગ્રામ સાયન્ટિસ્ટ તરીકે મૂળ ભારતીય એવાં લખૈનાનાં હસીમા હસન તેમજ ડૉ. નીકુ મધુસુદન પણ છે!



જેમ્સ વેબ સ્પેસ ટેલિસ્કોપ



બે હજાર પ્રકાશ વર્ષ દૂર સૌથી મોટું બ્લેક હોલ



વિસ્ફોટ પછી અધિક ઝળહળતો તારો – ભાગેડુ સુપરમેસિવ બ્લેકહોલની તસવીરો



લીંબુ આકારનો ગ્રહ

* પૃથ્વીથી ૧૫ લાખ કિલોમીટરના અંતરે અવકાશમાં નિર્ધારિત ભ્રમણકક્ષામાં સ્થિર થયેલા ‘જેમ્સ વેબ ટેલિસ્કોપ’ના સ્પેસ કેમેરા ‘હબલ’ કરતાં વધુ પાવરફૂલ છે. અનેક દૂરની ઓબજેક્ટ- પદાર્થ પીંડની છબી જેમ્સ વેબ ટેલિસ્કોપનાં ચાર ઈન્ફ્રારેડ કેમેરા ઝડપી લે છે. તે એવાં શક્તિશાળી છે કે ગેસયુક્ત વાદળોની આરપાર રહેલી પદાર્થની ઈમેજ આબેહૂબ ઝડપીને ધરતી પર આપણા ખગોળ વિજ્ઞાનીને પહોંચાડે છે. આ છબીઓની ખાસિયત એ છે કે ‘જેમ્સ’ના

ઈન્ફ્રારેડ કેમેરા પ્રત્યેક તસવીરને અલગ અલગ ૮ એન્ગલથી ઝડપીને એ બધાને ભેગી કરી એક તસ્વીર તૈયાર કરે છે, જેથી આપણા સંશોધનકારોને વિશેષ માહિતી પ્રાપ્ત થશે.

* આ જ રીતે, ચન્દ્ર કરતાં ચાર ગણાં અંતરે સેટ થયેલું આ જેમ્સ વેબ ટેલિસ્કોપ ઈનફ્રારેડ કિરણો-તરંગોને પકડી શકે છે-ભેદી શકે છે-ઉકેલી પણ શકે છે આમ અંતરિક્ષનાં અનેક પડળ વીંધીને લાખો માઈલના અંતરે બ્રહ્માંડમાં રહેલા અન્ય ગ્રહોના વાતાવરણનો અભ્યાસ કરીને ત્યાં પણ જીવન છે કે નહીં એની શક્યતા જાણી અને એનું તાત્કાલિક પૃથ્થકરણ કરે છે.

* આ રીતે ‘જેમ્સ’ના ટેલિસ્સ્કોપ દ્વારા ૧૩.૫ અબજ વર્ષ પહેલાં અંતરિક્ષમાં ‘બીગ બેંગ’- જબરા વિસ્ફોટ સાથે બહ્માંડનું સર્જન થયું એ પછી ક્રમશ :૨૦થી ૫૦ કરોડ વર્ષ દરમિયાન સર્જાયેલી ૪૪ ગેલેક્ષી એટલે કે આકાશગંગાની વીરલ તસ્વીરો પણ મેળવી છે!

* આજ રીતે, થોડા સમય પહેલાં અત્યાર સુધીનો સૌથી મોટા બ્લેક હોલ ‘મળી’ આવ્યો હતો., જેને ‘BH-૩’ નામ આપવામાં આવ્યું છે.




### ૨૦૨૫...જેમ્સ વેબસ્પેસ ટેલિસ્કોપની કેટલીક શોધ - સિદ્ધિ

* તાજેતરમાં જ ‘લીંબુ’ આકારના એક ગ્રહની શોધ ‘જેમ્સ ટેલિસ્કોપે કરી છે, જે આપણા પૃથ્વી, ગ્રહથી ૧૦ લાખ માઈલના અંતરે છે...

* આજ રીતે ‘જેમ્સ’ ટેલિસ્કોપે ૧૨૪ પ્રકાશ વર્ષ દૂરના બ્રહ્માંડના K-૨ -૧૮b’ નામના એક બાહ્યવકાશી ગ્રહ પર સજીવ સૃષ્ટિ હોવાના સંકેત પણ ઝિલ્યાં છે!

* અથડામણ કરતાં તારા વિશ્વની અદ્ભુત તસવીરો ઝડપી છે...

* વિસ્ફોટ પછી અધિક ઝળહળતો તારો - ભાગેડુ સુપરમેસિવ બ્લેકહોલનીતસવીરો...

આ બ્લેક હોલ આપણી પૃથ્વીથી બે હજાર પ્રકાશ વર્ષના અંતરે છે અને એ આપણા સૂર્યથી ૩૩ ગણું વધારે કદ ધરાવે છે!

જ્યારે કોઈ સ્ટાર-તારાની આવરદા પૂરી થાય છે ત્યારે એ ધડાકા સાથે તૂટી પડે છે અને ‘બ્લેક હોલ’ સર્જાય છે ત્યારે એનું ગુરુત્વાકર્ષણ એવું શક્તિશાળી બની જાય છે કે એ વિસ્તારની આસપાસના નાના ગ્રહ-તારાઓને પોતાની તરફ ખેંચી લે છે. પ્રકાશ પણ એની અસરમાંથી છટકી નથી શક્તો, પરિણામે એ વિસ્તાર કાળો ડિબાંગ દેખાય છે અને એટલે જ એ ‘બ્લેક હોલ’ તરીકે ઓળખાય છે.

આજે બ્રહ્માંડમાં આવા તો અસંખ્ય બ્લેક હોલ છે, જેને શોધવા કે ગણવા એકદમ અશક્ય જ છે. આમ છતાં અનેકવિધ સંશોધનો પછી ખગોળશાસ્ત્રીઓના અંદાજ મુજબ આજે ૪૦ અબજ આવા બ્લેક હોલ છે, જે લગભગ ૯૦ અબજ પ્રકાશ -વર્ષના વ્યાસમાં છે!

આમ અખિલ બ્રહ્માંડમાં અવિરત રહસ્યો સર્જાતાં જ રહે છે. અતિ આધુનિક ઉપગ્રહ - અવકાશયાન અને અવકાશી ટેલિસ્કોપની મદદથી એને કાળાં માથાનો માનવી સતત ઉકેલવા મથતો જ રહે છે. પરિણામે આજે અનેક રોચક રહસ્ય છતાં થઈ રહ્યાં છે.

મુંબઈ ‘નહેરુ પ્લેનેટેરિયમ’ના પૂર્વ વડા અને વિશ્વવિખ્યાત એવા ખગોળવિજ્ઞાની ડો. જે.જે.રાવલ બ્રહ્માંડ વિશે વિસ્મય પમાડે એવી એક વધુ રોચક માહિતી આપતા કહે છે :

‘આપણે બ્રહ્માંડનો તો એક અંશ માત્ર ઓળખીએ છીએ એ બ્રહ્માંડમાં ૧૦૦ અબજ ગેલેકસી છે-૫૦૦ અબજથી વધુ તારા છે. આ બ્રહ્માંડમાં તો ૫૦૦ અબજ સૂર્ય છે અને ચોંકી ન જતા, બે તારા વચ્ચે ૪૫ અબજ (જી હા, ૪૫ અબજ!) કિલોમીટર જેટલું તો અંતર છે..!’

આમ જેમ અંતરિક્ષ કે બ્રહ્માંડનો કોઈ અંત નથી એમ નવું નવું જાણવાની માનવીની ઉત્કંઠા- જિજ્ઞાસાનો પણ કોઈ અંત નથી માટે બ્રહ્માંડમાં આવી અજાણી આકાશગંગાઓ તારા- ગ્રહો સુપરનોવા અને આવાં ભેદી બ્લેક હોલની શોધ અવિરત ચાલાતી જ રહેશે અને માનવી બ્રહ્માંડનાં અકબંધ ભેદ-ભરમ ઉકેલતો જ રહેશે! ■

---

# ૨૦૨૬નું વર્ષ પ્રવાસન માટે એડવાન્સ ટેક્નોલોજી લાવશે

ફોકસ સમીર ચૌધરી feedback@bombaysamachar.com

વર્ષ ૨૦૨૫એ વિદાય લઇ લીધી છે ત્યારે પ્રવાસન માટે ૨૦૨૬નું વર્ષ વ્યાપકપણે ટેક્નોલોજી આધારિત બનવાનું એક પ્રબળ અનુમાન છે. મોટાભાગના પ્રવાસીઓ વ્યક્તિગત, સ્થિર અને વિશ્વસનીય અનુભવો, સુખાકારી યાત્રા અને પ્રવાહ કરતાં અલગ પ્રવાસન સ્થળોને પ્રાથમિકતા આપશે. જેમ કે ૨૦૨૬માં ઉત્તર અમેરિકા(અમેરિકા, મેક્સિકો અને કેનેડા)માં ફીફા ફૂટબોલ વર્લ્ડ કપનું આયોજન કરવામાં આવશે, તેથી નોંધપાત્ર સંખ્યામાં રમતગમત પ્રેમીઓ પણ તે તરફ જ આકર્ષાશે. જ્યારે વૈશ્વિક પર્યટન સ્થળો(જેમ કે ભારત, સ્પેન, જર્મની વગેરે) પ્રવાસીઓને આકર્ષવા માટે સાંસ્કૃતિક ઊંડાણ, ઇકો-ટુરિઝમ અને નવી લક્ઝરી ઓફરો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરશે. આ બધું સ્માર્ટ ટેક્નોલોજી અને પ્રવાસીઓની સતત વધતી નવી માગણીઓને ધ્યાને લઇને કરવામાં આવશે.

ટેક્નોલોજી પ્રવાસન પર નોંધપાત્ર અસર કરશે એમાં શંકાને કોઇ સ્થાન નથી. એઆઇ, વીઆર, આઇઓટી, વોઇસ સર્ચ અને કોન્ટેક્ટલેસ પેમેન્ટ્સ યાત્રાઓને વ્યક્તિગત બનાવશે. તેમજ રોબોટિક હોટલ સ્ટાફથી લઇને અત્યાધુનિક સિસ્ટમ્સ સુધીના અનુભવોમાં વધારો કરશે. તેથી વિશ્વ પ્રવાસન દિવસ ૨૦૨૬ની થીમ ‘ડિજિટલ એજન્ડા એન્ડ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ ટુ રિ-ડિઝાઇન ટુરિઝમ’હોવી કોઇ આશ્ચર્યની વાત નથી. ઇકોફ્રેન્ડલી મુસાફરી અને સ્વદેશી પર્યટનની માંગ સતત વધી રહી છે. જેને ધ્યાનમાં રાખીને લગભગ તમામ મુખ્ય પર્યટન સ્થળો ટકાઉપણું અને જવાબદારી પર ભાર મૂકી રહ્યા છે. જો કે એક અંદાજ એવો પણ છે કે પ્રવાસીઓ પ્રવાહથી હટકર એ જગ્યાઓની મુલાકાત લેવાને પ્રાથમિકતા આપશે, જ્યાં લોકોની અવરજવર ઓછી હોય એટલે કે ભીડ ઓછી હોય. તેથી ભીડની સમસ્યાને ઉકેલવા માટે પણ પ્રયાસો કરવામાં આવશે. જેની શરૂઆત નોર્વેએ નવો કર લાદીને કરી દીધી છે.




જો કે વર્ષ ૨૦૨૬માં પ્રવાસીઓ વેલનેસ રિટ્રીટ્સ, સ્લીપ ટુરિઝમ અને ‘સેટ-જેટિંગ’(ફિલ્મી લોકેશનની મુલાકાત લેવી)ના માધ્યમથી સ્થાનિક અનુભવોને પ્રાથમિકતા આપતા જોવા મળી શકે છે. જેથી આ જગ્યાઓ સાથે ગાઢ જોડાણ સ્થાપિત કરી શકાય. એક સંભાવના એ પણ છે કે જે સ્થળોએ સફળ ફિલ્મોનું શૂટિંગ થયું હોય તે સ્થળો પર યુવાનો પ્રી-વેડિંગ શૂટ કરાવશે. લોકો ગર્વથી સોશ્યલ મીડિયા પર-‘અમે તે જગ્યા પર છીએ, જ્યાં શાહરૂખ ખાન અને કાજોલે ડીડીએલજે માટે આ ગીત...ગાયું હતું’ જેવા કેપ્શન સાથે ફોટા શેર કરતા જોવા મળશે.

નોંધનીય છે કે આંતરરાષ્ટ્રીય મેળો એફઆઇટીયુઆર ૨૦૨૬ યુરોપિયન પર્યટન માટે ભારતની ક્ષમતા પર ભાર મૂકશે અને આધ્યાત્મિક, સુખાકારી અને સાંસ્કૃતિક યાત્રા પર ધ્યાન કેન્દ્રિત કરશે. આ જ રીતે ફીફા વર્લ્ડ કપ અમેરિકા, મેક્સિકો અને કેનેડામાં પ્રવાસનને નોંધપાત્ર વેગ આપશે તેવી અપેક્ષા છે.

વિવિધ દેશો પોતાને ત્યાં પ્રવાસનને પ્રોત્સાહન આપવા માટે કયા મુદ્દાઓ પર વધુ ભાર મૂકશે તે અંગે તે બધાનો ઉલ્લેખ કરવો શક્ય નથી, પરંતુ ઉદાહરણ તરીકે કેટલાક દેશોનો ઉલ્લેખ કરી શકાય છે. જેમ કે ભારત આધ્યાત્મિક, સુખાકારી અને સાંસ્કૃતિક વિવિધતાને વૈશ્વિક આયોજનોમાં પ્રોત્સાહન આપશે અને યુરોપિયન બજારોમાં પગપેસારો કરવાનો પ્રયાસ કરશે. જર્મની સાંસ્કૃતિક અને મોસમી પ્રમોશન દ્વારા ૧૦ લાખ ભારતીય પ્રવાસીઓને આકર્ષિત કરવાના પ્રયાસો કરશે. જ્યારે સ્પેન ભારત-સ્પેનના ‘ડ્યુલ યર’નો લાભ લઇને ભારતીય પ્રવાસીઓને ટકાઉપણું અને વિવિધ ઓફરોથી આકર્ષવાના પ્રયાસો કરશે. ઓમાને એડવેન્ચર ટુરિઝમના નિયમોને અપડેટ કર્યા છે, જેથી વિકાસ અને વારસા સંરક્ષણ વચ્ચે સંતુલન સાધી શકાય.

૧૬મી સદીના સરોવર શહેર ઉદયપુરમાં વૈભવી હોટલો ખુલવાથી નવા યુગની શરૂઆત થઇ છે. સાથે નવાં સ્થળો પણ સ્પોટલાઇટમાં આવી રહ્યા છે. જેમ કે કેનેડાનો પ્રિન્સ એડવર્ડ આઇલેન્ડ કે જે દરિયાકાંઠાના આનંદને ફરીથી વ્યાખ્યાયિત કરી રહ્યો છે. મરાકશનો ઐતિહાસિક ફેઝ પણ ૧૫ વર્ષના પુનઃસ્થાપન પછી ફરી ખુલ્લો મુકાયો છે.

પ્રવાસીઓને ઇકો-ફ્રેન્ડલી કેબિન અને ઝૂંપડીઓ વગેરે જોઇએ છે પણ સાથે-સાથે ફોન અને ઇન્ટરનેટ કનેક્શન પણ ઇચ્છે છે. એકંદરે ૨૦૨૬માં પર્યટન ઇન્ટેલિજન્ટ અને વ્યક્તિગત યાત્રા સાથે સંબંધિત રહેશે. જે સ્થાનિક સંસ્કૃતિ અને પર્યાવરણનો આદર કરતું હોય, વિઘ્ન રહિત અનુભવ માટે ટેક્નોલોજીનો ભરપૂર ઉપયોગ થશે અને નવાં સ્થળોની મુલાકાત લેવામાં આવશે. ■

હાસ્ય વિનોદ

# આ લેખ વાસ્તુશાસ્ત્રીને પૂછયા પછી જ વાંચવો...

મંગળ અમંગળ

વિનોદ ભટ્ટ

feedback@bombaysamachar.com

**વાસ્તુશાસ્ત્રનો** બેઝ પાયો વિવિધ દિશા છે, એ પણ શક્ય છે કે આ શાસ્ત્રના આધારે જ દિશાઓ રચાઈ હશે. એ જે હોય તે, પણ જે માણસ દિશાશૂન્ય બની જાય છે તે વાસ્તુશાસ્ત્રી (તેમજ જ્યોતિષી) પાસે પહેલો દોડી જાય છે.

આ દિશાનાં પ્રભુત્વની વાતો કરીએ તો કોર્ટમાં આરોપીનું પાંજરું અગ્નિખૂણા તરફ ગોઠવવામાં આવે તો આરોપી ફટાફટ સાચું બોલવા માંડે છે ને તેને વકીલ પણ સત્ય બોલતો અટકાવી શકતો નથી... જે દીકરી હુંશિયારી મારતી હોય, સારાં સારાં માગાં આવતાં હોવા છતાં આ હઠીલી સુપુત્રી નન્નો જ ભણ્યા કરતી હોય તો તેને ઉત્તર-પશ્ચિમ દિશાઓની વચ્ચે હોય એવા બેડરૂમમાં, પશ્ચિમ દિશા બાજુ માથું રહે એ રીતે સુવડાવવી, તેનો પલંગ ખૂણામાં, બારી પાસે ન રાખવો (જેથી એ બારીમાંથી બહાર કૂદી પડવાની પ્રેરણા તેને ન મળે.) એ રૂમમાં ત્રિકોણ આકારનું ફર્નિચર રાખવું નહીં. ના, કોર્નરટિપાઈ પણ નહીં. આટલું ધ્યાન રાખશો તો વહાલના દરિયા જેવી દીકરીનું મન બદલાશે, તેને સદ્બુદ્ધિ આવશે, એટલે તે લગ્ન કરવા તૈયાર થઈ જશે, અથવા તો મનગમતા એકાદ ધનિક બોયફ્રેન્ડ સાથે લગ્ન કરવા નાસી જશે. ટૂંકમાં તમારી એક મોટી જવાબદારી પૂરી થશે.

જો પૂર્વ-ઉત્તર કે ઈશાન દિશા તરફ નીચાણ હોય અને ઘરમાં પૂરતી મોકળાશ હોય તો એ ઘરમાં રહેનાર પુરુષવર્ગનાં માનપાન ઘરમાં પણ વધે છે. ઓફિસનો સ્ટાફ 'સાહેબ' કહીને બોલાવે છે એ રીતે ઘરમાં બધાં, પત્ની સહિત બધાં જ 'સાહેબ'ના સંબોધનથી બોલાવે છે. જેમ કે ભટ્ટસાહેબ, જરા બજારમાં જઈને અઢીસો ગ્રામ ભીંડા લઈ આવશો? કે પછી સાહેબ, સ્ટોરરૂમમાંથી થોડો કચરો વાળી નાખશો? પુરુષવર્ગનું આયુષ્ય વધે છે. અસ્થમા, આર્થ્રાટીસ, એસિડીટી, કાર્ડિયાક પ્રોબ્લેમ વ. જેવી તકલીફો તીવ્ર માત્રામાં રહેવા છતાં માણસ, આ મકાનના પ્રતાપે દીર્ઘ આયુષ્ય ભોગવે છે, તે એટલે સુધી કે કોઈક વાર કંટાળીને આત્મહત્યાનો પ્રયાસ કરવા જાય તો તેમાં તે સફળ થતો નથી, પરંતુ જો મકાનનો ઢાળ નૈઋર્ત્ય દિશા તરફનો હોય તો ધનનો નાશ થાય છે. અલબત્ત, નાશ થવા માટે પણ ઘરમાં ધનનું હોવું જરૂરી છે.!

મકાનની સીડી કેવી બનાવવી એ અંગે પણ વાસ્તુશાસ્ત્રીઓ હજારો વર્ષ પૂર્વે કહી ગયા છે. મકાન બે માળનું હોય એવા કિસ્સામાં જ સીડી યા નિસરણીનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે, પણ એ વાત નોંધી લેવી કે જો સીડી બનાવવાની થાય તો એ માટે દક્ષિણ-પૂર્વનો ખૂણો પસંદ કરવો ને સીડીનાં પગથિયાં ઢાળવાળાં ક્યારેય બનાવવાં નહીં, કેમ કે પછી પડી જવાથી કંઈ પણ થઈ શકે છે.

વાસ્તુશાસ્ત્ર જણાવે છે કે મકાનના મુખ્ય દરવાજા સામે કૂવો ન હોવો જોઈએ, પરંતુ જો ઘરની સ્ત્રી કંકાસણી હોય તો દરવાજાની સામે કૂવો રાખવામાં બાધ નથી - એ કૂવો જેટલો વધારે ઊંડો, એટલું વધુ સુખ... ઘર પાસે કેળનું વૃક્ષ ઉગાડવું નહીં, નહીં તો પછી કેળના પાનમાં ખાવાના દિવસો આવે... કોઈપણ મકાનમાં ભોંયરું રાખવું આમ તો અશુભ છે, પરંતુ એ મકાનનો માલિક જો રહસ્યકથાઓનો લેખક (અહીં લેખકનો અર્થ અનુવાદક સમજવો) હોય તો એવા કિસ્સામાં ભોંયરુ કરવાની વાસ્તુશાસ્ત્ર છૂટ આપે છે.

અને જે લોકો આસ્તિક છે, શ્રદ્ધાળુ છે ને જેમના ઘેર પૂજા હોય તેમણે પૂજાનું સ્થાન ઈશાન ખૂણા તરફ રાખવું. પણ પૂજા કરતી વખતે ઉત્તર કે પૂર્વ દિશા ભણી મોં રાખવું. માથું કોઈ પણ દિશામાં રાખવા સામે વાસ્તુશાસ્ત્રને વાંધો નથી. દિશાઓ અંગે ખાસ સમજણ ન પડતી હોય, મોટા ભાગનાઓને (ઈન્કલ્યુડિંગ વિનોદ ભટ્ટ) સમજ નથી જ પડતી, તો એવા કિસ્સામાં ઘરમાં હોકાયંત્ર વસાવવું, પણ તે જે દિશાઓ બતાવશે તે સાચી જ હશે કે કેમ એ માટે, તે ખરીદતાં પહેલા વાયુશાસ્ત્રીની સલાહ અવશ્ય લેવી. પૂજામાં ગણપતિની ત્રણ ત્રણ મૂર્તિઓ રાખવી નહીં, એમ કરવાથી દેવદોષ લાગે છે. અર્થાત્ દેવને તો કંઈ જ થતું નથી, જે કંઈ થાય એ બધું આપણને થાય છે. આ મૂર્તિઓ આપણે આપણા કલ્યાણાર્થે રાખીએ છીએ, દેવોના નહીં. ગણપતિની વધુમાં વધુ બે જ મૂર્તિ પૂજામાં રાખી શકાય. એમાં પણ જો એક ગણપતિ જમણી તરફની સૂંઢવાળા હોય તો બીજા ડાબી બાજુની સૂંઢવાળા રાખવા. આ ઉપરાંત પૂજાની ઓરડીમાં ભગવાનની મૂર્તિ સાથે દાદા કે દાદીની બેસણા માટે ખાસ તૈયાર કરાવેલ લેમિનેશનવાળી છબી રાખવી નહિ - પછી ભલે એ દાદા-દાદીએ તેમની તમામ સ્થાવર-જંગમ મિલકત, પૂજાની આ ઓરડી સાથે વારસામાં આપી દીધી હોય.

વાસ્તુશાસ્ત્રે એ વાતનો વારંવાર ઉલ્લેખ કર્યો છે કે જૂની સ્મશાનભૂમિ યા કબ્રસ્તાનની સામે કે પાછળ મકાન પસંદ કરવું નહીં. ભૂત-પલીત આપણાથી ન બીએ એનોય ખ્યાલ રાખવો. કોઈપણ મકાનમાં સીધો પ્રવેશ સજ્જનો માટે શુભ છે. મકાનના પાછળના દરવાજેથી થતાં પ્રવેશનો વાસ્તુશાસ્ત્રમાં ચોખ્ખો નિષેધ છે. પાછલા બારણાનો પ્રવેશ - બેક ડોર એન્ટ્રી પોલિટિશિયનો માટે કદાચ શુભ લેખાતી હશે, પણ સારા માણસો માટે તે વર્જ્ય છે અને બારી-બારણાં બેકી સંખ્યામાં હોવા જોઈએ ને પ્રવેશ-દ્વારને પણ બે પડખાં હોવા જોઈએ. આ બારણાં અંદરની તરફ ખૂલવાં જોઈએ. બારણાંની બહાર જે કોલબેલ હોય તે જમણી બાજુએ જ રાખવો. અલબત્ત, ચોર-ડાકુઓને આવા કોલબેલ વગાડવાની વાસ્તુશાસ્ત્ર ના પાડે છે. કારણ કે એમના માટે તે અશુભ છે અને બારણા કરતાં બારીઓ ક્યારેય મોટી ન રાખવી.

ઘરમાં કીચન કહેતાં રસોડું અગ્નિખૂણામાં રાખવું કેમ કે આગ સાથે રસોડાને તેમ જ સ્ત્રીને અતિ નિકટનો તેમ જ અતૂટ સંબંધ છે. ફ્રીજને ઈશાન ખૂણે મૂકી શકાય, પણ સ્ટેબિલાઈઝર તો ફ્રીજની ઉપર જ મૂકવું. ફ્રીજની અંદર ક્યારેય ન મૂકવું. વાસ્તુશાસ્ત્રનો આ સ્પષ્ટ આદેશ છે.

વાસ્તુશાસ્ત્ર જણાવે છે કે ઘરમાં રસોડાની જેટલી જરૂર છે એટલી જ જરૂર ટોઈલેટની પણ હોય છે. બન્ને વચ્ચે કાર્ય-કારણનો સંબંધ છે એ ભૂલવા જેવું નથી. આ ટોઈલેટ કહેતાં શૌચાલય ઈશાન ખૂણામાં રાખવું દોષકારક છે, પરંતુ મકાન-માલિક પોતે જો સંગ્રહણીનો દરદી હોય તો તે ટોઈલેટ રાખે તો તે પોતાના બેડરૂમના ફાવે તે ખૂણામાં ટોઈલેટ રાખે તો તેને વાસ્તુશાસ્ત્ર દોષમુક્ત જાહેર કરે છે. બાકી વાસ્તુશાસ્ત્રે નોંધ્યું છે કે અમુક દિશા તરફ ટોઈલેટ કરવાથી (અર્થાત્ બનાવવાથી) ભાગીદારો વચ્ચે ઝઘડા થાય છે. આ કારણે ભાગીદારને પહેલેથી કહી દેવું કે તારે જે દિશામાં જવું હોય ત્યાં જવાની તને છૂટ છે. બાય ધ વે, ટોઇલેટ જવા માટે ગામડામાં તો આજે ય 'દિશાએ જવું' એવો રૂઢિપ્રયોગ કરવામાં આવે છે. આમ કરવાથી ભાગીદારોની લઘુ-ગુરુશંકાઓનું સમાધાન થાય છે.

તિજોરી કબાટ ખરેખર તો ચોર, ડાકુ, યા ઘરઘાટીની નજરે ઝટ ન ચડે એ દિશામાં રાખવું, પણ તેનો પાછળનો ભાગ પશ્ચિમ તરફની દીવાલને અડાડીને રાખવો, તેમ જ આ તિજોરી-કબાટમાં બહુ પૈસા તેમ જ સાચા હીરા, મોતી કે સોનાના દાગીના રાખવા નહીં. એવી કીંમતી વસ્તુઓ નજીકની બેંકનાં લોકરમાં મૂકવી અને એ બેંકનું લોકર પણ દક્ષિણ તરફની દીવાલને સ્પર્શતું હોય એ જોવું.

સારો ડ્રોઈંગરૂમ મોટા ભાગે બીજાઓને બતાવવા અને બાળવા માટે જ બનાવવામાં આવતો હોય છે. વાસ્તુશાસ્ત્ર જણાવે છે કે ડ્રોઇંગરૂમની પૂર્વ તેમ જ ઉત્તર દિશા તરફની દીવાલો પર ગીધ, કાગડો, ઘૂવડ, શિયાળ તેમ જ મિનિસ્ટરનાં ચિત્રો કે સ્ટેચ્યૂ ટિંગાડવાં શુભ નથી. યુદ્ધનાં દૃશ્યો પણ ડ્રોઇંગરૂમમાં રાખવા નહીં. ક્યારેક તે વાસ્તવિક બની જાય છે.

બેડરૂમ પશ્ચિમ તથા દક્ષિણ દિશા તરફ હોવો જોઈએ. અને પલંગ ઢળતો રાખવો નહીં. પલંગમાં સૂતી વેળાએ જીવતા માણસે માથું ઉત્તર દિશામાં રાખવું નહીં. અને ઘરમાં ચોકીદાર માટે અલગ રૂમ બનાવવાની હોય તો તેની ઓરડી પૂર્વાભિમુખ રાખવી, જેથી ચોકીદાર સૂર્યનું પહેલું તેના મોં પર પડવાની સાથે જ જાગી શકે. તેને જગાડવાનો શ્રમ પરિવારના કોઈ સભ્યે કરવાનો રહે નહીં.

આ લેખ લખતાં પહેલાં અમે અમારા એક વાસ્તુશાસ્ત્રી મિત્રને પૂછયું કે મારે વાસ્તુશાસ્ત્ર પર લેખ લખવો છે, લખું ને? એ મિત્રે જણાવ્યું કે સારું થયું કે તમે મને પૂછ્યું. હવે તમે નિરાંત લખો, તમને કંઈ પણ થાય તો હું બેઠો છું. એટલે આ લેખ અમે લખી બેઠા... તમે પણ આ લેખ વાસ્તુશાસ્ત્રની સલાહ લીધા પછી જ વાંચજો. અસ્તુ.... ■

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી

feedback@bombaysamachar.com

# એક આંખમાં હસાવવાં, એક આંખમાં રડાવવાં



જાન્યુઆરી મહિનો વર્ષનો પ્રથમ મહિનો છે. પ્રથમ, પહેલો, એક કોઈ પણ હરોળના નેતૃત્વને પ્રતિબિંબિત કરે છે. કોઈ પણ શરૂઆત પહેલી કહેવાય છે. નીલ આર્મસ્ટ્રોંગ હંમેશાં ચંદ્ર ઉપર પગ મૂકનારા પહેલા માનવી તરીકે ઈતિહાસમાં અંકિત રહેશે. અવકાશમાં જનારો પહેલો અવકાશવીર કાયમ યુરી ગાગારિન જ કહેવાશે. રવીન્દ્રનાથ ટાગોર નોબેલ પ્રાઈઝ મેળવનારા પહેલા - પ્રથમ ભારતીય તરીકે જ કાયમ ઓળખાશે. ડૉ. રાજેન્દ્ર પ્રસાદને બધા ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ તરીકે ઓળખે છે. એક નંબરનો મહિમા અનંત છે. પહેલું એટલે પ્રથમનું, શરૂઆતનું કે આરંભનું.

**એક અસ્ત્રે મૂંડવું** કહેવત એક લાકડીએ હાંકવું તરીકે પણ જાણીતી છે. સારું - નરસું, યોગ્ય - અયોગ્ય માટે એક જ રસમ અપનાવવામાં આવે ત્યારે આ કહેવત વાપરવામાં આવે છે. એને કારણે હોશિયાર માણસને અન્યાય પણ થાય છે. આ કહેવતની વ્યુત્પત્તિ એવી છે કે માણસને અને પાડાને મૂંડવાને એક જ અસ્ત્રો નાઈ રાખતો હતો એના પરથી આ પ્રયોગ અસ્તિત્વમાં આવ્યો છે. ટૂંકમાં નાઈએ પાડાને અને મનુષ્યને સરખા ગણ્યા. એક **અંગારો સો મણ જાર બાળે** કહેવત અને કરંડિયામાં રહેલી એક સડેલી કેરી બાકી બધી કેરીને બગાડે કહેવત જેવો જ ભાવાર્થ ધરાવે છે. કોઠારમાં પડેલી સો મણ જારનો નાશ કરવા એક અંગારો પૂરતો હોય છે. **એક હૂંછી ઘોડો આખી પાયગાને નડે** કહેવતમાં હૂંછી એટલે તોફાની અને પાયગા એટલે ઘોડાનો સમૂહ. એક તોફાની ઘોડો સમગ્ર ટોળાને ઉશ્કેરી એમને પણ તોફાની બનાવી શકે છે. ટૂંકમાં એકના સામર્થ્યની વાત છે. એક **આંખમાં હસાવવાં અને એક આંખમાં રડાવવાં** કહેવતમાં વડીલની કે માતા-પિતાની કુનેહ વ્યક્ત થાય છે. બાળકને કોઈએક વખતે જરૂરને પ્રસંગે રડાવવાં પણ ખરાં અને કેટલીક વખત હસાવવાં પણ ખરાં એવું સ્થાપિત કરી બાળક પ્રત્યે ભય અને પ્રીતિ બન્ને રાખવાં એમ કહેવામાં આવ્યું છે.

**પહેલા ખોળાનું** એટલે ખૂબ જ અથવા વધુ પડતા લાડ લડાવવામાં આવ્યા હોય એ બાળક માટે વપરાય છે. પહેલા નંબરનું એટલે શ્રેષ્ઠ પંક્તિનું, સૌથી સારું, સૌથી આગળ પડતું. એક નંબરનું કે ટોપ ક્લાસ પણ કહેવામાં આવે છે. **પહેલાને પાણી, છેલ્લાને કાદવ**, વહેલો તે પહેલો પરિસ્થિતિ માટે વિશિષ્ટ પ્રયોગ. અલબત્ત અહીં કાદવને શબ્દાર્થ સ્વરૂપમાં નહીં સમજવાનો. અહીં એ વાત પર ભાર મુકવામાં આવ્યો છે કે જલ્દી આવે એને લાભ મળે અને મોડો પડે એને નિરાશ થવાનો વારો આવે. સ્વાસ્થ્ય સંદર્ભમાં **પહેલું સુખ તે જાતે નર્યા** કહેવત બહુ જાણતી છે. તંદુરસ્તી એ જ શ્રેષ્ઠ સુખ છે એના પર જોર દેવામાં આવ્યું છે. **પહેલે કોળિયે જ મક્ષિકા અથવા પ્રથમ ગ્રાસે મક્ષિકા** કહેવતમાં કામના પ્રારંભમાં જ વિઘ્ન આવે એની વાત કરવામાં આવી છે. મક્ષિકા એટલે માખી અને ગ્રાસે એટલે કોળિયો. પ્રાતઃ કોળિયો ખાવા જતી વખતે એમાં માખી પડે તો એ કોળિયો ફેંકી જ દેવો પડે ને. પરિસ્થિતિજન્ય કહેવત છે.

## एकच्या म्हणी

એકના સામર્થ્યનો મહિમા અનેરો છે. કાગળ પર લખેલી એક લાઈન એક હજાર મૌખિક શબ્દો કરતા વધુ વજન ધરાવે એવું બની શકે. એકની કેટલીક મરાઠી કહેવતો જાણીએ. **एक घाव दोन तुकडे**. તમને તરત ગુજરાતી કહેવત એક ઘા ને બે કટકાનું સ્મરણ થયું હશે. ભાષા અલગ હોવા છતાં કેવું ગજબનું સામ્ય છે. **एखाधा गोष्टीवर किंवा प्रश्नावर तिथल्यातिथे त्वरित निर्णय देणे व चांगलं-वाईट जे असेल ते समोरासमोर न लपवता मांडणी करणे**. કોઈ મુદ્દા કે સમસ્યા વિશે તાબડતોબ નિર્ણય લેવો કે આપવો અને હકીકત છુપાવવાને બદલે સત્ય રજૂ કરવું એ આ કહેવતનો ભાવાર્થ છે. બીજી કહેવત છે **एक ना धड भाराभर चिंध्या** ધડ એટલે આખેઆખું કે સંપૂર્ણ અને ચિંધ્યા એટલે ટુકડા, છૂટુંછવાયું. **एका वेळी अनेक कामं अंगावर घेतली तर कोणतच काम जीट होत नाही आणि कोणत्याही कामांमध्ये उत्कृष्टता गाठता येत नाही त्यामुळे कोणतच काम सर्वोत्कृष्ट होत नाही, सर्व कामे अर्धवट होतात**. એક જ સમયે અનેક જવાબદારી કે કામ હાથમાં લીધા હોય તો એકપણ કામ વ્યવસ્થિત રીતે પાર પડે નહીં અને પૂરા થયેલા એકેય કામમાં ભલીવાર ન હોય. બધા જ કામ અધૂરા રહી જાય. **एका म्यानात दोन तलवारी राहत नाहीत**, તમારું અનુમાન સાવ સાચું છે કે ગુજરાતીમાં આ કહેવત એક મ્યાનમાં બે તલવાર ન રહી શકે એ સ્વરૂપમાં હાજર છે. **दोन तडफदार प्रभावी व्यक्तिमत्व एकाच ठिकाणी काम करणं थोडा अवघड असतं कारण मतभेद असतील तर ते तीव्रपणे मांडण्याची सवय असते थोडक्यात दोन माणसं एकमेकांना छेद देउ शकतात दुखवू शकतात**. સામર્થ્ય ધરાવતી કે પ્રભાવશાળી હોય એવી બે વ્યક્તિ એક જ સ્થળ પર સાથે કામ કરતા હોય ત્યારે એમની વચ્ચે તીવ્ર મતભેદ થાય. આવી પરિસ્થિતિમાં બંને જણ એકબીજા પર પ્રભુત્વ મેળવી પોતે વધુ કાબેલ છે એ સિદ્ધ કરવાની કોશિશ કરતા હોય છે. એ સંદર્ભની આ કહેવત છે.

હિંગ્લિશ VINGLISH

## एक की अनेक कहावतें

હિન્દીમાં પણ એકનું મહત્ત્વ સમજાવતી કહેવતો હાજર છે. **फिराक गोरखपुरी साहब का एक शेर है की कोई समजे तो एक बात कहूँ, ईश्क तौफीक है गुनाह नहीं.**ગોરખપુરી સાહેબનું કહેવું છે કે કોઇને સમજાય તો એક વાત મારે કહેવી છે કે પ્રેમ એ દિવ્ય અનુભવ છે, કોઈ ગુનો નહીં. એક વાત સમજાઈ જવાથી દ્રષ્ટિકોણ બદલાઈ જાય એની વાત છે. આ વાત કહેવતના માધ્યમથી જાણવા - સમજવાની કોશિશ કરીએ. **अंघा लकडी एक बार खोता है.** નેત્રહીન વ્યક્તિ ચાલવામાં મદદરૂપ થતી લાકડી એક જ વાર ગુમાવે એ એનો શબ્દાર્થ છે. અલબત્ત એનો ભાવાર્થ અલગ છે. **एक ही बार विश्वास किया जाता है, अगर कोई धोखा दे तो दूसरी बार विश्वास नहीं किया जाता.** કોઈનો પણ વિશ્વાસ એક જ વાર કરાય, જો વિશ્વાસઘાત થાય તો બીજી વાર વિશ્વાસ ન મૂકી શકાય એવી સમજણ કહેવત આપે છે. **अभी एक बूंट की दो दाल नहीं हुए हैं** કહેવત સમજવા જેવી છે. બૂંટ એટલે લીલા ચણા. આ દ્વિદળ વનસ્પતિ છે અને લીલા ચણાના બે દળ તૈયાર થયા પછી એ ઉપયોગમાં લેવામાં આવે છે. **अभी एक बूंट की दो दाल नहीं हुए हैं मतलब अभी काम का आरंभ है, अभी थोडा काम हुआ है.** કોઈ કામની હજી શરૂઆત જ થઈ છે, દિલ્હી હજી દૂર છે એ એનો ભાવાર્થ છે. **अकेला हँसता भला न रोता.** માણસ એકલો હસતો સારો લાગે, રડતો નહીં. **अकेले कोई काम करना अच्छा नहीं**: એકલપંડે કોઈ કામ કરવામાં સાર નથી. સાથે મળીને કરવાનો આગ્રહ રાખવામાં આવ્યો છે. **अक्ल-मंद को एक इशारा ही काफी होता है. बुद्धिमान संकेत से समज लेता है, समझदार इशारे में बात समझ लेता है उसे बहुत समझाना नहीं पडता.** મૂર્ખ વ્યક્તિ અને સમજદાર વ્યક્તિ વચ્ચેનો ભેદ અહીં સ્પષ્ટ કરવામાં આવ્યો છે. અણસમજુ કે અક્કલના ઓથમીરને કોઈ પણ જવાબદારી કે કામ સોંપ્યું હોય તો એને વારંવાર ફોડ પાડી સમજાવવું પડે કે ભાઈ આમ નહીં ને આમ કરજે. બુદ્ધિમાન વ્યક્તિ હોય તો એક ઈશારો સમજી જાય, એને વિગતવાર સમજાવવું ન પડે.

## First among equals

જાન્યુઆરી ગ્રેગોરિયન કેલેન્ડરનો પ્રથમ મહિનો છે. દરેક પ્રકારની શરૂઆતના રોમન દેવ જેનસ પરથી જાન્યુઆરી નામ પાડવામાં આવ્યું છે. અગાઉ માર્ચ મહિનો વર્ષનો પ્રથમ મહિનો ગણાતો હતો. ઈ. સ. પૂર્વે ૧૫૩માં જાન્યુઆરીને આ સન્માન પ્રાપ્ત થયું હતું. **First among equals: the sentiment that a leader is merely the premier person among his or her colleagues.** સમૂહ ભાવના વ્યક્ત કરતી આ કહેવત છે. સંઘભાવનાથી થતા કોઈ પણ કામમાં એક વ્યક્તિનો હોદ્દો નેતૃત્વને કારણે ઊંચો હોય છે. જોકે, આ કહેવત એમ સમજાવે છે કે વ્યવસ્થા માટે એક વ્યક્તિને નેતૃત્વ સોંપવામાં આવ્યું છે. હકીકતમાં તો એ વ્યક્તિ બધાની સાથે રહીને જ કામ કરવાને પ્રાધાન્ય આપશે. **First come, first served.** ગુજરાતીની પહેલો તે વહેલો કહેવત તમે જાણતા હશો. **The principle that the customer who arrives first is given priority.** જે ગ્રાહક વહેલો આવશે એને પ્રાધાન્ય આપવામાં આવશે એ એનો ભાવાર્થ છે. ટૂંકમાં વૈકુંઠ નાનું અને ભક્તો ઝાઝા જેવો ઘાટ થાય એની વાત છે. **Ladies first** રૂઢિ પ્રયોગમાં નારીને અગ્રતા આપવાની વાતની સાથે નારી સન્માનનો મુદ્દો પણ જોડાયેલો છે. **A sentiment that, according to proper etiquette, females should have priority in passing through a doorway or into another area.** આ પ્રયોગની શરૂઆત દરવાજામાં પ્રવેશ લેતી વખતે કે આગળ વધતી વખતે સન્નારીને પ્રથમ તક આપવી એ શિષ્ટચાર કહેવાય એ સ્વરૂપે થઈ હતી. ત્યારબાદ




આ પ્રયોગે વિશાળ ભાવ અપનાવી લીધો છે. **First water** પ્રયોગ વાંચીને એક વાતનું અચરજ જરૂર થાય કે પાણીને કર્મ સાથે શી નિસ્બત હોઈ શકે? **The highest quality, especially in gems but also said figuratively of people of high character.** જોકે, આ ઉપમા શ્રેષ્ઠ ગુણવત્તા ધરાવતા રત્ન સાથે જોડાયેલી છે. એ સિવાય ચારિત્ર્યવાન વ્યક્તિ માટે પણ આ પ્રયોગનો ઉપયોગ કરવામાં આવે છે. **First-timer** રૂઢિ પ્રયોગને સમય સાથે સીધો સંબંધ નથી. **This phrase is used when someone engaging or participating in some activity the person has not done before.** કોઈ પ્રવૃત્તિ સાથે વ્યક્તિ પહેલી વાર જોડાઈ હોય કે અગાઉ એવી કોશિશ ન કરી હોય ત્યારે આ રૂઢિ પ્રયોગનો ઉપયોગ થાય છે. **First lady means the wife of a government's leader.** ફર્સ્ટ લેડી એટલે દેશના સર્વોચ્ચ વડાની પત્ની. **First leg: the first part of a journey.** ફર્સ્ટ લેગ એટલે પ્રવાસનો પ્રથમ તબક્કો. **First light: the earliest part of day.** ફર્સ્ટ લાઈટ એટલે પ્રભાતનું પહેલું કિરણ દેખાય એ સમય. ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ

feedback@bombaysamachar.com

# એ ફરિયાદનો કેવી રીતે થયો ઉપચાર?

'રમીલા વવ, આંય આવો.' બજરની ડબ્બીમાંથી ડાબા હાથની બે આંગળીથી ચપટી બજર લઇ કંકુમાએ બજરને દાંતે ઘસી. પછી બજર અને થૂંકવાળા હાથ સાડલાના છેડે લૂંછી નાંખ્યા.

'બોલો બા, શું કામ છે? માથું દુખે છે? ચા પીવી છે? વાળમાં તેલ નાંખવું છે?' પ્રેમાળ સ્વરે રમીલાએ તેની સાસુને પૂછયું.

'તમે લોકો મારું લગીરે ધ્યાન રાખતા નથી.' કંકુમાએ ફરિયાદ કરી.

'બા, અમારી કંઇ ભૂલ થઇ ગઇ.?' રમીલા આકુળવ્યાકુળ થઇ ગઇ.

'તમે આમ તો ખાટલેથી પાટલે અને પાટલેથી ખાટલે કરો છો. પાણી માંગું છું તો દૂધ હાજર કરો છો પણ'આમ કહી કંકુમાએ વાક્ય અધૂરું છોડ્યું.

'પણ ...શું ?'

'રમીલા વવ, હું ઓમકારેશ્વર મંદિરે સાંજે ભજનકીર્તન કરવા જઉં છું. ત્યાં મારી ઉંમરની ડોસીઓ ભજન પૂરા થયા પછી દવા ખાવાની વાત કરતી હતી. કોઇક પગના દુખાવાની, કોઇક બીપીની, કોઇ ડાયાબિટીસની... ત્યાં બધી ડોસીઓ મને પૂછે છે કે માડી, તમે કંઇ દવા લો છો? હું તો બધા આગળ ભોંઠી પડી. મારે કહેવું પડ્યું કે મારો છોકરો મારી દવા કરાવતો નથી.' કંકુમાએ જૂતું કયાં ડંખતુ હતું તેનો ફોડ પાડ્યો.

'પણ, બા તમને એવું લાગે છે અમને તમારી દવાના ફદિયા ભારે પડે છે એટલે અમે તમારી દવા કરાવતા નથી?'

'પણ તમે લોકો મારી દવા તો કરાવતા નથી જ ને? તમને મારી દવા કરાવતા જોર આવે છે. મારી દવા હારું રૂપિયા છૂટતા નથી.' કંકુમાએ રાવ કરી.




એ રાતે ...

'તમે બા સાથે પેટછૂટી વાત કરી લો. બા બહુ સોસવાય છે.' રમીલાએ તેના પતિ ધીરુના કાન પર વાત નાંખી.

'રમી, બાપુજી દેવલોક સિધાવ્યા ને ત્રણ દસકા પૂરા થયા. હું માના ચરણોમાં જન્નત છે એ કથનનું ચુસ્તપણે પાલન કરું છું. માને કોઇ વાતે લગીરે ઓછું ન આવે તેમ તો આપણે રાખીએ છીએ.' ધીરુએ ગળગળા થઇને કહ્યું.

'બા, તબિયત કેવી છે?' ધીરુએ કંકુમા પાસે જઇને બેસીને પૂછયું.

'ધીરુડા, તું મને નાનકાના ઘીરે મુકી જા.' નાનકો એટલે ધીરુનો નાનોભાઇ નિતીન. એ પાલિતાણા રહેતો હતો.

'બા ,નાનકાને ઘીરે આંટો મારવા જવું છે?' ધીરુએ પૂછયું.

'ના ધીરુડા, હવે ન્યાંગણે જ રેવું સે.' કંકુમાએ સોઇ ઝાટકીને તેનો નિર્ણય સંભળાવ્યો.

'બા, તને આંય શું તકલીફ છે? છોકરાએ વાયડાઇ કરી? રમીલાએ કાંઇ કીધું?'

'તમે લોકો મારી દવા કરાવતા નથી. તારા બાપા જીવતા હતા ત્યારે તમે લોકો તેની હોંશેહોંશે દવા કરાવતા હતા. 'કુંકુમા ઉવાચ. ધીરુ કંકુ ડોશીને નિતીન પાસે લઇ ગયો. એ તેનો નાનો ભાઇ ન હતો. પરંતુ, શહેરના નામાંકિત ફિઝિશ્યન ડો. નીતિન રાણે હતા.

'ડૉકટર સાહેબ, બાને ચેક કરો.'.

'બા, તમારું નામ શું?' ડૉકટરે સામાન્ય પ્રશ્ન પૂછયો.

'કંકુમા.' કંકુમાએ જવાબ આપ્યો

'બા, જીભ બહાર કાઢો.' ડૉકટરે સૂચના આપી. ડૉકટરે જીભ જોઇ. આંખ તપાસી. કંકુમાનું બ્લડ પ્રેશર માપ્યું. કંકુમાનું ઇસીજી ઈત્યાદિ વગેરે તમામ રિપોર્ટ નોર્મલ હતા. કંકુમાને નખમાંયે રોગ હતો નહીં. તો પછી શેની દવા કરવાની?

'બા હાથપગ કળે છે?' ડૉકટરે ટિપિકલ સવાલ પૂછયો.

'ના ભઇલા.' કંકુમા નિરામય નાદે બોલ્યા.

'છાતીમાં ગભરામણ થાય છે? ચક્કર આવે છે? હાંફ ચડે છે? પગ પાણીપાણી થાય છે?' ડૉકટરે સ્ટાન્ડર્ડ સવાલો પૂછ્યા.

'એવું બધુ થાય મારા વેરીને!? મે કયાં કોઇનો દલ્લો ઓળખ્યો છે?' કંકુમાએ લડાયક જુસ્સાથી જવાબ આપ્યો.

'બા, તમને કોઇ રોગ નથી.' ડૉકટરે નિદાન કર્યું.

'ભઇલા, આ મારો છોકરો મારી દવા કરાવતો નથી. હું મંદિરે ભજન કીર્તન કરવા જાવ સું. ન્યાં કણે બધી ડોસીઓ જાતજાતની ગોળી ગળવા કે દવા પીવાની વાત કરતી હોય છે. મારે પણ એમની ઘોડે ગોળી ગળવી છે.' કંકુમાએ તેની અબળખા જણાવી

'બા તમારે કેટલા દીકરા ?' ડૉકટરે સિલેબસ બહારનો સવાલ પૂછયો.

'મારે બ ગગા અને એક ગગી છે.' કંકુમાએ જવાબ આપ્યો .

'માજી, આ છોકરા તમારી દવા કરાવતા નથી ને? આજથી હું તમારો દીકરો. તમને દવા લેવાની ઇચ્છા થાય ત્યારે તમારે મારે ત્યાં આવતા રહેવાનું.' ડૉકટરે સધિયારો આપ્યો ને પછી ઉમેર્યું :

'માડી, અત્યારે હું તમને એક પાઉડર આપું છું. એક લિકવિડની બોટલ આપું છું. બોટલનું ઢાંકણું ભરીને સવાર સાંજ દવા પી લેવાની.' ડૉકટરે કંકુમાની ફરિયાદનો તોડ કાઢ્યો. કંકુમા રાજીના રેડ થઇ ગઇ. મંદિરે આવતી હમ ઉમ્ર ડોશીને ગર્વથી કહી શકીશ કે હું પણ દવા લઉં સું.

ડૉકટરે કંકુમાને પડીકામાં શેનો પાવડર આપ્યો? ડૉકટરે કંકુ માને પડીકામાં ગ્લુકોઝનો ગળ્યો પાઉડર અને પ્રોબાયોટિક મિલ્કની બોટલ થમાવી દીધી. ડૉકટરે ફીનો એક રૂપિયો લીધા સિવાય નાના બાળક જેવા કંકુમાની ફરિયાદનો આમ ઉકેલ કાઢ્યો ! ■

# કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ અને નિકલમાં સ્ટોકિસ્ટોની આગળ ધપતી તેજી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે સપ્તાહના અંતે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે ખાસ કરીને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સતત બીજા સત્રમાં અને નિકલમાં સતત ત્રીજા સત્રમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી જળવાઈ રહેતાં ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૦ની અને રૂ. ૧૭ની તેજી આગળ ધપી હતી. આ સિવાય અન્ય ધાતુઓમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ અનુસાર મિશ્ર વલણ જોવા મળ્યું હતું, જેમાં બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં અનુક્રમે કિલોદીઠ રૂ. બે અને રૂ. એકનો સુધારો આવ્યો હતો, જ્યારે કોપર વાયરબાર, ટીન, બ્રાસ શીટ કટિંગ્સ અને કોપર આર્મિચરમાં કિલોદીઠ રૂ. એકથી સાતનો ઘટાડો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજાર વર્તુળોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા નિકલમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૦ વધીને રૂ. ૧૦૫૩ અને રૂ. ૧૭ વધીને રૂ. ૧૫૪૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની છૂટીછવાઈ માગને ટેકે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૬૭૪ અને રૂ. એક વધીને રૂ. ૩૦૮ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે કોપર વાયરબાર અને ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. સાત ઘટીને રૂ. ૧૨૦૭ અને રૂ. ત્રણ ઘટીને રૂ. ૩૮૩૦ના મથાળે રહ્યા હતા. આ સિવાય નિરસ માગે બ્રાસ શીટ કટિંગ્સ અને કોપર આર્મિચરના ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૮૦૩ અને રૂ. એક ઘટીને રૂ. ૧૧૩૩ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપરની અન્ય વેરાઈટીઓ, એલ્યુમિનિયમ, ઝિન્ક સ્લેબ તથા લીડ ઈન્ગોટ્સમાં છૂટીછવાઈ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

# જિંદગીનો એક ભાગ બનેલો નિર્દય ભ્રષ્ટાચાર

ઓપિનિયન

સી. એ. પ્રકાશ દેસાઈ

જગત આખામાં ભ્રષ્ટાચાર એટલી હદે ફેલાઈ ચૂક્યો છે કે તે જાણે હવે જિંદગીનો એક ભાગ થઈ ગયો છે. સામાન્ય રીતે ભ્રષ્ટાચાર નાણાકીય ફાયદાઓ લેવા માટે સામાજિક વ્યવહારોમાં કે પછી ધંધામાં, વ્યવસાયમાં કે ક્યારેક સ્પોર્ટ્સ કે એન્ટરટેઈનમેન્ટના ફીલ્ડમાં જોવા મળે છે પણ યુક્રેનમાં કહાની કંઈક અલગ જ છે.

છેલ્લાં ચાર વર્ષથી ચાલી રહેલા રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધમાં જ્યારે આપણે ટીવી ઉપર યુક્રેનના નાગરિકોની તૂટલા ફૂટેલા ઈલેક્ટ્રિસિટી વગરના અંધારાવાળાં ઘરોમાં ભૂખ્યા તરસ્યા જોઈએ છીએ ત્યારે દિલ અને આંખો ભરાઈ આવે છે અને તેથી જ દુનિયાભરથી સહાયતાનું ઝરણું તેઓ માટે વહી રહ્યું છે. આવા સંજોગોમાં દેશનો દરેક નાગરિક તેનાથી બનતી તન, મન અને ધનથી સેવાઓ આપીને લોકોને મદદગાર થવાનું વિચારતા હોય છે ત્યારે યુક્રેનમાં આવા કપરા કાળમાં ભ્રષ્ટાચારે માઝા મૂકી છે તેથી આ એક સામાન્ય ભ્રષ્ટાચાર નથી પણ નિર્દય ભ્રષ્ટાચાર છે અને આ ભ્રષ્ટાચાર છે વીજળીનો! જ્યારે પુતિને યુક્રેનના પાવર પ્લાન્ટસમાં હુમલાઓ કરીને પાવર સપ્લાયને બહુ ખરાબ રીતે ખોરવી દીધેલી છે ત્યારે લોકોને પાવરની બહુ જ જરૂર છે ત્યારે આમાં જ મોટો ભ્રષ્ટાચાર થયેલો જોવા મળ્યો છે.

યુક્રેનમાં ''નેશનલ એન્ટી કરપ્શન બ્યૂરો'' છે જે તેના ટૂંકા નામ ''નાબુ''થી ઓળખાય છે અને આપણે પણ આ આર્ટિકલમાં નેશનલ એન્ટી કરપ્શન બ્યૂરોને નાબુના નામથી જ ઉલ્લેખ કરીશું. એટલું સારું છે કે નાબુ એ સ્વતંત્ર સંસ્થા છે જેના ઉપર ઝેલેન્સ્કી સરકારનો કંટ્રોલ નથી તેથી તે સ્વતંત્ર રીતે સરકારની પરવાનગી વગર કામ કરી શકે છે.

યુક્રેનમાં ન્યુકલીઅર એનર્જી બોડી છે જેનું નામ છે એનૅગોએટમ. આ બોડીનું કામ છે યુક્રેનમાં ઈલેક્ટ્રિસિટી સપ્લાય કરવાનું અને તેમાં તેના ત્રણ ન્યુકલીઅર પાવર પ્લાન્ટ છે જે યુક્રેનની કુલ ઈલેક્ટ્રિસિટી જરૂરિયાતની ૫૦ ટકા સપ્લાય પૂરી પાડે છે. નાબુ કહે છે કે તેના ૧૫ મહિનાના ઈન્વેસ્ટિગેશનમાં આ એનૅગોએટમમાં સરકાર સાથે સંકળાયેલા લોકોનું એક મોટું ભ્રષ્ટાચારનું સ્કેમ બહાર આવ્યું છે.

એનૅગોએટમ સાથે વીજળી ઉત્પાદનમાં સંકળાયેલા વેન્ડર્સ અને સપ્લાયર્સ પાસેથી કોન્ટ્રેક્ટની રકમના ૧૫થી ૨૦ ટકા લાંચ પેટે લેવામાં આવે છે જેની કુલ રકમ એક અંદાજ પ્રમાણે ૧૦ કરોડ ડૉલર મતલબ રૂપિયા ૯૦૦ કરોડનો ભ્રષ્ટાચાર થયેલો છે અને જો કોઈ સપ્લાયર ૧૦થી ૧૫ ટકા કીકબેક નહોતા આપતા તેના પેમેન્ટ અટકાવી દેવામાં આવતા હતા. જેને આ ભ્રષ્ટાચારની રકમ પહોંચાડવામાં આપવામાં આવતી હતી તેઓ તેના ઓરિજિનલ નામ નહીં પણ ઓળખ છુપાવીને પ્રોફેસર, સુગરમેન કે કાર્લસન જેવા હુલામણા નામથી ઓળખવામાં આવતા હતા અને ચલણી નોટોનાં બંડલો તેમને લાંચમાં પહોંચાડવામાં આવતાં હતાં, ક્યારેક વેપારીઓની પત્ની મારફત પણ આ રકમ પહોંચાડવામાં આવતી હતી કે જેથી શંકા ન જાય.

આ કરપ્શનમાં જે કીંગપીન છે તેનું નામ છે તીમુર મીન્ડીચ જે એક સમયે યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કીનો પાર્ટનર હતો કે જ્યારે ઝેલેન્સ્કી અને તીમુરે પાર્ટનરશિપમાં ''ક્વૉટલ ૯૫'' નામની એક મીડિયા કંપની ચાલુ કરેલી હતી. નાબુના ઈન્વેસ્ટિગેશનમાં જાણવા મળેલ છે કે ઝેલેન્સ્કીનો એક સમયનો પાર્ટનર તીમુર મીન્ડીચ માત્ર એનર્જી નહીં પણ ડીફેન્સના મોટા સોદાઓ અને બેંકના વ્યવહારોમાં પણ સામેલ છે. જેવું આ સ્કેન્ડલ બહાર પડવાની ભડક મળી ગઈ કે તીમુર યુક્રેનથી ઈઝરાયલ ભાગી ગયો છે.

માત્ર તીમુર નહીં આ ભ્રષ્ટાચારમાં યુક્રેનના એક્સ ડેપ્યુટી પ્રાઈમ મિનિસ્ટર ઓલેક્સી ચેરનીશો જે એક અન્ય કેસમાં પણ શંકાના દાયરામાં છે! બીજા ભ્રષ્ટ નેતા છે જસ્ટિશ મિનિસ્ટર હર્મેન હાલુસચેન્કો અને એનર્જી મિનિસ્ટર સ્વીટલાના હરીનચુક હવે તો આ બન્નેને પાણીચું આપવામાં આવેલ છે પણ ડેમેજ તો ઓલરેડી થઈ ગયું છે. આના સિવાય ત્રણ ઉચ્ચ હોદ્દેદારો પણ સંડોવાયેલા છે.

પાવર સ્ટેશનો ઉપર ચાલી રહેલા સતત રશિયન ઍટેકમાં લોકોને સસ્તી અને સતત વીજળી આપવાની પ્રાયોરિટી હોય કે જ્યારે લોકો જનરેટરો ઉપર જિંદગી વિતાવતા હોય ત્યારે સરકારના સહયોગથી થતો ભ્રષ્ટાચારથી લોકો ત્રાહિમામ છે અને આ ભ્રષ્ટાચારની કમાણીમાંથી એક સમયના ઝેલેન્સ્કીના પાર્ટનર કે જે આ ભ્રષ્ટાચારના કીંગપીન છે તે તીમુરે કયીવ શહેરના નદીના કિનારે ભવ્ય મહેલ બનાવેલો છે. ભ્રષ્ટ નાગરિક મારો મિત્ર ના હોઈ શકે તેમ કહીને ઝેલેન્સ્કીએ તીમુરની યુક્રેનની નાગરિકતા રદ્ કરેલી છે પણ તે કેવી રીતે દેશ છોડીને ભાગી ગયો તેનો કોઈ ઉત્તર તેની પાસે નથી!

એક તરફ ઝેલેન્સ્કી કહે છે કે ભ્રષ્ટાચારને સાંખી ના લેવાય અને બીજી બાજુ તેણે જુલાઈ મહિનામાં એક ડીક્રી ઈસ્યુ કરીને નાબુ અને સ્પેશ્યલ પ્રોસ્ટિક્યુટરના પાવરની સ્વતંત્રતા છીનવી લીધેલી હતી જેથી તેની પરવાનગી વગર આવા ઈન્વેસ્ટિગેશનો નાબુ શરૂ ના કરી શકે પણ આની સામે લોકોનો આક્રોશ અને દેખાવો અને ઉગ્ર વિરોધ જોઈને ઝેલેન્સ્કીને થયું કે જો આ ડીક્રી વિથડ્રો નહીં કરવામાં આવે તો સત્તા પરથી ફેંકાઈ જશે એટલે ડીક્રી વિથડ્રો કરી લીધી.

ચાર વર્ષથી ચાલી રહેલા યુદ્ધના કારણે ઝેલેન્સ્કી અને તેના સાથીદારો અમર્યાદિત પાવર ધરાવે છે અને યુદ્ધના વાતાવરણમાં ઈલેક્શન થવું શક્ય નથી તેનો પૂરો લાભ લઈ રહ્યા છે. નાબુ પાસે ૧૦૦૦ કલાકની ફોન ટેપની વાતો છે. જેમાં કરપ્શનનો પૂરો ઈતિહાસ છે અને તેમાં જાણવા મળે છે કે કેટલીક રકમો તો રશિયામાં પણ ચૂકવાયેલી છે. આનાથી પણ યુક્રેન સરકારના ભ્રષ્ટાચારની આંચકાજનક દાસ્તાં આવતા રવિવારે જાણીશું.

૨૦૨૫માં કેટલાક મહિનાઓ વ્યવસાયિક અને અંગત કારણોસર લેખો પ્રસ્તુત નહીં કરવા બદલ આપ સૌની માફી માગું છું, સાથ આપવા બદલ વાંચકો અને મુ.સ.ના મેનેજમેન્ટનો ખૂબ ખૂબ આભાર. ■

# આયાતી ચાનું ૧૦૦ ટકા ટેસ્ટિંગ થશેઃ ટી બોર્ડના ઉપાધ્યક્ષ

કોલકાતાઃ દેશમાં સસ્તી વેરાઈટીની ચાના આંતરપ્રવાહને અટકાવવા માટે આયાતી ચાની ગુણવત્તાનું ૧૦૦ ટકા ટેસ્ટિંગ થશે, એવી બાંયધરી આજે ટી બોર્ડના ઉપાધ્યક્ષ સી મુરુગને આપી હતી. નોંધનીય બાબત એ છે કે ઉદ્યોગ દ્વારા ફરિયાદ થઈ રહી છે કે આયાતી ચાની ગુણવત્તા હલકી કક્ષાની હોય છે અને તેને કારણે ઉદ્યોગનો માહોલ ખરડાઈ રહ્યો છે.

અત્રે ટી એસોસિયેશન ઑફ ઈન્ડિયાની દ્વિવાર્ષિક સામાન્ય સભાને સંબોધતા તેમણે જણાવ્યું હતું કે ટી બોર્ડ આયાતી પીણાની ગુણવત્તા અંગેના ૧૦૦ ટકા પરીક્ષણ અર્થાત ટેસ્ટિંગ માટેની પ્રક્રિયાને ઔપચારિક બનાવી રહ્યું છે. તે માટે અમે માળખાગત સુવિધા તૈયાર કરી રહ્યા છીએ. જોકે, તે તૈયાર થતાં ૧૫થી ૨૦ દિવસ લાગશે અને ત્યાર બાદ તેને માટે કાનૂની અભિપ્રાય મેળવ્યા બાદ વાણિજ્ય મંત્રાલયની મંજૂરી મળશે, એમ તેમણે જણાવ્યું હતું.

સસ્તી અને નબળી ગુણવત્તાની ચાની આયાત નેપાળ તથા વિયેટનામ જેવા દેશોથી થઈ રહી હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે ટી બોર્ડ સુવિધા આપનાર તરીકેની ભૂમિકા ભજવશે અને ઉદ્યોગ પરનાં નિયંત્રણોનું ઉદારીકરણ પણ કરશે. ટી બોર્ડ ઑક્શનની યંત્રણામાં સામેલ નહીં થાય, પરંતુ ઑક્શનની પ્રક્રિયા સરળ બનાવશે. તેમ જ બોર્ડ અન્ય દેશોમાં ભારતીય ચાને પ્રોત્સાહન આપવાના પણ પ્રયાસો કરશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૬માં ટી ડેવલોપમેન્ટ ઍન્ડ પ્રમોશન સ્કીમ હેઠળ આગામી પાંચ વર્ષ માટે રૂ. ૧૫૦૦ કરોડનો યોજનાકીય ખર્ચ ફાળવવામાં આવ્યો છે. જેના લાભ નાના ચા ઉત્પાદકો સુધી પણ વિસ્તારવામાં આવશે.

પશ્ચિમ બંગાળના શ્રમ સચિવ અવનિન્દ્ર સિંઘે જણાવ્યું હતું કે ભારતીય ચા ઉદ્યોગ કપરા સમયગાળામાંથી પસાર થઈ રહ્યો છે. નેપાળથી આયાત થતી સસ્તી અને હલકી ગુણવત્તાવાળી ચાની દાર્જિલિંગ ચા ઉદ્યોગ પર ભારે માઠી અસર પડી રહી છે.

વધુમાં તેમણે કહ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં ચા ઉદ્યોગનો કોઈ અનુભવ ન ધરાવતા લોકો બીમાર અને બંધ પડેલા ચાના બગીચાઓની જમીન ખૂબ સસ્તા ભાવથી હસ્તગત કરી રહ્યા છે. આથી હું ઉદ્યોગને આગળ આવીને પશ્ચિમ બંગાળના બગીચાઓને હસ્તગત કરવા અનુરોધ કરું છું. ચા બગીચાઓના કામદારોને સમાનતા આપીને બગીચાઓ ચલાવવા ભાગીદારી કરવામાં આવે ઉદ્યોગને ટકાવી રાખવાનો આ જ એક શ્રેષ્ઠ માર્ગ છે. આ પગલાથી કામદારોમાં પણ માલિકીની ભાવના ઉત્પન થશે, એમ તેમણે ઉમેર્યું હતું. ■

# વિદેશી હૂંડિયામણની અનામતમાં ૩.૨૯૩ અબજ ડૉલરનો વધારો

મુંબઈઃ ગત ૨૬મી ડિસેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૩.૨૯૩ અબજ ડૉલર વધીને ૬૯૬.૬૧ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૪.૩૬૮ અબજ ડૉલર વધીને ૬૯૩.૩૧૮ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૧૮.૪ કરોડ ડૉલર વધીને ૫૫૯.૬૧૨ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર સિવાયના યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મુખ્ય ચલણો સામે સપ્તાહ દરમિયાન રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન સોનાની અનામત ૨.૯૫૬ અબજ ડૉલર વધીને ૧૧૩.૩૨ અબજ ડૉલરના સ્તરે રહી હતી. તેમ જ ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ છ કરોડ ડૉલર વધીને ૧૮.૮૦૩ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૯.૩ કરોડ ડૉલર વધીને ૪.૮૭૫ અબજ ડૉલરની સપાટીએ રહ્યા હતા. ■

# ખાંડમાં વધુ ₹ બેથી ૧૨ની પીછેહઠ

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૦૦થી ૩૬૩૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને અમુક માલની ગુણવત્તા પણ નબળી આવી હોવાથી માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા ભાવમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. બેથી છની અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૨ની પીછેહઠ જોવા મળી હતી. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે માગ તથા માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. છ અને ઉપલા મથાળેથી રૂ. બે ઘટીને રૂ. ૩૭૬૬થી ૩૮૩૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૨ના ઘટાડા સાથે રૂ. ૩૮૮૨થી ૩૯૬૦માં થયા હતા. ■

## સ્પોર્ટ્સ

# હાર્દિકની સતત પાંચ સિક્સર પછી પણ બરોડા હાર્યું




**હાર્દિકની હિટિંગથી ગર્લફ્રેન્ડ ખુશઃ** હાર્દિકની પાંચમી સિક્સર વખતે સ્ટૅન્ડમાં બેઠેલી ગર્લફ્રેન્ડ માહિકા શર્માએ ઊભા થઈને ફ્લાઈંગ કિસ આપી હતી.

રાજકોટઃ હાર્દિક પંડ્યાએ અહીં શનિવારે વિદર્ભ સામેની વિજય હઝારે ટ્રોફીની મૅચમાં એક ઓવરમાં સતત પાંચ સિક્સરની આતશબાજી સહિત કુલ ૧૩૩ રન કર્યા હતા એમ છતાં બરોડાની ટીમે વિદર્ભ સામે પરાજય જોવો પડ્યો હતો. વિદર્ભને ૨૯૪ રનનો પડકારરૂપ લક્ષ્યાંક મળ્યો હતો અને ત્રણ બૅટ્સમેન અમન મોખાડે (૧૫૦ અણનમ, ૧૨૧ બૉલ, ચાર સિક્સર, સત્તર ફોર), અથર્વ ટેઇડ (૬૫ રન, ૫૩ બૉલ, ચાર સિક્સર, સાત ફોર) અને ધ્રુવ શોરે (૬૫ અણનમ, ૭૬ બૉલ, છ ફોર)એ મળીને વિદર્ભને ૫૦ બૉલ તથા નવ વિકેટ બાકી રાખીને વિજય અપાવ્યો હતો.

એ પહેલાં, હાર્દિકે આતશબાજીમાં એક ઓવરમાં પાંચ છગ્ગા ફટકાર્યા હતા અને તેણે ૯૨ બૉલમાં કુલ ૧૧ સિક્સર તથા આઠ ફોર સાથે ૧૩૩ રનનો ખડકલો કરી દીધો હતો. હાર્દિકની આ આક્રમક સેન્ચુરીની મદદથી બરોડાએ ૫૦ ઓવરમાં નવ વિકેટે ૨૯૩ રન બનાવ્યા હતા. બરોડાની ઇનિંગ્સમાં ૩૯મી ઓવર વિદર્ભના સ્પિનર પાર્થ રેખાડેએ કરી હતી જેમાં હાર્દિકે પાંચ સિક્સર અને એક ફોર સહિત કુલ ૩૪ રન બનાવ્યા હતા. તેણે પાર્થના પહેલા પાંચેય બૉલમાં છગ્ગા ફટકાર્યા હતા અને છેલ્લા બૉલમાં ચોગ્ગો માર્યો હતો. હાર્દિકની મોટા ભાગની સિક્સરમાં બૉલ મિડવિકેટ તથા લૉન્ગ-ઑન પરથી ગયા હતા. આખી ઇનિંગ્સમાં હાર્દિકનું વર્ચસ્વ હતું, કારણકે ટીમમાં તેના પછીનો સેકન્ડ-હાઇએસ્ટ સ્કોર વિષ્ણુ સોલંકી (૨૬ રન)નો હતો.

વિદર્ભએ એક સમયે ૭૧ રનમાં બરોડાની પાંચ વિકેટ લઈને એને મુસીબતમાં મૂકી દીધું હતું, પરંતુ આ વન-ડે ટૂર્નામેન્ટમાં પહેલી વાર રમી રમીને સાતમા ક્રમે બૅટિંગમાં મોકલવામાં આવેલા હાર્દિકે મોટા ભાઈ અને કૅપ્ટન કૃણાલ પંડ્યાની વિકેટ બાદ બાજી સંભાળી લીધી હતી અને ટીમને સધ્ધર સ્થિતિમાં લાવી દીધી હતી. હાર્દિકની આ ૧૧૯મી લિસ્ટ-એ મૅચ હતી અને છેક હવે તે પહેલી વાર સદી (૧૩૩ રન) ફટકારવામાં સફળ થયો હતો.

# ટેસ્ટની 0-3ની હારનો બદલો વન-ડેમાં 3-0થી લેજો



૧૧મી જાન્યુઆરીએ વડોદરાની પ્રથમ મૅચ સાથે શરૂ થનારી ત્રણ મૅચની વન-ડે શ્રેણી માટેની ભારતીય ટીમના ખેલાડીઓ (સૌથી ઉપરની રૉ, ડાબેથી જમણે) કૅપ્ટન શુભમન ગિલ, વાઇસ-કૅપ્ટન શ્રેયસ ઐયર, રોહિત, વિરાટ, જાડેજા (વચ્ચેની રૉ, ડાબેથી જમણે) નીતીશ રેડ્ડી, કેએલ રાહુલ, યશસ્વી, વૉશિંગ્ટન સુંદર, હર્ષિત રાણા તેમ જ (નીચલી રૉ, ડાબેથી જમણે) સિરાજ, પ્રસિદ્ધ ક્રિષ્ના, કુલદીપ, પંત અને અર્શદીપ. એક વર્ષ પહેલાં ભારતીયો ઘરઆંગણે ન્યૂ ઝીલૅન્ડ સામેની ત્રણ ટેસ્ટની શ્રેણીમાં 0-3થી હારી ગયા હતા. આ વખતે પણ એવી નામોશીથી ભારતે ન્યૂ ઝીલૅન્ડની માઇકલ બ્રેસવેલની ટીમ સામે બચવાનું છે. વિરાટ-રોહિતની દિગ્ગજ જોડી ભારતને 3-0થી વિજય અપાવશે એવી કરોડો ભારતીય ક્રિકેટપ્રેમીઓને અપેક્ષા છે. (પીટીઆઇ)

# બાંગ્લાદેશના ક્રિકેટરો મુંબઈ અને કોલકાતામાં રમતા ડરે છે

નવી દિલ્હીઃ બાંગ્લાદેશમાં હિન્દુઓ પરના અત્યાચારને પગલે બીસીસીઆઇની સૂચના બાદ કોલકાતા નાઇટ રાઇડર્સ (કેકેઆર)એ બાંગ્લાદેશના પેસ બોલર મુસ્તફિઝુર રહમાનને પોતાના સ્ક્વૉડમાંથી કાઢી નાખ્યો ત્યાર બાદ આ વિવાદમાં નવો વળાંક આવી રહ્યો છે. કેટલાક અહેવાલો અનુસાર ફેબ્રુઆરીના મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપમાં બાંગ્લાદેશના ક્રિકેટરો મુંબઈ અને કોલકાતામાં નિર્ધારિત પોતાની મૅચો રમવાનું ટાળશે અને ભારતની બહાર કોઈ સ્થળે (મોટા ભાગે સંયુક્ત યજમાન શ્રીલંકાના કોલંબોમાં) રમવાની માગણી આઇસીસી સમક્ષ કરશે.

વિશ્વ કપમાં બાંગ્લાદેશની મૅચો કોલકાતાના ઈડનમાં ૭-૧૪ ફેબ્રુઆરી દરમ્યાન વેસ્ટ ઇન્ડિઝ, ઇટલી તથા ઇંગ્લૅન્ડ સામે તેમ જ ૧૭મી ફેબ્રુઆરીએ વાનખેડેમાં નેપાળ સામે રમાવાની છે.

જોકે ભારતે મુસ્તફિઝુર સામે હકાલપટ્ટીનું પગલું લીધું એ કારણસર તેમ જ ભારતમાં પોતાના ક્રિકેટરો પર હુમલા થઈ શકે એવા ડરને લીધે બાંગ્લાદેશ બોર્ડ વર્લ્ડ કપની મૅચો ભારતમાં રમવા નથી માગતું એવું શનિવારે રાત્રે જાણવા મળ્યું હતું.

ભારતે ૧૯૭૧માં પાકિસ્તાનથી જેને આઝાદી અપાવી એ જ બાંગ્લાદેશ હવે ભારત સાથે દુશ્મની પર ઊતર્યું છે અને પોતાને ત્યાં હિન્દુઓ પર થતા અત્યાચાર રોકી નથી શક્તું.

# પાકિસ્તાન વર્લ્ડ કપ ટીમની જાહેરાતની મહેતલ ચૂક્યું

## જાહેર જનતાથી પણ ટીમ છુપાવી

લાહોરઃ આગામી ફેબ્રુઆરીમાં ભારત અને શ્રીલંકામાં સંયુક્ત રીતે રમાનારા મેન્સ ટી-૨૦ વર્લ્ડ કપ માટે ટીમ જાહેર કરવા માટે ઇન્ટરનૅશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી)એ કટ-ઑફ તારીખ તરીકે પહેલી જાન્યુઆરી જાહેર કરી હતી, પરંતુ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) એ તારીખ ચૂકી ગયા પછી હવે એણે ટીમ નક્કી કરી છે. જોકે પીસીબીએ એ ટીમ માત્ર આઇસીસીને જ પહોંચાડી છે અને જાહેર જનતાથી ગુપ્ત રાખી છે.

ભારતે વર્લ્ડ કપની ટીમની જાહેરાત ૨૦મી ડિસેમ્બરે જ કરી દીધી હતી. ૨૦ દેશ વચ્ચેના આ વર્લ્ડ કપની કેટલીક ટીમોએ હજી ટીમ જાહેર નથી કરી. વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૫મી ફેબ્રુઆરીએ કોલંબોમાં મુકાબલો થવાનો છે.

# ગજ્જરે સૌરાષ્ટ્રને અને અક્ષરે ગુજરાતને વિજય અપાવ્યોઃ મુંબઈ હાર્યું, પણ શમીએ બેન્ગાલને જિતાડ્યું

(૧) અલુરમાં લેફ્ટ-હૅન્ડ બૅટ્સમૅન સમર ગજ્જર (૧૪૭ રન, ૧૩૫ બૉલ, ચાર સિક્સર, ૧૪ ફોર)ની સેન્ચુરીની મદદથી સૌરાષ્ટ્રએ આઠ વિકેટે ૨૯૪ રન કર્યા બાદ રેલવેની ટીમ પ્રેરક માંકડ તથા અંકુર પન્વારની ત્રણ-ત્રણ વિકેટ અને ચિરાગ જાનીની બે વિકેટને લીધે ઉપેન્દ્ર યાદવના ૮૬ રન અને આશુતોષ શર્માના ૬૫ રન છતાં ૨૬૩ રન કરી શકી હતી અને સૌરાષ્ટ્રનો અંતિમ ઓવરમાં ૩૧ રનથી વિજય થયો હતો.

(૨) અલુરમાં ગુજરાતે અક્ષર પટેલ (૧૩૦ રન, ૧૧૧ બૉલ, પાંચ સિક્સર, દસ ફોર)ની સેન્ચુરી અને વિશાલ જયસ્વાલ (૭૦ રન, ૬૦ બૉલ, પાંચ સિક્સર, ત્રણ ફોર)ની હાફ સેન્ચુરીની મદદથી નવ વિકેટે ૩૧૮ રન કર્યા હતા. આંધ્રની ટીમ ઓપનર ગણેશ્વરના ૧૦૨ રનની મદદથી સાત વિકેટે ૩૧૧ રન કરી શકી અને ગુજરાતનો સાત રનથી વિજય થયો હતો. રવિ બિશ્નોઈએ ત્રણ તેમ જ અક્ષર પટેલ અને અર્ઝાન નાગવાસવાલાએ બે-બે વિકેટ લીધી હતી.

(૩) જયપુરમાં આર્શિન કુલકર્ણીના ૧૧૬ રન તથા ઋતુરાજ ગાયકવાડના ૬૬ રન અને રામક્રિષ્ન ઘોષના અણનમ ૬૪ રનની મદદથી મહારાષ્ટ્રએ ચાર વિકેટે ૩૬૬ રન કર્યા પછી મુંબઈની ટીમ અંગક્રિશ રઘુવંશીના ૯૨ રન છતાં ૨૩૮ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ જતાં મહારાષ્ટ્રની ૧૨૮ રનથી જીત થઈ હતી.

(૪) રાજકોટમાં બેન્ગાલે અભિમન્યુ ઈશ્વરનના ૧૦૨ રનની મદદથી સાત વિકેટે ૩૦૨ રન કર્યા બાદ આસામની ટીમ ખાસ કરીને બેન્ગાલના મોહમ્મદ શમીની ત્રણ વિકેટને કારણે ૨૧૭ રન કરી શક્યું હતું અને બેન્ગાલનો ૮૫ રનથી વિજય થયો હતો.

# ઘાટકોપર જૉલી જિમખાનામાં રાજ્ય સ્તરિય કૅરમ સ્પર્ધાનું આયોજન

મુંબઈઃ ઘાટકોપર જૉલી જિમખાનામાં ત્રીજી વખત રાજ્ય-સ્તરિય શ્રેણિક કૅરમ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા આગામી ૧૦ થી ૧૨ જાન્યુઆરી દરમ્યાન જૉલી જિમખાના (ઍરકન્ડિશન્ડ હૉલ), ફાતિમા હાઇ સ્કૂલની સામે, વિદ્યાવિહાર (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૮૬ ખાતે યોજવામાં આવી છે. ચૅરમૅન રજનીકાંત શાહ, મેનેજિંગ ટ્રસ્ટી મનોજ અજમેરા અને સેક્રેટરી મુકેશ બદાણી દ્વારા મહારાષ્ટ્ર કૅરમ અસોસિયેશન તથા મુંબઈ સબર્બન જિલ્લા કૅરમ સંગઠન સાથેના સહયોગમાં આ કૅરમ સ્પર્ધા આયોજિત કરવામાં આવી છે. આ સ્પર્ધા બે શ્રેણી (પુરુષ વ્યક્તિગત અને મહિલા વ્યક્તિગત)માં યોજાશે અને વિજેતાઓને ૧ લાખ ૧૦ હજાર રૂપિયાના રોકડ ઇનામ તથા ટ્રોફી (વિજય ચિહ્ન) આપવામાં આવશે. આ સ્પર્ધા કુલ ૨૪ સુરકો કૅરમ બોર્ડ પર સવારે ૯ થી રાત્રે ૯ વાગ્યા સુધી યોજાશે. સ્પર્ધા માટે પ્રવેશ પત્ર મહારાષ્ટ્ર કૅરમ સંગઠનની વેબસાઇટ www.maharashtracarromassociation.com પર ઉપલબ્ધ છે અને ખેલાડીઓને સ્પર્ધા માટે તેમના નામ નોંધાવવા તેમના જિલ્લા સંગઠનનો સંપર્ક કરવા વિનંતી કરવામાં આવે છે. વધુ માહિતી માટે મોબાઇલ નંબર (૯૯૮૭૦૪૫૪૨૯) પર સંપર્ક કરવો. આ કૅરમ સ્પર્ધાનું સંચાલન નીતિન ઠક્કર અને તેમની સબ-કમિટી કરશે.

# ગિલને જયપુરમાં રાત્રે એવું તે શું થઈ ગયું કે સવારે રમ્યો જ નહીં?

જયપુરઃ ભારતની ટેસ્ટ અને વન-ડે ટીમનો કૅપ્ટન શુભમન ગિલ હજી માંડ ગરદનની અને પગના અંગૂઠાની ઈજામાંથી મુક્ત થયો છે ત્યાં તેને એક નાની બીમારી નડી જેને લીધે તે શનિવારે સવારે વિજય હઝારે ટ્રોફી વન-ડે ટૂર્નામેન્ટની સિક્કિમ સામેની મૅચમાં નહોતો રમી શક્યો. તે આ મૅચમાં પંજાબ વતી રમવાનો હતો, પણ હવે તેની તબિયત સારી છે અને છઠ્ઠી જાન્યુઆરીએ ગોવા સામેની મૅચમાં તે રમશે.

બન્યું એવું કે ગિલ શુક્રવારે બપોરે જયપુર આવી પહોંચ્યો હતો. તે શનિવારે સિક્કિમ સામેની મૅચમાં રમવાનો જ હતો, પરંતુ ખોરાકી ઝેરની અસરને કારણે તેની તબિયત બગડી ગઈ હતી.

## ડૉક્ટરે આરામ કરવાની સલાહ આપી

શુક્રવારે રાત્રે ખોરાકી ઝેરની અસરને કારણે ગિલ બીમાર પડી ગયો હતો. ગિલને શનિવાર સવારની મૅચમાં રમવું હતું, પણ ડૉક્ટરે તેમ જ પંજાબની ટીમના મૅનેજમેન્ટ (કૅપ્ટન પ્રભસિમરન સિંહ તથા કોચ અને ટીમના અન્ય વરિષ્ઠ ખેલાડીઓ)એ ગિલને આરામ કરવાની સલાહ આપી હતી.

૧૧મી જાન્યુઆરીએ ઘરઆંગણે ન્યૂ ઝીલૅન્ડ સામે શરૂ થનારી વન-ડે સિરીઝ માટે શનિવારે જાહેર કરવામાં આવેલી ટીમનું સુકાન ગિલને સોંપાયું છે. સલાહ મળ્યા બાદ ખુદ ગિલે આ શ્રેણીને ધ્યાનમાં રાખીને જયપુરની મૅચમાં ન રમવાનું નક્કી કર્યું હતું.

## ગિલ વિના પણ પંજાબની જીત

જોકે ગિલની ગેરહાજરી પંજાબને નડી નહોતી, કારણકે પંજાબે સિક્કિમને ૨૬૨ બૉલ બાકી રાખીને ૧૦ વિકેટે હરાવી દીધું હતું. ખાસ કરીને અર્શદીપ સિંહની પાંચ વિકેટને કારણે સિક્કિમની ટીમ ૭૫ રનમાં આઉટ થઈ હતી અને કૅપ્ટન પ્રભસિમરન સિંહ (૫૩ અણનમ, ૨૬ બૉલ, પાંચ સિક્સર, ચાર ફોર) તથા હરનૂર સિંહ (૨૨ અણનમ, ૧૩ બૉલ, ચાર ફોર)ની જોડીએ માત્ર ૬.૨ ઓવરમાં વિકેટ ગુમાવ્યા વગર ૮૧ રન કરીને પંજાબને વિજય અપાવ્યો હતો.

# રાજ્યમાં ૬૭ નગરસેવકો બિનહરીફ ચૂંટાવાના મુદ્દે રાજકારણ તપ્યું

## મનસેની કોર્ટમાં જવાની ચીમકી તો ચૂંટણી પંચે તપાસનો આદેશ આપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યની ૨૯ મહાનગરપલિકામાં ચૂંટણી યોજાય તે પહેલા જ જુદી જુદી મહાપાલિકામાં ૬૭ નગરસેવકો બિનહરીફ ચૂંટાઈ આવ્યા છે. આટલા નગરસેવક બિનહરીફ ચૂંટાઈ આવવા સામે હવે રાજકરણ તપ્યું છે. ભારે હોબાળો થતા રાજ્યના ચૂંટણી પંચે આ પૂરા પ્રકરણની તપાસનો આદેશ આપ્યો છે અને સ્થાનિક અધિકારીઓ પાસેથી અહેવાલ માંગ્યો છે. આ મુદ્દે રાજ્યના વિરોધીપક્ષો દ્વારા ઉમેદવારોને ધમકાવવા, પૈસાની લાલચ આવવા જેવા આરોપ કરવામાં આવ્યા છે, તો બિનહરીફ ચૂંટાવાના વિરોધમાં મનસેએ કોર્ટમાં જવાની તૈયારી કરી હોઈ રાજ ઠાકરેએ તેમની પાસે પુરાવા હોવાનો દાવો કર્યો હતો.

શુક્રવારે અરજી પાછી ખેંચવાના છેલ્લા દિવસે ૬૭ નગરસેવકો બિનહરીફ ચૂંટાયા હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું. જોકે તેની સામે હવે આરોપ-પ્રત્યારોપ શરૂ થઈ ગયા છે. આ પ્રકરણમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેના પ્રવક્તા સંજય રાઉતે આરોપ કર્યા બાદ હવે રાજ ઠાકરેની મનસેએ પણ નારાજગી દર્શાવી છે અને મનસે દ્વારા તેમની પાસે પૂરતા પુરાવા હોઈ તેઓ કોર્ટમાં જશે એવો દાવો શનિવારે કર્યો હતો.

પાલિકાની ચૂંટણીમાં બિનહરીફ ચૂંટાવાની પૅટર્ન જો સમયસર રોકી નહીં તો ભવિષ્યમાં ચૂંટણી થવાનું જ બંધ થઈ જશે એવો ડર પણ મનસેએ (જુઓ પાનું ૪) ▸▸

## ધનવર્ષાથી ઉમેદવારોને પીછેહઠ કરવાની ફરજ પાડવામાં આવીઃ સંજય રાઉત

મુંબઈઃ ૧૫ જાન્યુઆરીના મતદાન અને ૧૬ જાન્યુઆરીના રોજ મતગણતરી પહેલા જ ભાજપ-શિવસેનાના ૬૬ ઉમેદવારો નગરસેવક તરીકે ચૂંટાઈ આવ્યા હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. જોકે આ દવાથી ખળભળાટ મચી ગયો છે. શિવસેના ઠાકરે જૂથના સંસદ સભ્ય સંજય રાઉતે તેની કડક શબ્દોમાં ટીકા કરી છે. આને સફળતા મળી કઇ રીતે કહી શકાય? ૬૬ લોકો બિનહરીફ ચૂંટાયા એ ચૂંટણી કહેવાય? મતદારોએ શું કરવું? એવા સવાલો રાઉતે ઊભા કર્યા છે.

દેશના ઇતિહાસમાં જ નહીં, દુનિયાના ઇતિહાસમાં ક્યારેય આટલા બધા લોકો બિનહરીફ ચૂંટાઈ નથી આવ્યા. ૬૦-૬૫ લોકો બિનહરીફ કેવી રીતે ચૂંટાય છે, કયા આધારે ચૂંટાય છે? તેમની સિદ્ધિ શું છે કે જનતા તેમને બિનહરીફ ચૂંટે? રાઉતે આ સવાલ ઉઠાવ્યા છે. લોકોએ આ દેશના દિગ્ગજ નેતાઓને પણ બિનહરીફ ચૂંટ્યા નથી. અટલ બિહારી વાજપેયી, બૅરિસ્ટર નાથ પઈ ક્યારેય બિનહરીફ ચૂંટાયા નથી. વસંતદાદા પાટીલ, રામ મનોહર લોહિયા અને નરેન્દ્ર મોદી પણ ક્યારેય બિનહરીફ ચૂંટાયા નથી.

મહારાષ્ટ્રમાં બિનહરીફ ચૂંટાઈ આવવાનો એક નવો શિરસ્તો ચાલી રહ્યો છે. ઉમેદવારોને પીછેહઠ કરવાની ફરજ પાડવામાં આવી રહી છે. ઉમેદવારો પર પૈસાનો વરસાદ કરવામાં (જુઓ પાનું ૪) ▸▸

# મહારાષ્ટ્રની ૨૯ મહાનગરપાલિકામાં ૧૫,૯૩૧ ઉમેદવારો

**મુંબઈમાં૧,૭૦૦ ઉમેદવારો ચૂંટણીના મેદાનમાં**

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ સહિત રાજ્યની ૨૯ મહાનગર-પાલિકાની ચૂંટણી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ યોજાઈ રહી છે ત્યારે ચૂંટણી માટે મેદાનમાં હવે ૧૫,૯૩૧ ઉમેદવારો જંગ લડવાના છે, જેમાં મુંબઈમાં ૨૨૭ બેઠકો માટે ૧,૭૦૦ ઉમેદવારો ચૂંટણી લડવાના છે. તો મુંબઈના પડોશી શહેર થાણેમાં ૨૬૩ ઉમેદવારોએ પોતાના ફોર્મ પાછા ખેંચી લીધા હતા.

રાજ્યના ચૂંટણી કમિશને શનિવારે આપેલી માહિતી મુજબ કુલ ૩૩,૨૪૭ નોમિનેશન ફોર્મ ભરાયા હતા, જેમાં ફોર્મની સ્ક્રુટીની બાદ ૨૪,૭૭ ચૂંટણી લડવા પાત્ર રહ્યા હતા. શનિવારે, બે જાન્યુઆરી, ૨૦૨૬ના ઉમેદવારી પાછી ખેંચવાના દિવસે બપોરના ત્રણ વાગ્યાની મુદત સુધીમાં કુલ ૮,૮૪૦ ઉમેદવારોએ પોતાનું ઉમેદવારી પત્રક પાછું ખેંચી લીધું હતું.

રાજ્યમાં ૨૯ મહાનગરપાલિકામાં કુલ ૮૯૩ વોર્ડમાં આવેલી ૨,૮૬૩ બેઠક માટે ચૂંટણી થવાની છે, જેમાં મુંબઈની ૨૨૭ બેઠકોનો સમાવેશ થાય છે.

દેશની આર્થિક રાજધાની ગણાતી મુંબઈ મહાનગરપાલિકાનું નાણાકીય બજેટ દેશના અનેક નાના રાજ્યો કરતા પણ મોટું હોય છે, તેથી તમામ રાજકીય પક્ષો આ વર્ષે મુંબઈ મહાનગરપાલિકાને પોતાના કબજામાં કરવાના પ્રયાસમાં છે. મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી માટે કુલ ૨,૫૧૬ ઉમેદવારી પત્રક ભરાયા હતા, તેમાંથી સ્ક્રુટીની બાદ ૨,૧૫૩ ઉમેદવારી પત્રક (જુઓ પાનું ૪) ▸▸

# અજિત પવારે ભાજપ સામે બંદૂક તાકીઃ પુણેમાં રાજકીય ગતિવિધિઓ તેજ

પુણેઃ મહાયુતિના ઘટક પક્ષ ભાજપ અને એનસીપી પિંપરી ચિંચવડ મહાનગરપાલિકાની ચૂંટણીમાં એકબીજા સામે મેદાનમાં ઊતર્યા છે. અજિત પવારે પુણે તેમજ પિંપરી ચિંચવડ મ્યુનિસિપલ કોર્પોરેશન પર ખાસ ધ્યાન કેન્દ્રિત કર્યું છે. બંને જગ્યાએ તેમણે એનસીપી શરદ પવાર જૂથને સાથે લઈને ભાજપ સામે રણનીતિ બનાવી છે. આ બંને પાલિકાઓને કબજે કરવા પવાર પુણેમાં અડ્ડો જમાવી બેઠા છે.

દરમિયાન અજિત પવારે ભાજપની આકરી ટીકા કરવાનું શરૂ કરી દીધું છે. છેલ્લા નવ વર્ષમાં ભાજપે પિંપરી ચિંચવડ મહાનગરપાલિકાનું સંચાલન ખરાબ રીતે કર્યું છે અને મોટા પાયે ભ્રષ્ટાચાર કરવાનો આરોપ ભાજપ પર મૂક્યો છે. મહાયુતિનો હિસ્સો રહેલા અજિત પવાર ખુલ્લેઆમ ભાજપની ટીકા કરી રહ્યા હોવાથી બંને પક્ષ તરફથી રાજકીય પ્રતિક્રિયાઓ આવવા લાગી છે. અઢી કલાકની પ્રેસ કોન્ફરન્સ કરીને અજિત પવાર (જુઓ પાનું ૪) ▸▸

**શિંદે શિવસેનામાં અસંતોષનો ઉકળતો ચરુ**

# પત્ની સહિત ઈચ્છુક ઉમેદવારની આત્મહત્યાની ધમકી

મુંબઈઃ કેટલાક પક્ષના કાર્યકરો અને પદાધિકારીઓએ પાલિકા ચૂંટણીમાં ઉમેદવારી મેળવવા ભારે ધમપછાડા કર્યા હોવાનું અત્યાર સુધી જોવા મળ્યું છે. ટીવી ફૂટેજમાં આ કાર્યકરો નેતાઓ પાસે ખુલાસો માગતા જોવા મળ્યા હતા. ખાસ કરીને છત્રપતિ સંભાજી નગર અને નાશિકમાં ભાજપની ઉમેદવારી મેળવવા માટે આપસમાં બાધા બાધી થતી જોવા મળી હતી. ઘણા લોકોએ તો આંસુ પણ વહાવ્યા. નાશિકમાં એકનાથ શિંદે શિવસેનામાં આંતરિક વિખવાદ ફાટી નીકળ્યો છે. નાશિકમાં ભાજપ-શિવસેના અલગ અલગ ચૂંટણી લડી રહ્યા છે. ગઠબંધન માટે પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા. આશ્ચર્યની વાત એ છે કે નાશિકમાં એકનાથ શિંદેની શિવસેના અને અજિત પવારની રાષ્ટ્રવાદી કોંગ્રેસ વચ્ચે ગઠબંધન થયું છે. બંનેએ ભાજપને વેગળું રાખ્યું છે.

એકનાથ શિંદેની શિવસેનામાં આંતરિક વિખવાદ જોવા મળ્યો છે. વોર્ડ નંબર ૩૧ માં ઉમેદવારી મેળવવા ઉત્સુક શિવા તેલંગે સોશિયલ મીડિયા પર એક પત્ર પોસ્ટ કરીને પત્ની સાથે આત્મહત્યાની ચેતવણી આપી છે. પત્રમાં કહેવામાં આવ્યું છે કે અજય બોરસ્તે, હેમંત ગોડસે, વિજય કરંજકર, સુદામ ઢેમસે તેમની આત્મહત્યા માટે જવાબદાર રહેશે. મહાનગર પ્રમુખ પ્રવીણ તિદમ પર પૈસાની આપ-લે કરીને ટિકિટ વહેંચવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. ■

**પુણેમાં પાલિકાની ચૂંટણીઃ**

# મતદારોને લાલચ આપવા બદલ એનસીપી ઉમેદવારના પુત્ર સામે ગુનો

પુણેઃ પુણેમાં પાલિકાની ચૂંટણી પૂર્વે મતદારોને લાલચ આપવા બદલ રાષ્ટ્રવાદી કૉંગ્રેસના પુત્ર તથા અન્ય ૧૩ જણ વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. બાણેર પોલીસ સ્ટેશનના અધિકારીએ આરોપીની ઓળખ કિરણ ચંદેરે તરીકે કરી હતી, જે બાબુરાવ ચંદેરેનો પુત્ર છે. બાબુરાવ વોર્ડ નંબર-૯ બાણેર-સુસ-પાશાણથી ચૂંટણી લડી રહ્યો છે. કિરણ ચંદેરે તથા અન્યો વિરુદ્ધ આચારસંહિતાનો ભંગ કરવા બદલ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૨૩, ૧૭૧ અને ૭૪ હેઠળ ગુનો દાખલ કરોયો હતો. તેઓ બાણેર વિસ્તારમાં મતદારોને લાલચ આપતા જોવા મળ્યા હતા. તેમની પાસે મતદારોની યાદી તથા અન્ય કેટલાક દસ્તાવેજો પણ મળી આવ્યા હતા. આ ઘટના સંબંધી વીડિયો શુક્રવારે સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. (પીટીઆઇ) ■

# રાજયનાં પ્રથમ મહિલા ડીજીપી રશ્મી શુકલા નિવૃત્તઃ

## ૨૬/૧૧ના હીરો, આઈપીએસ ઓફિસર સદાનંદ દાતેએ અખત્યાર સંભાળ્યો



મુંબઈઃ ઇન્ડિયન પોલીસ સર્વિસમાં ૩૭ વર્ષથી વધુ સમય સેવા આપનારા રાજ્યનાં પ્રથમ મહિલા ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ (ડીજીપી) રશ્મી શુકલા શનિવારે નિવૃત્ત થયાં હતાં અને સિનિયર આઇપીએસ ઓફિસર તથા ૨૬/૧૧ના આતંકવાદી હુમલાના હીરો સદાનંદ વસંત દાતેએ ડીજીપી તરીકેનો કાર્યભાર સંભાળ્યો હતો.

૧૯૯૦ બેચના ઓફિસર સદાનંદ દાતે હાલમાં નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઇએ)ના વડા હતા અને ૩૧ ડિસેમ્બરે તેમને ડીજીપી તરીકે નિયુક્ત કરાયા હતા. ૫૯ વર્ષના સદાનંદ (જુઓ પાનું ૪) ▸▸

# પાલિકાની ચૂંટણીઃ થાણેમાં ૨.૭૫ કરોડ રૂપિયાના ડ્રગ્સ અને દારૂ જપ્ત

થાણેઃ રાજ્યની ૨૯ મહાપાલિકાઓની પંદરમી જાન્યુઆરીએ યોજાનારી ચૂંટણી માટે આચારસંહિતા અમલી થઇ ત્યારથી એન્ફોર્સમેન્ટ એજન્સીઓએ થાણેમાં ૨.૭૫ કરોડ રૂપિયાથી વધુનો ગેરકાયદે દારૂ, ડ્રગ્સ, રોકડ તેમ જ શસ્ત્રો જપ્ત કર્યા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસ, સ્ટેટ એક્સાઇઝ વિભાગ અને પાલિકાના કર્મચારીઓની બનેલી ટીમોએ ૧૫ ડિસેમ્બર, ૨૦૨૫થી ૧ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન આ કાર્યવાહી કરી હતી.

ચૂંટણીની પ્રક્રિયા ન્યાયી, નિર્ભય અને પારદર્શક રહે તે સુનિશ્ચિત કરવા માટે આચારસંહિતાના કોઇ પણ ઉલ્લંઘન સામે તાત્કાલિક અને કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. મુંબ્રા, શિળ રોડ અને મોડેલા ચેકનાકા સહિત મુખ્ય ચેકપોઇન્ટ પર દરરોજ વ્યાપક નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે, એમ આચારસંહિતા અમલીકરણ સેલના નોડલ ઓફિસર ભાલચંદ્ર બેહેરેએ કહ્યું (જુઓ પાનું ૪) ▸▸

# કલ્યાણ-ડોંબિવલી પાલિકા ચૂંટણી કામ માટે ગેરહાજર ૨૭ કર્મચારી સામે ફોજદારી ગુનો દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કલ્યાણ-ડોંબિવલી પાલિકા ચૂંટણી માટે કલ્યાણ, મુરબાડ શહેર પરિસરમાં વિવિધ સરકારી ઓફિસમાંથી કર્મચારી, અધિકારીઓને નીમવામાં આવ્યા છે, જેમાં પંચાયત સમિતિ, ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી), એગ્રીકલ્ચર પ્રોડ્યુસ માર્કેટ કમિટી (એપીએમસી), પ્રદૂષણ કંટ્રોલ બોર્ડ, એમઆઈડીસી જેવા અનેક વિવિધ સરકારી ઓફિસમાંથી ૨૭ કર્મચારીઓ કામ માટે ગેરહાજર રહેતા પાલિકા પ્રશાસને તેમની વિરુદ્ધ બજારપેઠ પોલીસ સ્ટેશનમાં ફોજદારી ગુનો દાખલ કર્યો છે.

કલ્યાણ-ડોંબિવલી પાલિકાના આચારસંહિતા ટીમના આસિસ્ટન્ટ કમિશનર સંદીપ રોકડેની ફરિયાદ પરથી (જુઓ પાનું ૪) ▸▸

# અંધેરીની હાઈરાઈઝ બિલ્ડિંગમાં આગઃ ૨૭નો સુરક્ષિત બચાવ

## ત્રણ ફાયરબ્રિગેડના જવાન સહિત મહિલા જખમી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ ઉપનગરના અંધેરી (પશ્ચિમ)માં ગ્રાઉન્ડ પ્લસ ૧૮ માળની બહુમાળી ઈમારતના પહેલા માળે બપોરના આગ ફાટી નીકળી હતી, જેમાં બિલ્ડિંગના ઉપરના માળા પર ફસાયેલા ૨૭થી વધુ રહેવાસીઓને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા. આગ બુઝાવવાની કામગીરી દરમ્યાન ચાર જખમી થયા હતા, જેમાં એક મહિલા સહિત ત્રણ ફાયરબ્રિગેડના જવાનનો સમાવેશ થાય છે.

અંધેરી પશ્ચિમમાં એસ.વી. રોડ પર અંધેરી સબ-વેની સામે ગ્રાઉન્ડ પ્લસ ૧૮ માળની ચાંદીવાલા પર્લ રીજન્સી આવેલી છે. શનિવારે બપોરના લગભગ બે વાગ્યાની આસપાસ બિલ્ડિંગના પહેલા માળા પર ઈલેક્ટ્રિક ડક્ટમાં અચાનક આગ ફાટી નીકળી હતી, જે ક્ષણભરમાં ઉપર ૧૦માળા સુધી પહોંચી ગઈ હતી, તેને કારણે બિલ્ડિંગના ઉપરના માળા પર મોટા પ્રમાણમાં ધુમાડો ફેલાઈ ગયો હતો.

ઘટના સ્થળે ફાયરબ્રિગેડના આઠ ફાયર એન્જિન, ચાર જેટી, વોટર ટેન્કર, ક્વિક રિસ્પોન્સ વેહિક, બે ટેબલ ટર્ન લેડર (સીડી) વગેરે પહોંચી ગયા હતા અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. આગ પહેલા માળા પરના ઈલેક્ટ્રિક ડક્ટથી ઉપર સુધી પહોંચી ગઈ હતી, જે બાદમાં પહેલાથી ચોથા માળા સુધીના પેસેજમાં પણ ફેલાઈ ગઈ હતી. અહીં આવેલું જીમેન્શિયમમાં પણ આગની ચપેટમાં (જુઓ પાનું ૪) ▸▸

# ૨૦ દિવસનું ભાડું, 30 દિવસની મુસાફરીઃ એસટી ઈ-બસ સર્વિસની નવી યોજના

મુંબઈઃ મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ પરિવહન નિગમે મુસાફરોની સુવિધા માટે અને ઈ-બસ સેવાઓનો ઉપયોગ વધારવા માટે નવી માસિક અને ત્રિમાસિક પાસ યોજના શરૂ કરી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય કામ, વ્યવસાય અથવા શિક્ષણ માટે દરરોજ એક જ રૂટ પર મુસાફરી કરતા નિયમિત મુસાફરોને ઓછા ખર્ચે વધુ મુસાફરી સુવિધાઓ પૂરી પાડવાનો છે. આ પાસ યોજના સાથે ઈ-બસ સેવાઓ વધુ કિફાયતી બનશે અને મુસાફરોનો સમય અને પૈસા એમ બંનેની બચત થશે.

એસટી નિગમના ચેરમેન અને રાજ્ય પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે જણાવ્યું હતું કે પ્રાઈવેટ વાહનોનો ઉપયોગ ઘટાડવા અને વધુમાં વધુ મુસાફરોને ઈ-બસમાં મુસાફરી કરવા પ્રોત્સાહિત કરવા આ યોજના અમલમાં મૂકવામાં આવી રહી છે. આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ્ય દૈનિક મુસાફરોને ઈ-બસો તરફ આકર્ષવાનો છે.

હાલમાં એમએસઆરટીસી ઈ-બસ પ્રોજેક્ટ હેઠળ ૪૪૮ ઈ-બસ કાર્યરત છે અને શિવાઈ પ્રોજેક્ટ હેઠળ અન્ય ૫૦ ઈ-બસ સેવાઓ પૂરી પાડી રહી છે. સરનાઈકે માહિતી આપી છે કે આગામી મહિનાઓમાં આ બસોની સંખ્યા તબક્કાવાર વધારવાની યોજના છે. પરિણામે ભવિષ્યમાં વધુ રૂટ પર ઈ-બસ સેવા શરૂ કરવામાં આવશે.

મુંબઈથી થાણે અને અલીબાગ જેવા નજીકના રૂટ પર મોટી સંખ્યામાં દૈનિક મુસાફરો મુસાફરી કરે છે. આ રૂટ પર ઈ-બસ સેવાઓ પહેલાથી જ ચાલી રહી હોવાથી, આ મુસાફરોને નવી પાસ યોજનાનો સીધો લાભ મળશે. મુસાફરી સરળ, સલામત અને સસ્તી બનશે એવું નિગમનું કહેવું છે.

આ યોજના હેઠળ બે પ્રકારના પાસ ઉપલબ્ધ છે, માસિક અને ત્રિમાસિક. માસિક પાસનો મુસાફરીનો સમયગાળો ૩૦ દિવસનો છે અને ફક્ત ૨૦ દિવસનું ભાડું ચૂકવવાનું રહેશે. જ્યારે ત્રિમાસિક પાસનો મુસાફરીનો સમયગાળો ૯૦ દિવસનો છે અને જો ભાડું ૬૦ દિવસ માટે ચૂકવવામાં આવે તો, સમગ્ર ૯૦ દિવસની મુસાફરી શક્ય બનશે. ■

# રખડતા શ્વાનની જવાબદારી અપાતા શિક્ષકોમાં તીવ્ર સંતાપ

મુંબઈઃ શિક્ષણ ઉપરાંત અન્ય વિવિધ કાર્યોના બોજ હેઠળ દબાયેલા શિક્ષકો પર વધુ એક નવી જવાબદારી મૂકવામાં આવતા તેઓ તીવ્ર નારાજગી વ્યક્ત કરી રહ્યા છે. નવા આદેશ અનુસાર દરેક શાળામાં એક શિક્ષકને નોડલ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવશે. શાળા પરિસરને સ્વચ્છ રાખવા અને રખડતા શ્વાનોને રોકવાની જવાબદારી પણ એ શિક્ષકને સોંપવામાં આવશે. આ સંદર્ભે શિક્ષણ કમિશનર દ્વારા બહાર પાડવામાં આવેલા પરિપત્રનો રાજ્યના વિવિધ શિક્ષક સંગઠનોએ વિરોધ કર્યો છે.

દેશભરમાં રખડતા શ્વાનોની સંખ્યા વધી રહી છે અને તેમના ત્રાટકવાની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે. આ સંદર્ભમાં વિદ્યાર્થીઓની સલામતીને (જુઓ પાનું ૪) ▸▸

# ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ સાથે ૨૯ લાખની છેતરપિંડીઃ રિયલ એસ્ટેટ એજન્ટની ધરપકડ

મુંબઈઃ ફ્લેટ વેચાણને નામે ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ સાથે ૨૯ લાખ રૂપિયાની છેતરપિંડી આચરવાના આરોપસર દહિસર પોલીસે રિયલ એસ્ટેટ એજન્ટની ધરપકડ કરી હતી.

રિયલ એસ્ટેટ એજન્ટની ઓળખ દીપક કિરિટ શાહ તરીકે થઇ હોઇ સહ-આરોપી રાજેશ જૈન અને આદિત્યને પોલીસ શોધી રહી છે.

ફરિયાદી હિતેશ મનસુખભાઇ ગોંડવિલ્યા દહિસર વિસ્તારમાં રહે છે અને ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે. હિતેશ ભાડાના ફ્લેટમાં રહેતો હતો અને તે નવો ફ્લેટ શોધી રહ્યો હતો. એવામાં હિતેશે ૧.૦૫ કરોડ રૂપિયાના ફ્લેટની ઓનલાઇન જાહેરાત જોઇ હતી.

જાહેરાતમાં આપેલા કોન્ટેક્ટ નંબર પર હિતેશે સંપર્ક સાધ્યો હતો. સામેની વ્યક્તિએ પોતાની ઓળખ આદિત્ય તરીકે આપી હતી અને હિતેશને રાવલપાડા વિસ્તારમાં ફ્લેટ જોવા માટે બોલાવ્યો હતો. હિતેશ અને તેના પિતા ફ્લેટ જોવા (જુઓ પાનું ૪) ▸▸

# દેવલાલી રેલવે સ્ટેશન પર લશ્કરી કર્મચારીઓની સુવિધા પ્રત્યે દુર્લક્ષ

## ટ્રેન પકડવા નાશિક જવું પડે છે

નાશિકઃ નાશિક જિલ્લાનું દેવલાલી દેશની લશ્કરી સેનાનું મુખ્ય તાલીમ કેન્દ્ર હોવાથી દેવલાલી રેલવે સ્ટેશનનું મહત્વ ઘણું વધારે છે. દેશના ખૂણે ખૂણેથી સૈનિકો દેવલાલી સ્થિત કેન્દ્રમાં તાલીમ લેવા આવતા હોય છે. જોકે, ટ્રેઈનિંગ પતાવી વતન પાછા ફરવા આ સૈનિકોએ નાશિક રોડ રેલવે સ્ટેશન સુધી લાંબા થવું પડે છે, કારણ કે હાલમાં ઘણી ટ્રેન દેવલાલી રેલવે સ્ટેશન પર ઊભી નથી રહેતી. પરિણામે તેમને મુશ્કેલી પડે છે. સૈનિકોની સુવિધા માટે બધી ટ્રેનોને દેવલાલી રેલવે સ્ટેશન પર ઊભી રહે એ જરૂરી છે.

દેવલાલી દેશનું એક મુખ્ય લશ્કરી તાલીમ કેન્દ્ર હોવા ઉપરાંત સ્વાતંત્ર્યવીર સાવરકરના જન્મ સ્થળ તરીકે પણ દેવલાલીનું વિશેષ મહત્વ છે.

દેશભરમાંથી સાવરકર ભક્તો તેમના સ્મારક પર શ્રદ્ધાંજલિ આપવા દેવલાલી આવતા હોય છે. ટ્રેન માર્ગે દેવલાલી પહોંચવું તેમના માટે અનુકૂળ હોય છે. નાશિક, સિન્નર અને ઈગતપુરી એ ત્રણ તાલુકાના ખેડૂતો અને વેપારીઓ માટે પણ દેવલાલી મહત્વપૂર્ણ છે. જો બધી ટ્રેનોને દેવલાલી સ્ટેશન પર સ્ટોપ મળે તો નાશિક, સિન્નર, ઇગતપુરી તાલુકાના નાગરિકોને પણ લાભ થશે.

કોરોના પહેલા દેવલાલી રેલવે સ્ટેશન પર ૨૨ ટ્રેન ઉભી રહેતી હતી. આ કારણે દેવલાલી રેલવે સ્ટેશન વિસ્તારના ઘણા ગામડાઓ માટે અનુકૂળ હતું. કોરોના સમયગાળા દરમિયાન દેવલાલી રેલવે સ્ટેશન પર રોકાતી ઘણી ટ્રેનોના સ્ટોપેજ રદ કરવામાં આવ્યા હતા. કોરોના સમાપ્ત પછી હાલમાં દેવલાલી સ્ટેશન પર માત્ર સાત ટ્રેન ઉભી રહે છે. ■

# આજે મધ્ય રેલવેમાં બ્લોક

મુંબઈઃ રવિવારે રેલવે ટ્રેક મેઈન્ટેનન્સ, સિગ્નલ મેઈન્ટેનન્સ જેવા મહત્ત્વના ટેક્નિકલ કામકાજ માટે રેલવે દ્વારા મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. જેને કારણે ટ્રેનોના ધાંધિયા જોવા મળશે.

મધ્ય રેલવે પર ચોથી જાન્યુઆરીના રોજ સવારે ૧૦થી બપોરે ૪ વાગ્યા સુધી માટુંગા-મુલુંડ વચ્ચે અપ-ડાઉન સ્લો લાઈન પર મેગા બ્લોક હાથ ધરવામાં આવશે. આ સમય દરમિયાન અપ-ડાઉન સ્લો લોકલ અપ-ડાઉન ફાસ્ટ લાઈન પર દોડાવવામાં આવશે. આ લોકલ ટ્રેન સાયન, કુર્લા, ઘાટકોપર, વિક્રોલી, ભાંડુપ અને મુલુંડ સ્ટેશન પર ઊભી રહેશે.

ટ્રાન્સ હાર્બર લાઈન પર સવારે ૧૧થી સાંજે ૪ વાગ્યા સુધી થાણે-વાશી, નેરુળ વચ્ચે અપ-ડાઉન લાઈન પર બ્લોક રહેશે. બ્લોકના સમય દરમિયાન થાણે-વાશી, નેરુળ, પનવેલ વચ્ચે અપ-ડાઉન લાઈન પર ટ્રેન વ્યવહાર સંપૂર્ણપણે બંધ રહેશે. ■

# નખત્રાણાના ધાવડા અને ભચાઉના કુંજીસર નજીક ટ્રક અને મોટરસાઇકલ વચ્ચે સર્જાયેલા અકસ્માતોમાં બે યુવકોનાં મોત, એક ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના ધોરીમાર્ગો રક્તરંજિત બનવાનો વણથંભ્યો સિલસિલો યથાવત રહેવા પામ્યો હોય તેમ નખત્રાણા પંથકના ધાવડા નજીક ટ્રેઈલર અને મોટરસાઇકલ વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં બાબુ ઓસમાણ કોળી (રહે. સુરલભિટ્ટ નખત્રાણા) (ઉ.વ. ૩૫)નું મોત થયું હતું તેમજ ભચાઉના કુંજીસર નજીક સામેથી આવતી ટ્રકે મોટરસાઈકલને અડફેટમાં લેતાં ચિરાગ ચંદ્રકાંત બાવાજી નામના યુવકે જીવ ખોયો હતો જયારે આ દુર્ઘટનામાં અન્ય એક યુવકને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, નખત્રાણાના ધાવડાથી ભુજ તરફ જતા માર્ગ પર મોટરસાઇકલ (નંબર જી.જે.૧૨-ડીએફ ૧૯૮૮) પર બાબુ કોળી મોટરસાઇકલ વડે પસાર થઇ રહ્યો હતો ત્યારે પાછળથી ધસી આવેલા ટ્રેઈલર (નંબર જી.જે ૧૭-એક્સ એક્સ ૭૦૧૪) એ દ્વિચક્રી વાહનને હડફેટમાં લેતાં બાબુ કોળીનું ઘટનાસ્થળે જ ગંભીર ઇજાઓને પગલે મોત નીપજતાં પંથકમાં અરેરાટી પ્રસરી હતી. અકસ્માત બાદ બનાવ સ્થળે એકઠા થયેલા લોકોએ બેફામ ગતિથી દોડતા ભારે વાહનોની અવરજવર પર નિયંત્રણ લાદવા માંગણી કરી હતી.

બીજો જીવલેણ માર્ગ અકસ્માતનો બનાવ પૂર્વ કચ્છના ભચાઉ તાલુકાના કુંજીસર ગામથી ખારોઈ જતા ધોરીમાર્ગ પર બનવા પામ્યો હતો જેમાં ચોબારીમાં રહેનાર અશ્વિન જયંતી લુહાર અને તેનો મિત્ર ચિરાગ બાવાજી મોટરસાઇકલ (નંબર જી.જે.૩૯ ઈ ૭૬૮૨) પર ઘરવખરીનો સામાન લેવા ભચાઉ ગયા હતા. ત્યાંથી આ બંને પોતાનાં ઘર પરત જઈ રહ્યા હતા એ વેળાએ સામેથી પૂરપાટ વેગે આવતી ટ્રક (નંબર જી.જે. ૦૬-બી-એક્સ-૩૫૨૦) એ આગળ જતી ટ્રકને ઓવરટેક કરવા જતાં સામેથી આવતાં મોટરસાઈકલને ટક્કર મારી દેતાં બંનેને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેમાં ચિરાગને સારવાર અર્થે લઈ જવાતાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. ■



આજે રવિવારે સવારથી જ ૪૦મી રાજ્યકક્ષાની ગિરનાર આરોહણ અવરોહણ સ્પર્ધા યોજાશે, જેમાં ૧૧૧૫ સ્પર્ધકો ભવનાથ તળેટીમાં મંગલનાથ આશ્રમથી પ્રસ્થાન કરશે. (તસ્વીરઃ હરેશ સોની, જૂનાગઢ)

# મોરબીમાં પિતા સાથેના ઝઘડાનો બદલો પુત્ર સાથે સૃષ્ટિ વિરુદ્ધના કૃત્યથી લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબી જિલ્લાના ટંકારા તાલુકામાં એક ઘૃણાસ્પદ ઘટના બની હતી. અહીં માત્ર બે વર્ષીય બાળક સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્યુ થયાનું બહાર આવ્યું હતું. તપાસ બાદ આ અધમતા શ્રમિક પિતાના મિત્રએ જ આચરી હોવાનું બહાર આવતા લોકોમાં રોષ ફેલાયો હતો.

અહીંના એક ગામની સીમમાં આવેલી ફેક્ટરીમાં મજૂરી કામ કરતા પરિવારનો દીકરો રમતો હતો ત્યારે મજૂર રામવિકાસ ગેના શાહ તેને ફરવાના બહાને પોતાને રૂમ લઈ ગયો હતો અને ત્યાં તેણે તેની સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કર્યું હતું. બાળક આમ થવાથી બીમાર પડી ગયું હતુ અને તેના શરીર પર ઈજા પણ જોવા મળી હતી. તેને ટંકારા ખાતે હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યું હતું.

પોલીસે ઘટનાના અમુક કલાકોમાં જ આરોપીને ઝડપી લીધો હતો. તપાસમાં બહાર આવ્યું હતું કે બાળકના પિતા સાથે થોડા સમય પહેલા ઝઘડો થયો હતો. તેનીન અદાવત રાખી તેણે બાળકને નુકસાન પહોંચાડવા આવું અમાનવીય કૃત્ય કર્યું હતું. ■

# ભ્રષ્ટાચાર કેસમાં સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટરની સાતમી તારીખ સુધીની કસ્ટડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પીએમએલએ કોર્ટે સુરેન્દ્રનગરના ભૂતપૂર્વ જિલ્લા કલેક્ટર ડૉ. રાજેન્દ્રકુમાર પટેલને કથિત લાંચ નેટવર્કના સંદર્ભમાં સાત જાન્યુઆરી સુધી એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટની કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા.

ધરપકડ બાદ પટેલને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા, જ્યાં ઈડીએ કથિત લાંચની રકમ શોધવા અને પૈસા કેવી રીતે વહેંચવામાં આવ્યા અને છુપાવવામાં આવ્યા તેની તપાસ કરવાની જરૂરિયાત દર્શાવીને ૧૦ દિવસની કસ્ટોડિયલ પૂછપરછની માગ કરી હતી. રિમાન્ડ અરજી સહ-આરોપીઓના નિવેદનો પર આધારિત હતી, જેમાં અધિકારીઓ વચ્ચે લાંચની રકમની કથિત વહેંચણીની વિગતો આપવામાં આવી હતી.

ઈડીના જણાવ્યા અનુસાર, નાયબ મામલતદાર અને એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ ચંદ્રસિંહ મોરીએ જણાવ્યું હતું કે લાંચના પૈસામાંથી ૫૦% કલેક્ટર ડૉ. રાજેન્દ્ર પટેલને, ૨૫% રહેણાક વધારાના કલેક્ટર આર.કે. ઓઝાને, ૧૦% મોરી અને મામલતદાર મયુર દવેને અને ૫% કલાર્ક મર્યુસિંહ ગોહિલને મળ્યા હતા. ઈડીએ એવો પણ દાવો કર્યો હતો કે પટેલના અંગત મદદનીશ તેમના વતી લાંચ એકત્રિત કરતા હતા અને બાદમાં તેમને સોંપતા હતા.

રિમાન્ડની માગણી કરતાં, ઈડીએ આરોપીઓનાં નિવેદનો અને સાક્ષી ચેતન કંઝારિયા પાસેથી વધુ પુરાવા આપ્યા, જેમણે જમીનને નોન એગ્રીકલ્ચર કરવાની મંજૂરી માટે રૂ. ૬૫ લાખની કથિત લાંચ ચૂકવવાનો દાવો કર્યો હતો. એજન્સીએ ઉમેર્યું કે રૂ. ૧૦ કરોડથી વધુની લાંચ વસૂલાતનો સમાવેશ થાય છે. ■

# જૂનાગઢની સિવિલ હૉસ્પિટલને વિશેષ સુવિધા સાથે અત્યાધુનિક બનાવવામાં આવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ જૂનાગઢ અને આસપાસના વિસ્તારોના લોકોની બીમારી સમયે સુવિધા માટે અહીંની હૉસ્પિટલને વધારે સજ્જ બનાવવામાં આવશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. સ્થાનિક ધારાસભ્ય સંજય કોરડિયાની અધ્યક્ષતામાં યોજાયેલી એક બેઠકમાં રૂ. ૧૦૦ કરોડના ખર્ચે હૉસ્પિટલમાં નવીન સુવિધાઓ ઊભી કરવાની વાત કરી હતી. મળતી માહિતી અનુસાર અહીંના ૧૩ ઑપરેશન થિયેટરને અત્યાધુનિક બનાવવામાં આવશે. સાત ઑપરેશન થિયેટરને રિનોવેટ કરવામાં આવશે, જ્યારે નવા છ ઑપરેશન થિયેટર ઊભા કરવામાં આવશે. દરદીઓ સાથે મેડિકલ સ્ટુડન્સ પણ આ નવી સુવિધાઓનો લાભ લઈ શકશે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

આ સાથે અહીં ૫૦ બેડની અલાયદી ક્રિટિકલ કેર યુનીટ શરૂ કરવામાં આવશે. આ સુવિધાને કારણે અકસ્માત કે અન્ય ગંભીર બીમારીના કિસ્સામાં દર્દીઓને રાજકોટ કે અમદાવાદ રિફર કરવાની જરૂરિયાત લગભગ રહેશે નહીં. આ સાથે અહીં નર્સિંગ હૉસ્ટેલને પણ મંજૂરી મળી હોય, તેની ડિઝાઈન પણ તૈયાર હોવાનું અને કામ ટૂંક સમયમાં શરૂ થવાનું જાણવા મળ્યું હતું. ■

# પોતાની મોંઘીદાટ કાર પાર્ક કરવા માટે રાજકોટમાં એક શખસે નો પાર્કિંગનું બોર્ડ કાઢી નાખ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ શહેરના એથ્લેટિક્સ ગ્રાઉન્ડ પાસે ગત રાત્રે એક ચોંકાવનારી અને અજીબ ઘટના બની હતી. પોતાની લક્ઝરી કાર પાર્ક કરવા માટે શખ્સે નો પાર્કિંગનું બોર્ડ ઉખાડી દીધું છે.

આ વીડિયો અત્યારે સોશ્યલ મીડિયામાં ખૂબ જ વાયરલ થયા હતા. આ વ્યક્તિના વર્તનના કારણે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

વિગતે વાત કરીએ તો, એથ્લેટિક્સ ગ્રાઉન્ડ પાસે એમએલએ ગુજરાત લખેલી પ્લેટ ધરાવતી એક સફેદ રંગની કાર આવી હતી. કારના ચાલકને પોતાની ગાડી પાર્ક કરવી હતી, પરંતુ ત્યાં મહાનગરપાલિકાનું એક બોર્ડ નડતરરૂપ બનતું હતું. તેથી તેણે તે કાઢી નાખ્યું હતું.

સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં જોઈ શકાય છે કે, શખ્સ પહેલા કારમાંથી નીચે ઊતરે છે અને આજુબાજુ કોઈ જોઈ રહ્યું છે કે નહીં તેની ખાતરી કરે છે. ત્યારબાદ તે શખ્સ કોર્પોરેશનના બોર્ડને પકડીને તેને જડમૂળમાંથી ઉખેડી નાખવાનો પ્રયત્ન કરે છે, જેથી તે પોતાની કાર આરામથી પાર્ક કરી શકે.

આ વીડિયો વાયરલ થયા બાદ તેની સામે સખત કાર્યવાહીની માગણી થઈ રહી છે. ■

# રાજકોટનું આકાશ બનશે રંગીન, દસમી જાન્યુઆરીએ પતંગોત્સવ માટે ટૂંક સમયમાં સ્થળ નક્કી થશે

અમદાવાદઃ મોટેભાગે અમદાવાદમાં યોજાતો આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ આ વર્ષે રાજકોટમાં યોજાવાનો છે. વાઈબ્રન્ટ સમિટ પણ અહીં યોજાઈ રહી છે ત્યારે અહીં આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ અહીં યોજાઈ રહ્યો છે. તેની તડામાર તૈયારી તંત્ર કરી રહ્યું છે. આ માટે ધર્મેન્દ્રસિંહની કૉલેજના મેદાન સહિત ચાર મેદાન શોર્ટ લિસ્ટ કરવામાં આવ્યા હતા, જેમાંથી એક મેદાન નક્કી કરવામાં આવશે. લગભગ ૫૦ દેશના પતંગરસિયાઓ અહીં આવી પતંગ ચગાવશે. અગાઉ પર્યટન વિભાગે રેસકોર્સ મેદાનમાં આયોજનની તૈયારી બતાવી હતી, પરંતુ મેદાન મળ્યું નહીં તેથી પર્યટન વિભાગ ખસી ગયું અને હવે મહાનગરપાલિકાએ આ કામ હાથ ધરવાનું છે ત્યારે પાલિકા મેદાન નક્કી કરવાના કામમાં પડી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. શહેરમાં ૧૧ અને ૧૨મી જાન્યુઆરી દરમિયાન વાઈબ્રન્ટ સમિટનો ધમધમાટ રહેશે અને ૧૧મીએ તો વડા પ્રધાન પણ શહેરમાં હોઈ, તંત્રની કસોટી થવાની છે. ■

# ગિરનારમાં પણ યોજાયો અંબાજીનો પ્રાગટ્ય મહોત્સવ, ભક્તોની ભીડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગિરનારના પાંચ હજાર પગથિયાં ચડ્યા બાદ અંબાજી માતાનું મંદિર આવે છે. પોષી પૂનમ નિમિત્તે અંબાજીના પ્રાગટ્ય મહોત્સવની અહીંયા પણ ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી, જેમાં ભક્તોએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો.

આ વર્ષે વહીવટદાર હસ્તકના આ માતાજીના મંદિરે વિશેષ શૃંગાર, અભિષેક, ધ્વજારોહણ સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. મુખ્ય મંદિર પર ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું અને માની આરતી કરવામાં આવી હતી. અમુક લોકો પગથિયાં ચડી તો અમુક રોપ-વેમાં અહીં આવ્યા હતા. સમગ્ર માહોલ અંબા માના જયકારા સાથે ભક્તિમય બની ગયું હતું.

આ સાથે માઈભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. ઘણા શ્રદ્ધાળુઓ દત્તાત્રેય શિખરના પણ દર્શનાર્થે ગયા હતા. ગિરનાર પર્વત ઉપર અંબાજી પીઠ ઉદયન પીઠ તરીકે ઓળખાય છે. ■

# ભાવનગરના આંગણે સૌરાષ્ટ્રનો પ્રથમ હેલ્થ એક્સપોનો પ્રારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ શહેરના જવાહર મેદાન ખાતે આજે કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણી અને કેન્દ્રીય મંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાએ દ્વિ-દિવસીય હેલ્થ એક્સપોનો પ્રારંભ કરાવ્યો હતો. ભાવનગર-બોટાદ ડિસ્ટ્રિક્ટ કેમિસ્ટ એસોસિયેશન દ્વારા આ એક્સપોનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, ભાવનગર જિલ્લો વિકાસક્ષેત્રે કંઈક નવું કરવા જાણીતો છે. ભાવનગર-બોટાદ ડિસ્ટ્રિક્ટ કેમિસ્ટ્સ એસોસિયેશને હેલ્થ એક્સપોનું આયોજન કર્યું છે તે ખરેખર પ્રશંસનીય છે, આવા એક્સપો થકી નોલેજ શેરીગ થવાની સાથે નાગરિકોને સારી અને સસ્તી દવાઓ વિશે માર્ગદર્શન મળી રહેશે. તેમણે કહ્યું કે, શરીર તંદુરસ્ત હશે તો મન તંદુરસ્ત રહેશે, મન તંદુરસ્ત હશે તો વ્યક્તિ તંદુરસ્ત રહેશે. આમ

વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીના વિઝન એક ભારત શ્રેષ્ઠ ભારતનું નિર્માણ થશે. એક્સપો સાથે સંકળાયેલા તમામ વેપારીઓએ જનતાના સ્વાસ્થ્યમાં સુધારો લાવવા માટેનો આ સ્તુત્ય પ્રયાસ છે તેમ તેમણે જણાવ્યું હતું.

તેમણે કહ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદી અને રાજ્યના મુખ્ય મંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યના તમામ નાગરિકો સુધી શ્રેષ્ઠ સ્વાસ્થ્ય સેવાઓ આપવામાં આવી રહી છે. એસોસિયેશનના જે પ્રશ્નો હશે તેને મુખ્યમંત્રીશ્રીની સાથે મળીને ઉકેલવાની ખાતરી પણ આપી હતી.

હેલ્થ એક્સપોના પ્રારંભ વેળાએ કેન્દ્રીય રાજયમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાએ જણાવ્યું હતું કે, હેલ્થ એક્સપો સમાજમાં સ્વસ્થ જીવનનો સંદેશ આપવાનું એક મજબૂત અભિયાન છે. આ એક્સપો દ્વારા લોકોમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિની સાથે સચોટ માહિતી પણ મળી રહેશે. રોગોનું સમયસર નિદાન કરવા અંગે માહિતી આપવાનું એક પ્લેટફોર્મ હોવાની સાથે સ્વાસ્થ્ય પ્રત્યે જવાબદારીની ભાવના પણ જગાડે છે. તેમણે ઉમેર્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશની આરોગ્ય વ્યવસ્થા સતત મજબૂત થઈ રહી છે. વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીનો મુખ્ય ધ્યેય રહ્યો છે કે, કોઈપણ નાગરિક ગુણવત્તાયુક્ત આરોગ્ય સંભાળથી વંચિત ન રહે. દરેક વ્યક્તિને સારામાં સારી મેડિકલ સારવાર મળે, તે પ્રકારનું સરકાર કામ કરી રહી છે.

આજે, દરેક ગરીબ વ્યક્તિ પાસે મફત સારવાર માટે આયુષ્માન કાર્ડ છે. આયુષમાન ભારત યોજના વિશ્વની સૌથી મોટી સરકારી હેલ્થ ઈન્શ્યોરન્સ યોજના છે. ગરીબ વ્યક્તિ માટે રોગોની સારવાર હવે બોજ નથી, પરંતુ અધિકાર છે. દેશમાં ૪૨.૪૮ કરોડથી વધુ આયુષ્યમાન કાર્ડ ઇશ્યૂ કરવામાં આવ્યા છે. આ યોજના હેઠળ, અત્યાર સુધીમાં ૧૦ કરોડથી વધુ દર્દીઓને મફત સારવારનો લાભ પણ મળ્યો છે, સામાજિક સુરક્ષાના ક્ષેત્રમાં આ એક ઐતિહાસિક સિદ્ધિ હોવાનું તેમણે જણાવ્યું હતું. એક્સપોનો ઉદ્દેશ્ય જનતાને સ્વાસ્થ્ય સેવાઓમાં થયેલા આધુનિક ફેરફારો અને નવી ટેકનોલોજીથી માહિતગાર કરવાનો છે, આરોગ્ય સાથે સંકળાયેલા વેપારીઓ, હોસ્પિટલો, ડોક્ટરો અને ફાર્મા કંપનીઓને એક સમાન મંચ પૂરું પાડીને જનતાના સ્વાસ્થ્યમાં સુધારો લાવવાનો આ પ્રયાસ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તા.૩ અને ૪ જાન્યુઆરી દરમિયાન યોજાનાર એક્સપોમાં આશરે ૧૦૭ જેટલા સ્ટોલ્સ રાખવામાં આવ્યા છે, જેમાં મુલાકાતીઓને માહિતી અને સેવાઓ એક જ સ્થળે મળી રહેશે. આ એક્સપોમાં



(તસવીર-વિપુલ હિરાણી, ભાવનગર)

નામી હોસ્પિટલો અને સ્પેશિયાલિસ્ટ ડોક્ટરો, આધુનિક સર્જિકલ સાધનો અને બેંકિંગ સેવાઓ પણ મળી રહેશે.

આ વેળાએ કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાએ વર્ચ્યુઅલી પોતાના સંદેશમાં એક્સપોનું આયોજન કરવા બદલ તેમજ સ્વસ્થ ભારત, સશક્ત ભારતનાં નિર્માણમાં સહભાગી થવા બદલ આભાર માન્યો હતો.

આ કાર્યક્રમમાં મેયર ભરતભાઈ બારડ, ધારાસભ્ય સેજલબેન પંડ્યા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન રાજુભાઇ રાબડીયા, જશુભાઇ પટેલ, ભાવનગર-બોટાદ કેમિસ્ટસ એસોસિયેશનના પ્રમુખ દક્ષેશભાઈ, કિરીટભાઇ પલાણ, સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સના પ્રેસિડેન્ટ પ્રકાશભાઈ ગોરસીયા, જીતુભાઈ પટેલ, જિલ્લાના આગેવાન કુમારભાઈ શાહ, દિગ્વિજય સિંહ, ભાવનગર-બોટાદ ડિસ્ટ્રિક્ટ કેમિસ્ટસ એસોસિયેશનના મેમ્બરો, સ્ટોલ ધારકો સહિત મોટી સંખ્યામાં ભાવેણાવાસીઓ ઉપસ્થિત રહ્યાં હતા. ■

# કચ્છમાં ઠંડીનો ચમકારોઃ નલિયામાં સાત ડિગ્રી લઘુતમ તાપમાન

ભુજઃ કાતિલ ઠંડી સમગ્ર રાજ્યની સાથે કચ્છને થથરાવી રહી હોય તેમ કચ્છના કાશ્મીર તરીકે ઓળખાતા નલિયામાં આજે લઘુતમ તાપમાનનો આંક લાંબી ઇંતેજારી બાદ આખરે સિંગલ ડિજિટ પર પહોંચ્યો હતો. વહેલી સવારે અને મોડી સાંજના સમયે ઉત્તર બાજુથી વાતા વેગીલા પવનનાં કારણે ઠંડીની અસર વધુ ધારદાર બની છે. કચ્છનું કાશ્મીર નલિયા ૭ ડિગ્રી લઘુતમ તાપમાંન સાથે રાજ્યનું મોખરાનું શીતમથક બન્યું હતું, બીજી તરફ, ભુજમાં ૧૧ ડિગ્રી લઘુતમ અને મહત્તમ તાપમાન ૨૬ ડિગ્રી સે.પર આવી જતાં શીતલહેરએ જાણે ફરી પુછડું વીંઝ્યું હોય તેવી ટાઢક શહેરીજનો હાલ અનુભવી રહ્યા છે. કચ્છનાં તમામ મથકોમાં મહત્તમ તાપમાનમાં પણ ગિરાવટ આવી જતાં ભુજ, રાપર, નલિયા, અંજાર, નખત્રાણા જેવાં શહેરોમાં ભરબપોરે પણ રસ્તાઓ અને શેરીઓ પર પાંખી અવરજવર જોવા મળી રહી છે. ■

# આતંકી હુમલામાં ભોગ બનનાર ભાવનગરના વિદ્યાર્થીને વિદ્યાર્થી વીમા યોજના અંતર્ગત ચેક અર્પણ કરાયો

ભાવનગરઃ વિદ્યાર્થી વીમા યોજના અંતર્ગત શહેરના કાળિયા ભીલ વિસ્તારમાં રહેતા અને તાજેતરમાં જમ્મુના પુલવામા વિસ્તારમાં આંતકવાદી હુમલામાં વિદ્યાર્થી સ્કૂલમાં અભ્યાસ કરતા સ્મિત પરમારનું ગોળીબારથી અવસાન થયું હતું. સરદાર યુવા મંડળ ભાવનગરના પ્રમુખ ભરતભાઈ મોણપરાએ વિદ્યાદીપ વીમા યોજના અંતર્ગત જરૂરી કાગળો તૈયાર કરી વીમાનિયામકની કચેરી ખાતે અરજી કરી આથી તા. ૩. ૧. ૨૦૨૬ ના રોજ સ્મિતના પરિવારને મેયર ભરતભાઈ બારડ. નગરસેવક વર્ષાબા પરમાર, પૂર્વ મેયર મનભા મોરી, વોર્ડ પ્રમુખ ભાર્ગવભાઇ ભટ્ટ, વોર્ડ મહામંત્રી વિનુભાઈ ગાંગાણી, યોગરા સિંહ ગોહિલ, કીરણભાઈ સરવૈયા, નાગજીભાઈ મકવાણા, વિદ્યાધીશ સ્કુલના સંચાલક સુતરિયાના વરદ્દહસ્તે બે લાખ રૂપિયાનો ચેક અર્પણ કર્યો હતો. ■

# કચ્છના ૯૬૨૮ ખેડૂતોની ૨૨૪૧૮.૯૭ ટન મગફળીની ટેકાના ભાવે રાજ્ય સરકાર દ્વારા ખરીદી કરાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગુજરાત સરકાર દ્વારા ખરીફ પાક હેતુ વર્ષ ૨૦૨૫-૨૬માં મગફળી માટે રૂ. ૭૨૬૩, મગ માટે રૂ. ૮૭૬૮, અડદ માટે રૂ. ૭૮૦૦, અને સોયાબીન માટે રૂ. ૫૩૨૮ પ્રતિ કિવન્ટલ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યા હતા જે અંતર્ગત ખરીફ ઋતુમાં મગફળી, મગ, અડદ અને સોયાબીનનું વાવેતર કરેલું હોય અને ટેકાના ભાવે વેચાણ કરવા માંગતા હોય તે ખેડૂતોનું ઓનલાઈન રજિસ્ટ્રેશન નાફેડના ઈ-સમૃદ્ધિ પોર્ટલ પર કરાવવામાં આવ્યું હતું

ખરીફ ૨૦૨૫-૨૬માં પ્રાઈઝ સપોર્ટ સ્કીમ હેઠળ કચ્છ જિલ્લામાં મગફળી, મગ, અડદ અને સોયાબીનની ટેકાના ભાવે ગત તા.૦૯/૧૧/૨૦૨૫થી કચ્છના ૮ તાલુકામાં ખોલવામાં આવેલાં ૧૦ સેન્ટરોમાં રાજ્ય સરકાર દ્વારા ખરીદી ચાલુ કરવામાં આવી હતી.

મગફળી પાકમાં ૧૩૯૪૬ ખેડૂતો દ્વારા ઓનલાઇન રજિસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું, તેમાથી ૧૩૯૪૬ ખેડૂતોને ઓનલાઇન પ્લેટફોર્મ પર ખરીદી માટે જાણ કરવામાં આવી હતી જેમાંથી ૯૬૨૮ ખેડૂતો દ્વારા ૨૨૪૧૮.૯૭ ટન મગફળીનું વેચાણ કરવામાં આવ્યું છે. આ ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૬૨૮૨.૯૧ લાખની ચુકવણીની પ્રક્રિયા હાલમાં ચાલુ છે. મગ, અડદ અને સોયાબીન પાકમાં કુલ ૮૦૪ ખેડૂતો દ્વારા ઓનલાઇન રજિસ્ટ્રેશન થયું હતું. જે અતર્ગત ૮૦૪ ખેડૂતોને ખરીદી માટે જાણ કરવામાં આવી હતી.

૨૧૮ જેટલા ખેડૂત દ્વારા ૩૩૯.૬ ટનનું વેચાણ કરવામાં આવ્યું છે. આ તમામ ખેડૂતોને રાજ્ય સરકાર દ્વારા રૂ. ૨૦૨.૪૩ લાખની ચુકવણીની પ્રક્રિયા હાલમાં ચાલુ છે તેમ જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા જણાવાયું છે. ■

# રણ માર્ગથી ખાવડાના આર.ઈ. પાર્કની કંપનીમાં ઘૂસેલા બે શખ્સોએ ૧.૨૫ લાખના માલ-સામાનની ચોરી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ભુજ તાલુકાના સીમાવર્તી ખાવડા ખાતે આવેલા, વિશ્વના સૌથી મોટા રિન્યુએબલ એનર્જી પાર્કમાંથી રૂ.૧,૨૫,૦૦૦ના વીજ કંપનીના સામાનની તસ્કરી થતાં અહીંની સુરક્ષા વ્યવસ્થા સામે ગંભીર પ્રશ્નો ઊઠી રહ્યા છે.

પ્રાપ્ત વિગતો મુજબ, આર.ઇ.પાર્કમાં આવેલી સ્ટ્રલિંગ વિલ્સન કંપનીમાં તસ્કરીનો આ બનાવ બન્યો હતો જેમાં ચોકીદારી કરી રહેલા કર્મીઓને, કંપનીના પ્લોટ ૧-૨ પાસેના રણ રસ્તેથી બે શખ્સ પગપાળા આવતા નજરે પડયા હતા. તેઓ શંકાસ્પદ લાગતાં ચોકીદોરોએ તેમને પડકાર્યા અને તેમનો પીછો કર્યો હતો. તેવામાં આ શખ્સોએ પોતાની પાસે રહેલો થેલો મૂકીને નાસી ગયા હતા, આ થેલામાંથી સામાન તથા સુરેન્દ્ર શિવરામ સિંગરનો બોર્ડર પાસ મળી આવ્યો હતો.

આ શખ્સોએ જુદા-જુદા આકારના બસબાર નંગ-૧૦ તથા ૨૫ એમ.એમ.ની જુદી-જુદી રૂ.૧,૨૫,૦૦૦ની અંદાજિત ૨૫ કિલો પટ્ટીઓની ચોરી કરી ગયા હતા.

બનાવ અંગે ખાવડા પોલીસ મથકે બે શખ્સો વિરુદ્ધ સ્ટ્રલિંગ વિલ્સનના સંજીવકુમાર સુરેન્દ્રકુમાર સિંઘે ફરિયાદ નોંધાવી હતી. ■